# સ્વાધ્યાય

COMPLIMENTARY COPY

**સ્વાધ્યાય અને સંશોધનનું ત્રૈમાસિક**

પોત્સવી
અને
વસંતપંચમી

વિ. સં. ૨૦૪૨-૪૩

પુસ્તક ૨૪

અંક ૧-૨

THE MAHARAJA SAYAJIRAO UNIVERSITY OF BARODA
सत्यं शिवं सुन्दरम्

NO-056960
40-42.16



ચિત્ર ૧૨૪ : હાથાવાળો લોટો, થાળી, વાટકા, ઘડો [ચિત્રિત]

[ચિત્રની સમજૂતી માટે જુઓ આ અંકમાં ડૉ. હસમુખ સાંકળિયાનો લેખ]

સંપાદક
રામકૃષ્ણ તુ. વ્યાસ

નિયામક
પ્રાચ્યવિદ્યા મન્દિર,
વડોદરા

પ્રાચ્યવિદ્યા મન્દિર, મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય, વડોદરા

**લેખકોને :**

૧ પાનની એક જ બાજુએ, ટાઈપ કરેલા અને એ શક્ય ન હોય તો શાહીથી સુવાચ્ય અક્ષરે લખેલા લેખો મોકલવા. ટાઈપ નકલમાં ટાઈપકામની ભૂલોને સુધાર્યા પછી જ લેખ મોકલવો. ગૂજરાત વિદ્યાપીઠના જોડણીકોશ પ્રમાણે જોડણી રાખવી આવશ્યક છે. લેખની મૂળ પ્રત જ મોકલવી. લેખની કાર્બન નકલ મોકલો ત્યારે તે અંગેનું સ્પષ્ટ કારણ જણાવવું.

૨ લેખમાં અવતરણો, અન્ય વિદ્વાનોનાં મંતવ્યો ટાંકવામાં આવે તો તે અંગેનો સંદર્ભ પૂરેપૂરી વિગત સાથે આપવો અનિવાર્ય છે. પાદટીપમાં એ સંદર્ભની વિગત આપતાં લેખક અથવા સંપાદક/સંશોધક (અટક પહેલી), ગ્રંથ, પ્રકાશક, પ્રકાશનવર્ષ, આવૃત્તિ, પૃષ્ઠ, એ ક્રમ જાળવવો જરૂરી છે.

૩ 'સ્વાધ્યાય'માં છપાયેલ સર્વ લેખોનો કૉપીરાઈટ મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરા હસ્તક છે. લેખકે અથવા અન્ય કોઈએ લેખમાંનો કોઈ અંશ લેખિત પરવાનગી વગર પુનર્મુદ્રિત કરવો નહીં.

૪ સંક્ષેપશબ્દો પ્રયોજતા પહેલાં એ શબ્દો અન્ય સ્થાને પૂરેપૂરા પ્રયોજેલા હોવા જોઈએ.

૫ પાદટીપોનો ક્રમ સળંગ રાખી જે તે પૃષ્ઠ ઉપર તે તે પાદટીપોનો નિર્દેશ જરૂરી છે.

---

# સ્વાધ્યાય

## સ્વાધ્યાય અને સંશોધનનું ત્રૈમાસિક

સંપાદક : **રામકૃષ્ણ તુ. વ્યાસ**

વર્ષમાં ચાર અંક બહાર પડે છે—દીપોત્સવી અંક, વસંતપંચમી અંક, અક્ષયતૃતીયા અંક અને જન્માષ્ટમી અંક.

**લવાજમ :**

—ભારતમાં...રૂ. ૨૦=૦૦ પૈ. (ટપાલખર્ચ સાથે)

—પરદેશમાં...યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા માટે...૬ ડૉલર (ટપાલખર્ચ સાથે)

—યુરોપ અને અન્ય દેશો માટે...પૌં. ૨-૫૦ (ટપાલખર્ચ સાથે)

આખા વર્ષના ગ્રાહકો લવાજમના વર્ષની શરૂઆતથી જ નોંધવામાં આવે છે. લવાજમ અગાઉથી સ્વીકારવામાં આવે છે. લવાજમ મોકલતી વખતે કયા ગ્રંથ માટે લવાજમ મોકલ્યું છે તે સ્પષ્ટ જણાવવું. લવાજમ વર્ષ નવેમ્બરથી ઑક્ટોબર સુધીનું ગણાય છે, જે આ સરનામે મોકલવું—**નિયામકશ્રી, પ્રાચ્યવિદ્યા મન્દિર, મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય, લોકમાન્ય ટિળક રોડ, વડોદરા–૩૯૦ ૦૦૨.**

**જાહેરાતો :**

આ ત્રૈમાસિકમાં જાહેરાતો આપવા માટે લખો—

સંપાદક, 'સ્વાધ્યાય', પ્રાચ્યવિદ્યા મંદિર, લોકમાન્ય ટિળક રોડ, વડોદરા–૩૯૦ ૦૦૨

# સ્વાધ્યાય

દીપોત્સવી, વસંતપંચમી　　　　　પુસ્તક ૨૪ઃ અંક ૧, ૨

વિ. સં. ૨૦૪૨-૪૩　　　　　નવેમ્બર ૧૯૮૬, ફેબ્રુઆરી ૧૯૮૭

## અનુક્રમ


| | | પૃષ્ઠાંક |
|---|---|---|
| ૧ | 'રસ' શબ્દની લાક્ષણિક વ્યુત્પત્તિ અને સ્વરૂપ—અરુણા કે. પટેલ | ૧ |
| ૨ | પાશ્ચાત્ય ચિન્તક વ્હાઈટહેડની ઉત્ક્રાન્તિવિષયક વિચારધારા—મહેન્દ્રકુમાર મો. દેસાઈ ( કુમાર ) | ૭ |
| ૩ | પાશ્ચાત્ય તર્કશાસ્ત્રની વિકાસગાથા—ભાસ્કર ગોપાળજી દેસાઈ | ૧૫ |
| ૪ | ઈ. સ. પૂર્વે ૪૦૦૦ થી ૧૯૮૦ સુધી લોટાનો ૫૦૦૦ વર્ષનો ઇતિહાસ—હસમુખ ધીરજલાલ સાંકળિયા | ૨૫ |
| ૫ | અજ્ઞાતકર્તૃક-ઉત્તરગુજરાતનાં કેટલાંક ગામોની ચૈત્યપરિપાટી—પ્રદ્યુમ્નવિજયજીગણી | ૩૩ |
| ૬ | સેન્ટલમેન્ટ પેટર્ન અથવા રહેણાકીય વ્યવસ્થા-પુરાતત્ત્વીય અર્થઘટનની એક આગવી પદ્ધતિ—વાય. એમ. ચીતલવાલા | ૪૧ |
| ૭ | સ્વાતંત્ર્યસંગ્રામમાં સંસ્થાનોનો ફાળો—વિનાયક હરિલાલ પંડયા | ૪૫ |
| ૮ | વાચન-પઠનઃ શાસ્ત્રીય વિભાવના—જયેન્દ્ર દવે | ૬૭ |
| ૯ | તીર્થાવલી—દેવદત્ત જોશી | ૮૧ |
| ૧૦ | વૃદ્ધ ચાણક્ય નીતિશાસ્ત્રઃ જૂની ગુજરાતી ગદ્યાનુવાદ (સંવત ૧૫૩૮)—ભોગીલાલ જ. સાંડેસરા | ૮૭ |
| ૧૧ | ધર્મશાસ્ત્રોમાં માનવ—જયાબેન બેટાઈ | ૧૧૫ |
| ૧૨ | ધર્મકીર્તિના મણિ-પ્રદીપપ્રભાના દૃષ્ટાન્તનું ભાસર્વજ્ઞે કરેલું ખંડન—લક્ષ્મેશ જોશી | ૧૨૩ |
| ૧૩ | कपालिनः કે पिनाकिनः ?—રમેશ મ. શુક્લ | ૧૩૧ |
| ૧૪ | જે. કૃષ્ણમૂર્તિના શૈક્ષણિક વિચારો—સાવિત્રી વ્યાસ | ૧૩૯ |

પૃષ્ઠાંક


૧૫ સાહિત્ય સામેના આક્ષેપોનું કાવ્યમીમાંસામાં ખંડન—
રસિકલાલ ચિ. ત્રિપાઠી ... ૧૪૯

૧૬ નરસિંહનાં ઝારીપદો—રંજની કે દીક્ષિત ... ૧૫૫

૧૭ અનુવાદક ભાલણ–'દશમસ્કંધ'ના સંદર્ભમાં—કુમુદ પરીખ ... ૧૬૫

૧૮ સ્થાનિક ઇતિહાસના સંશોધનમાં.........થોડી ચર્ચા—
ઈજ્જતકુમાર આર. ત્રિવેદી ... ૧૭૫

૧૯ ગુજરાતના એક અપ્રસિદ્ધ ક્ષત્રપકાલીન શિલ્પનું શીર્ષ—
રવિ હજરનીસ અને મુનીન્દ્ર જોશી ... ૧૮૧

૨૦ તેરમી–ચૌદમી સદીના ગુજરાતની ચિત્રકલા—નવીનચન્દ્ર આચાર્ય ... ૧૮૩

૨૧ વૈદિક સાહિત્યમાં "ઋષિ"ની વિભાવના—ઉષા બ્રહ્મચારી ... ૧૯૧

૨૨ નિવાપાંજલિ—ઉષા બ્રહ્મચારી ... ૨૦૭

૨૩ ગ્રન્થાવલોકન ... ૨૦૯

૨૪ સાભાર સ્વીકાર ... ૨૨૧

સ્વાધ્યાય

દીપોત્સવી, વિ. સં. ૨૦૪૩ પુસ્તક ૨૪

નવેમ્બર, ૧૯૮૬ અંક ૧

# "'રસ' શબ્દની લાક્ષણિક વ્યુત્પત્તિ અને સ્વરૂપ"

અરુણા કે. પટેલ*

વ્યવહારમાં તેમ જ સાહિત્યમાં 'રસ' શબ્દ ભિન્ન ભિન્ન સ્વરૂપે પ્રયુક્ત થતો જોવા મળે છે. વ્યવહારમાં રસ પડવો, રસપાન કરવું વગેરે શબ્દપ્રયોગોનો અર્થ તન્મયતા પ્રાપ્ત કરવી, આનંદ મેળવવો એવો રૂઢ થયેલો છે. સાહિત્યશાસ્ત્રના ઉત્ક્રાંતિકાળમાં પણ 'રસ' શબ્દ 'આનંદ'ના પર્યાયવાચી તરીકે પ્રચલિત બન્યો છે. શબ્દકોષમાં 'રસ' શબ્દના અનેક અર્થો ઉપલબ્ધ છે. પરંતુ કાવ્યશાસ્ત્રમાં 'રસ' એટલે તત્ત્વતઃ કાવ્યરસ, કાવ્યના આસ્વાદ સમયની મનોસ્થિતિ. ભરતમુનિએ નાટ્યરસ એટલે કે કાવ્યરસના શ્રૃંગાર, હાસ્ય, કરુણ ઇત્યાદિ આઠ (કે નવ) પ્રકારો વર્ણવ્યા છે, તે કાવ્યાસ્વાદના પરિણામે અનુભવાતા અખંડ મહારસના વિવર્તરૂપ જણાય છે. કાવ્યરસને લાક્ષણિક રીતે વ્યુત્પત્તિદૃષ્ટયા આ પ્રમાણે સ્પષ્ટાકાર કરી શકાય :

(૧) रस्यते आस्वाद्यते इति रसः ।

એટલે કે જેનો આસ્વાદ લઈ શકાય છે, તે રસ છે. ભોજનમાં જેમ મધુર, અમ્લ, લવણ, તીખો, તૂરો, કડવો–એમ ષડ્રસોનો આસ્વાદ લઈ શકાય છે, તેમ કાવ્યમાં પણ તે જ પ્રકારે શૃંગાર, હાસ્ય, કરુણ, રૌદ્ર, વીર, ભયાનક, બીભત્સ, અદ્ભુત અને નવમા શાંતરસનો આસ્વાદ લઈ શકાય છે. ભરતમુનિએ ભોજનના ભિન્ન ભિન્ન રસોની સાથે કાવ્યના ભિન્ન ભિન્ન રસોની તુલના કરીને રસને એક આસ્વાદ પદાર્થરૂપે વર્ણવ્યો છે. ભરતમુનિના શબ્દોમાં :

"अत्राह—रस इति कः पदार्थः ? उच्यते; आस्वाद्यत्वात् ।[1]

અનુગામીઓમાં રુદ્રટે :

'સ્વાધ્યાય', પુ. ૨૪, અંક ૧, દીપોત્સવી અંક, નવેમ્બર '૮૬, પૃ. ૧-૬.

* દત્તમંદિર સામે, ચિત્તલરોડ, અમરેલી-૩૬૪ ૬૦૧.

૧ ભરતમુનિ—'Nātyas'āstra-Vol I', Gaekwad's Oriental Series, Oriental Institute, Baroda, 1956, p. 288.

रसनाद्रसत्वमेषां मधुरादीनामिवोक्तमाचार्यैः ।[२]

એમ જણાવીને અને પ્રતીહારેન્દુરાજે 'लघुवृत्ति' ટીકામાં :

"× × आस्वाद्यत्वादास्वादभेदनिबंधनेन तांत्रिकेव रसशब्देनाभिधीयन्ते ।"[३]

એવું વિધાન કરીને ભરતમુનિનિર્દિષ્ટ રસસ્વરૂપનું સમર્થન કર્યું છે. અલબત્ત, રસની આસ્વાદ્ય પદાર્થરૂપે ગણના કરવામાં આનંદવર્ધન પછીના આચાર્યો સહમત નથી. આમ છતાં એટલું તો ચોક્કસપણે કહી શકાય, કે ભોજનમાં જેમ મીઠો, કડવો વગેરે રસોની પૃથક્ પૃથક્ સત્તા છે અને ભોક્તા તેને પૃથક્ સ્વરૂપે પારખી શકે છે, તે જ પ્રમાણે કાવ્યમાં પણ શૃંગાર, હાસ્ય, કરુણ વગેરે રસોનું સ્વતંત્ર અસ્તિત્વ છે જ. પ્રમાતા તેને પૃથક્ સ્વરૂપે આસ્વાદે છે. કાવ્યકૃતિ કે નાટ્યકૃતિમાં વિવિધ રસો નિરૂપાયેલા હોય છે. એ બધા રસોનો આસ્વાદ કાવ્યરસરૂપે અને તેની પરિણતિ આહ્લાદમાં થતી હોય છે. આહ્લાદની સ્થિતિ ભાવકની મનોગત સ્થિતિ છે. આમ, આસ્વાદ અને આહ્લાદ વચ્ચે બહુ સૂક્ષ્મ અંતર છે, નહિવત્ અંતર છે. ભોજનરસથી તૃપ્ત મનુષ્ય જે પ્રકારે આનંદ અનુભવે છે, તેના કરતાં વધારે સૂક્ષ્મ રીતે કાવ્યરસનું પાન કર્યા પછી સહૃદય ભાવક આનંદની સૃષ્ટિમાં નિમગ્ન થાય છે. ભરતમુનિ અનુસાર, ભાવકની આહ્લાદની અવસ્થા એ કાવ્યાસ્વાદ પછીની સ્થિતિ છે.

(२) रस्यते अनेन इति रसः ।

એટલે કે જેના વડે આસ્વાદ લેવામાં આવે છે, તે પણ રસ છે. અહીં આસ્વાદ લેવાની સ્થિતિ તેનું ઉપકરણ સૂચવે છે. 'રસ' શબ્દમાં રસાસ્વાદના ઉપકરણનો પણ નિર્દેશ છે. ભોજનરસના આસ્વાદનું ઉપકરણ રસના (= જીભ) છે. કાવ્યરસના આસ્વાદનું ઉપકરણ મન કે ચિત્ત છે. ઉપકરણનો અર્થ 'ઉપાદાનસામગ્રી' એવો કરીએ, તો ભોજનની ઉપાદાન-સામગ્રી–વિવિધ દ્રવ્યો, મસાલા, ગોળ, તેલ, ઘી વગેરે છે, અને તે ઉપાદાનસામગ્રીને કારણે ભોજન સુસ્વાદ બને છે, આસ્વાદયોગ્ય બને છે. કાવ્યમાં રસની ઉપાદાનસામગ્રીમાં શબ્દ અને અર્થરૂપી સ્થૂળ ઉપકરણો ઉપરાન્ત વિભાવ, અનુભાવ, સંચારીભાવ વગેરે સૂક્ષ્મ ઉપકારણો છે. આમ, કાવ્યરસની નિષ્પત્તિનાં ઉપકારણોના સમુદાયમાં શબ્દાર્થ, વિભાવ, અનુભાવ વગેરે અનેક તત્ત્વો છે. અને તેથી જ કેટલાક કાવ્યાચાર્યો સ્થાયીભાવ, વિભાવ, અનુભાવ કે વ્યભિચારી ભાવોની પણ 'રસ' તરીકે ગણના કરે છે. આવાં મંતવ્યો પંડિત જગન્નાથે તેના 'રસગંગાધર'માં ઉદ્‌ધૃત કર્યાં છે, તે આ પ્રમાણે છે :

"× × (७) "विभावादयः त्रयः समुदिता रसः" इति कतिपये । (८) 'त्रिषु य एव चमत्कारी स एव रसोऽन्यथा तु त्रयोऽपि न' इति बहवः । (९) 'भाव्यमानो विभाव

२ રુદ્રટ—'रुद्रट प्रणीत काव्यालङ्कार', सं. सत्यदेव चौधरी, वासुदेव प्रकाशन, माडल टाउन, दिल्ली–९, १९६५, १२–४, पृ. ३६५.

३ પ્રતિહારેન્દુરાજ—'काव्यालङ्कारसारसंग्रह एवं लघुवृत्ति की व्याख्या' सं. डॉ. राममूर्ति त्रिपाठी, हिन्दी साहित्य संमेलन, प्रयाग, १९६६, पृ. ३५४.

एव रस:' इति अन्ये । (१०) अनुभावस्तथा तथा 'इतीतरे । (११) व्यभिवार्येव तथा तथा परिणमति 'इति केचित्'[४]

× × ×

(३) रसति रसयति वा रसः । અથવા रसनीयतया रसः ।

એટલે કે રસનીય હોવાથી તે રસ છે. તે કાવ્યનાં અન્ય તત્ત્વોને આત્મસાત્ કરી લે છે અને પરિણામે કાવ્યનો વિષય કે વસ્તુ રસપણાને પામે છે. ભરતમુનિના રસસૂત્રને યાદ કરીએ તો: "तत्र विभावानुभावव्यभिचारिसंयोगाद्रसनिष्पत्तिः ।"[૫] અહીં 'સંયોગ' શબ્દ રસપ્રક્રિયા સૂચવે છે. રસસૂત્રમાં રહેલ 'સંયોગ' અને 'નિષ્પત્તિ' શબ્દનાં વિવિધ અર્થ-ઘટનો અને ભિન્ન ભિન્ન વાદોની ચર્ચા જવા દઈએ, તો રસ શબ્દમાં રસત્વ કે રસનીયતાનું સામર્થ્ય છે. રસ સ્વયં વ્યાપ્ય છે, વ્યાપ્ત થઈ જાય છે અને અન્ય તત્ત્વોને આવરી લે છે, તેથી તે રસ છે. વ્યાપ્ય તત્ત્વો વ્યવહારમાં તો પ્રવાહી સ્વરૂપે જોવા મળે છે. રસના પર્યાયવાચી શબ્દોની સૂચિ અભિનવગુપ્તે આપી છે, તેના પર દ્રષ્ટિપાત કરીએ તો:

" मधुरादौ पारदे विषये सारे जलसंस्कारेऽभिनिवेशे स्वार्थे ।
देहधातोर्नियासे वाऽयं प्रसिद्धो न त्वन्यत्र ।।"[૬]

અહીં બધાં જ તત્ત્વો પ્રવાહી છે, વ્યાપ્ય છે. કાવ્યમાં શૃંગારાદિ રસો વ્યાપ્ય છે અને તે કાવ્યનાં અન્ય તત્ત્વો–ગુણ, અલંકાર, રીતિ, વૃત્તિ વગેરે કાવ્યાંગોને આવરી લે છે, આત્મસાત્ કરી લે છે, એકાકાર કરી દે છે અને પછી તેને તે તત્ત્વોની પૃથક, સ્થિતિ રહેતી નથી. રસનું જ સર્વોપરીપણું રહે છે. બધાં જ તત્ત્વો રસને ઉપકારક થઈ રહે છે. અને પરિણામે પાનકરસની પેઠે ત્યાં આસ્વાદયોગ્યતા માત્ર બાકી રહે છે. આથી શૃંગાર, હાસ્ય, કરુણ વગેરે રસો આસ્વાદ-યોગ્યતા પામ્યા હોવાથી રસ છે, એવો–વ્યુત્પત્તિજન્ય અર્થ આપી શકાય:

(४) रसनं रसः आस्वादः ।

એટલે કે જે સ્વયં આસ્વાદરૂપ છે, તે રસ છે. અભિનવગુપ્તે રસને આસ્વાદ્ય પદાર્થ ન ગણતાં કાવ્યરસને કાવ્યાસ્વાદથી અભિન્ન ગણ્યો છે. તેના મત અનુસાર, કાવ્યમાં રસાનુભૂતિ થવી, તે જ રસ છે અને તેની પ્રતીતિ આહ્લાદરૂપે થાય છે. આમ, રસ, રસાસ્વાદ અને આહ્લાદ એ ત્રણેય પર્યાયરૂપ છે. અભિનવના મતે સહૃદય ભાવક કાવ્ય વાંચે કે નાટ્યપ્રયોગ નિહાળે, ત્યારે રસચર્વણાની સ્થિતિ ભિન્ન સ્વરૂપે હોતી નથી. ( चर्व्यमाणतैकप्राणो रसः । )

શૃંગાર, હાસ્ય, કરુણ વગેરે બધા જ રસોનો આસ્વાદ આહ્લાદપ્રદ હોય છે. તેથી નવેય રસો અલગ અલગ સ્વરૂપે ન હોતાં, એક સમુદાયરૂપે પ્રતીત થાય છે. પોતાના આ મંતવ્યના

---

૪ જગન્નાથ—'રસગંગાધર ખંડ પહેલો' લે. રા. બ. આઠવલે, અનુ. નગીનદાસ પારેખ, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, ૧૯૭૪, પૃ. ૮૮.

૫ ભરતમુનિ—પાદટીપ ૧ પ્રમાણે, પૃ. ૨૭૨.

૬ અભિનવગુપ્ત—'અભિનવભારતી' ટીકા, અન્ય વિગત પાદટીપ ૫ મુજબ, પૃ, ૨૮૮.

સમર્થનમાં અભિનવ જણાવે છે કે ભરતમુનિ સુદ્ધાંએ 'રસ' શબ્દનો એકવચનમાં પ્રયોગ કર્યો છે: न हि रसादृते कश्चिदर्थः प्रवर्तते ।[૭] અહીં રસ શબ્દ એકવચનમાં પ્રયોજાયો છે, તે સૂચવે છે કે રસનાં જુદાં જુદાં નામ આપવામાં આવ્યાં છે, તે તો માત્ર તેનું સ્વરૂપ અને સ્થિતિનો નિર્દેશ કરે છે. વાસ્તવમાં રસ એક જ છે. ભરતમુનિના ઉપર નિર્દેશેલ વાક્યની સ્પષ્ટતા કરતાં અભિનવગુપ્ત જણાવે છે કે:

"पूर्वत्र बहुवचनमत्र चैकवचनं प्रयुञ्जानस्यायमाशयः । एक एव तावत्परमार्थतो रसः सूत्रस्थानत्वेन रूपके प्रतिभाति । तस्यैव पुनर्भागदृशा विभागः ।[૮]

રસ અંગેનું પોતાનું વિલક્ષણ ચિંતન અભિનવે આ પ્રમાણે રજૂ કર્યું છે:

"तत एव निर्विघ्नसंवेदनात्मक (हर्ष) विश्रान्तिलक्षणेन रसनापरपर्यायेण व्यापारेण गृह्यमाणत्वाद्रसशब्देनाभिधीयन्ते । तेन रस एव नाट्यम् । यस्य व्युत्पत्तिः फलमित्युच्यते ।"[૯]

આમ, તેના મતે કાવ્યમાં કે નાટકમાં રસ નિર્વિઘ્ને આસ્વાદી શકાતો હોવાથી અને તેની પરિણતિ આનંદમાં થતી હોવાથી રસાસ્વાદનો અન્ય પર્યાયરૂપ શબ્દ રસ કહેવાય છે. અભિનવના મતે, કાવ્ય કે નાટ્યમાં ભાવક તન્મયતા પ્રાપ્ત કરે છે, તે જ રસ છે અને આથી કાવ્ય કે નાટ્ય એ રસસ્વરૂપ છે. રસપ્રતીતિ નાટ્ય પૂરતી સીમિત નથી. કાવ્યમાં પણ વિભાવ, અનુભાવ વગેરેનું આલેખન હોવાથી તેમાં રસ નાટ્યાયમાન થાય છે. રસ આનંદસ્વરૂપ છે. અને શૃંગાર, હાસ્ય એમ વિવિધ સ્વરૂપે દૃષ્ટિગોચર થતા રસો વાસ્તવમાં એક જ અખંડ મહારસના વિવર્તરૂપ જણાય છે. આ મહારસની અનુભૂતિ કરાવવી, એ જ નાટ્ય કે કાવ્યનો ચરમ ઉદ્દેશ અને ફળ છે. કવિ કર્ણપૂર ગોસ્વામીન અભિનવગુપ્તના એક જ મહારસની બાબતમાં વિલક્ષણ રીતે સહમત થતા જણાય છે. 'અલંકાર કૌસ્તુભ'માં કવિ કર્ણપૂર જણાવે છે કે આસ્વાદાંકુરકન્દ નામની ભાવકની ચિત્તવિશેષની સ્થિતિ છે, તે જ એક રસ છે. તે રસ અને સ્થાયી ભાવ બને છે. તે આનંદસ્વરૂપ છે. અન્ય રસો અને રત્યાદિ ભાવો ઉપાધિભેદથી ભિન્ન ભિન્ન ભાસે છે.

"रसस्य आनन्दधर्मत्वात् एकध्यम् भाव एव हि ।
उपाधिभेदान्नानात्वम्, रत्यादय उपाधयः ॥"[૧૦]

રસસિદ્ધાંતના આદ્ય સ્થાપક ભરતમુનિનું રસસૂત્ર અને તેમણે ઉદાહરણસહિત વર્ણવેલ રસપ્રક્રિયા સ્પષ્ટ અને સર્વસ્વીકૃત છે. પરંતુ ભરતમુનિએ રસને આસ્વાદ્ય પદાર્થ તરીકે વર્ણવીને રસનું વસ્તુલક્ષી Objective સ્વરૂપ રજૂ કર્યું છે. અભિનવગુપ્તે રસના સ્વરૂપ

---

૭ ભરતમુનિ—પાદટીપ ૫ મુજબ.

૮ અભિનવગુપ્ત—પાદટીપ ૬ પ્રમાણે, પૃ. ૨૭૨.

૯ અભિનવગુપ્ત—એજન, પૃ. ૨૦૭.

૧૦ કવિ કર્ણપૂર ગોસ્વામીન્—'The number of Rasas'-V. Raghavan, The Adyar Library, Adyar, 1940, p. 179, પરથી.

અંગે પોતાનું આગવું ચિંતન આપીને રસસિદ્ધાંતની ઉત્ક્રાંતિ દર્શાવી છે. શૈવ દર્શનની અસર તળે તેણે રસનું વ્યક્તિલક્ષી subjective સ્વરૂપ વર્ણવ્યું છે. રસનિષ્પત્તિના જેટલું જ રસાનુભૂતિ મહત્ત્વ ધરાવે છે. કારણ કે કવિએ નિરૂપેલ રસસામગ્રી પ્રમાતા માટે પ્રતીતિરૂપ ન બને, તો તે નિરર્થક છે. આથી જ રસપ્રતીતિ માટે સહૃદય ભાવક અને તેનું સ્વચ્છ, વિશદીભૂત મનોમુકુર પણ તેટલું જ આવશ્યક છે. અભિનવના મત અનુસાર, રસાનુભૂતિ સંપૂર્ણ રીતે આત્મપર્યાપ્ત છે. તે વિગલિતવેદ્યાંન્તર એવા આનંદસ્વરૂપે છે. રસસ્વરૂપ અંગે તેના અનુગામી આચાર્યોએ અભિનવના આ ચિંતનને શિરોધાર્ય ગણ્યું છે, અને રસને અખંડ, સ્વપ્રકાશમાન આનંદસ્વરૂપ, ચિન્મય, વેદ્યાન્તરસ્પર્શશૂન્ય બ્રહ્માસ્વાદસહોદર, લોકોત્તર-ચમત્કારપ્રાણરૂપે વર્ણવ્યો છે. મમ્મટનો ઉલ્લેખ કરીએ, તો :

" लोके × × तत्कालविगलितपरिमितप्रमातृभाववशोन्मिषितवेद्यान्तरसम्पर्कशून्यापरिमित-भावेन प्रमात्रा सकलसहृदयसंवादभाजा साधारण्येन स्वाकार इवाभिन्नोऽपि गोचरीकृतश्चर्व्यमाण-तैकप्राणो × × ब्रह्मास्वादमिवानुभावयन् अलौकिकचमत्कारकारी शृङ्गारादिको रसः ।"[११]

વિશ્વનાથે રસસ્વરૂપનું વર્ણન આ પ્રમાણે કર્યું છે :

" सत्त्वोद्रेकादखण्डस्वप्रकाशानन्द चिन्मयः ।
वेद्यान्तरस्पर्शशून्यो ब्रह्मास्वादसहोदरः ॥
लोकोत्तरचमत्कारप्राणः कैश्चित्प्रमातृभिः ।
स्वाकारवदभिन्नत्वेनायमास्वाद्यते रसः ॥[१२]

પંડિતરાજ જગન્નાથે રસસ્વરૂપ અંગેના મતમતાંતરોની નોંધ લીધા બાદ, અભિનવે નિર્દેશેલ રસસ્વરૂપમાં થોડો સુધારો સૂચવીને, આવરણ દૂર થતાં પૂર્ણસ્વરૂપે પ્રકાશમાન આત્મ-ચૈતન્યરૂપ વિશિષ્ટ સ્થાયી ભાવ તે જ રસ, એવું યાદગાર ચિંતન પ્રસ્તુત કર્યું છે.

" × × प्रादुर्भावितेनालौकिकेन व्यापारेण × × निजस्वरूपानन्देन सह गोचरी-क्रियमाणः प्राग्विनिविष्टवासनारूपो रत्यादिरेव रसः ।"[१३] અને " वस्तुतस्तु वक्ष्यमाणश्रुति-स्वारस्येन रत्याद्यवच्छिन्ना भग्नावरणा चिदेव रसः ।"[१४]

---

११ મમ્મટ—'काव्यप्रकाशः', सं. आचार्य विश्वेश्वर ज्ञानमण्डल लिमिटेड, वाराणसी, पृ. १०८, १०९.

१२ વિશ્વનાથ—'साहित्यदर्पण', ३–२, ३–३, सं. शालिग्राम शास्त्री, मोतीलाल बनारसीदास, दिल्ली–७, १९७०.

१३ જગન્નાથ—'રસગંગાધર ખંડ પહેલો', રા. બ. આઠવલે, અનુ. નગીનદાસ પારેખ, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, ૧૯૭૪, પૃ. ૬૪.

१४ એજન, પૃ. ૬૫.

## પ્રાચીન ગુર્જર ગ્રન્થમાલા

| | | રૂા. પૈ. |
|---|---|---|
| ૧ | **પ્રાચીન ફાગુ-સંગ્રહ**—સંપાદક : ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા અને ડૉ. સોમાભાઈ પારેખ; દેવનાગરી ટાઈપ | ૧૦=૫૦ |
| | વિદ્યાર્થી આવૃત્તિ, ગુજરાતી ટાઈપ | ૬=૫૦ |
| ૨ | **વર્ણક-સમુચ્ચય, ભાગ ૧—મૂલ પાઠ**—સં. : ડૉ. ભો. જ. સાંડેસરા | ૯=૫૦ |
| ૩ | **ભાલણકૃત નલાખ્યાન** (ત્રીજી આવૃત્તિ)—સં. : પ્રો. કે. કા. શાસ્ત્રી | ૧૧=૫૦ |
| ૪ | **ઉદયભાનુકૃતવિક્રમચરિત્રરાસ**—સંપાદક : સ્વ. પ્રો. બ. ક. ઠાકોર | ૨=૫૦ |
| ૫ | **ભાલણ : એક અધ્યયન**—લેખક : પ્રો. કે. કા. શાસ્ત્રી (૧૯૭૧) | ૮=૦૦ |
| ૬ | **વર્ણક-સમુચ્ચય, ભાગ ૨**—સાંસ્કૃતિક અધ્યયન અને શબ્દસૂચિઓ. કર્તા : ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા અને ડૉ. રમણલાલ ના. મહેતા | ૧૦=૫૦ |
| ૭ | **પંચાખ્યાન બાલાવબોધ, ભાગ ૧**—સંપાદક : ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા અને ડૉ. સોમાભાઈ પારેખ | ૨૪=૦૦ |
| ૮ | **સિંહાસનબત્રીસી**—સં. ડૉ. રણજિત મો. પટેલ | ૧૫=૫૦ |
| ૯ | **હમ્મીરપ્રબન્ધ**—સં. : ડૉ. ભો. જ. સાંડેસરા અને ડૉ. સો. પારેખ | ૬=૦૦ |
| ૧૦ | **પંચદંડની વાર્તા**—સં. ડૉ. સોમાભાઈ ધૂ. પારેખ (૧૯૭૪) | ૩૧=૦૦ |
| ૧૧ | **વાગ્ભટાલંકાર બાલાવબોધ**—સં. ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા | ૧૨=૦૦ |

## સ્વ. પ્રો. બ. ક. ઠાકોર ગ્રન્થમાળા

| | | |
|---|---|---|
| ૧ | **વિવિધ વ્યાખ્યાનો ગુચ્છ ૧** | ૨=૫૦ |
| ૨ | ,, ,, ,, ૨ | ૨=૫૦ |
| ૩ | ,, ,, ,, ૩ | ૬=૫૦ |
| ૪ | **નિરુત્તમા** | ૨=૫૦ |
| ૫ | **વિક્રમોર્વશી**—(અનુવાદ : મનનિકા સહિત) | ૨=૫૦ |
| ૬ | **પ્રવેશકો, ગુચ્છ પહેલો** | ૪=૫૦ |
| ૭ | **પ્રવેશકો, ગુચ્છ બીજો** | ૩=૦૦ |
| ૮ | **અંબડ વિદ્યાધર રાસ** | ૪=૦૦ |
| ૯ | **મ્હારાં સૉનેટ** (બીજી આવૃત્તિ : બીજું પુનર્મુદ્રણ) | ૪=૦૦ |
| ૧૦ | **આપણી કવિતાસમૃદ્ધિ** (બીજી આવૃત્તિ; છઠ્ઠું પુનર્મુદ્રણ) | ૪=૦૦ |
| ૧૧ | **નવીન કવિતા વિષે વ્યાખ્યાનો** (પ્રથમ આવૃત્તિ; પહેલું પુનર્મુદ્રણ) | ૪=૦૦ |
| ૧૨ | **પ્રો. બ. ક. ઠાકોર ડાયરી, ભાગ ૧**—સંપાદક : ડૉ. હર્ષદ મ. ત્રિવેદી | ૨=૦૦ |
| ૧૩ | **પ્રો. બ. ક. ઠાકોર અધ્યયન ગ્રન્થ** | ૧૫=૫૦ |
| ૧૪ | **પ્રો. બ. ક. ઠાકોરની ડાયરી, ભાગ ૨**—સંપાદક : ડૉ. હર્ષદ ત્રિવેદી | ૬=૭૫ |
| ૧૫ | **વિવેચક**—પ્રો. બલવન્તરાય ઠાકોર | ૨૫=૦૦ |

પ્રાપ્તિસ્થાન: **યુનિવર્સિટી પુસ્તકવેચાણ વિભાગ,**

**મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી પ્રેસ, રાજમહેલ દરવાજા પાસે,**

**રાજમહેલ રોડ, વડોદરા-૩૯૦ ૦૦૧**

# પાશ્ચાત્ય ચિન્તક વ્હાઈટહેડની ઉત્ક્રાન્તિવિષયક વિચારધારા

મહેન્દ્રકુમાર મો. દેસાઈ ( કુમાર )*

છેલ્લાં દોઢસો વર્ષ દરમ્યાન જગતના સમર્થ ચિન્તકોના ચિત્ત પર કોઈ એક વિષયે આત્યન્તિક પ્રભુત્વ સ્થાપિત કર્યું હોય તો તે છે **ઉત્ક્રાન્તિ** અથવા વિકાસવાદ ( EVOLUTION )નો વિષય. વર્તમાન સૈકાની બીજી અને ત્રીજી પચીસીઓમાં વિકાસ પામેલી વિવિધ વિદ્યાઓની ભાગ્યે જ કોઈ એવી શાખા હશે કે જેમાં જે તે વિષયના ક્ષેત્રમાં વિકાસવાદના દૃષ્ટિબિન્દુથી તેના વિદ્વાનો દ્વારા ઊંડું અધ્યયન–સંશોધન ના થયું હોય. પશ્ચિમમાં જીવન અને ચેતના ( Consciousness ) વિષે ઉત્ક્રાન્તિના અનુલક્ષમાં સારું એવું પરિશીલન થયેલું જોવા મળે છે. તેમાં વાયુવેગે વિકાસ પામી રહેલા વિજ્ઞાને ઘણો મોટો ફાળો આપ્યો છે.

ડાર્વિન, સ્પેન્સર, લેમાર્ક, વેઈઝમેન, ડી વ્રાઈઝ વગેરે પ્રકૃતિવાદી ( Naturalists ) વિદ્વાનોની વિચારધારા શારીરિક અને યાંત્રિક ( Biological and Mechanistic ) વિકાસથી આગળ વધી નથી. હેન્રી બર્ગસંને અને લોઈડ મોર્ગને પ્રસ્તુત કરેલા આવિર્ભાવાત્મક ( Emergent ) વિકાસના સિદ્ધાંતને સેમ્યુઅલ એલેકઝાન્ડરે ' દિક્-કાળ ' ( Time-Space ) સુધી પ્રસ્તાર્યો ખરો પણ તેમાં દાર્શનિક તત્ત્વની ન્યૂનતા રહી છે. કારણ વિશ્વાનુસ્યૂત સર્વોચ્ચ તત્ત્વ તરીકે લોઇડે સ્વીકારેલ ' ઈશ્વર ' ( God ) શબ્દનો અર્થ દિવ્યતાવાચક નથી, એમ તેણે પોતે જ જણાવ્યું છે. એ જેને ઈશ્વર દેવતા કહે છે તે વાસ્તવિક અસ્તિત્વ ધરાવનાર Actual નહીં હોય પણ આદર્શ ( Ideal ) રૂપે જ હશે ! આથી જ ડૉ. રાધાકૃષ્ણને એલેકઝાન્ડરના ઈશ્વર વિષયક ભાવિ શકયતાના મુદ્દાને ઉપહસનીય ગણાવતાં કહ્યું છે :

" Unless we assume the nisus to be a spiritual power ever drawing on its resources and ever expressing near forms, Alexander's whole account becomes unsatisfactory, the nisus cannot be an unconscious drive coming by degrees to consciousness in man. The creative spirit which is responsible for the nisus is not the result of the universe, as Alexander and others imagine, but its source as well, as the great religions and philosophies assert. *If God is a future possibility, then religion as a human experience of worship of God is the worship of a fiction* ". ( છેલ્લું વાકય આ લેખકે રેખાંકિત કર્યું છે. )

[ An Idealist View of life, p. 256 ]

**'સ્વાધ્યાય'**, પુ. ૨૪, અંક ૧, દીપોત્સવી અંક, નવેમ્બર '૮૬, પૃ. ૭-૧૪.

* કોઠીના ઢાળ પાસે, વડોદરા-૩૯૦ ૦૦૧.

ઉત્ક્રાન્તિ યાંત્રિકવાદી અને ઉદ્દેશ્યાત્મક (Teleological) નથી પણ સર્જનાત્મક (Creative) છે એવું કહેનાર બર્ગસનના મોટા ભાગના વિચારો એલેકઝાન્ડરના વિચારોને મળતા આવે છે.

પ્રગતિશીલ વિચારક હેગલે એના આદર્શવાદી (Idealistic) સિદ્ધાંત અનુસાર પરમોચ્ચ તત્ત્વ (Absolute) તરીકે માનવીય બુદ્ધિ-પ્રજ્ઞાની પરાકાષ્ઠાને જ ઉત્ક્રાન્તિનું અંતિમ બિન્દુ હોવાનું સ્વીકાર્યું. વિચારની પ્રક્રિયા ઊર્ધ્વગામી છે અને તે સર્વોપરિ Absoluteના વિચાર પર્યન્ત પહોંચતાં સુધી સતત ચાલુ જ રહે છે. વિચારોની અભિવ્યક્તિ અને પ્રકટીકરણની 'Dialectical Method' તરીકે સુપ્રતિષ્ઠિત હેગલની સવિશેષ પદ્ધતિ તર્કાન્વયી અને તદ્દન તર્કસંગત મનાઈ છે. હેગલે (અ) અભાન (Unconscious), (બ) સભાન (Conscious), અને (ક) સ્વ-ભાન કે આત્મભાન (Self-consciousness) એમ ત્રણે અવસ્થાઓ બતાવી છે. હેગલની વિચારધારાનાં મોટાભાગનાં પ્રસ્થાનબિન્દુઓ અર્વાચીન દાર્શનિકો માટે-આંશિક મતભેદ સાથે-સ્વીકાર્ય અને વિચારપ્રેરક બની રહ્યાં છે. છતાં એની વિચારધારામાં આધ્યાત્મિકતાનો અભાવ વરતાય છે કારણ કે તેની 'ઈશ્વર' વિષેની વિભાવના જ એ પ્રકારની છે.*

શક્તિના વિભિન્ન તાણાવાણા (Energy-patterns)માંથી સૃષ્ટિની જાળ ગૂંથનારા ઈશ્વરની સૂફિયાણી વાતો કરનાર જ્હોન એલોફ બૂડિને તો ધર્મ અને વિજ્ઞાનનો બેવડો અંચળો ઓઢીને એ બંનેની પ્રવંચના કરી છે. તેના *'Cosmic Evolution'* ગ્રન્થમાં તે કૂતરો અને ન્યૂટનનાં દૃષ્ટાંત આપી નિરાશાનો સૂર સંભળાવે છે કે માનવ ખરેખર પૂર્ણ દિવ્ય મહામાનવ કે ઈશ્વર બની શકે જ નહીં. ઈશ્વરને ઓળખવા-સમજવા માટે ઈશ્વર બનવું પડે. પણ એ આદર્શ સ્થિતિ ક્યારે અને કેવી રીતે સિદ્ધ થઈ શકે એ વિષે બૂડિન મૌન સેવે છે!

બૂડિનનું દૃષ્ટિબિન્દુ Pluralistic છે. તેમાં અન્તિમ તત્ત્વો બહુસંખ્ય છે, એટલું જ નહીં પણ તેઓ એકબીજાંથી પૃથક હોઈ, માત્ર વિકાસક્રિયામાં એકબીજાં પર અસર પહોંચાડી નવાં સ્વરૂપો (Organisms) રચવા સારુ, બાહ્ય સાંધારૂપે એક બીજાંની સાથે જોડાય છે. પણ એમાં એકરૂપતાનું અનુસંધાન કદી ય શકય બનતું નથી. આ ઉપરાંત વિદ્વાનોના વિરોધનો મુદ્દો બૂડિનની સર્વોપરિ એબ્સ્યોલ્યુટ'ની 'મર્યાદિત' વિભાવનાનો છે. એનું એબ્સોલ્યુટ મનુષ્યના વિકાસની પરાકાષ્ઠાના શિખર સુધી જ પહોંચે છે, એથી ઉપર કે આગળ નહીં. એનું પૂર્વગ્રહથી પીડાતું મન અત્યારની માનવચેતનાથી ભિન્ન એવી અ-માનવીય બીજી કોઈ ચેતનાના અસ્તિત્વને સ્વીકારવા તૈયાર જ નથી. તાત્પર્ય કે વિકાસયાત્રામાં માનવચૈતન્ય ગમે તેટલું વિશાળ અને ઊર્જિત બને તો પણ તે કદી ઈશ્વરચૈતન્યમાં રૂપાન્તર પામી જ ન શકે.

જડ અણુઓ (matter) પર આધારિત જનરલ જે. સી. સ્મટ્‌ની Holistic વિચારધારા નરી પ્રકૃતિવાદી છે, તેના 'Holism and Evolution' ગ્રંથમાં તે પ્રતિપાદિત કરવાનો પ્રયત્ન કરે છે કે વિકાસ એ સક્રિય આવિર્ભૂત તત્ત્વ છે. જડ પદાર્થ, પ્રાણ, મન, એ ઉત્તરોત્તર ચઢિયાતી

---

* હેગલના સિદ્ધાંતોની પર્યેષણા માટે જુઓ આ જ લેખકનો લેખ 'સ્વાધ્યાય, પુસ્તક ૨૧, નવેમ્બર, ૧૯૮૩.

કોટીના સમગ્ર ( wholes ) એકમો છે જે છેવટે વ્યક્તિત્વ ( Personality )ના વિકાસમાં પરિણમે છે; મહાન વિકાસપ્રક્રિયાની એક પછી એક ઉત્તરોત્તર ચડિયાતી શ્રેણીઓમાં matter પદાર્થ, life પ્રાણ અને mind મન સમગ્ર ( whole )ના ક્રમિક આવિર્ભાવો ( Emegrants ) છે. સ્મટ્સ આ સમગ્ર વિષે સ્પષ્ટ શબ્દોમાં કહે છે કે :

" ...by the whole I mean, not the All whole of Absolutist philosophy but the wholes as exemperfied and operatives in small natural centres or empirical wholes such as we observe in nature. "

[ Holism and Evolution, p. 110 ]

આમ સ્મટ્સની જડ–જીવન–મન–વ્યક્તિત્વના ઉત્તરોત્તર આવિર્ભાવની વિકાસ–વિભાવનામાં આધ્યાત્મિકતાનો અંકુર ડોકાતો હોવા છતાં તે તો વિકાસને માત્ર વિભાગોના સમગ્રો ( wholes )માં થતા વ્યવસ્થીકરણ–રૂપાન્તર રૂપે જ વર્ણવે છે તેથી તેમાં વૈશ્વિક હેતુલક્ષિતા અને ' દિવ્ય માનવ 'ની કલ્પના માટે બિલકુલ અવકાશ રહેતો નથી એમ વિવેચકો જણાવે છે.

× × ×

ઉત્ક્રાન્તિવિષયક પાશ્ચાત્ય વિદ્વાનોની વિચારધારામાં **એ. એન. વ્હાઈટહેડનું** પ્રદાન મહત્ત્વનું અને મૂલ્યવાન ગણાયું છે. તેના મહત્ત્વના મુદ્દાઓ વિષે હવે ટૂંકાણમાં વિચાર કરીએ.

વ્હાઈટહેડની ચિન્તનધારાનો પાયો **Organism** છે. આ ' ઓર્ગેનિઝમ 'નો મધ્યવર્તી વિચાર એ છે કે, આ વિશ્વમાં કશું જ એકાકી ( isolated ) કે સ્વતંત્ર નથી. બધું જ બધા જ સાથે સંબંધથી સંકળાયેલું છે. સમગ્ર વિશ્વ સૂક્ષ્માતિસૂક્ષ્મ અને અવિભાજ્ય બહુકોષી ( multicellular organism ) જેવું છે. દરેક કોષ કે અવયવ બીજા પ્રત્યેક કોષ કે અવયવ સાથે સુસંબદ્ધ છે. કોઈ પણ ઘટક–વિભાગમાં થતો સહેજ પણ ફેરફાર સમગ્ર વિશ્વની સંરચના પર અસર કરે છે.

વ્હાઈટહેડે ' મૂળભૂત અવિનાશી ગુણધર્મો ' ( eternal objects )ના અસ્તિત્વની કલ્પના આપી છે. બીજું બધું નાશ પામી જાય તોપણ ' આ મૂળભૂત અવિનાશી ગુણધર્મો 'નો કદી વિનાશ થતો નથી. પ્રતિપળે નૂતન સર્જન માટેની ઉગ્ર આકાંક્ષા ઉત્ક્રાન્તિ માટે કારણરૂપ છે. તેથી આ વિશ્વમાં અંતર્ગત રહેતી શકયતાઓ ( potentialities ) એના સિદ્ધ સ્વરૂપને પામવા માટે સતત સર્જનપ્રક્રિયામાંથી પસાર થતી રહે છે. વ્હાઇટહેડ તેના ' Progress and Reality ' નામના ગ્રન્થમાં એને ' Ingression of the eternal entities ' કહે છે.

વાસ્તવ પદાર્થો ( actual entities ) પોતે પોતાની મેળે–તીવ્ર અભીપ્સા છતાં–વિકાસશીલ બની શકતા નથી. તેમ મૂળભૂત અવિનાશી ગુણતત્ત્વો ( eternal entities ) પણ પોતાની મેળે દુન્યવી વાસ્તવ પદાર્થોમાં ઊતરણ કરી શકતાં નથી. તેથી માધ્યમ કે સેતુરૂપે ' ઈશ્વર ' ( God )નું પ્રવૃત્ત થવું અનિવાર્ય બની રહે છે. વ્હાઈટહેડ આ રીતે ઈશ્વરને વૈશ્વિક ઉત્ક્રાન્તિમાં સંડોવે છે. સર્જનશીલતા ( Creativity )નું પ્રથમ સર્જન ' ઈશ્વર ' છે; અથવા એના જ

શબ્દોમાં એમ કહી શકાય કે આ Ingression of the eternal entities into actualities 'ઈશ્વરની' દખલગીરી ( agency ) દ્વારા જ શકય બને છે.

આમ વ્હાઈટહેડે ઈશ્વરતત્ત્વની અનિવાર્યતા પર ભાર મૂકયો એ તો ઠીક; પણ વિશેષ વૈચિત્ર્યની વાત તો એ છે કે તેણે એક નહીં પણ બે પ્રકારના ઈશ્વરવિશેષની કલ્પના કરી છે.

પહેલો (૧) પ્રાથમિક વિકાસાવસ્થાનો ઈશ્વર, જેને તે Premordial God કહે છે, કે જે ઈશ્વરતત્ત્વ પેલાં eternal objectsમાં અંતર્હિત રહેલું છે.

બીજો (૨) ધીમે ધીમે વિકાસની પુખ્તાવસ્થાને પામતો જતો ever–evolving પાછળની અવસ્થાનો ઈશ્વર, જેને તે 'Consequent God' કહે છે. આ પાછળનો ( consequent ) ઈશ્વર વિશ્વમાં અનુસ્યૂત ( immanent ) છે એટલું જ નહીં પણ વૈશ્વિક વિકાસના અન્તિમ ધ્યેયબિન્દુ રૂપે રહેલો છે.

આમ વ્હાઈટહેડના ઈશ્વરનાં બે સ્વરૂપો છે.

**પૂર્વ–ઈશ્વર અને ઉત્તર–ઈશ્વર.** વળી એનો ઈશ્વર એના સર્જનશીલતાના સિદ્ધાંતના હાથમાં રમી રહ્યો હોય એમ લાગે છે. તે કહે છે તેમ આ સર્જનશીલતા ( creativity )નો સિદ્ધાંત જ ઈશ્વરને સર્જનશીલ બનાવે છે પણ સર્જનસિદ્ધાંત પોતાની ઈચ્છા–યોજના અનુસાર જ ઈશ્વર પાસે સર્જન કરાવે છે.

આ સર્જનશીલતા વિષે તે જણાવે છે કે :

"Creativity is without a character of its own in exactly the same sense in which the Aristotalian matter is without a character of its own. It is that ultimate notion of the highest generality at the base of a duality. It cannot be characterized because all characters are more special than itself. But creativity is always found under conditions and described as condition".

[ Process and Reality, p. 43 ]

વ્હાઈટહેડનો ઈશ્વર જાણે ડબલ રોલમાં કાર્ય કરતો હોવાનું જણાય છે. એક બાજુથી તે મૂળભૂત સનાતન ગુણધર્મોનું યથાર્થ રૂપોમાં રૂપાન્તર કરે છે તો બીજી બાજુથી તે વૈશ્વિક વિકાસની સમગ્ર પ્રક્રિયાને તેના પોતાના તરફ જ કૂચ કરતી કરે છે.

એનો પૂર્વ–ઈશ્વર સ્થિર (static), અભાન (unconscious) અને બિનસર્જનશીલ ( noncreative ) છે. તેથી ઊલટું એનો ઉત્તર–ઈશ્વર વિશ્વાનુસ્યૂત, સભાન અને સર્જનશીલ છે, એટલું જ નહીં પણ વિકાસશીલ વિશ્વની સાથે તે પોતે પણ વિકાશશીલ–ગતિશીલ રહે છે. પૂર્વ–ઈશ્વર વિશ્વની ઉત્ક્રાન્તિનું આરંભ–બિન્દુ છે તો ઉત્તર–ઈશ્વર એનું ચરમ બિન્દુ છે. એક વિવેચકે કહ્યું છે તેમ Being a ઈશ્વરનું pre-mordial સ્વરૂપ છે તો Becoming એનું consequent સ્વરૂપ છે. આમ પૂર્વ–ઈશ્વર સ્થિર છે તો ઉત્તર–ઈશ્વર ક્રિયાશીલ

(dynamic) છે. ઈશ્વરનાં આ બંને ચલ–અચલ સ્વરૂપો વિશ્વની સાથે એક પ્રકારનું સમાધાન (Reconciliation) સાધે છે. આમ વ્હાઈટહેડ ઈશ્વર અને સૃષ્ટિ બંનેને એક સમાન ભૂમિકા પર મૂકે છે. તે બંનેને વિકાસ પામતાં હોવાનું તથા પરસ્પરના વિકાસમાં ઉપકારક બનતાં હોવાનું જણાવે છે.

વ્હાઈટહેડનાં આ બે પ્રકારનાં ઈશ્વર–સ્વરૂપો પરત્વે વિવેચકોએ અનેક સંદેહ–પ્રશ્નો ઉપસ્થિત કર્યા છે; દા. ત. પહેલો વિવેચ્ય મુદ્દો એ છે કે જો પ્રાથમિક (premordial) ઈશ્વર અભાનાવસ્થામાં છે તો પછી તે વિકાસ કેવો અને કઈ રીતે સાધી શકે? જે પોતે જ વિકાસ સાધી રહ્યો છે એટલે કે જે પોતે જ અપૂર્ણ (finite) છે તે વિશ્વની પૂર્ણતાના અને આધ્યાત્મિકતાના અન્તિમ ધ્યેયને શી રીતે સિદ્ધ કરી શકે? વળી આ બંને પ્રકારના ઈશ્વરોના સર્જન–વિકાસનું અન્તિમ પરિણામ ગમે તેટલું ઉચ્ચ ભવ્ય મહાન અને આદર્શ હોય તો પણ આખરે તો એક અપૂર્ણ વિશ્વ રૂપે જ રહેવાનું ને?

બીજો ચર્ચાસ્પદ મુદ્દો એ છે કે, યથાર્થ પદાર્થો (actual entities), અવિનાશી ગુણરૂપો (eternal forms), પૂર્વ–ઈશ્વર, ઉત્તર–ઈશ્વર, અને વિશ્વ–આ પાંચેય તત્ત્વોમાં સળંગ સંકલિત એકતા રહેતી નથી. વ્હાઈટહેડની આખીય વિભાવના બહુત્વ (pluralism and dualism)થી પીડાતી હોવાથી તેમાં કોઈ પણ પ્રકારના સમન્વય (synthesis) માટે અવકાશ રહેતો નથી. અલબત્ત, બહુત્વ એ તો કુદરતનું સ્વરૂપ છે, વૈવિધ્ય તો કુદરતનો સ્વભાવ છે; પણ તે વેરવિખેર તો નહીં જ. પ્રકૃતિમાં રહેલું વૈવિધ્ય તો એકતાના સૂત્રથી સુગ્રથિત હોય છે. એકતામાં વૈવિધ્ય (Diversity in unity) હોવું એ તો આવિષ્કાર (manifestation)નો નિયમ છે. પણ વ્હાઈટહેડના બહુત્વમાં એકતાનું સૂત્ર જ નથી.

વળી, વ્હાઈટહેડના ઈશ્વર અને વિશ્વ વચ્ચેની પારસ્પરિક્તા કે અન્યોન્યતા (reciprocity)ના વિચારમાં પણ વિસંગતતા રહેલી જણાય છે. કારણ કે તે વિશ્વને નિમ્ન કોટીના ઈશ્વરરૂપ ગણી ઈશ્વરના અંતઃપ્રવેશથી વિશ્વમાં રૂપાન્તર થતું હોવાનું જણાવે છે.

વ્હાઈટહેડ અનુસાર વૈશ્વિક વિકાસનું અન્તિમ ધ્યેય ઈશ્વર અને વિશ્વનું ઐક્ય નથી પણ અવિનાશીપણું છે. તેને તે Objective mortality કહે છે. વિશ્વની આ એક એવી સ્થિતિ છે કે જેમાં વિશ્વ સ્થિર અવસ્થાને પામે છે. આ કાયમી સ્થિર (permanent unchanging) એ કાંઈ આધ્યાત્મિક દિવ્યતાની સર્વોત્કૃષ્ટ સ્થિતિ તો નથી જ. એમાં આધ્યાત્મિકતાનો કાંઈક રણકો સંભળાય છે પણ તે કૃતક અને મર્યાદિત છે. કારણ કે વ્હાઈટહેડનાં ચારે ય તત્ત્વો સર્જનશીલતા, ઈશ્વર, અવિનાશિ અને યથાર્થ (eternal and actual) ગુણધર્મો, પદાર્થો બિન–આધ્યાત્મિક છે. એનું સર્જનશીલતાનું તત્ત્વ તો અભાન છે, એનો ઈશ્વર પણ પ્રવાહી અને પરિવર્તનશીલ (fluxional) છે, અને તેનાં અવિનાશી અને યથાર્થ તત્ત્વો માત્ર બાહ્ય રીતે જ (externally) સંયોજિત રહેલાં છે.

આમ વ્હાઈટહેડના વિકાસવાદે (evolution) બબ્બે 'ઈશ્વર'ના નામ હેઠળ આધ્યાત્મિકતાનું માત્ર મ્હોરું પ્હેરી લીધું હોય એમ દેખાય છે. તેનો ઉત્તર–ઈશ્વર (consequent

God) તો મર્યાદિત, વિકાશશીલ અને અપૂર્ણ છે; એનો પૂર્વ-ઈશ્વર અભાન અને સ્થિર છે. આમ વ્હાઈટહેડના બંને ઈશ્વરોમાં આધ્યાત્મિક વિકાસ માટે અનિવાર્ય એવું કોઈ તત્ત્વ આપવાની ક્ષમતા રહેલી નથી.

વ્હાઈટહેડની અવિનાશી તત્ત્વોની વિભાવના સહેજે આપણને પ્લેટોના આદર્શવાદ (Ideas)ની યાદ કરાવે છે: એક પોણા બે હજાર વર્ષ પહેલાંના અને બીજા વીસમી સદીના ઉત્તરાર્ધના-એમ બંને વિચારકોને વૈશ્વિક ઉત્ક્રાન્તિ સમજાવવા માટે ઈશ્વરની દરમ્યાનગીરી સ્વીકારવી પડે છે. પરંતુ પ્લેટોનો ઈશ્વર-વિચાર તથા વ્હાઈટહેડનો ઈશ્વર-વિચાર એ બન્ને વચ્ચે મોટું અંતર રહેલું છે. પ્લેટોના Ideas દિક્-કાલાતીત છે. એનું ઈશ્વરતત્ત્વ નિયામક અને નિર્ણાયક હોઈ તે (વ્હાઈટહેડના ઈશ્વર કરતાં) ચઢિયાતું છે. વ્હાઈટહેડનો પ્રવાહી વિકાસશીલ અપૂર્ણ ઈશ્વર વિશ્વવિકાસમાં ફાળો આપી શકવાનું કાંઈ સામર્થ્ય ધરાવતો નથી.

વ્હાઈટહેડના સિદ્ધાંતનો સાર એ નીકળે છે કે તેના ઈશ્વરનું ધ્યેય સમગ્ર પ્રકૃતિના દિવ્યીકરણને પામતા જવાનું છે. તેનો ઈશ્વર પ્રતિપળે બહુત્ત્વમાં પ્રસરતો જાય છે અને યથાર્થ પદાર્થો (actual entities)ના વિશ્વના ઉત્થાન માટે સક્રિય બની રહે છે; વૈશ્વિક ઉત્ક્રાન્તિના કાર્યમાં તે પ્રવૃત્ત રહે છે. આમ વિકસતા જતા વિશ્વ સાથે ઉત્તર-ઈશ્વર પણ વિકાસશીલ થતો રહે છે. આમ વૈશ્વિક વિકાસને અનુરૂપ થવા માટે 'God breaks up into dynamic manyness.'

ઉપર જણાવેલા વિચાર-વિમર્શ માગી લેતા વિવેચકોના મહત્ત્વના મુદ્દાઓ છતાં નીચેની બાબતો વ્હાઈટહેડને આધુનિક તત્ત્વચિન્તકોની પહેલી હરોળમાં-હેગલની જેમ-સ્થાન અપાવે છે.

તેની સમગ્ર વિચારધારામાં ઉત્ક્રાન્તિ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. મહર્ષિ અરવિંદનું દર્શન પણ ઉત્ક્રાન્તિમૂલક, વિકાસપરક છે. તેઓ વૈશ્વિક ઉત્ક્રાન્તિને Integral માને છે. તેઓ કહે છે :

"An integral transformation is the integral aim of the Being in Nature. This is the inherent sense of her universal sure of self-transcendence."

[The Life Divine, Op. 648]

વળી શ્રી અરવિંદે સૃષ્ટિના અસ્તિત્વને 'શિવનું આનંદ-નૃત્ય' (ecstatic dance of Shiva) કહીને બિરદાવ્યું છે.

તેની વિચારધારામાં આવિર્ભાવનો સિદ્ધાંત રહેલો છે. પ્રતિપળ વિશ્વ પરિવર્તનશીલ હોવા છતાં આગળનાં તત્ત્વો-કારણોમાંથી નવીન તત્ત્વો-પરિણામો આવિર્ભાવ પામતાં જ જાય છે. એનો 'ingression of eternal entities in the cosmos'નો સિદ્ધાંત પરિણામકારી છે. તેનાથી વિશ્વમાં નવાં તત્ત્વો પ્રાદુર્ભાવ પામતાં જાય છે. વૈશ્વિક ઉત્ક્રાન્તિ માટે ઉપરનાં ઉચ્ચ તત્ત્વો નીચેનાં તત્ત્વ પર ઊર્ધ્વગમન માટે અદમ્ય દબાણ કરતાં હોય છે. અહીં આપણને મહર્ષિ અરવિંદના આરોહ-અવરોહણના સિદ્ધાંતનું સહેજે સ્મરણ થાય છે.

વ્હાઈટહેડે મહત્ત્વની વાત તો એ દર્શાવી કે વૈશ્વિક ઉત્ક્રાન્તિમાં, વિશ્વને નીચલી ભૂમિકામાંથી ઉપલી ભૂમિકામાં લઈ જવા માટે ઈશ્વર પોતે જ સતત પ્રયત્નશીલ હોય છે. તે વિકાસકાર્યમાં સર્વદા સંકળાયેલો જ રહે છે.

વ્હાઈટહેડે એ પણ જણાવ્યું છે કે, વિકાસની પ્રત્યેક ભૂમિકા પર વ્યક્તિ પોતાનું વ્યક્તિત્વ ગુમાવી બેસતી નથી. વ્યક્તિત્વનું વિલોપન થવાને બદલે તે વધારે ને વધારે ઉચ્ચ સૂક્ષ્મ અને આધ્યાત્મિક કક્ષાના વિકાસને પામતો જાય છે. ઈશ્વર એવો ક્રૂર નથી કે તે વૈશ્વિક વિકાસક્રમમાં વ્યક્તિના વ્યક્તિત્વનું બલિદાન થવા દે! એથી ઊલટું એ તો એને અને વિશ્વને વિનાશમાંથી ઉગારી લે છે. આમ વૈયકિતક વિકાસ વિશ્વવિકાસમાં સહાયભૂત થાય છે અને વૈશ્વિક વિકાસ વૈયક્તિક વિકાસમાં મદદરૂપ નીવડે છે. આમ વ્હાઈટહેડનું 'ઑર્ગેનિક ઈવોલ્યુશન' વૈયક્તિક (Individualistic) અને વૈશ્વિક (cosmic) પણ છે.

તેણે વિરોધીભાસી લાગે એવાં વિધાનોમાં એનો સિદ્ધાંત રજૂ કર્યો છે. તદનુસાર ઈશ્વર નિશ્ચલ સ્થાયી (permanent) અને વિશ્વ ચંચળ (fluent) છે, તેમ વિશ્વ સ્થાયી અને ઈશ્વર ચંચળ–ગતિશીલ છે. ઈશ્વર એક છે અને વિશ્વ બહુવિધ છે તેમ વિશ્વ એક છે અને ઈશ્વર બહુવિધ છે. વળી ઈશ્વર અને વિશ્વ બન્ને આવિર્ભાવાત્મક છે. સમસ્ત વિશ્વ ઈશ્વરમાં સમાવિષ્ટ છે તેમ ઈશ્વર પણ વિશ્વમાં અનુસ્યૂત છે.

વ્હાઈટહેડની વિચારધારામાં ચંચળ અને નિશ્ચલ એવા બંને પ્રકારના ઈશ્વરના સમન્વય તરફનું વલણ વર્તાય છે. પૂર્વ–ઈશ્વરની અવસ્થામાં વિશ્વ અવિકસિત પ્રાથમિક અવસ્થામાં છે, પણ એની ઉત્તરાવસ્થામાં વિકસિત વિશ્વને તે શાશ્વત અને અવિનાશી જેવું હોવાનું જણાવે છે.

આજે જે મર્યાદિત સ્થિતિમાં વિશ્વ છે તે સ્થિતિ કાયમ રહેવાની નથી. ઉત્ક્રાન્તિની પરાકાષ્ઠાએ આધ્યાત્મિક વિશ્વ અસ્તિત્વમાં આવશે, એવો આશાનો સૂર વ્હાઈટહેડના લખાણમાંથી નીકળે છે. સત્ય, સૌન્દર્ય, ભલાઈ જેવાં ઉચ્ચ મૂલ્યો કરતાં પણ આ આધ્યાત્મિક મૂલ્યો વિશેષ ગુણવત્તા અને ઉત્કૃષ્ટતા ધરાવતાં હશે. કારણ કે ઉત્ક્રાન્તિનું ચરમ લક્ષ્ય સત્ય–સૌન્દર્ય જેવાં ઉચ્ચતર મૂલ્યોની પ્રાપ્તિ પૂરતું મર્યાદિત નથી પણ તેનાથી ય અતિશય ઉચ્ચત્તમ–ઊર્ધ્વ એવી વિશ્વની દિવ્યતા (Divinisation of the universe)નું છે.

મહર્ષિ અરવિંદની ચિન્તનધારા પ્રમાણે વ્હાઈટહેડના બે ઇશ્વરનો વિચાર તથા ઈશ્વર અને વિશ્વ બંનેના વિકાસક્રમનો વિચાર સ્વીકાર્ય બની રહે તેમ નથી. શ્રી અરવિંદ તો સંપૂર્ણ અદ્વૈતવાદના હિમાયતી છે. વિશ્વ અને ઈશ્વરને તેઓ બે જુદાં જુદાં તત્ત્વો તરીકે નહીં, પણ એક જ સચ્ચિદાનંદનાં બે પાસાં–સ્વરૂપો તરીકે વર્ણવે છે. આ વિશ્વ એ ઈશ્વરનું જ સર્જન છે અને વૈશ્વિક વિકાસ એ બીજું કાંઈ નહીં પણ પોતાના અસલ ધામ તરફ જવાની–સ્વગૃહ–પુનરાગમન–(a home return of the world to its source)ની સ્વાભાવિકી પ્રવૃત્તિ છે.

મહર્ષિ અરવિંદની ઉત્ક્રાન્તિ–વિભાવના ઉત્કૃષ્ટ અને સર્વોપરી છે. કારણ તેનું ચરમ લક્ષ્ય સમગ્ર માનવજાતિ અને અખિલ વિશ્વનું–પ્રકૃતિનું–દિવ્યીકરણ અને મુક્તત્વ છે. તે માટે અહંકારનું

વિગલન અને અતિમાનસના અવતરણની અનિવાર્યતા દર્શાવતાં તેમણે સ્પષ્ટતા પણ કરી છે કે, અહંકારનું ખરી પડવું એ કાંઈ પૂર્ણજ્ઞાનપ્રાપ્તિની સ્થિતિ નથી, પરંતુ તેની માત્ર પૂર્વભૂમિકા છે. અહંકારવિલોપન પછી પણ વિકાસપ્રક્રિયા તો ચાલુ જ રહે છે. માત્ર અંતરાયો અને અવરોધો દૂર થતાં જાય કે પછીની પ્રક્રિયા સુગમ બની રહે.

તેવી જ રીતે અતિમાનસના અવતરણથી સમગ્ર વિશ્વનું એકદમ દિવ્યીકરણ થઈ જતું નથી. તેની ધીમી પ્રક્રિયા છે અને ઘણો લાંબો વખત ચાલે છે, ચાલશે. સચ્ચિદાનંદ પરમ તત્વ સાથે સંપૂર્ણ સંવાદિતા અને એકતા સધાય એ જ ઉત્ક્રાન્તિનો ઉદ્દેશ હોઈ મહર્ષિ કહે છે :

" An integral consciousness will become the basis of an entire harmonisation of life through the total transformation unification integration of the being and the nature ".

[ The Life Divine p. 646 ]

## સંદર્ભગ્રંથસૂચિ


1 Radhakrishnan (Dr.), 'An Idealistic view of life', George Allen & unwin ltd. London, 1951.

2 Boodin J. E., 'Cosmic Evolution', Macmillan & Co. Ltd. New york, 1925.

3 Smuts J. O., 'Holism and Evolution', Macmillan & Co. Ltd. New york, 1920.

4 Whitehead A. N., 'Progress and Reality, Gifferd Lectures, Cambridge University Press, 1929.

5 Shri Aurobindo, 'The life Divine' Shri Aurobindo Libıary, In. 82, wall street, New york, I edition, 1949.

# પાશ્ચાત્ય તર્કશાસ્ત્રની વિકાસગાથા:

**ભાસ્કર ગોપાળજી દેસાઈ***

પાશ્ચાત્ય તર્કશાસ્ત્રની વિકાસ–ગાથા ઘણી લાંબી છે. સામાન્ય રીતે એરિસ્ટોટલને પાશ્ચાત્ય તર્કશાસ્ત્રના પિતા તરીકે ઓળખવામાં આવે છે. પરંતુ આપણે એ નોંધવું જોઈએ કે એરિસ્ટોટલના સમયની પૂર્વે પણ ભારતમાં તથા ઇજિપ્તમાં તાર્કિક વિચારણા થઈ હતી. ગોલિનીશ્ચેર તાડપત્રી ( Golenischer Papyrms ) જે ૧૮ ફૂટ લાંબી છે તેમાં ઈ. સ. પૂ. ૨૮૦૦ થી ૧૭૮૮ના શાસનકાળ દરમ્યાન કોઈ અનામી ઇજિપ્શીયન ધર્મગુરુની તાર્કિક શક્તિનો ઉલ્લેખ છે. વળી, રીન્હડ તાડપત્રી ( Rhind Papyrms ) અનુસાર અહમાંસી યા અહમંસી નામના ઇજિપ્શીયન ધર્મગુરુએ પણ વ્યાવહારિક ગાણિતિક પ્રશ્નોની તાર્કિક વિચારણા કરી છે.

બેબીલોનમાં ઈ. પૂ. ૨૦૦૦ વર્ષ પહેલાં જટિલ ચતુષ્પદી સમીકરણો ( Complicated Quadratic Equations ) ઉકેલાયાનું નોંધાયું છે. આ એમ સ્પષ્ટ કરવા પૂરતું છે કે બેબીલોનમાં પણ તાર્કિકો હતા. જો કે ઇજિપ્શીયનોની જેમ બેબીલોનિયનો પણ વ્યવહારુ ઉપયોગમાં ખૂબ રસ ધરાવતા હતા. એમને અમૂર્ત સંશોધનમાં રસ ન હતો. પુરાણા ગ્રીસમાં પાયથોગોરસ, ઝીનો ( ઇલિયાનો ) વગેરેની તાર્કિક સિદ્ધિ જાણીતી છે. પરંતુ તાર્કિક વિચારણાના નિયમાનુસાર તારણો પ્રાપ્ત કરવા અને તાર્કિક વિચારણાના નિયમો તારવવા એ બે ભિન્ન બાબતો છે. વિચારણાને પદ્ધતિસર બનાવવાનું તથા એ માટેના નિયમો અને આકૃતિઓ આપવાનું સૌ પ્રથમ કાર્ય એરિસ્ટોટલે કર્યું. તેથી તેમને અપાયેલું તર્કશાસ્ત્રના પિતા તરીકેનું બિરુદ વ્યાજબી છે.

એરિસ્ટોટલે પોતે "તર્કશાસ્ત્ર" નામ આપ્યું નથી. વિષયનું આ નામ તો પાછળથી સ્ટોઈકોએ તત્ત્વજ્ઞાનના ત્રણ ભાગો પાડ્યા તેમાં આપ્યું છે. તર્કશાસ્ત્ર, પદાર્થવિજ્ઞાન અને નીતિશાસ્ત્ર ( Logic, Physics and Ethics ). એરિસ્ટોટલનાં તર્કશાસ્ત્રને લગતાં લખાણોને 'Organon' નામ હેઠળ સમાવાવામાં આવ્યાં છે. તેની એક મહત્ત્વપૂર્ણ વાત નોંધીએ. પ્લેટોવાદીઓ, એરિસ્ટોટલવાદીઓ, અને સ્ટોઈકો વચ્ચે એક અગત્યનો મુદ્દો ચર્ચાતો હતો. તર્કશાસ્ત્ર તત્ત્વજ્ઞાનનો એક ભાગ છે કે તત્ત્વજ્ઞાનનું માત્ર સાધન ( Tool ) છે? આ મુદ્દાનો સમન્વય સાધવા એરિસ્ટોટલના અનુયાયીઓએ એરિસ્ટોટલનાં તર્કશાસ્ત્રવિષયક લખાણોને એકત્રિત કરી 'Organon' ( The instrument and pre–condyition of studying arts and science ) નામ આપ્યું. એમ સૂચવવા કે તર્કશાસ્ત્ર તત્ત્વજ્ઞાનનો એક ભાગ પણ છે અને એનું સાધન પણ છે. એરિસ્ટોટલે તર્કશાસ્ત્રવિષયક લખેલાં પાંચ લખાણો દ્વારા એમણે તર્કશાસ્ત્રના વિષયના કરેલા ખેડાણનો ખ્યાલ પામી શકાય.

---

**'સ્વાધ્યાય'**, પુ. ૨૪, અંક ૧, દીપોત્સવી અંક, નવેમ્બર '૮૬, પૃ. ૧૫–૨૪.

* ૧૭, કિર્તીકુંજ, કારેલીબાગ, વડોદરા–૩૯૦ ૦૧૮.

**The Categories :**

આ વિભાગમાં એરિસ્ટોટલ વિધેયોના વર્ગોની વાત કરે છે. અહીં વિચારણાની રીતો અને વિચારણાના વસ્તુ–વિષય અંગેની માહિતી પ્રાપ્ત થાય છે. A.E.I.O.ની રજૂઆત અહીં થઈ છે. આપણા વિચારોની ભાષાકીય રજૂઆતના આધારે એમણે વિધાનોને સાદાં ( Simple ) કે મિશ્ર ( Composite ) તરીકે આલેખ્યાં છે. તાર્કિક રીતે સમજી શકાય એ માટે એમણે 10 Categories આપી છે. Substance, Quality, Quantity, Relation, Place, Time, Position, State, Action, Attention.

તર્કશાસ્ત્રને ભાષા પર–ભાષાના શબ્દો પર–આધાર રાખવો પડે છે ખરો, પરંતુ એને માત્ર શબ્દો સાથે નિસ્બત નથી. શબ્દો તો અ–શબ્દી ( Non–Verbal ) બાબતો હકીકતો માટે વપરાય છે. સર્વદેશીય ( Universal )ના પ્રશ્નને એરિસ્ટોટલ બોધો ( Concepts ) દ્વારા ઉલઝાવે છે. બોધ સમજી શકાય એ માટે ભાષાનું બંધારણ ચકાસવું જરૂરી છે. એમણે આપેલ 10 Categories દ્વારા આ કાર્ય થઈ શકે છે. આ દસ Categories ને તત્ત્વજ્ઞાનમાં અન્ય સ્થાને પ્રાપ્ત થતી Categories સાથે ભેળવવાની નથી. આમ ન થાય તે માટે એરિસ્ટોટલની દસ Categories ને સમજાવવા નીચેનું ઉદાહરણ લઈશું.

પ્લેટોના શિષ્ય–તત્ત્વજ્ઞ એરિસ્ટોટલ, જેમની ઉંચાઈ ૫'–૮" છે, અને જેઓ શ્વેત-વસ્ત્રોમાં સજ્જ છે, તેઓને પ્રશ્ન પૂછાતાં, તેમણે બપોરના સમયે, તેમના વિદ્યાલય લાઈસીયસમાં ચાલતાં ચાલતાં ઉતર આપ્યો.

| | | | |
|---|---|---|---|
| અહીંયાં, | પ્લેટોના શિષ્ય | = | Relation |
| | તત્ત્વજ્ઞ | = | Quality |
| | એરિસ્ટોટલ | = | Substance |
| | જેમની ઉંચાઈ ૫' ૮" છે | = | Quantity |
| | અને જેઓ શ્વેતવસ્ત્રોમાં સજ્જ છે | = | State |
| | તેઓને પ્રશ્ન પૂછાતાં | = | Attention |
| | તેમણે બપોરના સમયે | = | Time |
| | તેમના વિદ્યાલય લાઈસીયસમાં | = | Place |
| | ચાલતાં ચાલતાં | = | Position |
| | ઉત્તર આપ્યો | = | Action |

**An Interpretation :**

અહીં તેઓ ભાષાકીય રજૂઆતનું વર્ગીકરણ આપે છે અને Declarative વાક્યોમાં પ્રાપ્ત થતી તાર્કિક માહિતીને સ્પષ્ટ કરે છે. વિધાનોના ઘડતર અને તેના આંતરસંબંધની અહીં તેઓ સમજ આપે છે. વિધાનમાં પદોની વ્યાપ્તિનો સિદ્ધાંત અહીં ઉપયોગમાં લેવાયો છે ખરો, જોકે એની ચર્ચા કે નિરૂપણ કરવામાં આવ્યું નથી. અહીં તેઓ વિધાનનો વિરોધ ( Squre of

Opposition) તેમ જ અમધ્યપદી (Immediate) અનુમાનોની ચર્ચા કરે છે. વળી, આજે જેને Modern Logic તરીકે ઓળખવામાં આવે છે તેની પણ તેઓ વિચારણા રજૂ કરે છે.

**Prior Analysis :**

અહીં તેઓ સંવિધાનનો સિદ્ધાંત (Theory of syllogism) રજૂ કરે છે. તથા તેની આકૃતિ અને ભેદ (figure & mouds) દર્શાવે છે. Interpretationમાં એમણે વિધાનનું વર્ગીકરણ આપ્યું એના કરતાં અહીં થોડું ભિન્ન વર્ગીકરણ આપે છે. એકવાચી વિધાન (Singular Judgement) તેમ જ ચોથી આકૃતિનો સ્વીકાર કે રજૂઆત કરવામાં આવ્યાં નથી. પરંપરાગત પ્રણાલીમાં એ બન્ને પ્રચલિત છે. તેઓ માત્ર પ્રથમ આકૃતિને જ પૂર્ણ (perfect) તરીકે સ્વીકારે છે. એમનું આ મંતવ્ય મહત્ત્વપૂર્ણ છે. વર્ગ (class)ના આધારે સંબંધો નક્કી કરવાની અપનાવાયેલી આધુનિક રીતિનો પાયો અહીં પ્રાપ્ત થાય છે. આધુનિક તર્કશાસ્ત્રનાં મૂળ અહીં જોવા મળે છે.

**Posterior Analysis :**

અહીં એરિસ્ટોટલ વિજ્ઞાનનું તત્ત્વજ્ઞાન રજૂ કરે છે. સંવિધાન અનુસારની તાર્કિક વિચારણાની તેઓ અહીં વધુ વિસ્તૃત રજૂઆત કરી તેને વૈજ્ઞાનિક રજૂઆતો માટે કઈ રીતે ઉપયોગમાં લઈ શકાય. તેની તેમ જ વૈજ્ઞાનિક રજૂઆતની પૂર્વ માન્યતાઓ (Pre-Suppositions) તથા તેની પદ્ધતિઓ (Methods) અંગેની રજૂઆત પણ કરે છે. વળી અહીં કારણ, તાત્ત્વિક પ્રકૃતિ (Essential Nature) તથા લક્ષણ (Definition) અંગેની પણ રજૂઆત થયેલી છે.

**Topics :**

સંવિધાનના સિદ્ધાંતથી સંપૂર્ણ સ્વતંત્રપણે આ લખાણ લખાયું હોવાની પ્રતીતિ થાય છે. અહીંયાં વિવિધ પરિમાણો (Categories) તથા વિધેયો (Predicates) અંગેના વિચારો રજૂ થયા છે. અહીં એમણે રજૂ કરેલી Categoriesની યાદી 'Categories' નામના વિભાગમાં તેમણે રજૂ કરેલી Categories કરતાં ભિન્ન છે.

**Sophistical Refutations :**

અહીં તેઓ તર્કદોષોની વિચારણા કરે છે. તેઓ બે પ્રકારના તર્કદોષો સ્વીકારે છે: (૧) ભાષાના ઉપયોગને લીધે થતા તર્કદોષો અને (૨) વિચારના નિયમોના ભંગને લીધે થતા તર્કદોષો.

Categaries, Interpretation, Prior Analysis, Posteriar Analysis, Topics તથા Sophistical Refutations આ લખાણોમાં એરિસ્ટોટલે તર્કશાસ્ત્રના વિષયની પદ્ધતિસરની માવજત કરી છે, અને એના અનેક પ્રશ્નોની રજૂઆત કરી છે. આમ કરીને તેમણે તર્કશાસ્ત્રને અભ્યાસવિષય તરીકેનું મોભાનું સ્થાન આપ્યું છે. ઈ. સ. પૂર્વે ચોથા સદીમાં એરિસ્ટોટલે

તર્કશાસ્ત્રનો પાયો પ્રબળ બુદ્ધિચાતુર્યથી નાંખ્યો હતો. તેમના અનેક અનુયાયીઓને તો એમ જ લાગતું હતું કે તેઓ એક પૂર્ણ વિજ્ઞાન આપી ગયા છે.

## સ્ટોઈક :

એરિસ્ટોટલ પછીના ગ્રીક વિચારકોએ તર્કશાસ્ત્રમાં કરેલા પ્રદાનમાં સ્ટોઈકનું પ્રદાન મહત્ત્વપૂર્ણ છે. એમનું તર્કશાસ્ત્ર ભાષા અર્થ ભેદ ( Semantic distinction )ના સ્વીકારનું રહ્યું છે. એનો તંતુ લાંબે ગાળે Frege સાંધે છે. અને તર્કશાસ્ત્રને નૂતન પરિપ્રેક્ષ્યમાં મૂકે છે. એરિસ્ટોટલ પદ ( Term ) તથા વર્ગ ( Class )ને ચલ ( Variable ) તરીકે સ્વીકારે છે જ્યારે સ્ટોઇકો વિધાન ( Proposition ) ને ચલ તરીકે સ્વીકારે છે. તેઓ વિધાનના બે પ્રકાર સ્વીકારે છે. (1) Atomic અને (2) Molecular. Atomic વિધાનમાં ઉદ્દેશ્ય અને વિધેયનો સીધો સંબંધ સ્થપાય છે. Molecular વિધાનમાં બે હકીકતોને જોડતી કોઈ કડી હોય છે. Atomicના ત્રણ અને Molecularના બે પ્રકારો સ્વીકારાયા છે. જે નીચે મુજબ છે :

| | Atomic Propostion<br>સાદાં વિધાનો | | | Molecular Proposition<br>સંયુક્ત વિધાનો | |
|---|---|---|---|---|---|
| | નિશ્ચિત<br>definate | અનિશ્ચિત<br>Indefinate | મધ્યસ્થિત<br>Interme-diate | વિધાન એક જ પણ રજૂઆત બે | બે વિધાનોની અલગ રજૂઆત |
| ઉદાહરણ : | આ માણસ બોલે છે. | કોઈક માણસ બોલે છે. | અશોક બોલે છે. | જો ઉનાળો હોય તો ઉનાળો છે. | જો ઉનાળો હોય તો ગરમી લાગે. |

આમ, સ્ટોઈકોએ કરેલી તર્કવિચારણા પ્રાતીક તર્કશાસ્ત્રનો સબળ પાયો પૂરો પાડે છે.

આમ છતાં એરિસ્ટોલના અનુયાયીઓ તેમજ મધ્યકાલીન વિચારકો સ્ટોઈકની આ વિચારણાની અગત્ય પામી શકયા નહીં. આથી, તર્કશાસ્ત્રના પાયાના સિદ્ધાંતોની કે પદ્ધતિઓની શોધ તત્કાલીન સમયમાં થઈ શકી નહીં. એવું પણ બની શકે કે એરિસ્ટોટલે મહત્ત્વની તાર્કિક શોધો આપેલી જ છે એવી માન્યતા આવી સ્થગિતતા માટે કારણભૂત હોય.

## મધ્યકાલીન સમય :

મધ્યકાલીન તર્કશાસ્ત્રની ત્રણ વિશિષ્ટતા રહી છે : (૧) પ્રશિષ્ટ પ્રણાલી પર આધાર, (૨) લૅટિન ભાષાનો ઉપયોગ, (૩) ખ્રિસ્તી ધર્મશાસ્ત્રની અસર.

લગભગ અગિયારમી સદી સુધી એરિસ્ટોટલના તર્કશાસ્ત્રની અને પ્રશિષ્ટ પ્રણાલીની પ્રબળ અસર રહી છે. બારમી સદીમાં આરબ દુનિયામાં બીજા અને ત્રીજા તત્ત્વજ્ઞ તરીકે ઓળખાતા અનુક્રમે ફરાબી ( Farabi ) અને અલિસીના ( Alicenna ) એ એરિસ્ટોટલનું તર્કશાસ્ત્ર પ્રચલિત કર્યું. આરબોની ગણતરીની કુનેહ અને ગ્રીકોની અમૂર્ત રૂપલક્ષી વિચારની આવડતનાં સુમિશ્રિત પરિણામો પશ્ચિમ યુરોપમાં અવલોકી શકાયાં. આરબ ' સંખ્યા ' અને ગ્રીક ' સંવિધાન 'ના સુભગ સંયોગથી આધુનિક ગણિતશાસ્ત્ર અને તર્કશાસ્ત્ર આકાર પામ્યાં છે.

લગભગ તેરમી સદીથી સ્કોલેસ્ટીક તર્કશાસ્ત્રનો પ્રશિષ્ટ સમય શરૂ થયો. રોજર બેકન ( Roger Bacon ) એના મુખ્ય પ્રવકતા હતા. વિલિયમ ઑફ ઓકહામ ( Willam of Ockham ) તર્કશાસ્ત્રને માત્ર રૌપિક રૂપે એમના પુસ્તક 'Summa Logica'માં રજૂ કરે છે. ધર્મની શ્રદ્ધાનો બચાવ કરવાના સાધન તરીક તર્કશાસ્ત્રને અપનાવવાનો ઓકહામ ઈન્કાર કરે છે. આથી તેમને સુધારાવાદી ચળવળના પ્રણેતા તરીકે તેમ જ ધાર્મિક સંશય-વાદના પ્રસ્થાપક તરીકે નવાજી શકાય.

પછીની કેટલીક સદીઓ એવી પસાર થઈ છે. જેમાં, જેમ અન્યક્ષેત્રોમાં તેમ તર્કશાસ્ત્રના ક્ષેત્રમાં પણ કોઈ મહત્ત્વપૂર્ણ પ્રદાન થયું નથી.

**નવચેતના :**

પરંતુ સત્તરમી સદીમાં ફરીથી લગભગ પ્રત્યેક ક્ષેત્રમાં નવી ચેતના પ્રગટેલી જોઈ શકાય છે. નવા પ્રદાનનાં ચિન્હો વર્તાય છે. ફ્રાન્સિસ બેકન–૧૫૬૧ થી ૧૬૨૬–થી શરૂ કરી લાઈબ્નીઝ સુધીના ગાળાને નવચેતનાના ગાળા તરીકે ઓળખાવી શકાય.

**લાઈબ્નીઝ :** ( ૧૬૪૬ થી ૧૭૧૬ )

તર્કશાસ્ત્ર અને ગણિતશાસ્ત્ર વચ્ચે કોઈ ભેદ હોઈ ન શકે એમ તેઓ માનતા હતા. આથી એમણે વિજ્ઞાનની એક એવી ભાષા રચી જે ગણિતશાસ્ત્ર અને ભૂમિતિની સંજ્ઞાઓ પર આધારિત હોય. એમણે એક ગાણિતિક યંત્ર પણ શોધ્યું હતું જે દ્વારા સરવાળા, બાદબાકી, ગુણાકાર અને ભાગાકાર કરી શકાય. આમ, લાઈબ્નીઝ પ્રાતીક તર્કશાસ્ત્ર ( Symbolic logic )ના પ્રણેતા હતા, જેની રચના ૨૫૦ વર્ષ પછીથી બુલે ( Boole ) અને સ્કોર્ડરે ( Schorder ) ( ૧૮૪૧ થી ૧૯૦૨ ) કરી અને જેનો વિકાસ ફ્રેગે ( Frege ) રસેલ ( Russell ) તથા વ્હાઈટહેડે ( ૧૮૬૧ થી ૧૯૪૭ ) કર્યો.

**આધુનિક સમય જ્હોન સ્ટુઅર્ટ મીલ :** ( ૧૮૦૬ થી ૧૯૭૩ )

મીલનું જીવન એક સંઘર્ષ સમાન રહ્યું છે. જે કંઈ સંશોધનવિરોધી હોય એનો તેઓ સામનો કરતા. સ્થગિતતાનો તેઓ અસ્વીકાર કરતા. જડતાનો પ્રતિકાર કરતા. કોઈ પણ પ્રકારની પૂર્ણતા કે નિરપેક્ષના તેઓ વિરોધી હતા. પછી આવા નિરપેક્ષ સ્વયંસિદ્ધ સત્ય તરીકે, પરંપરાગત સત્ય તરીકે નિરપેક્ષ આદેશ ( Categorical Imperative ) તરીકે, નૈસર્ગિક અધિકારો ( Natural Rights ) તરીકે કે પછી તાર્કિક ઈયત્તાપ્રદાન ( Logical Axioms ) ( પ્રમેય ) તરીકે કેમ ન રજૂ થયા હોય ?

મીલનું તર્કશાસ્ત્ર ઉપરનું પુસ્તક 'A System of Logic' એક મહત્ત્વપૂર્ણ પુસ્તક છે. એમાં તેમણે તર્કશાસ્ત્રનું સર્વગ્રાહી નિરૂપણ કર્યું છે. પરંપરાગત રીતે પ્રાપ્ત થતા વિચારોને એમણે ચકાસ્યા છે, ઠીક હોય ત્યાં સ્વીકાર્યા છે, મૂલવ્યા છે. અને પોતાના નૂતન વિચારો આપ્યા છે. સંવિધાનનો સિદ્ધાંત, વ્યાપ્તિના આધાર ( Canons of Induction ) તથા

પ્રકૃતિની એકરૂપતાની એમની રજૂઆત ખાસ ધ્યાન ખેંચે છે. મીલના મંતાનુસાર પરંપરાગત રીતે પ્રાપ્ત થતાં સંવિધાનમાં સાધ્યપક્ષ (Major Premice) વ્યાપ્તિ દ્વારા મેળવાયેલ છે એનું તારણ માત્ર પુનરાવર્તન–Tataulogy–છે. એનો સાચો આધાર તાત્ત્વિક માન્યતાઓ (Metaphysical Assumption) પર છે. અને છતાં તેઓ એમ સ્વીકારે છે કે વૈજ્ઞાનિક રીતે સંવિધાન અનિવાર્ય છે. પરંતુ એમનું વિશિષ્ટ પ્રદાન તો વ્યાપ્તિ છે. એની વિસ્તૃત ચર્ચા અને રજૂઆત એમણે કરી છે. મીલે વિચારણાની નવી દિશાઓ દર્શાવી છે. વ્યાપ્તિ–નિગમનનો સંબંધ ગમે તે રીતે વિચારીએ, બન્નેનું તર્કશાસ્ત્રમાં સ્થાન છે. એટલું તો સ્વીકારવું જ પડે એમ છે.

**જ્હોન ડ્યુઈ :** (૧૮૫૯ થી ૧૯૫૨)

'સત્ય પરિણામઆધારિત છે' એવા મંતવ્યના પ્રણેતા ડ્યુઈ 'વ્યવહારવાદ'ના પ્રસ્થાપક છે. કોઈ પણ ક્ષેત્રમાં તર્કશાસ્ત્રમાં પણ અંતિમ પરમનિરપેક્ષ કંઈ હોઈ શકે નહીં. આવા અંતિમ નિરપેક્ષ તત્ત્વ સાથેના ગાઢ બંધનથી જ સર્વ અનિષ્ટોનું નિર્માણ થાય છે. તાર્કિક તપાસ શી રીતે અને કયા હેતુ માટે થવી જોઈએ, એવા મહત્ત્વના મુદ્દા ઉપસ્થિત કરી ડ્યુઈ એમ સૂચવે છે કે કોઈ પણ તપાસ અનુભવ પર આધારિત હોવી જોઈએ. અને કોઈ પણ તાર્કિક તારણની સત્યતા અંગે સફળતા કે નિષ્ફળતાને અનુલક્ષીને થવી જોઈએ. અનુભવને તર્કના–તારણના આધાર તરીકે રજૂ કરી, અનુભવમાં પ્રાપ્ત થતી સફળતા–નિષ્ફળતાના માપદંડ તરીકે રજૂ કરે છે. આમ તાર્કિક ક્ષેત્રમાંથી ડ્યુઈ તત્ત્વક્ષેત્રમાં જઈ પડે છે. અને એમાંથી નિષ્પન્ન થાય છે અનુભવનું તત્ત્વજ્ઞાન (Philosophy of Experience).

સહજ રીતે એ પ્રશ્ન થાય કે તર્કશાસ્ત્રના વિકાસમાં ડ્યુઈનો ફાળો કયાં દૃષ્ટિગોચર થાય છે? આ પ્રશ્ન વ્યાજબી છે. આપણા અનુભવોની પુર્નવ્યવસ્થાનો આધાર પરિણામલક્ષી હોઈ, તર્કશાસ્ત્રનું મહત્ત્વનું ધ્યેય, જ્યારે કોઈ પણ પ્રકારની તાર્કિક તપાસ સફળ કે નિષ્ફળ થાય છે ત્યારે શું થાય છે તેની સમજણ આપવાની રહે છે. એ સાચું કે ડ્યુઈએ પ્રાતીક તર્કશાસ્ત્રમાં કોઈ મૂળભૂત પ્રદાન કર્યું નથી. પરંતુ એની સમક્ષ એ પ્રશ્ન જરૂર ઉપસ્થિત કર્યો છે કે પ્રાતીક તર્કશાસ્ત્રની સફળતા–નિષ્ફળતા અનુભવપેક્ષીય હોવી જોઈએ. આ માપદંડના આધારે એમ કહી શકાય કે જેટલે અંશે પ્રાતીક તર્કશાસ્ત્રના ઉપયોગથી આધુનિક જટિલ પ્રકારનાં કોમ્પ્યુટર્સ તથા ઈતર યાંત્રિક સાધનો કાર્યરત કરી શકાયાં છે અને એ યંત્રો માનવ-અનુભવને વધુ સમૃદ્ધ અને અર્થપૂર્ણ બનાવે છે, તેટલે અંશે પ્રાતીક તર્કશાસ્ત્ર ડ્યુઈના માપદંડના આધારે પાર ઉતર્યું છે એમ કહી શકાય.

**ગીલબર્ટ રાઈલ :**

જેમ જ્હોન ડ્યુઈનું મુખ્ય પ્રદાન વ્યવહારવાદ છે તેમ રાઈલનું પ્રદાન ભાષાકીય તત્ત્વજ્ઞાન (Linguistic philosophy) છે, એમના મતાનુસાર સત્યના સ્વરૂપનો વિચાર કરતાં પહેલાં 'સત્ય'નો અર્થ સમજવો આવશ્યક છે. આથી, તર્કશાસ્ત્રમાં શબ્દો અને વિધાનોના અર્થની સ્પષ્ટતા થવી જોઈએ.

એ સાચું કે ભાષાદોષનિવારણ તર્કશાસ્ત્રનું મહત્ત્વનું કાર્ય છે. પરંતુ શું શબ્દો અને વિધાનોના માત્ર **અર્થો આપવાથી** જ તર્કશાસ્ત્રનું કાર્ય પર્યાપ્ત થયેલું સ્વીકારી શકાય ? શબ્દો અને વિધાનોને સંજ્ઞાદેહ આપીને પ્રાતીક તર્કશાસ્ત્ર ભાષાના કારણે નિપજતા તર્કદોષોને તિલાંજલી આપતું નથી શું ?

પરંપરાગત તર્કશાસ્ત્રના કાર્યને આધુનિક પ્રાતીક તર્કશાસ્ત્ર એક વિશિષ્ટ દષ્ટિએ નિહાળે છે અને એ રીતે એનો વિકાસ સર્જે છે. જ્યારે વ્યવહારવાદ અને ભાષાકીય તત્ત્વજ્ઞાન તર્કશાસ્ત્રના કાર્યને અન્ય વિશિષ્ટ દષ્ટિથી જુએ છે. એ સમજી શકાય એ હેતુથી જ્હોન ડયુઈ અને ગીલ્બર્ટ રાઈલનો અહીં ઉલ્લેખ કર્યો છે. આટલી રજૂઆત પછી આપણે પ્રાતીક તર્કશાસ્ત્રના વિકાસનો તંતુ ફરી હાથ ધરીએ.

**બુલ : (Boole)** (૧૮૧૫ થી ૧૮૫૪)

બુલના **પ્રસિદ્ધ થયેલા** પુસ્તક 'Algebra of Logic'ને આધુનિક પ્રાતીક તર્કશાસ્ત્રના પાયા તરીકે ઓળખાવી શકાય. બુલે એમાં તર્કશાસ્ત્રનું બીજગણિત રજૂ કર્યું. એમણે વિચાર્યું કે સંવિધાનના વિધાનોમાં સમાવિષ્ટ વિષયોના 'બધા' અને 'કેટલાક' વચ્ચે કઈક સંબંધ હોવો જોઈએ. અમૂર્ત વિચારણા (Abstract Thinking)ની સમસ્યાનો ઉકેલ કોઈ સામાન્ય સૂત્ર (General Formula) શોધવાથી પામી શકાય એવા વિચારમાંથી Algebra of logicનો ઉદ્ભવ થયો. એમનાં પુસ્તકો The Mathematical analysis of logic અને The laws of thoughtમાં એમણે બીજગણીતના રૂપમાં તર્કશાસ્ત્રની વ્યવહારુપદ્ધતિ રજૂ કરી છે. એ સાચું કે બુલે માત્ર 'અને', 'અથવા' તેમજ 'નહીં' (and, or, not) જેવા શબ્દોને સંજ્ઞાદેહ આપી તેમના દ્વારા દર્શાવાયેલ સંબંધની રજૂઆત કરી છે. પરંતુ આમ કરી એમણે પ્રાતીક તર્કશાસ્ત્રનો પાયો નાંખ્યો છે. તાર્કિક મનોવ્યાપાર જે રીતે થાય છે તેના મૂળભૂત નિયમોનું સંશોધન કરવાનો એમનો આશય હતો. નિયમોને તેઓ એવું સંજ્ઞાત્મક રૂપ આપવા માંગતા હતા, જેને આધારે ગણતરી કરી શકાય. આવા આધાર પર તેઓ તર્કવિજ્ઞાન અને તેની પદ્ધતિઓ રચવા માંગતા હતા. એમને દીર્ઘાયુ પ્રાપ્ત થયું હોત તો સંભવતઃ આ શક્ય બન્યું હોત.

**ડી. મોર્ગન :** (૧૮૦૬ થી ૧૮૭૨)

એરિસ્ટોટલના તર્કશાસ્ત્રમાં ઉદ્દેશ્ય સાથે સંખ્યા સંકળાયેલી રહેતી. વિધેયની સંખ્યાની વિચારણા એમાં ન હતી. ડી. મોર્ગન તથા વિલિયમ હેમિલ્ટને વિધેયની સંખ્યા quantification of predicateનો વિચાર પ્રસ્તુત કર્યો. અને વિધાનના વિવિધ ૩૨ પ્રકારોની વિસ્તૃત રજૂઆત કરી. વળી, એક વિધાનને બીજામાં રૂપાંતરિત કરવા માટેના નિયમો આપ્યા અને એમના સરખાપણાની રજૂઆત પણ કરી. બિનપરંપરાગત પ્રકારનાં અનેક અનુમાન પ્રકારોની એમણે રજૂઆત કરી અને એમ દર્શાવ્યું કે તાર્કિક પ્રામાણ્ય Logical Validity માત્ર પરંપરાગત અનુમાનપ્રણાલી અને એના સિદ્ધાંતો પર જ આધારિત નથી. એમણે સંબંધોના તર્કશાસ્ત્રનું પણ ખેડાણ કર્યું. આમ, બુલની જેમ જ ડી. મોર્ગને પણ તર્કશાસ્ત્રના વિકાસની નૂતન કેડીઓ કંડારી.

**ગોટલોબ ફ્રેગે :** ( Gottlob Frege ) ( ૧૮૪૮ થી ૧૯૨૫ )

પરંપરાગત તર્કશાસ્ત્રમાં "સોક્રિટિસ મર્ત્ય છે" અને "બધા માણસો મર્ત્ય છે" એ બે વિધાનોને લગભગ સમાન રૂપનાં જ ગણવામાં આવતાં. જેમણે એ બેની વચ્ચે ભેદ નીરખ્યો એમણે પણ એ ભેદને મૂળભૂત કે વિશિષ્ટ મહત્ત્વનો ગણ્યો નહીં. પિઈનો અને ફ્રેગેએ સૌ પ્રથમ એમ રજૂઆત કરી કે આ બન્ને વિધાનોનાં રૂપ ભિન્ન છે.

આધુનિક પ્રાતીક તર્કશાસ્ત્રનું લાઈબ્નીઝે દિશાસૂચન કર્યું, બુલે તેને આકાર આપ્યો પરંતુ એની ખરી સ્થાપના તો ફ્રેગેએ કરી કારણકે સૌ પ્રથમ એમણે વિધાન કલન–Propositional caloulusનું એના આધુનિક તાર્કિક રૂપમાં વર્ણન કર્યું. વિધાન-કાર્ય ( Propositional Function )નો વિચાર પણ સૌ પ્રથમ એમણે જ આપ્યો. એટલું જ નહીં, ગુણ-સૂચક સંજ્ઞાનો ઉપયોગ તથા ગાણિતિક વ્યાપ્તિના આધારે સાબિતીનું તાર્કિક વિશ્લેષણ પણ સૌ પ્રથમ એમણે જ દર્શાવ્યું.

**બર્ટ્રાન્ડ રસેલ :** ( Bertrand Russeil ) ( ૧૮૭૨ થી ૧૯૭૦ )

ગણિત એ તર્કશાસ્ત્રની એક શાખા છે એવી ફ્રેગેની વિચારધારાને રસેલે આગળ વિકસાવી. આલ્ફ્રેડ વ્હાઈટહેડ ( ૧૮૬૧ થી ૧૯૪૭ )ની સાથે એમણે લખેલા પુસ્તક–Principia Mathematicaમાં એમણે ફ્રેગેએ આપેલ રૂપરેખા ઉપરથી એક વિશાળ રચના સર્જી. જહોન સ્ટુઅર્ટ મીલના સમકાલીન બુલ અને ડી. મોર્ગને એવું પ્રાતીક તર્કશાસ્ત્ર આપ્યું હતું જેમાં મહદ્ અંશે એરિસ્ટોટલના વિચારો સમાવાયા હોવા છતાં એ વધુ તાંત્રિક–technical હતું. તેને અને ફ્રેગેએ વિકસાવેલ વિચારધારાને વધુ વ્યવસ્થિત કરી, સંગઠિત કરી રસેલે ગણિત અને તર્કશાસ્ત્રના ઘનિષ્ઠ સંબંધને સબળ રીતે પ્રસ્થાપિત કર્યો. એમની આવી સમન્વયકારી નૂતન રજૂઆતથી વિચારકોનું ધ્યાન એ તરફ દોરવાયું. એટલું જ નહીં પરંતુ પ્રાતીક તર્કશાસ્ત્ર યુનિવર્સિટીઓમાં એક સ્વતંત્ર વિષય તરીકે અપનાવાયું.

રસેલ માને છે કે બધાં અનુમાનોમાં માત્ર રૂપ–Form જ મહત્ત્વનું છે, એ રૂપમાં શું કહેવાયું છે એ નહીં. જ્યારે આપણે એમ કહી એ કે 'સોક્રેટિસ માણસ હતો, બધા માણસો મર્ત્ય છે તેથી સોક્રેટિસ મર્ત્ય છે' ત્યારે એમાં 'સોક્રેટિસ' 'માણસ', 'મર્ત્ય' જરાય મહત્ત્વના કે ઉપયોગના નથી. આમ હોઈ, કોઈ પણ અનુમાનનું સામાન્ય સ્વરૂપ આવી રીતે રજૂ કરી શકાય. 'જો કોઈ એક વસ્તુમાં કોઈ એક ગુણ હોય અને અન્ય કોઈ પણ વસ્તુમાં એ ગુણ હોય અને એમાં વધારામાં બીજો પણ કોઈ ગુણ હોય તો પેલી કોઈ એક વસ્તુમાં પણ એ બીજો ગુણ હોવો જોઈએ.

દા. ત. : વસ્તુ xમાં ગુણ a છે, વસ્તુ yમાં ગુણ a છે અને ગુણ b પણ છે. તો વસ્તુ xમાં પણ ગુણ b છે. અહીંયાં કોઈ વસ્તુનું કે ગુણનું નામ પાડવામાં આવતું નથી. વિધાન તદ્દન સામાન્ય છે. અનુમાનોને જ્યારે વિસ્તારથી રજૂ કરવામાં આવે ત્યારે તે બધાં જ અનુમાનો આવાં સામાન્ય પ્રકારનાં વિધાનોમાં રજૂ થઈ શકે.

વળી, પરંપરાગત તર્કશાસ્ત્રમાં સંબંધોની સત્યતાનો સ્વીકાર કરી શકાતો નથી. કારણ કે તે એમ માને છે કે બધાં વિધાનો ઉદ્દેશ્ય–વિધેયના રૂપનાં જ હોવાં જોઈએ. તેના મતે બધા જ સંબંધોને એમાં સમાવિષ્ટ પદોના ગુણોમાં રૂપાંતરિત કરવા જોઈએ. રસેલે આનો સખત વિરોધ કર્યો. અને એમણે સંબંધોને ત્રિવિધ સ્વરૂપે અને વિવિધ પ્રકારે વિગતે રજૂ કર્યા છે.

'વર્ગ'–(calss) 'નો સભ્ય'–(member of), 'સૂચિતાર્થ'–(implication), 'સંબંધ',–(relation) 'પ્રત્યેક',–(Every) જેવા વિચારોની સુસ્પષ્ટ અને નવીન તાર્કિક વ્યાખ્યાઓ રસેલે રજૂ કરી. પરંપરાગત આધાર તત્ત્વો (axioms) તથા સહાયક નિયમો સામે એમને સાંકળી રસેલે એમ દર્શાવ્યું કે આવા તાર્કિક વિચારોથી સમગ્ર ગણિતશાસ્ત્ર નિગમનપદ્ધતિ દ્વારા પ્રાપ્ત કરી શકાય છે. પ્રાતીક તર્કશાસ્ત્રને પ્રતિષ્ઠાનું સ્થાન પ્રદાન કરવામાં રસેલનો ફાળો અમૂલ્ય છે.

## હેન્રી વીચ :

રસેલે જે વિચારધારા રજૂ કરી એને અનુલક્ષીને તર્કશાસ્ત્રની પરંપરાગત વિચારધારાનો અભ્યાસી ત્રિવિધ માર્ગ ગ્રહણ કરી શકે.

(૧) પરંપરાગત તાર્કિક વિચારધારાને તત્ત્વશાસ્ત્ર (metaphysics)થી વિખૂટી પાડી, એનો વધુ વિકાસ સાધે. કવીને એમના પુસ્તક methods of logicમાં આમ કર્યું.

(૨) એરિસ્ટોટલના તર્કશાસ્ત્રના સૂક્ષ્મ અને જટિલ નિયમોને એ નવા અર્થ આપે. ખાસ કરીને નૂતન પ્રાતીક તર્કશાસ્ત્રનાં ધ્યેય અને સંજ્ઞાઓને અનુલક્ષીને નવા પરિપ્રેક્ષ્યમાં મૂકે. જે Lukasicwitzએ એમના પુસ્તક 'Aristotal's syllogistic'માં કર્યું.

(૩) જેમ વીએ એમના પુસ્તક 'Intentional logic'માં કર્યું છે તેમ એરિસ્ટોટલના તર્કશાસ્ત્રને અનુલક્ષીને આધુનિક પ્રાતીક તર્કશાસ્ત્ર સામે એમનો બચાવ કરે.

હેન્રી વીચ એમના પુસ્તકમાં આધુનિક તર્કશાસ્ત્રના બે મુખ્ય પડકારોની આલોચના કરે છે. એક તર્કશાસ્ત્રના વિષય વસ્તુ Subject Matter અંગે તથા બીજું, વિધાનોના તાર્કિક સ્વરૂપ અંગે. વીચ એમ માને છે કે આધુનિક તાર્કિકો બે મહત્ત્વની બાબતોને સાંકળે છે અને એને વિશે સ્પષ્ટ નથી. એ બે મહત્ત્વની બાબતો તે : સૃષ્ટિમાં પ્રવર્તતા સાચા સંબંધો અને વિધાનમાં રજૂ થતા તાર્કિક સંબંધો.

તેઓ એમ માને છે કે તર્કજ્ઞોએ મુખ્યત્વે કરીને બોધ–Concept, વિધાનો–Proposition, અને સંવિધાન–Syllogismની જ વિચારણા કરવી જોઈએ. વીચ એમ માને છે કે આ પ્રત્યેકને એક નિશ્ચિત માળખું કે બંધારણ છે. જેને તેઓ Relation of Identity તરીકે ઓળખાવે છે. અને એક નિશ્ચિત સાધન તરીકેનું કાર્ય છે જેને તેઓ 'Intentional' તરીકે ઓળખાવે છે. વળી, તેઓ એમ દર્શાવે છે કે આ બધાં સાધનો આપણને જે સત્તા–Reality પ્રતિ દોરી જાય છે તેની રજૂઆત એરિસ્ટોટલના તત્ત્વદર્શન–Meta-physicsમાં થયેલી છે. એ

સૃષ્ટિ સાચાં કારણો ( Real causes ), દ્રવ્યો ( Substances ), અને ગુણો ( Attributes )ની બનેલી છે. એને અનુરૂપ મધ્યપદ ( Middle term ), Categories તથા વિધેયો ( Predicates ) પ્રાપ્ત છે. તર્કશાસ્ત્ર તાત્ત્વિક દૃષ્ટિએ પ્રતિબદ્ધ થયા વિના રહી શકે નહીં. આમ, રસેલ જ્યારે તર્કશાસ્ત્રને તત્ત્વજ્ઞાનના અર્ક ( Essence ) તરીકે ઘટાવે છે, ત્યારે વીચ તત્ત્વજ્ઞાનને તર્કશાસ્ત્રના અર્ક તરીકે ઘટાવે છે.

આમ, આપણે એ જોઈ શકીશું કે આધુનિક પ્રાતીક તર્કશાસ્ત્ર ઍરિસ્ટૉટલના તથા પરંપરાગત તર્કશાસ્ત્ર સાથે સંકળાયેલ છે. બન્ને વચ્ચે કોઈક તંતુ–કોઈક સેતુ છે. પરંપરાગત તર્કશાસ્ત્ર નિરર્થક, અને આધુનિક તર્કશાસ્ત્ર જ અર્થપૂર્ણ છે એવો મત એકપક્ષીય છે. વિકાસ એ વણથંભી પ્રગતિના પ્રતીક સમાન છે. તર્કશાસ્ત્રનો વિકાસ પણ ઍરિસ્ટૉટલથી શરુ થઈ આધુનિકો સુધી વિસ્તર્યો છે. એની ઝાંખી આપણે ઉપર કરી. તર્કશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર અને તંત્રવિદ્યા એકમેકની સાથે ઘનિષ્ઠ રીતે સંકળાયેલ છે. આધુનિક વિકાસમાં આ ત્રણેયનો મહત્ત્વપૂર્ણ ફાળો છે.

# ઈ. સ. પૂર્વે ૪૦૦૦ થી ૧૯૮૦ સુધી લોટાનો ૫૦૦૦ વર્ષનો ઇતિહાસ

હસમુખ ધીરજલાલ સાંકળિયા*

આપણે બધા લોટાથી પારચિત છીએ. ગુજરાતી, મરાઠી અને હિન્દીમાં પાણી પીવાના નાના વાસણને લોટો કહીએ છીએ, પરંતુ પ્રાચીન સમયમાં આવું વાસણ 'કળશ' તરીકે ઓળખાતું. દ્વારકાના રહેવાસી ડૉ. જયંતિલાલ ઠકારના માનવા પ્રમાણે વેદોમાં ઉલ્લેખિત સોમરસ પીવાના વાસણ કળશના જેવું જ આ વાસણ છે.[1]

લોટા કે કળશ જેવા વાસણ (પાત્ર)નો અસલ ઉપયોગ નિશ્ચિત રીતે જાણવા ન મળે તો પણ એટલું તો આપણે કહી શકીએ કે જ્યારે માનવ આદિપાષાણ, અને મધ્યપાષાણ યુગો વટાવી નવાપાષાણયુગમાં પહોંચ્યો, અને એક સ્થળે થોડોક સમય પણ ઠરીઠામ રહેવા લાગ્યો અને માટીનાં વાસણો બનાવી અન્નાદિ અને પાણી ભરવા લાગ્યો, ત્યારે જ લોટા જેવું નાનું વાસણ પાણી ભરવા માટે અસ્તિત્વમાં આવ્યું. નહીં તો જરૂરિયાત માટે જેમ સીતાને પાણી પીવા માટે પાંદડાંનું વાસણ લક્ષ્મણે બનાવ્યું હતું તેમ બનાવતો હશે. આથી આપણે લોટા અને એના વિવિધ આકારો માનવીની વધતી જરૂરિયાતો પ્રમાણે:

નવાપાષણ, તામ્ર–પાષાણ, લોહ અને હમણાં ચાલુ સ્ટીલ અને પ્લાસ્ટિક યુગોનો ઇતિહાસ તપાસવો રહ્યો.

આ બધા સાંસ્કૃતિક સમયો એટલે ૫૦૦૦–૭૦૦૦ વર્ષોનો ઇતિહાસ. વળી આ બધા ભારતમાં એક જ સમયે અસ્તિત્વમાં ન હતા. હિમણાના ભાષાવાર વિભાગો કે પ્રાંતો પ્રમાણે :

૧. પંજાબ, સિંધ, ઉત્તરભારત, પશ્ચિમભારત ૨. કાશ્મીર, ૩. ઉત્તરપ્રદેશ, ૪. બિહાર, ૫. ઓરિસ્સા, ૬. પૂર્વ અને પશ્ચિમ બંગાળ, ૭. આંધ્રપ્રદેશ, ૮. તામિલનાડુ, ૯. કેરળ, ૧૦. કર્ણાટક, ૧૧. મહારાષ્ટ્ર, ૧૨. ગુજરાત, ૧૩. કચ્છ, ૧૪. સૌરાષ્ટ્ર.

આવા ભાષાવાર વિભાગોને લીધે, દરેક વિભાગમાં લોટા કે અન્ય વસ્તુના આકાર અને ઉપયોગમાં ફરક હોઈ શકે.

---

'સ્વાધ્યાય', પુ. ૨૪, અંક ૧, દીપોત્સવી અંક, નવેમ્બર '૮૬, પૃ. ૨૫–૩૨.

* ડેક્કન કૉલેજ, પોસ્ટગ્રેજ્યુએટ ઍન્ડ રિસર્ચ ઇન્સ્ટિટ્યુટ, પૂણે–૪૧૧ ૦૦૬.

૧ કુશસ્થલીમાં 'વૈદિક સોમરસ દર્શન', દ્વારકાધીશ સંસ્કૃત એકેડેમી, ૧૯૮૪.

આ અભ્યાસ પુરાતત્ત્વીય દૃષ્ટિએ કર્યો છે. પરંતુ જ્યાં શકય હોય ત્યાં વિવિધ જાતિઓ અને હમણાં પ્રચલિત લોટાના પ્રકારોનો પણ નિર્દેશ કર્યો છે.

આ લેખમાં આવતાં સ્થળોનાં નામો અને ત્યાંથી જાણવા મળેલી સંસ્કૃતિઓનું વિસ્તારથી વર્ણન મારા Indian Archaeology to-dayમાં આપેલું છે. એટલે અહીં આવશ્યક વિગતો અને લોટાના આકારો ટૂંકમાં જ વર્ણવ્યા છે. ભારતની સંસ્કૃતિ અતિ પ્રાચીન છે. એથી લોટામાં પાણી કે અન્ય ઘી-તેલ જેવી પ્રવાહી વસ્તુ ભરવાને માટે બહુ જ વાસ્તવિક નામો જેવાં કે: કળશ, કળશિયો, લોટી, લોટો, ઘડો (ઘટ), માટ, માટલું એવાં વાસણોનાં નાનાંથી મોટાં સુધી નામો મળે છે.

ઉત્તર-પશ્ચિમ, ઉત્તરની તામ્રપાષાણ અને પ્રારંભિક લોહયુગની સંસ્કૃતિઓનો અભ્યાસ કરતાં માલૂમ પડે છે કે જાતજાતનાં વાસણો, લાંબાં, નાળચાંવાળાં, અને ગોળાકાર મધ્યભાગ અને અતિશય નાનાં સપાટ બેઠકવાળાં વપરાશમાં હતાં. આ બધાંના મોઢાના આકારો, વાસણના વપરાશ પ્રમાણે બનાવવામાં આવતા.

સાધારણ નાના, મધ્યમ ગોળાકાર, સપાટ બેઠક અને S આકારના મોઢા જેવાં વાસણોને લોટા કે કળશ તરીકે વર્ણવ્યાં છે.

આ ઉપરાંત છેલ્લાં ૪૦ વર્ષોનાં ડેક્કન કોલેજે જે જે ઉત્ખનનો કર્યાં અને તેમાંથી લોટા કે લોટા જેવાં વાસણો મળ્યાં છે તેના દરેકના જુદા ફોટા આપ્યા છે.

કમભાગ્યે ભારતમાં પુરાતત્ત્વ સર્વેક્ષણ વિભાગે (Arch. Survey of India) પ્રારંભનાં લગભગ ૫૦ વર્ષ (૧૮૬૧ થી ૧૯૪૦) સુધી જે જે ઉત્ખનનો કર્યાં તેમાં માટીનાં વાસણો-ખાસ કરીને ભગ્ન ભાગોને (ઠીકરાંઓને) બહુ જ નજીવું સ્થાન આપ્યું છે. એટલે તક્ષશિલા જેવા સ્થળેથી પ્રાપ્ત પ્રાચીન માટીનાં વાસણોનાં વર્ણન અને ચિત્રો (ફોટા) આપ્યાં નથી. પરંતુ ઉત્તર પશ્ચિમ ઈરાનમાં સર ઓરેલ સ્ટાઇન (Sir Aurel Stein) અને પ્રા. સ્ટુઅર્ટ પિગટે (Stuart Piggott) જે ઉત્ખનનો કર્યાં તેમાં માટીનાં વાસણો મળ્યાં તેનાં ચિત્રો આપ્યાં છે.

આ બધાં ઉત્ખનનોમાં શરૂઆતથી-એટલે સર જોન માર્શલ, પંડિત માધોસ્વરૂપ વત્સ, રાવબહાદુર દીક્ષિત અને સર મોર્ટિમર વીલર (અને હજુ પણ) જે મકાનના અવશેષો મળ્યા તેમાં કયા ચોક્કસ સ્થળે વસ્તુઓ મળી તે નોંધવામાં આવ્યું નથી. તેથી આ વસ્તુનો શું ચોક્કસ ઉપયોગ થતો હશે તે આપણે નિશ્ચિત રીતે જાણી શકતા નથી. લોટો સ્નાનગૃહ કે પાણી રાખવાનું સ્થળ પાણિયારું, ખાળ કે મોરી જેવી જગ્યાએ આપણે રાખીએ છીએ, ગમે ત્યાં નહિ.

ગુજરાત, મહારાષ્ટ્ર અને કર્ણાટકમાં લોટા, લાબાં માથા કે મોઢાના ભાગ Sના જેવા વળાંકવાળા હોય છે, પરંતુ ઉત્તરપ્રદેશમાં વારાણસી ઇત્યાદિ સ્થળોમાં લોટા બેઠા ઘાટના, બહુ જ પહોળા મધ્યભાગવાળા અને નાની ડોકવાળા હોય છે, જેથી પાણી હોઠને અડકાડયા વિના ઊંચેથી પી શકાય.

## લોટા શબ્દની વ્યુત્પત્તિ :

મને પ્રારંભમાં એમ લાગ્યું કે 'લોટો' શબ્દ આર્ય ભાષામાંથી આવ્યો હશે. અમારા Dictionary Departmentના ડૉ. વિ. વિ. ભટ્ટને વિચારતાં એમને લાગ્યું કે આ શબ્દ અસલ ઈરાની હોવો જોઈએ. જૂનામાં જૂના લોટાના અવશેષો માટી, તાંબુ અને કાચના ઈરાન અને ભારતની ઉત્તર–પશ્ચિમ સીમા ભાગોમાંથી મળ્યા છે. પરંતુ આ અનુમાન ડૉ. ભટ્ટને પોતાને જ યોગ્ય લાગતું નથી, કારણ કે 'લોટો' શબ્દ ભારતની લગભગ બધી જ ભાષાઓમાં પ્રચલિત છે.

હવે લોટાઓ–ખાસ કરીને હમણાં જ વપરાશમાં છે તેનાં ચિત્રો અને ટૂંકું વર્ણન આપ્યું છે. લોટાએ સેંકડો વર્ષથી એનો આકાર એવો ને એવો જ રાખ્યો છે તેનો ખ્યાલ હમણાં વપરાશમાં આવતા પ્લાસ્ટિક અને સ્ટેનલેસ સ્ટીલના લોટાઓ આપે છે :

ચિત્ર નં. ૧ : પ્લાસ્ટિક અને સ્ટેનલેસ સ્ટીલ, ચિત્ર નં. ૨ : નાગપુર પાસે માહુરજરીના ઉત્ખનનમાંથી પ્રાપ્ત. આ સ્થળ પ્રારંભિક, તામ્ર–પાષણ અને આદિ લોહયુગનું છે,[1] ચિત્ર નં. ૩ : અતિશય સુંદર અને પકવ માટીનો ચિતરામણવાળો લોટો. નાવડાટોળી, નર્મદાને તીરે મહેશ્વરની સામે પાર,[2] ચિત્ર નં. ૪ : આવો જ લોટો પરંતુ ટોટીવાળો, નેવાસા ઉત્ખનન,[3] ચિત્ર નં. ૫ : ટોટીવાળો લોટો, ટોટીને વળાંક છે જેથી પ્રવાહી પદાર્થ–પાણી, દૂધ અપવાને સુગમ પડે. આ લોટાને કાળી માટીનો ઓપ આપેલો છે. ટેક્કલકોટા ઉત્ખનન,[4] ચિત્ર નં. ૬ : ટોટીવાળો લોટો, મોઢું નાનું અને ગોળાકાર મધ્યભાગ, નેવાસા,[5] ચિત્ર નં. ૭ : આવો જ લોટો, પરંતુ સહેજ નાનો અને મોઢું અને ટોટી પણ નાનાં. ટેક્કલકોટા,[6] ચિત્ર નં. ૮ : નાળિયેરનું સુંદર અનુકરણ કરતો, લગભગ આવા જ પ્રકારનો લોટો,[7] ચિત્ર નં. ૯ : લોટો, નાસિક, ચિત્ર નં. ૧૦ : લોટો, રંગપુર ઉત્ખનન,[8] ચિત્ર નં. ૧૧ : લોટો, બેઠો ઘાટ અને ટોટી, નેવાસા, ચિત્ર નં. ૧૨ : ઊભી ટોટીવાળો લોટો, નેવાસા, આવા તાંબાના લોટા હજુ પ્રચલિત છે, ચિત્ર નં. ૧૩–૧૫ : ઈનામગામના ખોદકામમાંથી, ડેક્કન કૉલેજ, ચિત્ર નં. ૧૬ : લોટો, આહડ, ઉદેપુરના ખોદકામમાંથી.[9]

---

1 Deo, S. B. *Excavatlons at Mahurjhari*, Deccan College, Pune.

2 Sankalia, H. D., Subbarao, B., Deo, S. B., *Excavations at Navdatoli*, Deccan College and M. S. University of Baroda.

3 Sankalia, H. D. and Deo, S. B., *Excavation at Nevasa.*

4 Sankalia, H. D. and Subbarao B, *Excavation at Tekkalkota*, Deccan College, Pune.

5 Sankalia and Deo, *Excavation of Nevasa.*

6 Sankalia and Subbarao, Tekkalkota.

7 Sankalia, H. D. and Deo, S. B. *Report on the Excavation at Nasik and Jorwe*, Deccan College.

8 Sankalia and Deo, Excavation, at Nevasa.

9 Sankalia H. D. and Deo S. B., *Excavation at Ahar*, Deccan College.

## લોટા, બલુચિસ્તાન, વઝરિસ્તાન :

ભારતની સીમા પર આવેલ આ પ્રદેશોમાં સર ઓરેલ સ્ટાઈને બહુ જ મુશ્કેલીઓ વેઠી આજથી ૫૦ વર્ષ પહેલાં શોધખોળ આરંભી હતી. એમના હેવાલો Memoirsમાંથી લોટાને લગતી વિગતો કે ચિત્રો અહીં આપ્યાં છે.[1] સૌથી જૂના લોટા મેહેરગઢ અને એની આસપાસના વિસ્તારમાં જે ખોદકામ થયું તેના છે. અહીં પાકિસ્તાનના પુરાતત્ત્વ વિભાગની સાથે ફ્રેન્ચ અને જર્મન વિદ્વાનોએ ખોદકામ કર્યું હતું.[2]

અહીં મુગલ ગુણ્ડાઈ નામના સ્થળે એક જસત ( Bronze )નું લોટા જેવું વાસણ મળ્યું. આને ત્રણ પાયા છે અને ઢોળાવવાળું મોઢું છે.

ઉપર નેવાસા અને આહડમાંથી ટોટીવાળા લોટા વર્ણવ્યા છે. પરંતુ આ લોટાના જેવો બીજો લોટો મારા જોવામાં આવ્યો નથી.

## કાચ્ચીનો સપાટ પ્રદેશ :

આ પ્રદેશ ભારત અને પાકિસ્તાનની સીમા પર આવેલો છે. અહીં લોટાના જૂનામાં જૂના નમૂનાઓ મળ્યા છે. ફ્રાન્સના પુરાતત્ત્વવેત્તાઓએ પાકિસ્તાનના પુરાતત્ત્વ વિભાગની સાથે મેહેરગઢ નામના સ્થળે ખોદકામ કર્યું. આ સ્થળ કાચ્ચીના મેદાનમાં બોલનઘાટના મુખ આગળ આવેલું છે. મધ્ય એશિયાના ઉચ્ચ પ્રદેશમાં અહીંથી જ જવાનો માર્ગ છે. ઇરાન, બ્લુચિસ્તાન અને અફગાનિસ્તાનના શુષ્ક પ્રદેશો અને સિંધુ–ગંગાના સપાટ પ્રદેશોની વચ્ચેનો પ્રદેશ છે.

સંસ્કૃતિના વિકાસ માટે આ પ્રદેશ બહુ જ અનુકૂળ છે. ખેતી સિવાય કોઈપણ જાતનો વિકાસ અશકય છે. બલુચિસ્તાનની ઉજ્જડ પર્વતમાળાઓની મધ્યમાં નાની નાની નદીઓમાંથી બહુ જ ફળદ્રુપ કાંપ ભેગો થાય છે. સખત ઠંડી હોવાથી શિયાળામાં પશુઓને ચરવાનું મુશ્કેલ થાય છે, અને કોઈપણ ધાન્ય ગ્રીષ્મઋતુમાં જ ઉગાડવાનું શકય હોય છે.

આથી ઊલટું, આ પ્રદેશની સામી બાજુ વસ્તુસ્થિતિ બહુ જ જુદી છે. અહીં ચારે ઋતુઓમાં વહેતી સિંધુનો સપાટ પ્રદેશ છે. આથી આખું વર્ષ ખેતી શકય છે. શિયાળામાં ઠંડી બહુ હોતી નથી, એટલે વર્ષમાં ત્રણ પાક ઉતરી શકે છે. ટૂંકમાં પ્રારંભિક ખેતીવાડીના ઉપર આધાર રાખતી સંસ્કૃતિનો જન્મ અને વિકાસ થયો, અને ત્યાંથી પંજાબમાં અને પછી સૌરાષ્ટ્રમાં અને મહારાષ્ટ્રમાં પ્રસરી.

આ વિકાસને લીધે, નિયમિત ખેતીવાડીનો પ્રારંભ થયો. આથી પ્રારંભિક લાકડાના પાયા, અને સપાટ છાપરાવાળાં મકાનોને બદલે મોટાં, વિશાળ ઘરો બંધાવા લાગ્યાં, એટલું જ

---

1 Stein Aurel, *Archaeological Tour in Wazirstan and Northern Baluchistans*, Memoir, A. S. No. 37. 1929, Pe. XII, P. 47.

2 Jean-Franceos Jarrige and Momque Lechevallier, *Excavations at Mehergadh*, Fig. 7, P. 102.

નહિ, પરંતુ રહેણીકરણીમાં ફેરફાર થયો. આનો ઉત્તમ પુરાવો જાતજાતનાં પકવ માટીનાં વાસણો આપે છે. એનાં વિવિધ જાતની થાળી, વાડકા, કેટલાક પાયા કે બેઠકવાળા, ઉપરાંત લોટા કે લોટા જેવાં વાસણો હંમેશાં જોવા મળે છે. એટલું જ કે જ્યાં સુધી લોટા કે લોટા જેવાં વાસણો ચોક્કસ સ્થળેથી મળેલાં નોંધાયાં નથી, ત્યાં સુધી આ વાસણો, મુખ્યત્વે લોટાનો ઉપયોગ ક્યારે અને શેના માટે થતો તે નિશ્ચિત કરી શકાતું નથી.

અલબત્ત ખોદકામ બહુ જ ચોક્કસ પદ્ધતિથી થાય અને કઈ વસ્તુ ક્યાંથી અને કેવા સંજોગોમાં મળી એની નોંધ થાય, મકાનોનાં આવાં contextual (એક એકની સાથે સંબંધ બતાવનારાં) ખોદકામો હજુ થયાં નથી, પરંતુ જ્યારે કબરોનું ખોદકામ થાય છે, દા. ત. હડપ્પા અને ઇરાનમાં, ત્યારે આવી વિગતો મળે છે.

બહુ જ ઓછાં ખોદકામો આવી પદ્ધતિથી થયાં હતાં, અને તેમાં પણ જે જે વસ્તુઓ ભાંગેલી કે અખંડ, મહત્ત્વની લાગી તેનું જ ટૂંકમાં વર્ણન અને ચિત્રો આપ્યાં છે. આમાંથી લોટા કે લોટા જેવાં વાસણો પર ધ્યાન ખેંચ્યું છે.

સૌથી જૂના લોટા મેહેરગઢ અને એની આસપાસના વિસ્તારમાં જે ખોદકામ થયું તેના છે. અહીં પાકિસ્તાનના પુરાતત્ત્વ વિભાગની સાથે ફ્રેન્ચ અને જર્મન વિદ્વાનોએ ખોદકામ કર્યું હતું.[1]

**મેહેરગઢના લોટા :**

૧. અહીં લોટાના જેવું વાસણ બતાવ્યું છે. ઈ. સ. પૂર્વે ૪૦૦૦, ૨. અહીં સાદાં વાસણો (ચિતરામણવાળાં નહીં) બતાવ્યાં છે, આમાં નં. ૪–૫ કપ જેવા અને સપાટ બેઠકવાળા છે.

ઈરાનમાં ટેપે યાહયા (Tepe Yahya) નામના સ્થળે બહુ જ લાંબી–૫૦૦૦ વર્ષની–પ્રાગૈતિક સંસ્કૃતિની શૃંખલા મળે છે. આમાં સૌથી જૂની સંસ્કૃતિ નવપાષણ યુગ (ઈ. સ. પૂર્વે ૩૮૦૦–૪૫૨૦)ની છે, ત્યાર પછી યાહયા સંસ્કૃતિ (ઈ. સ. પૂર્વે ૩૪૦૦–૩૮૦૦) આ પછી એલેમાઈટ (Elamite) સંસ્કૃતિ (ઈ. સ. પૂર્વે ૩૪૦૦–૨૨૦૦) લોહયુગ ઈ. સ. પૂર્વે ૫૦૦–૧૦૦૦,[2] એકીમિનીયન (Achaemenian–આદિ ઈરાની) ઈ. સ. પૂર્વે ૩૦૦–૫૦૦, સાસાનિયન (Sassanian) ઈ. સ. ૪૦૦.

આ પુસ્તકમાં પ્રાચીન સ્થળો દર્શાવતો નકશો આપ્યો છે. જે અહીં પાછો છાપ્યો છે.

આ સ્થળે સિંધ અને બલુચિસ્તાનમાં જે સંસ્કૃતિનો વિકાસ મળ્યો, જેવો કે મકાનો, માટીનાં વાસણો, ઓજારો અને હથિયારો, દાગીના અને માતૃદેવીની પૂજા તેવો અન્ય સ્થળે મળ્યો નથી.

---

1 Jean, Franceos Jarrige and Momque Lechevallier, *Excavation of Mehergadh*, fig. 7, P. 102.

2 C. C. Lamburg–Karlovisky, *Excavation at Tepe Yahya*, F. 1967–69, 1970.

શરૂઆતમાં ધરો માટીનાં ચોસલાં બનાવી બાંધતાં, પરંતુ પછી માપસર માટીની ઈંટોનાં મકાનો બનાવવા લાગ્યા. આખી રહેણીકરણી બહુ સાદી લાગે, પરંતુ જે રીતે માટીનાં જાતજાતના આકારનાં વાસણો મળ્યાં છે, તેનાથી આપણને ખ્યાલ આવે કે આ માનવોનું જીવન બહુ જ સાદું ન હતું. આ વાસણોમાં લોટા જેવા લાગે છે તેનાં જ ચિત્રો અહીં આપ્યાં છે.

૧. આમાં સૌથી જૂનાં માટીનાં વાસણો છે તેમાં ભૂખરા રંગવાળાં વાસણો પર કાળો રંગ લગાડી ઉપર ચિત્રો દોર્યાં છે. આ વાસણોમાં Band G. લોટા જેવાં લાગે છે,[1] ૨. બે તદ્દન આખાં વાસણો–એક કાચનું અને બીજું માટીનું,[2] ૩. બે લોટા જેવાં વાસણો.[3]

આ પછી ઈરાનના ઊંચા સપાટ પ્રદેશ પર શહર–ઈ–સોખ્ટા ( Shahr–i–Sokhta ) નામના સ્થળે આવી જ જાતની પ્રારંભિક સંસ્કૃતિનું દર્શન થાય છે. ધરો માટીનાં બનાવેલાં છે. ઝૂંપડામાં રહેતા માનવો જાતજાતનાં ચિત્રિત માટીનાં વાસણો વાપરતા. આ સ્થળનું સર્વેક્ષણ C. C. Lamburg-Karlovisky ( લેમ્બર્ગ–કારલોવિસ્કી ) અને Mauriozio-Tosi ( મોરિઝિઓ ટોસી ) એ કર્યું હતું. આમાંથી પહોળા પણ વળાંકવાળા મોઢાનાં અને સપાટ બેઠકવાળાં વાસણો અહીં દર્શાવ્યાં છે.[4]

## સિંધુ સંસ્કૃતિમાં માટીનાં વાસણો :

સાધારણ રીતે એમ માનવામાં આવતું કે મોહન–જો–દડો અને અન્ય સ્થળોએ કબરોમાંથી જે વાસણો મળ્યાં છે, તે દરરોજના જીવનમાં વપરાતાં હોવાં જોઈએ. પરંતુ હમણાં સદ્દગત પ્રાધ્યાપક રખાલદાસ બેનર્જીના એક બહુ જ જૂનો લેખ ' પૃથિવી ' પ્રકાશને છાપ્યો છે, તેના પરથી એમ લાગે છે કે આ માન્યતા ખરી નથી. '

## હડપ્પાની કબરો :

હડપ્પામાંથી કબરોમાંથી લોટા જેવાં વાસણો મળેલાં, તેમાંથી કબર R. 47માંથી પુષ્કળ વાસણો મળ્યાં છે. આના પરથી આપણને ખાત્રી થાય છે કે સિંધુ સંસ્કૃતિના લોકોને માટે જાતજાતનાં વાસણો હતાં. એટલું જ નહિ પણ આના પર સુંદર ચિત્રો દોરાતાં. ( ચિત્ર ૯ )

## પિકલીહાલ :

દક્ષિણમાં બ્રહ્મગિરિમાં જે જુદી જુદી જાતની સંસ્કૃતિઓ મળી હતી, તેવી જ ડૉ. Allchin ( અલચિન )ને પિકલીહાલમાં પ્રાપ્ત થઈ. આમાં Br. I and Br. IIમાં જે

---

1 Fig. 4, Band G.

2 Pl. 9, p. 22.

3 Pl. 10, p. 31.

4 *East and West*, Vol. 23, Nos. 1–2 ( March–June 1973 ), pp. 21–73, Fig. 21, period II.

વાસણો મળ્યાં છે, તે પિકલીહાલની Lower and upper Neolithic (C. 2000 BC.–650 BC.)ના જેવાં જ છે. વળી આ વાસણો મહારાષ્ટ્રમાં નાસિક, એવે, પ્રકાશે અને બહાલના જેવાં છે.

આ ઉપરાંત આપણી દૃષ્ટિએ મહત્ત્વની વાત તો એ છે કે મૃતને પૂરતી વખતે જે વાસણ મૂકવામાં આવેલું, તેમાં પીવાને માટે પાણી રાખવામાં આવતું. (ચિત્ર ૧૭)

અખંડ ભારત (હમણાં સિંધ)માં આવા જ લાંબા સમયના લોટાઓ અને તેમાં સંસ્કૃતિમાં થતા ફેરફારો અમ્રી (Amri) નામના સ્થળે ખોદકામમાં મળ્યા છે. મોહન-જો-દડોની શોધ પહેલાં અહીં જ સૌથી પ્રથમ શોધ આ સંસ્કૃતિની થઈ હતી. ત્યાર પછી ફ્રાન્સના જૂથે મેરી જીન કાસલ (Marie jean casal) નામના આધિપત્ય નીચે અહીં ખોદકામ કર્યું. તેમાં જ્યારે બહુ પ્રાચીન સમયથી જ્યારે ઈસ્લામે એની આણ સિંધ પર ૭–૮મા સૈકામાં જમાવી ત્યાં સુધીનાં માટીનાં વાસણો મળ્યાં. આમાં ઈસ્લામી સમયમાં હાથાવાળા લોટાઓ ખાસ નોંધવા લાયક છે. (558–585a) સિંધુ સંસ્કૃતિ અને સિંધની અન્ય સંસ્કૃતિઓમાં વાડકા, લોટા, ઘડાઓને ચિતરીને સુશોભિત કરવામાં આવતા. અહીં અમ્રી નામના સ્થળમાંથી પ્રાપ્ત થયેલાં આવાં વાસણોનાં ચાર ચિત્રો આપ્યાં છે.

ચિત્ર ૧૨અ લોટા, ઘડા, ઇત્યાદિ પર વિવિધ જાતનાં ચિત્રો. Period V A.[1]

ચિત્ર ૧૩અ લોટા, વાડકા પર વિવિધ જાતનાં ચિત્રો. Period III C.[2]

ચિત્ર ૧૪અ હાથાવાળો લોટો, થાળી, વાડકા, ઘડો ચિત્રિત. Period V B.[3]

ચિત્ર ૧૫અ હાથાવાળા લોટા, અને કુંજાઓ, બે ટોટીવાળા.[૪] ઈસ્લામી સમયના.

## પ્રારંભિક ઐતિહાસિક કાળમાં લોટા :

સિંધ, બલુચિસ્તાન, અને ઈરાનમાં જે જુદા જુદા આકારનાં વાસણો વપરાતાં ને ધીરે ધીરે ઓછાં થઈ ગયાં. આનું મુખ્ય કારણ ભારતમાં રાજા કે સાધારણ કુટુંબીજનોને જમવા કરવાને ઈરાનના જેવાં જાતજાતનાં વાસણો જોઈતાં નથી.

થાળી, વાડકો અને લોટો અથવા પત્રાવળી અને દડીઓ અને લોટો. થાળી પછી તાંબા, પિત્તળ કે સ્ટેનલેસ સ્ટીલ, ચાંદી અને સોનાની (રાજા મહારાજાને ત્યાં) હોય; પરંતુ પાણી પીવાને લોટો અને સાથે નાનો કે મોટો પ્યાલો હોય.

---

1 Jean Marie Casal, *Fouillse D' AMRI*, Paris, 1964, Vol II, Fig. 99.
2 *Ibid.*, Fig. 85
3 *Ibid.*
4 *Ibid* Fig. 98.

પરંતુ જ્યારથી ઇસ્લામનો ભારતમાં પ્રચાર થયો, ત્યારથી આમાં વ્યક્તિના દરજ્જા પ્રમાણે ફેરફાર થવા માંડ્યા.

ગૌરના પુસ્તકમાંથી[1] ઉદ્ધૃત કરેલાં ચિત્રો પરથી સમજાશે કે ઐતિહાસિક કાળમાં લોટા જેવું વાસણ પ્રચલિત હતું. આ વાસણનું મોઢું પહોળું અને બેઠક સપાટ છે. પરંતુ વચ્ચેનો ભાગ ગોળાકાર છે. આવું વાસણ ઊંચેથી, હોઠને અડકાડ્યા સિવાય પાણી પીવાને માટે, કે પ્રવાહી પદાર્થ રાખવાને માટે કામમાં આવે. મારી માન્યતા પ્રમાણે આવા લોટા ગુજરાત, મહારાષ્ટ્રમાં બહુ પ્રચલિત નથી.

1 R. C. Gaur, *Excavations at Atranjikhera*, Aligarh.



ચિત્ર ૧
પ્લાસ્ટીકનો લાલ લોટો



ચિત્ર ૧અ
સ્ટેનલેસ સ્ટીલનો લોટો



ચિત્ર ૨
લોટો ( તાંબાનો ) માહુરઝરી,
નાગપુર ( મહારાષ્ટ્ર )



ચિત્ર ૩
નાવડાટોલી, મહેશ્વર



ચિત્ર ૪

લોટા, ટેક્કલકોટા ( કર્ણાટક )



ચિત્ર ૫

ટોટીવાળો લોટા, ટેક્કલકોટા



ચિત્ર ૬

ટોટીવાળો લોટા, નેવાસા



ચિત્ર ૭

લોટા, નેવાસા ( મહારાષ્ટ્ર )



ચિત્ર ૮
નાળિયેરનું અનુકરણ કરતો
લોટો, નાસિક



ચિત્ર ૯
લોટો, નાસિક



ચિત્ર ૧૦
લોટો, રંગપુર (સૌરાષ્ટ્ર)



ચિત્ર ૧૧
લોટો, નેવાસા (મહારાષ્ટ્ર)



ચિત્ર ૧૨
ઊભી ટોટીવાળો લોટો, નેવાસા



ચિત્ર ૧૩
લોટો, ઈનામગામ, મહારાષ્ટ્ર



ચિત્ર ૧૪
લોટો, ઈનામગામ, મહારાષ્ટ્ર



ચિત્ર ૧૬
લોટો, આહડ, ઉદેપુર




ચિત્ર ૯અ

સુંદર ચિત્રોવાળાં વાસણો ( Amri Pottery )



ચિત્ર ૧૭
લોટો, ટેક્કલકોટા



ચિત્ર ૧૮
લોટો, ઈનામગામ, મહારાષ્ટ્ર



ચિત્ર ૨૦
લોથલ શૈલીનો ચિત્રાંકનવાળો લોટો

# અજ્ઞાતકર્તૃક—ઉત્તરગુજરાતનાં કેટલાંક ગામોની ચૈત્યપરિપાટી

પ્રદ્યુમ્નવિજયજીગણી*

चैत्यपरिपाटी કિંવા चेइयपरिवाडी એ બહુ જૂનો રસિક સાહિત્યપ્રકાર છે. ઘણા સૈકાથી ખેડાતો આવ્યો છે. એમાં ઇતિહાસની, ભાષાસાહિત્યની અને ભૂગોળ–સંશોધનની પ્રચુર સામગ્રી ઉપલબ્ધ થાય છે. સ્થળનામ, વ્યક્તિનામનાં રૂપપરાવર્તનો, કેટલાંકમાં તો વેશભૂષા, અલંકાર વગેરે સાંસ્કૃતિક અભ્યાસસામગ્રી પણ મળી આવે છે. સમગ્ર चैत्यपरिपाटी સાહિત્યનો અભ્યાસ એક પીએચ.ડી.નો વિષય બની શકે તેટલો વિપુલક્ષેત્ર વિસ્તાર છે.

આવા પ્રકારની चैत्यपरिपाटी લઘુરચનાસ્વરૂપે હોય છે. આ चैत्यपरिपाटी પણ એક જ હસ્તલિખિત પાનામાં પૂર્ણ મળે છે. એક પત્રની સંપૂર્ણ પ્રતો એ કોઈ પણ હસ્તલિખિત જ્ઞાનભંડારનું મૂલ્યવાન ઘરેણું ગણાય છે. તેમાં તરેહતરેહનું બહુમૂલ્ય સાહિત્ય સચવાયેલું મળે છે. આ કૃતિમાં અન્તે પ્રશસ્તિ, કર્તાનું નામ તથા પુષ્પિકામાં लेखकનામ અથવા लेखनસંવત કશું મળતું નથી પણ પત્રના અક્ષરોનો મરોડ, પત્રની સ્થિતિ, લેખનશૈલી વગેરે જોઈને આને વિક્રમના સત્તરમા સૈકાનો સંવત અનુમાની શકાય તેમ છે.

કૃતિ બત્રીશ શ્લોકમાં પૂર્ણ થાય છે. રચના પ્રાસાદિક અને પ્રાંજલ છે. ગ્રંથના આદિભાગે ઇષ્ટનમસ્કારસ્વરૂપ મંગલ કે અન્તે પ્રશસ્તિ નથી પણ છેલ્લા શ્લોકમાં ગ્રન્થ સમાપન કરતી વેળાએ થતું ફલશ્રુતિવચન અહીં છે. બીજી રીતે વિચારીએ તો પહેલા શ્લોકમાં પ્રથમ તીર્થંકર શ્રી વૃષભદેવની સ્તુતિ અને અન્તિમ શ્લોકમાં અંતિમ તીર્થંકર શ્રી મહાવીરસ્વામીની સ્તુતિ છે.

चैत्यपरिपाटीનો વિષયપ્રદેશ ઉત્તર ગુજરાતનાં કેટલાંક નગરો અને ગામો રહ્યો. પ્રાયઃ- રચયિતા જૈન શ્રમણ હોવા જોઈએ. આજે પણ મુનિવરોનું વિહારક્ષેત્ર આ રીતે જ આવા ક્રમે ગોઠવાયેલું હોય છે. જો કે અહીં તેઓ કોઈ ચોક્કસ સ્થળે પહોંચવા માટેનો વિહારક્રમ નથી જાળવતા. શરૂઆતમાં ઠીક ક્રમસર ચાલીને પછી ક્રમ વ્યત્યાસ કરીને તે કાળમાં જાણીતાં હોય તેવાં ગામને આવરે છે. વચ્ચે આવતાં અન્યાન્ય ગામો—જે આજે જાણીતાં છે—તેને છોડી દે છે.

અંબાસણથી શરૂ કરે છે. ઉત્તર ગુજરાતનાં કેટલાંક ગામો લીધા પછી ઠેઠ પોસીના, સાલલી ને ઈડર સુધી સાબરકાંઠામાં જઈ આવે. વળી પાછા છેલ્લે વેડા (કલોલ–પાનસર પાસે) આવીને સમાપન કરે છે. આવો ક્રમવ્યત્યાસ સમજાતો નથી.

---

'સ્વાધ્યાય', પુ. ૨૪, અંક ૧, દીપોત્સવી અંક, નવેમ્બર '૮૬, પૃ. ૩૩–૪૦.

* જૈન ઉપાશ્રય, મધુમતી, નવસારી–૩૯૬ ૪૪૫.

૩૦૦ વર્ષ જેટલા ગાળામાં ગામનાં નામો કેટલાં અને કેવાં બદલાયાં છે, તેમાં કો'ક તો સમૂળગાં બદલાઇ ગયાં છે. (દા. ત. હિંમતનગર) કેટલાંક નામો એવાં ને એવાં જ જળવાઈ રહ્યાં છે તે જાણીને તાજુબી થાય. આ આખાય નામફલકને (તાલિકા) જોતાં આ વાતનો ખ્યાલ આવશે. નામના પરિવર્તનની પાછળ બે કારણોની કલ્પના થઈ શકે છે. બે સંભાવના વિચારી શકાય: એક તો એ કે ગામનું અસલ નામ, વ્યવહાર પ્રચલિત અને લોકબત્રીશીએ ચઢેલું નામ તો અત્યારે જે છે તે જ હોય પણ એ ગામના નામના સંસ્કૃતિકરણના કારણે તે નામ અહીં આ સ્વરૂપે નોંધાયું હોય તેમ બને. ઉદા. મહેસાણા પાસે હાલ જે પાંચોટ નામનું ગામ છે તેનું અહીં **पञ्चपुष्टि** નામ નોંધાયું છે. તેમજ અત્યારે માંડલ-વીરમગામ પાસે જે ઊધરોજ છે તે અહીં **ऊग्रहज** રૂપે નિર્દેશાયું છે. તો સાબરકાંઠાના પ્રસિદ્ધ ગામ ઈડરને **इलाशैल** રૂપે મૂક્યું છે. **पालपद्र** અને **वृद्धनगर**નો પણ આમાં જ સમાવેશ કરી શકાય.

જ્યારે કેટલાંકમાં તે વખતનું પ્રચલિત નામસ્વરૂપ નોંધાયું છે જે હાલ પરિવર્તન પામી ગયું છે. ઉદા. **पामउलि, लाडउलि, वीसलनगर, देवदासनपुर, वालीम्बपुर.**

જ્યારે કેટલાંક નામ તે વખતથી આજ સુધી સ્થિતિસ્થાપક-તદવસ્થ રહ્યાં છે. ઉદા. અંબાસણ, ઝોટાણા, લીંચ, ધાઉ (આના બન્ને ઉચ્ચારો પ્રચલિત છે. દાઉ અને દેઉ. એ આ બન્ને ધાઉના જ ઉચ્ચારભેદ છે) પોસીના, સાબલી, કમાણાં, કાંસા, દેકાવાડા અને વેડા વગેરે. સમગ્ર નામોની એક ખૂબી છે. (એક હિંમતને બાદ કરતાં) પ્રત્યેક ગામના મૂળ નામના અંશો હાલ પ્રચલિત ગામનામમાં કોઈ ને કોઈ સ્વરૂપે જળવાઈ રહ્યા છે.

બત્રીશે શ્લોક શુદ્ધ છે. કો'ક કો'ક શ્લોકમાં નોંધપાત્ર ચમત્કૃતિ સધાઈ છે. ક્યાંક સામાન્ય શૈલી પણ દેખાય છે છતાં એકન્દર કૃતિ સુંદર અને અભ્યાસની સામગ્રી પૂરી પાડે તેવી છે. મૂળ કૃતિ કર્તાએ જ લખી હોય તેવો પૂરો સંભવ છે. એ **इतिचैत्यपरिपाटीसंपूर्ण** લખ્યા પછી શેષ જગ્યામાં શ્રી પાર્શ્વનાથ ભગવાનની સ્તુતિસ્વરૂપ બે શ્લોક બીજા કોઈ લેખકે લખ્યા છે તે પણ અહીં આપ્યા છે.

આ જ કર્તાએ આ સિવાય પણ અન્ય **चैत्यपरिपाटी** અથવા અન્ય નાના-મોટા ગ્રન્થની રચના કરી હશે પણ તે જાણવા કોઈ સાધન પ્રાપ્ત નથી.

## चैत्यपरिपाटी

**अम्बासणग्राम पवित्रकारी सेवाकृतां कर्मरजोऽपहारी ।**
**श्रीआदिनाथः स्मरवह्निपाथः पूरः सुशर्माणि, सतां पिपर्तु ॥ १**

**झोटाणाख्यपुरे पान्तु, श्रीपार्श्वप्रमुखाः जिनाः ।**
**संसारार्णवबोहित्थाः, पूज्याः जिनालयत्रये ॥ २**

**ब्रह्मज्ञं ब्रह्मलीनं प्रवरदलमयं श्यामलं स्फारमूर्ति**
**श्रीशैवेयं 'सहूआलकपुर' धनिकं कलमषं स्फेटयन्तम् ।**
**नित्यं ध्यायन्ति सन्तो मसृणघुसृणयुग्वस्तुभिः पूजिताङ्गं**
**तेषां नूनं कदाचिन्न भवति युवती कर्कशा दुर्दशा च ॥ ३**

भवं विदन्तं विषमं विनश्वरं, जितेन्द्रियग्राममतो जिनेश्वरम् ।
मनःप्रशान्तौ नृपनाभिनन्दनं, स्तुवे वरग्रामक **लींचचन्दनम्** ॥ ४

**देवदासनपुराधिदैवतं**, स्वामिनं जनदृशां सुधाञ्जनम् ।
**वर्धमानजिन**राजमञ्जसा, श्रेयसे सततमानमाम्यहम् ॥ ५

**श्रीनाभिसुतं** शोभनमूर्ति प्रणमामि **पञ्चपुष्टिपुरे** ।
भव्यमनोरथपूरणचिन्तारत्नं प्रमोदकरम् ॥ ६

**पार्श्वदेव**भगवान् मनोरमः **पालपद्र**नरचिन्तितद्रुमः ।
यत्पदाम्बुजतले नवग्रहास्तं भजन्ति विदिताः सुविग्रहाः ॥ ७ ॥

**थाऊवरग्राम**रमोत्तमाङ्गं, शृङ्गारमाणिक्यकिरीटरूपम् ।
**श्रीमारुदेवं** सुमनस्विसेव्यं, वन्दामहे कर्मचयक्षयाय ॥ ८

**वालींबबन्धुरपुरे** महिमा कदम्ब-बिम्बं बुधा विबुधमिश्रगणाश्च भक्त्या ।
**श्रीनेमिनो** जिनपतेः प्रणमन्ति लोके ते स्युश्चिरं विभवयौवनशर्मभाजः ॥ ९

श्रीमल्लिर्भगवान् जिगाय बलवन्मोहाख्यपल्लिपतिं
श्रीमल्लिः सुरवल्लिविद्रविणदः किङ्किल्लिवद्देहरुक् ।
**श्रीमल्लिः** स्मरभिल्लभल्लिभिदुरः कैवल्यकल्याणकृत्
श्रीमल्लीश-मतल्लिका मम मुदे **कांसाधिपस्तीर्थपः** ॥ १० ॥ (शार्दूलविक्रीडितम्)

**वीसलनगरालङ्कृतिरूपौ**, श्री**ऋषभ-वीर**पारगतो (तौ) ।
चारुजिनालयमहितौ, विश्वत्रयतारकौ वन्दे ॥ ११ ॥ आर्या ।

श्री**युगादीश्वरदेवं गोबू(ठू)आ** ग्रामभूषणम् ।
त्रिजगत्पावनं नित्यं, नमस्कुर्वे कृपास्पदम् ॥ १२

संसृतिप्रसृतिवासिनो जनान् पातु '**पामउलि**' राण्मतल्लिका ।
**शान्तिनाथ** जिनमूर्तिरुत्तमा, सज्जनो हितसुरद्रुमोपमा ॥ १३

देवश्री**आदिनाथः** स्थगितकुगतिकः **स्वामिनो** वामपार्श्वे,
**श्रीशान्तिः** शान्तिकर्ताञ्जनरुचिररुचिर्दक्ष(क्षि)णे **पार्श्वनाथः** ।
तन्वन्त्वन्ये समन्ताज्जिनवरनिवहा बोधिबीजं जनानां
सज्जा **बीजापुरार्हत्**प्रवरभवनगा दृष्टिसंतोषदाने ॥ १४ ॥ (स्रग्धरा)

**श्रीनेमि**पारगतमग्र्यगुणैः प्रगेऽयं, श्रीमूलनायकमनङ्गजयोज्जिताङ्गम् ।
प्रासादमध्यजिनपैः परितः परीतं, तं नौमि **लाडउलिनाम पुरेऽर्चनीयम्** ॥ १५ ॥

प्रासादे सप्रभावा विशदतरगरीयस्तरा गौरवार्हा,
प्रोन्निद्रा भूरिभद्रा, जननयनसुधापारणं पापहन्त्री ।
पोसीना नामधेयप्रवर वसथ वामेय सर्वज्ञमुद्रा
श्रद्धालुश्राद्धवृन्दैः, प्रतपतु सुचिरं पूज्यमाना मनोज्ञा ॥ १६ ॥ ( स्रग्धरा )

प्रासादे सावलीग्रामे, शुद्धोपलदलोज्ज्वलम् ।
आद्यार्हन्तं जगद्ध्येयं श्रीनाभेयं नमामि तम् ॥ १७

सम्पत्तिस्तोमसंपादननिरतमती श्रीयुगादीश-शान्ति-
देवौ तीर्थाधिनाथौ जिनगृहयुगले ह्रीप्रहेमाङ्ककान्ती ।
आपत्पाथोधिपोता वहमवम [ग] रालङ्कृती दुःखतप्तान्
जन्तून् पातां शरण्यावमर-नरगुरू तत्त्वबोधप्रवीणौ ॥ १८

आद्यो वृषध्वजजिनश्चरमो जिनेन्द्रः सान्द्रप्रसादजननौ परितः परेऽपि ।
उत्तुङ्गशृङ्गपृथुसद्मनि वीतरागा, रङ्गाय वृद्धनगराभरणं भवन्तु ॥ १९

देवः श्रीवर्धमानः सुचिरसमयतोऽचिन्त्यमाहात्म्यकीर्तिः
सेव्यः सद्भिः कमाणाभिधवसथविहारादिकालीनमूर्तिः ।
संसारक्षारवार्धिप्रतरणतरणिः सर्वसंतापभेत्ता
पायाद् वो दुष्टशिक्षासुगुरुरिति मनः शर्म सर्वस्वदाता ॥ २०

कल्याणकीर्तिप्रियकारकाय प्रासादसंस्थाय चिरंतनाय ।
डढाणकग्रामविभूषणाय श्रीवर्धमानाय नमोऽस्तु तस्मै ॥ २१

श्रीशैलेयश्चलिताऽचलेशश्छेकश्छन्नीयारि विसारि कीर्तिः ।
साश्चर्यचामीकरचारुरोचिरर्च्यः श्रिये स्ताद् रुचिरोक्तिजिह्वः ॥ २२

देवौ श्रीपार्श्वदेवार्यौ[1] भुवनत्रयतारकौ ।
देकावाटकसुस्थाने, सेवे सद्धर्मदेशकौ ॥ २३

यस्य सर्वजनबोधकृद्वरं भाषितं सुजनताहितावहम् ।
तीर्थनाथसुमतिः स सद्यशा वन्द्य 'ऊग्रहण' नायको मुहे ॥ २४

विश्वेनसोलगामाभिराम सुग्रामभूपतिः प्रणतः ।
गुरुतरमहिमनिवासः श्रीशान्तिजिनेश्वरो जयति ॥ २५

१ देवार्यः = महावीर

जीर्णपद्रे **महीशाने**, **श्रीशान्ति-शातमन्दनौ** ।
तुष्टिपुष्टिप्रदौ वन्दे बहुबिम्बपरिस्कृ (ष्कृ)तौ ॥ २६

**महीशानाख्यया** राजधान्यां जिनालयद्वये ।
मूलनायकनाभेय-**वामेयौ** पुरुषोत्तमौ ॥ २७

समन्ताद् देवकुलिकाबहुबिम्बपरीवृतौ ।
श्रयामि शरणं शान्त्यै कष्टकोटिक्षयाय च ॥ २८ (युग्मम्)

श्रीमन्तं **सुमतिं** तत्र सत्यप्रत्ययपूरकम् ।
प्रमोदमेदुरो वन्दे तृतीये जिनमन्दिरे ॥ २९

तुभ्यं नमः **प्रथमतीर्थकराय** धीर !
तुभ्यं नमः स्मररिपो ! **इलशैल**पाय ।
तुभ्यं नमः कपटकोटिविघट्टनाय
तुभ्यं नमः सुकृतकीर्तिमहाकराय ॥ ३० (वसन्ततिलका)

त्रिद्वारे देवभवने **वेडाग्रामाधिपः** प्रियः ।
पायाद् वः **श्रीमहावीरः** क्षमौदार्यदयोदधेः ॥ ३१

इत्थं यतिगृही वा, शुभपरिणामेन चैत्यपरिपाटीम् ।
भणति शृणोति विधत्ते, यः स्यात् तस्योत्तरोत्तरा वृद्धिः ॥ ३२

इति चैत्यपरिपाटी संपूर्ण (र्णा) ॥ शुभं भवतु । कल्याणमस्तु ॥

**श्लोकद्वयात्मकप्रभुस्तुति :**

पार्श्वो विघ्नहरो जिनः सुमनसः पार्श्वं नमन्त्यादरात्
पार्श्वेनाशु जितं स्मरः स्तुतिपरं पार्श्वाय चेतोऽस्तु मे ।
पार्श्वात् शर्म सतां भवेन्मृतिहरं पार्श्व [स्य] वाक्यामृतं
पार्श्वे विश्वयशः सुधि स्थिररमां पार्श्व ! प्रयच्छ प्रभो ! ॥ १

पार्श्वः सर्वनृ-देव-दानवनतः पार्श्वः प्रभावार्णवः
पार्श्वः सप्तफणामणिश्रित [तनुः] पार्श्वः कठक्रूरजित् ।
पार्श्वं केवलभास्वरः सुवचनः पार्श्वः सतां तारकः
पार्श्व [:] क्लेश-कषाय-जाड्यहननः पार्श्वः प्रभुः पातु वः ॥ २

## चैत्यपरिपाटीनां સ્થળનામ-તીર્થંકરનામની તાલિકા

| ક્રમાંક | ગામનાં કૃતિગત મૂળ નામ | વર્તમાન પ્રચલિત નામ |
|---|---|---|
| १ | अम्बासण | અંબાસણ |
| २ | झोटाणा | ઝોટાણા |
| ३ | सहूआलकपुर | સુંવાળા (કટોસણથી ૩ કી.મી.) |
| ४ | लींच | લીંચ |
| ५ | देवदासनपुर | દેવરાસન |
| ६ | पञ्चपुष्टिपुर | પાંચોટ |
| ७ | पालपद्र | પાલોદર |
| ८ | द्याऊ | દાઉ–દેઉ |
| ९ | वालीम्बपुर | વાલમ |
| १० | कांसा | કાંસા |
| ११ | वीसलनगर | વીસનગર |
| १२ | गोठूआ | ગોઠવા |
| १३ | पामउलि | પામોલ |
| १४ | वीजापुर | વીજાપુર |
| १५ | लाडउलि | લાડોલ |
| १६ | पोसीना | પોસીના |
| १७ | साबली | સાબલી |
| १८ | अहमदनगर | હિંમતનગર |
| १९ | वृद्धनगर | વડનગર |
| २० | कमाणा | કમાણા |
| २१ | डढाणा | ડઢાણા (વીરમગામ–રામપુરા વચ્ચે) |
| २२ | छनीयार | છનીયાર |
| २३ | देकावाटक | દેકાવાડા |

| ક્રમાંક | ગામનાં કૃતિગત મૂળ નામ | વર્તમાન પ્રચલિત નામ |
|---|---|---|
| २४ | ऊग्रहज | ઊધરોજ |
| २५ | सोलगाम | સોલગામ |
| २६ | जीर्ण महीशान | જૂનું મહેસાણા ( જો કે આવું કોઈ સ્થળ હાલ નથી.) |
| २७ | राजधानी महीशान | હાલનું મહેસાણા |
| २८ | इल शैल | ઈડર |
| २९ | वेडा | વેડા |

## તીર્થંકરનામની तालिका

| કૃતિગત તીર્થંકરનામ | વર્તમાન તીર્થંકરનામ |
|---|---|
| आदिनाथ | અમીઝરા પાર્શ્વનાથ |
| पार्श्वनाथ | આદિનાથ |
| शैवेय (नेमिनाथ) | દેરાસર જ નથી. |
| नाभिनन्दन (आदिनाथ) | આદિનાથ |
| वर्धमानजिन (महावीरस्वामी) | દેરાસર જ નથી. |
| नाभिसुत (आदिनाथ) | આદિનાથ |
| पार्श्वदेव (पार्श्वनाथ) | દેરાસર જ નથી. |
| मारुदेवम् (आदिनाथ) | મહાવીરસ્વામી |
| नेमिनाथ | નેમિનાથ |
| मल्लिनाथ | દેરાસર જ નથી. |
| ऋषभदेव–वीर (महावीरस्वामी) | હાલ ७ (६) દેરાસર છે. |
| आदीश्वरदेव (आदिनाथ) | હાલ દેરાસરનું ખંડેર છે. |
| शान्तिनाथ | શાન્તિનાથ |
| आदिनाथ, शान्तिनाथ, पार्श्वनाथ | હાલ ७ (६) દેરાસર છે. |
| नेमिनाथ | પાર્શ્વનાથ |
| वामेय (पार्श्वनाथ) | પાર્શ્વનાથ |

| કૃતિગત તીર્થંકરનામ | વર્તમાન તીર્થંકરનામ |
|---|---|
| नाभेय (आदिनाथ) | શ્રેયાંસનાથ |
| युगादीश (आदिनाथ) शान्तिनाथ | મહાવીરસ્વામી |
| वृषध्वज (आदिनाथ) चरमजिनेन्द्र (महावीर) | હાલ પાંચ દેરાસર છે. |
| श्री वर्धमान (महावीरस्वामी) | નેમિનાથ |
| वर्धमान (महावीरस्वामी) | હાલ દેરાસર જ નથી. ૫૦ વર્ષ પહેલાં પાર્શ્વનાથ હતા. |
| त्रैशलेय (महावीरस्वामी) | સંભવનાથ |
| पार्श्वनाथ–देवार्य (महावीरस्वामी) | પદ્મપ્રભસ્વામી |
| सुमतिनाथ | વાસુપૂજ્યસ્વામી |
| शान्तिनाथ | હાલ દેરાસર નથી પણ ત્યાંની જમીનમાંથી નીકળેલાં પ્રતિમાજી અત્યારે કટોસણ–રોડમાં નવીન દેરાસરમાં છે. |
| शान्तिनाथ–महावीरस्वामी | આ નામે કોઈ સ્થળ જાણીતું નથી |
| आदिनाथ–पार्श्वनाथ | હાલ ૧૪ દેરાસર છે, મુખ્યઃ પાર્શ્વનાથ. |
| आदिनाथ | શાન્તિનાથ |
| महावीरस्वामी | પાર્શ્વનાથ |



ચિત્ર ૧

અજ્ઞાતકર્તૃક–ઉત્તરગુજરાતનાં કેટલાંક ગામોની ચૈત્યપરિપાટી



ચિત્ર ૨

અજ્ઞાતકર્તૃક–ઉત્તરગુજરાતનાં કેટલાંક ગામોની ચૈત્યપરિપાટી

# સેટલમેન્ટ પેટર્ન અથવા રહેણાકીય વ્યવસ્થા– પુરાતત્ત્વીય અર્થઘટનની એક આગવી પદ્ધતિ

વાય. એમ. ચીતલવાલા*

પુરાતત્ત્વના સંશોધનક્ષેત્રે કેટલીક મહત્ત્વની વૈજ્ઞાનિક પદ્ધતિઓનો ઉપયોગ વધી રહ્યો છે. ભારતીય પુરાવેતાઓએ પણ ઘણીખરી પદ્ધતિઓ અપનાવી છે. પુરાતત્ત્વીય ઉત્ખનનમાંથી મળતા અવશેષોના સર્વાંગી અર્થઘટન માટે વિવિધ દૃષ્ટિકોણથી અભ્યાસ થાય તે આવશ્યક છે. આ જ પ્રકારની એક પદ્ધતિને Settlement Archaeology કે Settlement Pattern ( આવાસીય પુરાતત્ત્વ કે રહેણાકીય વ્યવસ્થા ) કહે છે.

ભારતીય પુરાતત્ત્વના વિકાસમાં બ્રિટીશ પ્રણાલીની પકડ મજબુત રહી છે જેના આધારે ઐતિહાસિક દૃષ્ટિકોણ અપનાવી પુરાતત્ત્વીય સામગ્રીનું અર્થઘટન છેલ્લાં ૬૦ વર્ષો દરમિયાન થતું રહ્યું છે. પાશ્ચાત્ય પ્રણાલીમાં વર્ગીકરણ, સમયાંકન અને સાંસ્કૃતિક વિકાસ એ પુરાતત્ત્વીય સંશોધનના પ્રમુખ વિષય રહ્યા છે. પરિણામે કોઈ પણ વસાહત કે શહેરોના ઉત્ખનનઅહેવાલમાં તે શહેર કે વસાહતનું સમયાંકન, વિવિધ અવશેષોની લંબાણપૂર્વક ચર્ચા અને તેના વર્ગીકરણનો સમાવેશ મુખ્યત્વે જોવા મળે છે. પ્રાચીન વસ્તીના રોજ-બરોજના જીવન–કવન વિશેનું ચિત્ર ધૂંધળું રહે છે અને પરિણામે ગ્રામ્ય જીવનમાંથી ઉદ્ભવિત શહેરીકરણની પ્રક્રિયા, આર્થિક આયોજન અને સામાજિક ઢાંચા વિશે બહુ ઓછું જાણી શકાયું છે.

પુરાતત્ત્વીય અર્થઘટનાના સંદર્ભમાં બ્રિટીશ અને અમેરિકીપ્રણાલીના સિદ્ધાંતોમાં ઘણો તફાવત રહેલો છે. ઉપર આપણે જોયું તેમ બ્રિટીશપદ્ધતિ ઇતિહાસના સિદ્ધાંતો પર રચાએલી છે જ્યારે અમેરિકીપ્રણાલી સંસ્કૃતિની સામાજિક વ્યવસ્થા, તેની પરિવેશીય અને ભૌગોલિક પરિસ્થિતિ અને રોજબરોજના જીવનવ્યવહાર પર વધારે ભાર આપે છે. પુરાતત્ત્વીય ઉત્ખનનમાંથી મળતા પુરાવાને અલગ રીતે તેમજ અન્ય પુરાવાના સંદર્ભમાં તપાસી વસાહતના જીવન અંગેનું શક્ય તેટલું પૂર્ણ ચિત્રાંકન કરવાનો અમેરિકીપદ્ધતિનો મૂળભૂત સિદ્ધાંત રહ્યો છે. બ્રિટીશ અને અમેરિકીપદ્ધતિમાં રહેલા તફાવતો બન્ને દેશોમાં પુરાતત્ત્વવિદ્યાના થએલા ભિન્ન વિકાસને આભારી છે. ઇંગ્લેન્ડમાં પુરાતત્ત્વને ઇતિહાસઆલેખનમાં કાચી સામગ્રી પૂરી પાડતા વિષય તરીકે ઓળખવામાં આવે છે. જ્યારે અમેરિકામાં પુરાતત્ત્વવિદ્યાનો સમાવેશ સમાજશાસ્ત્રના અભ્યાસક્રમમાં કરવામાં આવ્યો છે. પરિણામે બન્ને દેશોનો પુરાતત્ત્વક્ષેત્રે અભિગમ જુદો જુદો રહ્યો છે.

Settlement Archaeologyને જ્યાં સુધી સંબંધ છે ત્યાં સુધી આ પદ્ધતિનો ઉપયોગ

---

'સ્વાધ્યાય', પુ. ૨૪, અંક ૧, દીપોત્સવી અંક, નવેમ્બર '૮૬, પૃ. ૪૧-૪૪.

* પુરાતત્ત્વખાતું, ગુજરાત સરકાર, પશ્ચિમ વર્તુળ, જ્યુબિલી બાગ, રાજકોટ.

અમેરિકામાં પ્રથમવાર વાઈલીએ ૧૯૪૯માં વિરુ નદીની ખીણમાં કરેલો. વસાહતની પરિવેશીય જાણકારી અને તેના આધારે આર્થિક અને સામાજિક આયોજન અંગેનાં મહત્ત્વનાં તારણો મેળવવામાં વાઈલીએ પહેલ કરી. સેટલમેન્ટ પેટર્ન મૂળ ભૂગોળનો સિદ્ધાંત છે. પાછળથી તેના અર્થઘટનને વિસ્તારી તેમાં ભૌગોલિક પરિસ્થિતિ ઉપરાંત આર્થિક અને પરિવેશીય વ્યવસ્થાને પણ સમાવિષ્ટ કરાઈ છે.

સેટલમેન્ટ પેટર્ન અંગે અમેરિકી પુરાતત્ત્વવિદો બે જૂથોમાં વહેંચાએલા છે. એક જૂથ વસાહતનો અભ્યાસ તેની ભૌગોલિક પરિસ્થિતિની મર્યાદામાં થવો જોઈએ તેવો આગ્રહ રાખે છે અને સામાજિક ઢાંચાને સંશોધનના એક વિશિષ્ટ ભાગરૂપે ગણી તેને Commuity patternsનું નામ આપ્યું છે. આ જૂથના પુરાતત્ત્વવિદોમાં વાંગ–ચીહ-ચાંગ પ્રમુખ છે. બીજા જૂથના વિદ્વાનોમાં વાઈલી, સ્ટુવર અને રુઝે વગેરેએ પ્રાચીન વસાહતના અભ્યાસમાં ભૌગોલિક પરિસ્થિતિ ઉપરાંત સામાજિક અર્થવ્યવસ્થાને પણ સેટલમેન્ટ પેટર્નના ભાગરૂપે ગણવા અંગેનું મંતવ્ય ધરાવે છે. આ બન્ને વિચારસરણીનો ઉપયોગ ભારતીય પુરાતત્ત્વના ક્ષેત્રે થઈ શકે. ભારતમાં જુદી જુદી સંસ્કૃતિના ટિંબાની ઊંચાઈ વધારે હોય છે અને તેનો વિસ્તાર પણ મોટો હોય છે જ્યારે અમેરિકામાં પુરાતત્ત્વીય સંશોધન અમેરિકન રેડ ઇન્ડીઅનની વસાહતો સુધી મર્યાદિત છે. આ વસાહતો ચાર–પાંચસો વર્ષોથી વધારે પ્રાચીન ન હોવાથી અવશેષો જમીન પર છૂટાછવાયા પથરાએલા મળી આવે છે. અપવાદરૂપ કિસ્સામાં આ અવશેષો ટિંબારૂપે મળે છે. પરિણામે પ્રાચીન સામગ્રીનું સેટલમેન્ટ પેટર્નની દૃષ્ટિએ વિશ્લેષણ કરવું વધારે સહેલું છે. આવી પરિસ્થિતિમાં વસાહતનો અભ્યાસ ભૌગોલિક દૃષ્ટિએ અને આર્થિક દૃષ્ટિએ એમ બે ભાગોમાં ચાંગની પદ્ધતિ પ્રમાણે વહેંચી શકાય. પણ ભારતમાં આ પદ્ધતિને પ્રાધાન્ય ન આપવાનાં બે પ્રમુખ કારણો છે. એક તો એ કે ભારતીય સંસ્કૃતિના વિકાસનો આધાર તેમની આર્થિક અને સામાજિક પ્રગતિ પર રહેલો છે અને આર્થિક ઉપલબ્ધિનાં સાધનો પરિવેશ અને પર્યાવરણ પર અવલંબિત છે એટલે વસાહતને એક જ એકમ ગણી તેની ભૌગોલિક અને પરિવેશીય પરિસ્થિતિના આધારે આર્થિક અને સામાજિક તારણો કાઢવાનું વધારે ઉચિત છે. ચાંગની પદ્ધતિ પ્રમાણે જો વસાહતને બે જુદા જુદા એકમોમાં વહેંચી તારણ કાઢવામાં આવે તો ભૌગોલિક પરિસ્થિતિ અને સામાજિક વિકાસ વચ્ચેની શૃંખલા તૂટી પડે. પુરાતત્ત્વીય તારણોને બે ભાગમાં વહેંચી નાખવાં અને પરિણામે સામાજિક જીવનનું પરિપૂર્ણ ચિત્ર મેળવવું અતિ કઠિન બને. બીજું ભારતીય પ્રાગૈતિહાસિક ( Prehistoric ) અને અનુઐતિહાસિક ( Protohistoric ) ટિંબાઓમાંથી મળતા અવશેષોમાં ખાદ્ય સામગ્રી સારા પ્રમાણમાં મળી આવે છે. આવી સામગ્રીમાં પશુ-પક્ષીનાં અસ્થિ, અનાજ અને ફળ-ફળાદિનાં બી વગેરેનો સમાવેશ થાય છે. પરિણામે પ્રાચીન પરિવેશને લગતું ચિત્ર સ્પષ્ટ ઊપસી આવે છે. પરિવેશીય માહિતીના આધારે પ્રાચીન વસ્તીના ખોરાક, આર્થિક સાધનો અને જ્યાં શક્ય હોય ત્યાં સામાજિક વ્યવસ્થા અંગે ઊંડાણપૂર્વક અભ્યાસ થઈ શકે છે.

સામાજિક જીવનને પર્યાવરણ સાથે જોડવા અંગે વિદ્વાનોમાં મતભેદ પ્રવર્તે છે. માર્ક્સવાદી સિદ્ધાંતો સામાજિક ઢાંચાને પર્યાવરણીય અનિવાર્યતાના ( Environmental determinism ) એક ભાગરૂપે ગણે છે. ખરેખર પુરાતત્ત્વવિદે અવશેષોનો અભ્યાસ કોઈ

પૂર્વાગ્રહ બાંધી કરવો ન જોઈએ. જ્યાં કોલસાની ખાણ હોય ત્યાં દેખીતી રીતે જ આર્થિક વ્યવસ્થા પર અને કંઈક અંશે સામાજિક વ્યવસ્થા પર તેનો પ્રભાવ પડે છે. સામાજિક વ્યવસ્થા પર ધાર્મિક પ્રતિભાવો પણ પડી શકે તે શકયતાની અવગણના પણ ન થવી જોઈએ. પણ પ્રાચીન સંસ્કૃતિઓમાં ખાસ કરીને ભારતીય સંસ્કૃતિઓ જેવી કે સિંધુખીણની સંસ્કૃતિમાં તે સમયનાં ધર્મ અને ફિલસૂફી અંગે સ્પષ્ટ ચિત્ર ઉપલબ્ધ નથી. પ્રાચીન કે અતિ પ્રાચીન પ્રાગેતિહાસિક સંસ્કૃતિઓ પર પરિવેશીય અસર વધારે દેખાય તે સ્વાભાવિક છે. જેમ જેમ માનવજીવનનો ઉત્કર્ષ થતો રહ્યો તેમ તેની આંતરિક સામાજિક વ્યવસ્થા અને માન્યતાઓમાં ફેરફાર થતો રહ્યો. સિંધુ કે હરપ્પીય જેવી અતિ સભ્ય સંસ્કૃતિના બારામાં સામાજિક વ્યવસ્થા અંગે પ્રમા બાંધવી અતિ કઠિન કાર્ય છે. પણ આપણે આગળ જોઈ ગયા તેમ પરિવેશીય જાણકારી સાથે સાથે વસાહતની બાંધણી, ઘરોની બાંધણી અને તેમાંથી મળતા અવશેષોના આધારે ધર્મ અને સમાજ વિશેની સમજ મેળવવાની દિશામાં પ્રયત્નો થવા જોઈએ. હરપ્પીય સંસ્કૃતિ અંગેના અભ્યાસમાં લેખિત સામગ્રી મુદ્રાઓરૂપે ઉપલબ્ધ હોવા છતાં તે લિપિ અણઊકલી રહી હોય તેના આધારે કોઈ પણ માહિતી મળવી હાલના તબક્કે શકય નથી. લોથલ, કાલિબંગા વગેરે વસાહતોમાંથી મળેલ 'વેદીઓ' (Altars)ના આધારે હરપ્પીય લોકો આર્ય-ધર્મ પાળતી પ્રજા હશે તેવા અભિપ્રાયો અમુક પુરાવેત્તાઓએ રજૂ કર્યા છે પણ આ અભિપ્રાયો અપરિપકવ તેમજ તર્કહીન છે. એકાદ બે 'વેદીઓ' મળતાં તે પ્રજાની ધાર્મિક માન્યતાઓ વિશે કોઈ પણ પ્રમા બાંધવી યોગ્ય નથી.

સેટલમેન્ટ પેટર્નની વિસ્તૃત પરિભાષામાં કેટલાક પેટા વિષયોનો પણ સમાવેશ થાય છે. જેમાં ખેતી અને ખેતવ્યવસ્થા (Pattern of land use) અને વસાહતની આજુબાજુના પર્યાવરણ પર રખાતા આર્થિક આધાર અંગે પરિવેશીય વિશ્લેષણ (Site catchment analysis) પ્રમુખ છે. વસાહત આજુબાજુના જમીનના વિવિધ ઉપયોગ, જુદા જુદા પાકો (Crops) અને લોકોની ખાવાપીવાની ટેવ વગેરે પરથી વસાહતની આર્થિક સદ્ધરતાનો ખ્યાલ આવી શકે. પ્રાચીન ખેતવ્યંવસ્થા માનવપરિવેશ (human ecology)નો જ એક ભાગ છે અને એ રીતે પરિવેશ્ય સંશોધનમાં જ સમાવિષ્ટ થાય છે.

કોઈ પણ પ્રાચીન વસાહત કે ટિંબાના ઉત્ખનન પહેલાં વસાહતની હાલની ભૌગોલિક પરિસ્થિતિની ખાસ નોંધ લેવી આવશ્યક છે. ઉત્ખનનમાંથી મળતાં પ્રાણીઓનાં હાડકાંની વૈજ્ઞાનિક ઓળખવિધિ થતાં પાલતુ અને જંગલી પ્રાણીઓની સંખ્યા, વિવિધતા અને જાતો પર સારો પ્રકાશ ફેંકી શકાય છે. પ્રાણીઅસ્થિ ઉપરાંત ઉત્ખનનમાંથી મળતાં અનાજ કે ફળોનાં બીની પણ વનસ્પતિશાસ્ત્રની દૃષ્ટિએ ઓળખવિધિ થતાં તે સમયના પાક, લોકોના ખોરાક અંગેની ટેવો, અનાજ કે ફળો માટે જરૂરી વિશિષ્ટ પ્રકારની આબોહવા અંગે મહત્ત્વની માહિતીનો સમાવેશ થાય છે. પ્રાણીઓના પ્રકાર પરથી પણ પરિવેશ વિશે ઘણું જાણી શકાયું છે. પાલતુ પ્રાણીઓ પરથી લોકોનું આર્થિક જીવન, સામાજિક સ્તર અને અમુક કિસ્સાઓમાં ધાર્મિક વલણ પર નવો પ્રકાશ ફેંકવાનું શકય બન્યું છે.

ઉત્ખનનમાંથી મળતાં હાડકાં એકઠાં કરવા પર ખાસ ધ્યાન આપવું જરૂરી છે. અને એ

અંગે પ્રાણીશાસ્ત્રીની હાજરી ઉત્ખનનના સમયે અનિવાર્ય છે. સાથે સાથે વનસ્પતિશાસ્ત્રીનો પણ પુરાતત્ત્વવિદની ટુકડીમાં સમાવેશ થવો જ જોઈએ. ખોદકામમાંથી બહાર નીકળતી માટીને ચોક્કસ રીતે ધોવી અને તેમાંથી પ્રાચીન વનસ્પતિનાં બી શોધી કાઢવાનું કાર્ય કઠિન છે. આ સંદર્ભમાં (Floatation) ફ્લોટેશન તકનિકનો ઉપયોગ ખૂબ ફળદાયી નીવડેલ છે. બી કે અનાજના કણ શોધાયા પછી માઈક્રોસ્કોપની મદદથી તેની ઓળખ કરવામાં આવે છે. જો આ પદ્ધતિનો ઉપયોગ કરવામાં ન આવે તો પ્રાચીન પરિવેશની જાણકારી મેળવી ન શકાય અને પરિણામે સેટલમેન્ટ પેટર્ન અંગેનું સંશોધન હાથ ધરવું અશક્ય બને છે.

## સંદર્ભસૂચિ

૧ એડમસ રોબર્ટ, લેન્ડ બીહાઈન્ડ બગદાદ, એ હિસ્ટ્રી ઑફ સેટલમેન્ટ ઓન ધી દિયાલા પ્લેઇન્સ, ૧૯૬૫.

૨ ચાંગ–વાંગ–ચીહ, સ્ટડી ઑફ ધી ન્યોલિથીક સોસીયલ ગ્રુપીંગ, ઇક્ઝામ્પલ્સ ફ્રોમ ધી ન્યુ વર્લ્ડ, અમેરિકન એન્થ્રોપોલોજીસ્ટ વૉલ ૬૦, નં. ૨, ૧૯૫૮.

૩ ચીતલવાલા વાય. એમ., 'સેટલમેન્ટ પેટર્ન : એન એનાલીટીકલ એસેસમેન્ટ ઑફ ધી કન્સેપ્ટ', પ્રાચીન પ્રતિભા વૉલ–૨, નં. ૨, ભોપાલ, ૧૯૭૩.

૪ ચીતલવાલા વાય. એમ., 'હરપ્પન ઍન્ડ હરપ્પન સેટલમેન્ટ પેટર્ન ઇન ધી રાજકોટ ડીસ્ટ્રીકટ ઑફ સૌરાષ્ટ્ર' એસેયજ ઇન ઇન્ડીયન પ્રોટોહિસ્ટ્રી, સંપાદક : ડી. પી. અગ્રવાલ અને ડી. કે. ચક્રવર્તી, દિલ્હી, ૧૯૭૯.

૫ ફેર સર્વીસ વૉલ્ટર, રૂટસ્ ઑર એન્સીયન્ટ ઇન્ડીઆ, લંડન, ૧૯૭૧.

૬ હોલ ફ્રેન્ક, 'એવીડન્સ ઑફ સોસીયલ ઓર્ગેનીઝેશન ફ્રોમ વેસ્ટર્ન ઈરાન' ૮૦૦૦–૪૦૦૦ બી. સી. ન્યુ પરસ્પેકટીવજ ઈન આર્કયોલૉજી, સંપાદક: બીન્ફર્ડ અને બીન્ફર્ડ, ચિકાગો, ૧૯૭૧.

૭ રુઝે, ઈર્વીંગ, ઈન્ટ્રોડકશન ટુ પ્રિહિસ્ટ્રી : એ સીસ્ટમેટીક એપ્રોચ, ન્યુયોર્ક, ૧૯૭૨.

૮ સ્ટુવર, સ્ટુઆર્ટ, 'વુડલેન્ડ સબસીસટેન્સ સેટલમેન્ટ સીસટમ્સ ઈન ધી લોવર ઈલ્લીનોઈ વેલી', ન્યુ પરસ્પેકટીવજ ઈન આર્કયોલોજી, સંપાદન : બીનફર્ડ એન્ડ બીનફર્ડ, ચીકાગો, ૧૯૭૦.

૯ સેન્ડર્સ, વિલ્લીયમ્સ, 'ધી પ્રિહિસ્ટોરિક સેટલમેન્ટ, પેટર્ન્સ ઈન ધી ન્યુ વર્લ્ડ. ધી વાઈકિંગ ફન્ડ પબ્લીકિશન નંબર ૨૩, ન્યુયોર્ક, ૧૯૫૬.

# સ્વાતંત્ર્યસંગ્રામમાં સંસ્થાનોનો ફાળો*

## રાજપીપલા સંસ્થાન : એક અભ્યાસ : સન ૧૯૨૦ થી ૧૯૪૩

વિનાયક હરિલાલ પંડ્યા*

આઝાદી પૂર્વેના ભારતના નકશાનો વિચાર કરવામાં આવે તો જણાશે કે તેમાં બે પ્રકારની સત્તાઓ કામ કરતી હતી. દેશનો એક વિસ્તાર અંગ્રેજ હકુમત તળે તેના સીધા અમલમાં હતો જેનો રંગ નકશામાં લાલ હતો. બીજો વિસ્તાર અંગ્રેજોના વર્ચસ્વ હેઠળ હકુમત ચલાવતા દેશી રાજાઓના અમલ હેઠળ હતો, જેનો રંગ પીળો હતો. પરિણામે સ્વાતંત્ર્યસંગ્રામનું સ્વરૂપ આ બંને વિસ્તારોમાં જુદું જુદું હતું.

આમ તો હિંદની રાષ્ટ્રીય મહાસભા હિન્દુસ્તાનના અંગ્રેજી તેમજ દેશી રાજ્યની હકુમત તળે વસતા સર્વ લોકોની સંસ્થા હતી. દેશના વિશેષ પ્રકારના સંજોગોને કારણે આ સંસ્થાએ પોતાનું રાજકીય કાર્યક્ષેત્ર માત્ર બ્રિટિશ હિંદ પૂરતું જ મર્યાદિત રાખ્યું હતું. દેશી સંસ્થાનો મહાસભા તથા ચરખાસંઘના સભાસદો બનાવવાનું, ખાદીપ્રચારનું, અસ્પૃશ્યતાનિવારણનું વગેરે કામો મહાસભાના આશ્રય હેઠળ કરી શકતાં હતાં. તેઓ મહાસભાના નામે રાજકીય લડત ઉપાડી શકતા ન હતા.

સંસ્થાનની પ્રજાઓ પોતાના રાજ્ય સામે લડત ઉપાડવા માંગતી હોય તો તેમણે પોતાના બળ ઉપર વિશ્વાસ રાખીને જ તેમ કરવાનું હતું. મહાસભાએ સન ૧૯૩૮માં પણ પોતાની આ નીતિનું પુનઃ ઉચ્ચારણ ઠરાવ દ્વારા કર્યું હતું.[૧]

સંસ્થાનોની પરિષદો રાષ્ટ્રીય કક્ષાએ વખતોવખત ભરાતી હતી. આ સંસ્થાનો પોતપોતાની રીતે પોતાના લોકો માટે રાજકીય હક્કો મેળવવા મથતા હતા. રાજકોટ, પોરબંદર, રાજપીપલા, વડોદરા વગેરે સ્થળોએ પ્રજાકીય મંડળોએ આ કામ ઉપાડયું હતું. મહાસભાના પીઢ કાર્યકર્તાઓ વખતોવખત તેમના અધિવેશનોમાં હાજરી આપી તેમની પ્રવૃત્તિઓને પ્રોત્સાહન અને માર્ગદર્શન આપતા હતા. સંસ્થાનો 'જવાબદાર રાજતંત્ર' મેળવવા કૃતનિશ્ચયી બન્યાં હતાં. તેમણે સાધેલી પ્રગતિ રાષ્ટ્રમાં સંસ્થાનોનું એકીકરણ ( વિલિનીકરણ ) કરવામાં ઓછી ઉપયોગી પુરવાર થઈ નથી.

---

'સ્વાધ્યાય', પુ. ૨૪, અંક ૧, દીપોત્સવી અંક, નવેમ્બર '૮૬, પૃ. ૪૫-૬૬.

★ રાજપીપલા ખાતે તા. ૧૪-૧૫ નવેમ્બર, ૧૯૮૦ના રોજ યોજાએલ ગુજરાત ઇતિહાસ પરિષદના છઠ્ઠા જ્ઞાનસત્રમાં વંચાયેલ લેખ.

* ૫/૧૮૦, લલિતા નિવાસ, નવાપુરા સ્ટ્રીટ, રાજપીપલા-૩૯૩ ૧૪૫.

૧ રાષ્ટ્રિય મહાસભાનો દેશી સંસ્થાવિશેનો ઠરાવ, પ્રચારપત્રિકા, લોકસભાના આશ્રયે ચાલતું માસિકપત્ર, તંત્રીશ્રી વિનાયકરાવ બાલશંકર વૈદ્ય પુ. ૩ અંક ૧૨ માર્ચ ૧૯૩૮ પાન નં. ૧૯૨

અલ્હાબાદ ખાતે તા. ૨૯–૧૨–૩૯ના રોજ રાષ્ટ્રિય વિનીત મુત્સદીઓના મહામંડળે પણ દેશી રાજ સંસ્થાનોના "જવાબદાર રાજતંત્રની" માંગના પ્રશ્નનું મહત્ત્વ પિછાન્યું હતું. તેમણે ઠરાવ પણ કરેલો કે દેશી રાજાઓ પોતાનું હિત સમજે અને જવાબદાર રાજતંત્ર સ્થાપવા પૂરતાં પગલાં ભરે.[૨] આમ સંસ્થાનોની જવાબદાર રાજતંત્રની માંગને સમગ્ર દેશમાંથી સમર્થન મળ્યું હતું.

રાજસ્થાનોની પ્રજાએ મહાસભા પોતાની મૂળ નીતિની પુનઃવિચારણા કરે એવી મહેચ્છા ડૉ. પટ્ટાભિસ્તના રામૈયાના અધ્યક્ષપદે મળેલા અધિવેશનમાં કરી હતી. છતાં વચલો માર્ગ અપનાવી સંસ્થાનોના વતનીઓ બ્રિટિશ હિંદમાં જઈ સ્વાતંત્ર્યસંગ્રામમાં ફાળો આપતા હતા તેવાં ઉદાહરણો મળે છે. રાજપીપલા સંસ્થાનની વાત કરું તો શ્રી શાંતિલાલ હિંમતરામ પંડ્યાએ મુંબઈમાં મુક્તિસંગ્રામમાં કામ કરી સજા વ્હોરી લીધી હતી. શ્રી નંદશંકર જોષી અને ચંદ્રશંકર ચીમનલાલ તેવારે ભરૂચથી ધારાસભા સત્યાગ્રહમાં ઝૂકાવ્યું હતું તો વળી પ્રભાતસિંહ ગુમાનસિંહ બારોટે જંબુસર તાલુકાના કારેલી ગામમાંથી સત્યાગ્રહ કર્યો હતો.

આ પરિસ્થિતિને નજર સમક્ષ રાખી રાજસ્થાનોમાંના એક 'અ' વર્ગના સંસ્થાન રાજપીપલામાં લોકસભા દ્વારા હાથ ધરાયેલી ચળવળનો વિચાર કરીશું. રેવાકાંઠા એજન્સીનું આ સંસ્થાન પ્રગતિવાદી માનસ ધરાવતું હતું. તે વિશે બે મત નથી. પરંતુ પ્રગતિ મંદ હતી અને લોકજાગૃતિનાં મંડાણ સન ૧૯૨૦ થી મંડાવવાની શરૂઆત થઈ હતી.

## સંગઠનનો ઉદ્ભવ :

રાજપીપલા સંસ્થાનમાં લોકોને પ્રતિકાર કરવો પડે તેવા બે પ્રસંગો બન્યા હતા. સન ૧૯૨૦માં જ જંગલખાતા તરફથી ગામના ઢોરોને સીમમાં ચાર લઈ જવામાં અટકાયત કરવામાં આવી હતી. પરિણામે કાછિયા, માછી વગેરેને ખેડૂત–વર્ગે પ્રતિકાર કર્યો હતો અને શ્રીમંત પાસે ફરિયાદ કરી હતી અને દાદ માંગી હતી. આજ વરસમાં જલાઉ લાકડાની બાબતમાં પણ એજ ખાતા તરફથી કંઈ દખલ કરવામાં આવી હતી. તેથી ખેડૂત-પ્રજા છંછેડાઈ હતી. તેમની સાથે શેઠ–શાહુકારો પણ જોડાયા હતા. આમ ખેડૂતવર્ગને ગ્રામીણ ભદ્રવર્ગનો સહકાર સાંપડ્યો હતો. સૌ ભેગા મળી શ્રીમંત મહારાજા વિજયસિંહજી પાસે દાદ માંગવા ગયા હતા. આ ઉપરાંત બીજા પ્રસંગની નોંધ લઈ સેંકડો અરજીઓ લઈ ગામલોકો મોટી સંખ્યામાં હજુરશ્રી સમક્ષ હાજર થયેલા. લોકોને સંતોષકારક જવાબ આપવામાં આવ્યો હતો. આ સમયે એક જોખમકારક અમલદાર મારફતે સૂચન કરવામાં આવ્યું હતું કે "ગામનું એક મહાજન મંડળ રચી તે મારફતે પ્રજાની અગવડો રજૂ થાય તો લોકોનાં શ્રમ તથા શક્તિનો બચાવ થાય. અને દરબારશ્રી પોતે પણ સારી રીતે શાંતિથી

---

૨ "વિનીતો શું કહે છે ?" 'લોકસભા સમાચાર' રાજપીપળા સંસ્થાનની લોકસભાનું સત્તાવાર અઠવાડિક પ્રકાશન, તંત્રી અને પ્રકાશક શ્રી વિનાયક વૈદ્ય, વર્ષ ૧ અંક ૫૦ તા. ૩–૧–૪૦ પાન નં. ૪

બધી વાત સાંભળી શકે.[3] દિલગીરીની વાત એ છે કે રાજધાનીના નાંદોદના શેઠીયાઓ પર ચાલુ સૂચનનો કોઈ પ્રભાવ પડ્યો નહીં.[4] આમ શહેરી ભદ્રવર્ગનું મૌન સૂચક પુરવાર થયું.

આ બનાવ બન્યા બાદ આ એક માસમાં શ્રી ગુમાનદેવ મહારાજના સ્થાનમાં ખેડૂતોની એક ગંજાવર સભા મળી અને 'સંસ્થાન રાજપીપળા પ્રજાકીય મંડળ'નો જન્મ થયો. તેને કાયમી સંસ્થા તરીકે ટકાવવા ઉમલ્લા, ઓઠા અને રાજુવાડિયા મુકામે સભાઓ પણ ભરવામાં આવી હતી. પરંતુ તેના પ્રાણભૂત અગ્રણીઓ અણચિંત્યા મંડળથી વિમુખ થયા.[5] આમ પ્રથમ લોકસંગઠન અલ્પજીવી નીવડ્યું. ખૂબીની વાત તો એ હતી કે સંસ્થાનની રાજધાની નાંદોદના લોકો તેનાથી અળગા રહેલા. સંભવ છે કે શહેરી ભદ્રવર્ગના મૌનનો આ પડઘો હોય.

## નવા દેહે સંગઠન :

રાજધાની નાંદોદના અગ્રણીઓ મોડા મોડા પણ સમજ્યા કે "He who knows and knows not what he knows is asleep—Wake him" તેમને આ કાર્ય માટે સંગઠનની જરૂર વર્તાઈ. સન્ ૧૯૨૬ના મે માસમાં માત્ર સાત માણસોની સહીથી એક પત્રિકા બહાર પાડવામાં આવી. "સંસ્થાન રાજપીપલાના પ્રજાજનો પ્રત્યે વિનંતી" રૂપે પાડેલી પત્રિકાના જવાબમાં ૪૫ સદ્‌ગૃહસ્થોએ માગ્યા મુજબની સંમતિ આપી. આ સદ્‌ગૃહસ્થોની એક સભા ૨૦–૨–૨૭ ના રોજ રાજપીપળા ખાતે શ્રી મૂળચંદ મોતીલાલ મહેતાને ત્યાં મળી હતી. આમ લોકસંગઠનનો ઉદ્‌ભવ થયો અને તેની પ્રવૃત્તિઓના શ્રી ગણેશ મંડાયા. આ સભામાં મુંબઈ ખાતે મળનારી દેશી રાજ્યોની પરિષદમાં આ સંસ્થાનના અને લોકસભાના પ્રતિનિધિ તરીકે શ્રી સુંદરલાલ બક્ષીની વરણી કરવામાં આવી હતી.[6]

"સંસ્થાન રાજપીપલા લોકસભા" નામના લોકસંગઠનની વિધિસરની શરૂઆત તા. ૨–૨–૧૯૨૮ના રોજ થયેલી ગણાય કારણકે તે દિવસે તેનું બંધારણ અધિવેશનમાં મંજૂર થયું હતું તથા તેના ધ્યેય અને કામગીરીની સ્પષ્ટતા બંધારણીય ઢબે થઈ. આમ સંસ્થાન રાજપીપળાના લોકો એકત્ર મળી સુવ્યવસ્થિત રીતે પોતાના હિતને લગતી બાબતો ચર્ચી જરૂરના ઉપાયો યોજી પોતાનું હિત સાધી શકે તે માટે 'સંસ્થાન રાજપીપળા લોકસભાનું સર્જન કરવામાં આવ્યું'. આ સંસ્થાનું બંધારણીય ધ્યેય સંસ્થાનની પ્રજાની સામાજિક

---

૩ રાજપીપળા સંસ્થાન લોકસભાના પ્રથમ અધિવેશન (તા. ૧/૨–૨–૨૮)નો અહેવાલ ઉપોદ્‌ઘાત પાન નં. ૧

નોંધ : જંગલખાતાના સિપાઈઓની અટકાયતને કારણે નાંદોદ શહેરમાં ઢોર ત્રણેક દિવસ સુધી છૂટેલા. આ રજૂઆત સ્વ. બક્ષી મોતીલાલ પીતાંબરદાસની આગેવાની હેઠળ કરવામાં આવી હતી. જલાઉ લાકડીના પ્રસંગની રજૂઆત લોકોએ જાતે કરેલી. તે વખતે નાયબ દીવાનશ્રી સ્વ. જેકીશનદાસ વલ્લભદાસ મહેતાએ સંગઠન અંગે પોતાને ત્યાં સૂચન કરેલું. 'લોકસભાનો ઇતિહાસ' લેખાંક ૩જો, લેખક વિનાયકરાય વૈદ્ય 'પ્રચાર પત્રિક' વર્ષ ૧, અંક ૩ જુન ૧, ૧૯૩૫, પાન નં. ૧૧ અને ૧૨

૪ રાજપીપળા સંસ્થાન લોકસભાના પ્રથમ અધિવેશનનો અહેવાલ (૧૯૨૮) ઉપોદ્‌ઘાત પાન ૧

૫ એજન પાન નં. ૨

૬ એજન પાન નં. ૯

અને રાજકીય ઉન્નતિ માટે જરૂરના અને શક્ય એવા ઉપાયો યોજી લોકહિત સાધવાનું હતું. સંગઠનના સૂત્રધારો પોતાના ધ્યેયની પૂર્તિ અર્થે 'રાજાને પ્રથમ મેળવી લો'નું શાસ્ત્રકારોનું સૂત્ર સ્વીકારી પોતાની પ્રવૃત્તિ હાથ ધરતા હતા. એમના અધિવેશનોમાં પ્રથમ ઠરાવ રાજા પ્રત્યેની વફાદારી વ્યક્ત કરતો અને રાજાનું શ્રેય ઇચ્છતો રહેતો. આમ સંગઠન રાજા પ્રજા વચ્ચે સંઘર્ષ ઊભો કરી ધ્યેયસિદ્ધિ માટે મથવાના ઇરાદાથી શરૂ કરવામાં આવ્યું ન હતું.

હિંદુસ્તાનના માજી વાઇસરોય મર્હુમ લૉર્ડ ડફરીને હિંદી રાષ્ટ્રીય મહાસભાના વિધાતા મિ. હ્યુમને અભિપ્રાય આપેલો કે 'દેશના અગ્રણી લોકો એક સંસ્થારૂપે દર વર્ષે ભેગા થઈ રાજકીય પ્રશ્નો છણે તો જ કંઈક લાભ થાય'.૭ લોકસભાના અગ્રણીઓને આ અભિપ્રાય રુચ્યો હોય તેમ તેમણે દર વર્ષે અધિવેશન ભરી પ્રજાના પ્રાણપ્રશ્નો ચર્ચી તે અંગે ઠરાવ કરી શ્રીમંત મહારાજાસાહેબ સમક્ષ રજૂ કરવાનું મુનાસિબ ધાર્યું હતું. આ ઉપરાંત તેઓ સંસ્થાન રાજપીપલા લોકસભા "પ્રચારપત્રિકા" નામનું માસિક તથા 'લોકસભાસમાચાર' નામનું સાપ્તાહિક ચલાવી તેમાં જુદા જુદા પ્રશ્નોની છણાવટ કરી જનજાગૃતિને પોષણ આપવાનું કામ કરતા હતા.

લોકસભાને તેની પ્રારંભની કારકિર્દીથી જ દેશના મહાન સપૂત સ્વ. વલ્લભભાઈ પટેલનાં સલાહસૂચન અને માર્ગદર્શન મળ્યા છે તે ગૌરવની વાત છે. શ્રી હરિભાઈ જે. અમીનના પ્રમુખપદે મળેલ પ્રથમ અધિવેશન વેળા જ તેઓશ્રીએ મોકલેલા સંદેશામાં જણાવેલું કે :

"હાલના સંજોગોમાં દેશી રાજ્યની પ્રજાની સેવા રાજ્યની સાથે સહકાર અને મીઠાશથી જ થઈ શકે તેમ છે એ વાત ઉપર લક્ષ રાખી રાજ્યની સહાનુભૂતિ મેળવી શકાય તેવા પ્રયત્નો કરશો. સંસ્થાન રાજપીપલાની પ્રજાના સેવાના શુભ પ્રયાસમાં તમને સંપૂર્ણ સફળતા મળો૮ સરદારશ્રીની નિખાલસ સલાહને નિઃસંકોચ સાચા દિલથી અપનાવી લોકસભાના અગ્રણીઓએ પોતાની પ્રવૃત્તિઓ હાથ ધરી હતી તેમાં બે મત નથી.

## અધિવેશનની અટારીએથી :

સન ૧૯૨૭ની સાલમાં રાજ્યાભિષેકની જયંતિપ્રસંગે શ્રીમંત સરકારે એક ધારામંડળ સ્થાપવાના પોતાના ઇરાદાની જાહેરાત કરી હતી. શ્રીમંતના આ ઈરાદાને લક્ષમાં રાખી લોકસભાના પ્રથમ અધિવેશનના પ્રથમ પ્રમુખશ્રીએ 'ધારાસભા' મળે તો તે દ્વારા શું થઈ શકે તેનો ખ્યાલ આપ્યો હતો. ધારાસભા મારફતે દલિતવર્ગને પણ લાભ મળે તે રીતે કેળવણીનો ફેલાવો સારા પગારે લાયકાત ધરાવતા ચારિત્ર્યવાન શિક્ષકોની નિમણૂકો કરવી, ધર્મના જ્ઞાનના પ્રચારાર્થે રાજ્ય તરફથી ધર્મોપદેશકની નિમણૂક કરવી, વેઠપ્રથાનો સદંતર નાશ કરાવી, લોકલફંડનો સમગ્ર વહીવટ પ્રજાહસ્તક લઈ સંસ્થાનના માણસો મળે ત્યાં સુધી બહારના માણસોને સરકારી નોકરીમાં ન લેવાનો પ્રબંધ કરી, દારૂની બદી દૂર કરી, ખેતીવાડીની ખિલવણી અર્થે ખેડૂતમંડળોની

---

૭ સંસ્થાન રાજપીપળા લોકસભાના બંધારણના નિયમ નં. ૧ અને ૩નો સાર

૮ રાજપીપળા સંસ્થાન લોકસભાના પ્રથમ અધિવેશનનો અહેવાલ (૧૯૨૮) સ્વાગત પ્રમુખશ્રી ઓચ્છવલાલ ઉમેદરામ ભટ્ટના પ્રવચનમાંથી પાન. નં. ૨૦

સ્થાપના કરી સહકારી મંડળીઓ બેંકો અને વેપારીમંડળની સ્થાપના કરી કરાવી પુસ્તકાલય, દવાખાનાં તથા અખાડાની સ્થાપના કરી કરાવી તેમજ પંચાયતોની સ્થાપના કરી તેને અંગ્રેજ રાજ્યની માફક હક્ક આપી લોકકલ્યાણની રચનાત્મક પ્રવૃત્તિઓ માટે સતત મથતા રહેવું જોઈએ.[૯] પ્રમુખશ્રીના આ મંતવ્યે ધારાસભા મળતા પહેલાં તે દ્વારા શું થઈ શકે તે અંગે રાજા અને પ્રજા ઉભય પક્ષોને વિચારવાની ભૂમિકા આપી એ પ્રથમ અધિવેશનની ફલશ્રુતિ કહેવાય.

લોકસભાનાં અધિવેશનોની વિશિષ્ટતા એ હતી કે તેના પ્રમુખો સંસ્થાન બહારના અને રાષ્ટ્રકક્ષાએ ખ્યાતિ ધરાવનાર પ્રતિભાસંપન્ન વ્યક્તિઓ હતી શ્રી અમીન, શ્રી ચુનિલાલ ગાંધી, દિવાન બહાદુર અંબાશંકર ઉત્તમરામ, પૂ. ઠક્કરબાપા, પૂ. સરદાર પટેલ, શ્રી ભૂલાભાઈ દેસાઈ જેવી મહાન વિભૂતિઓએ સંસ્થાનની લોકપ્રવૃત્તિઓને માર્ગદર્શન અને નેતૃત્વ પૂરાં પાડ્યાં હતાં. પૂ. કસ્તુરબા તથા રામદાસ ગાંધી પણ ચાસવડ અધિવેશનમાં ઉપસ્થિત રહેલાં. આમ સંસ્થાન રાષ્ટ્રવાદી વિચારધારાના પ્રવાહો ઝીલવા ભાગ્યશાળી બન્યું હતું.

લોકસભા જવાબદાર રાજતંત્ર માટે પ્રજાને લાયક બનાવવા લોકશિક્ષણ અને જાગૃતિઅર્થે શું થઈ શકે તે માટે તજવીજ કરતી રહી હતી. જવાબદાર રાજતંત્ર માટે પ્રજાને વધારે લાયક બનાવવા ગ્રામ્યસમિતિ અને તાલુકાસમિતિઓની સ્થાપના, સેવામંડળો, અને યુવકમંડળોની સ્થાપના, ખેતીવાડીનું શિક્ષણ, દારૂચોરીનિષેધ, લવાદ નિમવાની પ્રથા, રૂઢિપ્રેરિત ખોટા સામાજિક ખર્ચા બંધ કરવા લોકમત કેળવવો, ગેરકાયદેસર થતી હરકતો દૂર કરવી, સ્વદેશીના ખ્યાલનો પ્રચાર કરવો, સહકારી મંડળીઓની સ્થાપના અને વ્યવસ્થામાં મદદરૂપ થવું, વ્યાયામ-મંદિરોની સ્થાપના અને તેમની પ્રવૃત્તિઓને ઉત્તેજન આપવું, પછાત ગણાતી કોમોની ઉન્નતિના પ્રયાસો હાથ ધરવા, અંત્યજ કહેવાતા વર્ગને કેળવણી, પાણી વગેરેની સગવડો કરી આપવી, સ્ત્રીકેળવણીની વ્યવસ્થા કરવી વગેરે કાર્યોને લક્ષમાં લઈ સઘન રચનાત્મક કાર્યક્રમ રચી ગ્રામોદ્ધારના પ્રયાસો કરવાનો શુભ ઈરાદો લોકસભા ધરાવતી હતી.[૧૦]

લોકસભાએ ચર્ચાવિચારણા માટે લીધેલા અનેકવિધ પ્રશ્નોનું વર્ગીકરણ ત્રણ વિભાગમાં કરી શકાય : ૧ રાજકીય ૨ આર્થિક અને ૩ સામાજિક. આ પ્રશ્નો અધિવેશનમાં ચર્ચી તે અંગે ઠરાવ કરી તેને શ્રીમંત સમક્ષ રજૂ કરવા સમિતિ નીમીને શ્રીમંતનું આ પ્રશ્નો પ્રત્યે ધ્યાન દોરવામાં આવતું અને સંસ્થાનની સરકાર અનુકૂળ પડે તે રીતે તે અંગે ધારા ઘડતી હતી.

## રાજકીય પ્રશ્નો :

લોકસભાએ તેની કારકિર્દીના પ્રથમ દાયકામાં સભાબંધીનું જાહેરનામું પાછું ખેંચવા[૧૧]

---

૯ પ્રથમ અધિવેશનના પ્રમુખશ્રી હરિભાઈ ઝવેરભાઈ અમીનના ભાષણમાંથી, ઉપરોક્ત અહેવાલ પાન નં. ૨૮

૧૦ દ્વિતીય અધિવેશન (૧૫/૧૬-૧૨-૨૮) માં સર્વાનુમતે પસાર થએલ ઠરાવોની પુસ્તિકા પાન નં. ૯-૧૦

૧૧ પ્રથમ અધિવેશનનો રિપોર્ટ પાન નં. ૩૧ (ઠરાવ નં. ૬)

ધારાસભા રચવા[૧૨] લોકલ ફંડનો વહીવટ પ્રજા હસ્તક સોંપવા[૧૩] ધારાસભાનું બંધારણ બહાર પડતાં તેમાં સુધારો કરવા[૧૪] રાજ્યને વિનંતી કરતા ઠરાવો પસાર કરી લોકો રાજકીય પ્રવૃત્તિઓમાં વિના રોકટોક પ્રવૃત્ત થઈ શકે તેવું નિખાલસ વાતાવરણ પેદા કરવામાં રાજ્યનો સહકાર માંગ્યો હતો.

**આર્થિક બાબતો :**

રાજકીય જાગૃતિને અસરકારક બનાવવા આર્થિક જાગૃતિની પણ જરૂર પડે છે. લોકસભા પ્રજાના આર્થિક કલ્યાણ માટે પણ ચિંતિત હતી જ. તેણે જીનીંગ પ્રેસીંગ તથા મોટર સર્વીસ અંગેની મોનોપોલી પ્રથા દૂર કરવા[૧૫], નવસારી ફાર્મના બિયારણને ૧૦૨૭ ALFના ફરજિયાત વાવેતરની પ્રથાની પુનઃ વિચારણા માટે[૧૬], કપાસ રાજ્ય બહાર વેચવાની છૂટ આપવા[૧૭], રાનીપરજ વસ્તીને શિક્ષણ અને ગૃહઉદ્યોગનો લાભ આપવા[૧૮], ખેતઓજારો માટે જરૂરી હાથાનું લાકડું મેળવવા સાગ, સીસમ તણછ તથા ખેર, સીસમનાં ઝાડ કાપવાની છૂટ આપવા[૧૯], તથા તે પરના સરકારી લાગા તથા હક્ક ઉઠાવી લેવા[૨૦], બ્રિટિશ હિન્દના લેન્ડ રેવન્યુ કોડના જેવા બંદોબસ્ત કરવા[૨૧], બ્રિટિશ હિન્દના જેવો જમીન સંપાદન ધારો ઘડવા[૨૨], મહેસૂલના દરમાં ૩૩% ઘટાડો કરવા[૨૩], વસૂલાતનું ધોરણ નક્કી કરવા[૨૪], ખેડૂતોની વસાહતોનો પ્રબંધ કરવા તથા બળદની ઓલાદ સુધારવા[૨૫], ગામઠાણ અને ગોચરની

---

૧૨ એજન (ઠરાવ નં. ૭)

૧૩ દ્વિતીય અધિવેશનની ઠરાવ પુસ્તિકા પાન નં. ૩ (ઠરાવ નં. ૬)

૧૪ ચતુર્થ અધિવેશન (તા. ૨૮/૨૯-૩-૩૧)નો રિપોર્ટ (૧૯૩૧) પાન નં. ૧૨ (ઠરાવ નં. ૧૦)
પંચમ અધિવેશન (તા. ૨૫-૧૨-૩૧)નો રિપોર્ટ (૧૯૩૨) પાન નં. ૧૨ (ઠરાવ નં. ૬)

૧૫ પ્રથમ અધિવેશનનો રિપોર્ટ પાન નં. ૩૩ (ઠરાવ નં. ૧૧)

૧૬ દ્વીતીય અધિવેશનની ઠરાવપુસ્તિકા પાન નં. ૪ (ઠરાવ નં. ૯)

૧૭ પ્રથમ અધિવેશનનો રિપોર્ટ પાન નં. ૩૩ (ઠરાવ નં. ૩૩)

૧૮ તૃતીય અધિવેશન (તા. ૧૪-૧૨-૨૯)નો રિપોર્ટ (૧૯૩૦) પાન નં. ૯ અને ૧૦ (ઠરાવ નં. ૬)

૧૯ તૃતીય અધિવેશવનો રિપોર્ટ પાન નં. ૧૩ (ઠરાવ નં. ૩)

૨૦ ચતુર્થ, પાંચમા, સાતમા (તા. ૩૦/૩૧-૧૨-૩૩) આઠમા અધિવેશનના (તા. ૧૨/૧૩-૧-૩૫) રિપોર્ટ (અનુક્રમે ૧૯૩૧, ૧૯૩૨, ૧૯૩૪, ૧૯૩૪, ૧૯૩૫) પાન નં. અનુક્રમે ૧૦, ૧૩, ૧૮ અને ૧૯ (ઠરાવ નં. અનુક્રમે ૪, ૭, ૪ અને ૧૦)

૨૧ નવમા અધિવેશનનો રિપોર્ટ પાન નં. ૧૩ (ઠરાવ નં. ૧૩)

૨૨ દશમા અધિવેશન (તા. ૧૩-૧૨-૩૬ અને ૧-૧-૩૭)નો રિપોર્ટ પાન નં. ૧૪ (ઠરાવ નં. ૧૫)

૨૩ નવમા અધિવેશન (તા. ૨૨-૧૨-૩૫)નો રિપોર્ટ (૧૯૩૬) પાન નં. ૧૩ (ઠરાવ નં. ૧૩)

૨૪ સાતમા અધિવેશનનો રિપોર્ટ (૧૯૩૪) પાન નં. ૨૦ (ઠરાવ નં. ૧૨)

૨૫ એજન, પાન નં. ૨૧ (ઠરાવ નં. ૧૫)

જમીન કરમુક્ત કરવા[૨૬] તથા ગણોતધારો ઘડવા[૨૭] યોગ્ય પ્રબંધ કરી રાજ્યની અર્થ-વ્યવસ્થાને લોકોપયોગી બનાવવા ભલામણ કરતાં કરેલા ઠરાવો પસાર કરવામાં આવ્યા હતા.

## સામાજિક પ્રશ્નો :

કોઈ પણ સમાજની સુધારણાના પ્રશ્નોના વિચાર કર્યા વગર સંગઠન લોકઆદર પામતું નથી. લોકસભાએ સામાજિક સમસ્યાઓના પ્રશ્નોની પણ છણાવટ કરી હતી. પ્રાથમિક શિક્ષણનો ફેલાવો[૨૮], બીજી માધ્યમિક શાળાની સ્થાપના[૨૯], બોર્ડિંગની સગવડવાળી, ખેતીવાડી અને હુન્નરકેળવણી આપતી શાળાઓ શરૂ કરવા[૩૦], રાનીપરજ વસ્તીની નિરક્ષરતા ટાળવાની ફરજિયાત યોજના ઘડવા, તથા રાત્રીશાળાઓની સ્થાપના કરવા[૩૧], વાંચનાલયો અને પુસ્તકાલયોની ૩૩% પ્રજાફંડથી શરૂઆત કરવા[૩૨], મધ્યસ્થ પુસ્તકાલયોની સગવડ કરવા[૩૩], પ્રસૂતિગૃહ તથા ગ્રામ્ય ઔષધાલયોની સ્થાપના કરવા[૩૪], પ્રત્યેક તાલુકામાં ફરતાં દવાખાનાઓની સુવિધાઓ પૂરી પાડવા[૩૫], દારૂનિષેધની નીતિ જાહેર કરવા[૩૬], અસ્પૃશ્યતાનિવારણ માટે જોગવાઈ કરવા[૩૭], રાજ્ય, રાજા અને પ્રજાએ સ્વદેશીનું વ્રત લેવા[૩૮], આંકફરકની બદી નાબુદ કરવા[૩૯], શારીરિક શિક્ષણને ફરજિયાત બનાવવા[૪૦], ફરજિયાત પ્રાથમિક શિક્ષણ દાખલ કરવા[૪૧], શારદા એકમના ધોરણે બાળલગ્નની પ્રથા દૂર કરવાનો પ્રબંધ કરવા[૪૨], શાહુકારોનું

---

૨૬ છઠ્ઠા અધિવેશન (તા. ૭/૮-૧-૩૩)નો રિપોર્ટ (૧૯૩૩) પાન નં. ૧૮ (ઠરાવ નં. ૧૨)

૨૭ દશમા અધિવેશનનો રિપોર્ટ (૧૯૩૭) પાન નં. ૩૩ (ઠરાવ નં. ૧૦ કલમ ૧)

૨૮ પ્રથમ અધિવેશનનો રિપોર્ટ પાન નં. ૩૩ (ઠરાવ નં. ૧૩)
દ્વિતીય અધિવેશનની ઠરાવપત્રિકા પાન નં. ૦૫ (ઠરાવ નં. ૧૨)

૨૯ દ્વિતીય અધિવેશનની ઠરાવપત્રિકા પાન નં. ૦૫ (ઠરાવ નં. ૦૫)

નોંધ: બીજા અધિવેશનના બારમા અને તેરમા ઠરાવમાં ખેતીવાડીનું શિક્ષણ અને હુન્નરશાળા માટેની માંગ છે.

૩૦ ત્રીજા અધિવેશનનો રિપોર્ટ પાન નં. ૧૦ (ઠરાવ નં. ૬ કલમ ૩)

૩૧ એજન

૩૨ દ્વિતીય અધિવેશનની ઠરાવપત્રિકા પાન નં. ૮ (ઠરાવ નં. ૨૧)

૩૩ છઠ્ઠા અધિવેશનનો રિપોર્ટ પાન નં. ૧૫ (ઠરાવ નં. ૨)

૩૪ પાંચમા અધિવેશનનો રિપોર્ટ પાન નં. ૧૪ (ઠરાવ નં. ૯)

૩૫ છઠ્ઠા અધિવેશનનો રિપોર્ટ પાન નં. ૧૭ (ઠરાવ નં. ૮)

૩૬ ત્રીજા અધિવેશનનો રિપોર્ટ પાન નં. ૯ (ઠરાવ નં. ૧૬ કલમ ૧)

૩૭ છઠ્ઠા અધિવેશનનો રિપોર્ટ પાન નં. ૧૭ (ઠરાવ નં. ૯)

૩૮ ત્રીજા અને પાંચમા અધિવેશનના રિપોર્ટ પાન નં. અનુક્રમે ૧૦ અને ૧૭ (અનુક્રમે ઠરાવ નં. ૭ અને ૧૯)

૩૯ સાતમા અધિવેશનનો રિપોર્ટ પાન નં. ૧૯ (ઠરાવ નં. ૯)

૪૦ એજન, પાન નં. ૧૮ (ઠરાવ નં. ૫)

૪૧ છઠ્ઠા અધિવેશનનો રિપોર્ટ પાન નં. ૧૭ (ઠરાવ નં. ૧૦ કલમ ૨)

૪૨ નવમા અધિવેશનનો રિપોર્ટ પાન નં. ૧૧ (ઠરાવ નં. ૮)

શોષણ દૂર કરવા[43], કારોબારીથી સ્વતંત્ર હાઈકોર્ટ સ્થાપવા[44], ખોટા ખર્ચા બંધ કરી રૂઢિયુક્ત થવા[45], ફરજિયાત વેઠપ્રથા નાબૂદ કરવા[46], ગ્રામ્ય પંચાયતો સ્થાપવા[47], જેવા મહામૂલા પ્રશ્નોની ચર્ચા અધિવેશનોમાં થતી હતી. તે અંગે ઠરાવો પસાર થતા હતા. તેમની દરબારશ્રી સમક્ષ રજૂઆત થતી હતી. આ રીતે પ્રજા અને રાજા મળી સમાજસુધારણા કરે એવું પ્રબળ વાતાવરણ સર્જવાના નિખાલસ અને ઉમદા પ્રયાસો લોકસભાએ કર્યા હતા.

લોકસભાના ઉપ-પ્રમુખશ્રી સૂરજરામ ડી. પુરોહિતના શબ્દોમાં કહીએ તો પ્રથમ દશ વરસ સુધી તો લોકસભાએ પ્રજાનો અભિપ્રાય ઘડવા અને પ્રજાનો પોકાર સંભળાવી તે માટે દાદ માગવા ઉપરાંત બીજુ કાંઈ નોંધવાલાયક કામ કર્યું ન હતું.[48]

## બુલંદ જાગૃતિનો બીજો દાયકો :

સન ૧૯૩૭થી ૧૯૪૦ના ગાળામાં અજબ હિંમત દાખવી શ્રીમંત મહારાજા સાહેબના અંગત ખર્ચ પર કાપ-રાજ્યની ઉપજના ૧૦%થી વધુ ખર્ચ ન કરે[49] તથા પોતે વરસનો

---

૪૩ દશમા અધિવેશનનો રિપોર્ટ પાન નં. ૧૧ (ઠરાવ નં. ૩)

૪૪ દશમા અધિવેશનનો રિપોર્ટ પાન નં. ૧૪ (ઠરાવ નં. ૧૮)

૪૫ સાતમા અધિવેશનમાં મંત્રીશ્રીનું નિવેદન, સાતમા અધિવેશનનો રિપોર્ટ પાન નં. ૬

નોંધ: જ્ઞાતિવરા નહીં કરવા અને થાય તો તેમાં ભાગ નહીં લેવા વિનંતી કરતી પત્રિકાઓ લોકસભાએ પ્રસિદ્ધ કરી હતી. રાજ્ય સરકારે મોડે મોડે છેક તા. ૧૯-૭-૪૨ના રોજ જાહેરનામું બહાર પાડી કપરા કાળમાં ૧૦થી વધુ માણસો ન જમાડવા આદેશ આપ્યો હતો

૪૬ દ્વિતીય અધિવેશનની ઠરાવપત્રિકા પાન નં. ૯ (ઠરાવ નં. ૨૩)

૪૭ ત્રીજા અધિવેશનનો રિપોર્ટ પાન નં. ૧૨ (ઠરાવ નં. ૧૩)

૪૮ સંસ્થાન રાજપીપળા લોકસભાનું મુખપત્ર પ્રચારપત્રિકા પુ. ૫, અંક ૭, ઑક્ટો., ૩૯ પાન નં. ૧૦૧

૪૯ પાંચમા અધિવેશનના પ્રમુખશ્રીની ભાષણપત્રિકા પાન નં. ૬

નોંધ: મૂળ ટકોર પૂ. ઠક્કરબાપાએ કરેલી અને આ અંગેનો ઠરાવ સને ૧૯૨૯ના એડમીનીસ્ટ્રેશનના રિપોર્ટ મુજબ

| | | |
|---|---|---|
| શ્રીમંત મહારાજા સાહેબનો ખર્ચ | રૂા. | ૨.૫૦,૦૦૦ |
| રાજ્યકુટુંબનો ખર્ચ | રૂા. | ૨,૩૭,૩૩૩ |
| દરબારી પાગા (તબેલો) | રૂા. | ૨,૪૮,૨૧૫ |
| બીજાં દરબારી મકાનો (નવાં તથા રીપેર) | રૂા. | ૫,૪૮,૩૯૭ |
| | રૂા. | ૧૨,૮૩,૯૪૫ |

વીજળી તથા યાંત્રિકખાતા પાછળ દર વર્ષે ઓછામાં ઓછા અઢી લાખ રૂપિયા ખર્ચવામાં આવે છે. આ ખર્ચનો કેટલોક ભાગ મહેલો અને બીજા કેટલાંક દરબારી મકાનો પાછળ થતો હોવો જોઈએ. તે રકમ ઉપરના આંકડામાં ગણાવેલ નથી. અહીં નોંધવું જોઈએ કે આ ખર્ચ સામે રાજ્યની કુલ ઉપજ રૂા. ૨૪,૧૫,૫૨૩ની હતી. કયાં નરેન્દ્રમંડળે કરેલા ઠરાવ મુજબના કુલ ઉપજના ૧૦% અને કયાં ૫૦%? બારમી વાર્ષિક પરિષદમાં પસાર થએલો ઠરાવ નં. ૨ પ્રચારપત્રિકા પુ. ૪. અંક ૧૦ જાન્યુ ૧૯૩૯ અને પાન નં. ૧૮૨

મોટો ભાગ પરદેશને બદલે રાજ્યમાં રહે અને પ્રજા કલ્યાણની અસરકારક વૃદ્ધિ થાય તેવો વહીવટ આપે તેવી માંગણી કરતા ઠરાવો પસાર કરવામાં આવ્યા હતા.[૫૦] પૂ. સરદારશ્રી અને શ્રીભૂલાભાઈ દેશાઈ જેવા મહાનુભાવોએ પ્રજામાં અદ્‌ભૂત ચૈતન્ય આણ્યું હતું. કહેવા જેવી બાબતો સારૂ સારૂ શબ્દોમાં પ્રજા અને રાજા સમક્ષ મૂકવામાં આવી હતી. ચાસવડ અધિવેશનમાં પૂ. ઠક્કરબાપાએ નરેન્દ્રમંડળના ઠરાવ મુજબ રાજ્યની ઉપજના ૧૦%ને બદલે અહીંના રાજા સાહેબ કુલ ઉપજના ૫૦% જેટલું અંગત ખર્ચ કરે છે તેવો ઈશારો કર્યો હતો.[૫૧] બારમા અધિવેશનમાં તો શ્રીમંત કુલ ઉપજના ૧૦% ખર્ચ કરે એવો ઠરાવ કરવામાં આવ્યો હતો.[૫૨] પ્રજાને વાણીસ્વાતંત્ર્ય અને વ્યક્તિસ્વાતંત્ર્યનો સમાવેશ થાય તેવા શહેરીપણાના હક્કો આપવા[૫૩] તેમજ સુરાજતંત્રને નિભાવવા ખપ પૂરતો કારભાર રાજાજી પોતાના હસ્તક રાખે[૫૪] અને અમલદારોને પ્રજાના અદના સેવક બની ફરજ બજાવે[૫૫] તેવી માંગણી કરવામાં આવી હતી. કારોબારીથી સ્વતંત્ર હાઈકોર્ટ અને સ્થાનિક સ્વરાજ્યની સાચી સંસ્થાઓ પુરવાર થાય તે રીતે લોકલબોર્ડ અને નગરપાલિકાઓ સ્થાપવાની વિનંતી પણ કરવામાં આવી હતી.[૫૬]

## આર્થિક પ્રશ્નો :

તદ્‌ઉપરાંત વિના મૂલ્યે માલિકીહક્ક નાબૂદ કરવાની પ્રથા દૂર કરવા[૫૭], જમીનની પ્રત પ્રમાણે મહેસૂલના દર નક્કી કરવા[૫૮], લાંચરુશ્વત દૂર કરવા[૫૯], મોનોપોલી પ્રથા દૂર કરવા[૬૦], હુન્નરઉદ્યોગના ક્ષેત્રે વિકાસ સાધવા[૬૧], જમીનના કિરાયા વધારવાના પ્રશ્નોની વિચારણા કરવા[૬૨], રાજ્યે પ્રવૃત્ત થવું જોઈએ તેવો આગ્રહ સેવવામાં આવ્યો હતો. આમ રાજાને કઠે તેવી. શ્રેયસ્કર પરંતુ પ્રિય નહિ તેવી બાબતો પણ જનતા સમક્ષ ચર્ચવામાં આવી. અહીં નોંધવું જોઈએ કે **લોકસભાનો વિરોધ શાસનપ્રણાલિ સામે હતો, શાસક સામે**

---

૫૦ પ્રચારપત્રિકા પૃ. ૪ અંક ૧૦ જાન્યુ. ૧૯૩૯ પાન નં. ૧૮૨ ( ઠરાવ નં. ૩ )
૫૧ પાંચમા અધિવેશનમાં પ્રમુખશ્રી ઠક્કરબાપાની ભાષણપત્રિકા પાન નં. ૬
૫૨ બારમા અધિવેશનનો ઠરાવ નં. ૩
૫૩ પ્રચારપત્રિકા, પૃ. ૩ અંક ૧૦ જાન્યુ. ૧૯૩૮ પાન નં. ૧૫૪ ( ઠરાવ નં. ૧ કોલમ નં. ૪ )
૫૪ એજન, પાન નં. ૧૫૪ ( ઠરાવ નં. ૧ કોલમ ૧૫ )
૫૫ એજન, પાન નં. ૧૫૪ ( ઠરાવ નં. ૧ કોલમ ૯ )
૫૬ એજન, પાન નં. ૧૫૪ ( ઠરાવ નં. ૧ કોલમ ૭ )
તેરમા અધિવેશનના સમાચાર 'લોકસભા સમાચાર' વર્ષ ૨, અંક ૪, તા. ૧૪–૨–૪૦
૫૭ પ્રચારપત્રિકા પૃ. ૩ અંક ૧૦ પાન નં. ૧૫૪ ( ઠરાન ૧ કોલમ ૧ )
૫૮ એજન ( ઠરાવ ૧ કોલમ ૩ )
૫૯ લોકસભાસમાચાર, વર્ષ ૨ અંક ૪ તા. ૧૪–૨–૪૦
નોંધ: ૧૯૩૮મા નિમાએલી લાંચરુશવત કમિટિના રિપોર્ટનું શું ? લોકસભાસમાચાર, વર્ષ ૧, અંક ૪૩ તા. ૧૫–૧૧–૩૯ પાન નં. ૨
૬૦ પ્રચારપત્રિકા જાન્યુ. ૧૯૩૮ પાન નં. ૧૫૪ ( ઠરાવ ૧ કોલમ ૧૨ )
૬૧ એજન, ( ઠરાવ ૧ કોલમ ૧૦ )
૬૨ એજન, પાન નં. ૧૫૫ ( ઠરાવ નં. ૫ )

**નહીં,** ચર્ચાનું પાયાનું સૂત્ર "દશા વિનિન્દ્યા પુરુષો ન વિન્દ્ય" રહેતું હતું. લોકઆંદોલનના અગ્રણીઓ પ્રમાણિકપણે માનતા હતા કે "There is no eye, like master's eye" તેથી તેઓ શ્રીમંત સંસ્થાનમાં જ વરસનો મોટો ભાગ ગાળે એવો આગ્રહ રાખતા હતા.[૬૩] અમલદારો પરનું વધુ પડતું આવલંબન ઈચ્છનીય મનાયું નથી અને મનાવાનું નથી. તેથી તો એક કવિએ બેધડક લખી નાંખ્યું છે કે :

"અહોનિશ જાગ્રત ખડે, મમ સેવક મહાશક્ત,
યું કહી સુખે સોવત સદા, બાળ કુભૂપ સુભક્ત."

આ સંદર્ભમાં સંસ્થાનની પડખે એટલી જ શુભેચ્છા વ્યક્ત કરી શકાય એમ હતી કે "It is not true It ls very happy invention" ટૂંકમાં પ્રજા રાજાના શુભ વ્યક્તિત્વને ઝંખી રહી હતી એથી વિશેષ માંગણીઓ પાછળ કાંઈ વર્તાતું નથી.

**ધારાસભા :**

જવાબદાર રાજતંત્ર માટેની માગણીની ચર્ચામાં વિવાદાસ્પદ બનેલી ધારાસભાની રચનાનો વિચાર કરીએ તો તે અસ્થાને ગણાશે નહીં.

સંસ્થાનની પ્રજાને રાજ્યના કારોબારમાં રસ લેતી કરવાના ઈરાદાથી એક ધારામંડળ રચવાના ઈરાદાની જાહેરાત તા. ૧૦–૧૨–'૨૭ના રોજ કરવામાં આવી હતી.[૬૪] સામાન્ય રીતે આવી જાહેરાતો શ્રીમંત તખ્તેનશીન થયા તેની વર્ષગાંઠની ઉજવણીપ્રસંગે યા તેઓશ્રીના જન્મદિનની ઉજવણીપ્રસંગે થતી હતી. લોકસભાએ પોતાના વાર્ષિક અધિવેશનોમાં ધારામંડળની માંગણી અંગે ઠરાવો કરવા માંડ્યા હતા.

ધારાસભાના બંધારણ તથા અધિકાર અને કર્તવ્યની રૂપરેખાની પ્રસિદ્ધિ તા. ૧૫–૮–'૩૧ ના રોજ કરવામાં આવી હતી.[૬૫] ત્યારબાદ તા. ૨૯–૯–'૩૨ના રોજ ચૂંટણીના નિયમો તથા મતદારયાદી પ્રસિદ્ધિ કરવામાં આવ્યાં. સુધારેલી મતદારયાદી તા. ૧૫–૧૦–'૩૨ના રોજ થઈ. જુદાં જુદાં મતદારમંડળો તરફથી સભાસદોની ચૂંટણી તા. ૩–૧૧–'૩૨ના રોજ થઈ. અમલદારો તથા બિનઅમલદારોનાં નામોની સભાસદ તરીકે જાહેરાત તા. ૫–૧૨–'૩૨ના રોજ થઈ હતી. પ્રથમ ધારાસભાનું ઉદ્‌ઘાટન શ્રીમંત મહારાજા સાહેબે તા. ૧૦–૧૨–'૩૨ના રોજ કર્યું હતું. ધારાસભાની પ્રથમ બેઠક તા. ૨૫–૭–'૩૪ના રોજ મળી.[૬૬] અમુક મુકરર બાબતો બાદ કરી અન્ય બાબતો પર સલાહ આપવાનો તથા ફેરફાર કરવાનો અધિકાર ધારામંડળને મળ્યો પરંતુ મહારાજા સાહેબની કાનૂન ઘડવાની સત્તા અબાધિત રાખવામાં આવી હતી.

---

૬૩ પ્રચારપત્રિકા, પુસ્તક ૪, અંક ૧૦, જાન્યુ ૩૯ (ઠરાવ નં. ૩)

૬૪ વૈદ્ય 'વિનાયકરાવ, આપણી ધારાસભા' પ્ર. લોકસભા રાજપીપલા પ્રચારપત્રિકા વર્ષ ૧ અં. ૪ જુલાઈ ૩૫

૬૫ હ. સં. નં. ૫૩/૧૯૩૧

૬૬ 'આપણી ધારાસભા' લે. વિનાયકરાવ વૈદ્ય, પ્રચારપત્રિકા વર્ષ ૧ અંક ૪, જુલાઈ ૩૫

આ ધારાસભા ઠરાવ લાવવાને અને પ્રશ્ન પૂછવાને અધિકૃત હતી. અનુભવ માટે અસ્તિત્વમાં આણેલ આ સભાને સલાહકારરૂપે ગણવા ઠેરવાયું હતું. જો અધિકારોનો સારો ઉપયોગ થતો જણાશે તો તેની ઉપયોગિતાનું ક્ષેત્ર વિશાળ કરવાના શ્રીમંતના ઈરાદાની જાણ કરવામાં આવી હતી.

રાજ્યના પ્રમાણમાં રાજપીપલાની ધારાસભા વધારે વિસ્તારવાળી અને રાજ્યની અંદર આવેલી મુખ્ય મુખ્ય સંસ્થાઓને પ્રતિનિધિત્વ આપનારી છે. તેથી જો તેનો ઉપયોગ કરી લેવામાં આવે તો ઇતર ઠેકાણાની ધારાસભા કરતાં વધારે મહત્ત્વની ગણવા જેવી અહીંની ધારાસભા છે.[૬૭] આ અભિપ્રાય વડોદરાની ધારાસભાને લક્ષમાં રાખી અપાયો છે.

ચાસવડ અધિવેશનમાં લોકસભાના અગ્રણીઓએ ઠરાવ પસાર કર્યો તે મુજબ સરકારે ધારાસભા અંગે બહાર પાડેલા જાહેરનામામાં દર્શાવેલી ધારાસભાથી શ્રીમંતનો આશય યત્કિંચિત અંશે પરિપૂર્ણ થાય એમ નથી તેથી વિશાળ મતદાર મંડળવાળી અને સામાન્ય ચૂંટાયેલી પ્રજાકીય પ્રતિનિધિઓની બહુમતિવાળી ધારાસભા રચવાનો આગ્રહ રાખ્યો હતો.[૬૮] શ્રીભૂલાભાઈ દેશાઈના શબ્દોમાં કહીએ તો વાસ્તવમાં ચૌદ આની કાંસુ અને બે આની રૂપાવાળી રાજ્યની ધારાસભાને ધારાસભા નામ ન આપી શકાય.[૬૯] લોકસભાના ઉપપ્રમુખ અને ધારાસભાના લોકપ્રતિનિધિ શ્રીસુરજરામભાઈના શબ્દોમાં કહીએ તો 'ધારાસભા હાલ સુધીમાં (જુન '૩૫) કંઈપણ લોકહિત સાધી શકી નથી.[૭૦] એટલે સ્વાભાવિક છે કે ધારાસભાના બંધારણમાં ફેરફાર કરવાની માગ ઊઠે જ.

લોકસભાએ તેના દશમા અધિવેશનમાં ધારાસભાને યોગ્ય સ્વરૂપ આપવા નીચેના સુધારા સૂચવ્યા હતા :

૧ ધારાસભાના પ્રમુખની નિમણૂંક લોક–નિયુક્ત સભ્યોમાંથી થાય.

૨ શ્રીમંત મહારાજાસાહેબની અંગત બાબતો સિવાયના બીજા બધા વિષયોનો ધારાસભાની ક્ષેત્રમર્યાદામાં સમાવેશ કરવામાં આવે.

૩ હાલ જે વિષયો ધારાસભાની ક્ષેત્ર–મર્યાદામાં છે તે બાબતમાં ધારાસભાની ભલામણો સાધારણ રીતે સ્વીકાર્ય ગણવામાં આવે.

૪ લોકનિયુક્ત સભાસદોની સંખ્યા વધારી આપી કુલ સંખ્યાના $\frac{3}{4}$ જેટલી કરવામાં આવે.

૫ મતદારોની લાયકાત માટે કેળવણી, જમીનમહેસૂલ તથા મિલકત અને આવક બાબત જે ઊંચું ધોરણ રાખવામાં આવ્યું છે તે નીચું કરી મતદારમંડળ વધારે વિસ્તૃત કરવામાં આવે.

---

૬૭ સાતમા અધિવેશનના પ્રમુખશ્રી ગોવિંદભાઈ રાજાભાઈ દેશાઈની ભાષણપત્રિકા પાન નં. ૫

૬૮ પાચમા અધિવેશનનો રિપોર્ટ પાન નં. ૧૨ (ઠરાવ નં. ૬)

૬૯ તેરમા અધિવેશનના પ્રમુખશ્રી ભૂલાભાઈ દેશાઈના ભાષણની પત્રિકા પાન નં. ૭

૭૦ પ્રચારપત્રિકા જુન ૩૬, પાન નં. ૩૧

૬ સ્ત્રીઓને પણ મતાધિકાર આપવામાં આવે.[૭૧]

મતદારમંડળ સાંકડું હોવાની ફરિયાદ સાચી હતી. મતદાર રૂા. ૧૦૦/– કે તેથી વધારે મહેસૂલ ભરનાર ખાતેદાર જ બની શકતો. પરિણામે **બે લાખની વસ્તીમાંથી માત્ર ૧૮૭૬** માણસોજ મતાધિકાર મેળવી શકતા હતા. ભીલ વગેરે રાનીપરજ કોમોમાંથી તો કોઈ રડ્યો-ખડ્યો જ અધિકાર પામી શક્યો હતો. વડી ધારાસભા માટે ઠેરવેલી રકમ કરતાં આ રકમ ઘણી મોટી હતી. તેથી રૂા. ૧૬/–ના ખાતેદાર અથવા તેટલા દરની જમીનના ગણોતિયાને મતાધિકાર આપવો જોઈએ. રાનીપરજ વસ્તી માટે આ આંકડો રૂા. ૮/–નો રાખવો જોઈએ. આ ઉપરાંત લખીવાંચી જાણનાર રાનીપરજ હરિજન અને સ્ત્રીઓને જ તથા મેટ્રીક્યુલેશન પસાર કરી હોય તેવી વ્યક્તિઓને પણ મતાધિકાર આપવો જોઈએ. આમ થાય તો જ સાચા અર્થમાં લોકતંત્રની દિશામાં સાચું કદમ માંડયું ગણાય.[૭૨]

પ્રજાને સમજવા મથે અને સમજે તે જ સાચા અર્થમાં રાજા થઈ શકે. રાજ્યનો પ્રતિભાવ સારો રહ્યો. ધારાસભાના બંધારણ તેના મતાધિકાર વગેરે બાબતમાં તથા ધારાસભા સમક્ષ રજૂ થતા કામકાજની બાબતમાં અથવા બીજી રીતે વિશેષ પ્રગતિ સાધવા ક્રમિક પગલાં તરીકે હાલ તુરત કેવી યોજના શકય અને સલાહભરેલી છે તે બાબતનો રિપોર્ટ કરવા ૧૬ માણસોની રાજ્ય તરફથી સમિતિ નિમવામાં આવી હતી. તેમાં લોકસભાના ઉપપ્રમુખ તથા મંત્રીશ્રીનો પણ સમાવેશ થતો હતો. પરિસ્થિતિનો તાગ પામી તા. ૨૯–૧૦–'૩૯ના રોજ લોકસભાના ઠરાવ મુજબ તા. ૭–૧–'૪૦ના રોજ વૈદ્ય-પુરોહિત બંધુઓએ ધારાસભા સુધારણા સમિતિમાંથી રાજીનામું આપ્યું હતું.[૭૩]

જો કે હ. સર નં. ૧૮ ૧૯૩૮ના જાહેરનામાની ધારાસભાની મુલતવી રહેલી ચૂંટણી કરાવી તેની બેઠક જેમ બને તેમ જલ્દી બોલાવવાનું ઠરાવવામાં આવ્યું હતું. પરંતુ જવાબદાર રાજતંત્ર સિવાયનો બીજો વિકલ્પ ઉચિત ન જણાતાં તે અંગેની માંગ બુલંદ બનાવવામાં આવી હતી. લોકસભાએ તા. ૩૧–૧–'૩૯થી શરૂ કરી પ્રત્યેક માસની ૩૦મી તારીખે અને ફેબ્રુઆરીની છેલ્લી તારીખે પોતાના તરફથી જવાબદાર રાજતંત્રદિન પાળવાનો નિર્ણય કર્યો. આ નિર્ણય મુજબ ઠેરઠેર ઉજવણીઓ કરી તથા પ્રચારપત્રિકામાં લેખો લખી અગ્રણી કાર્યકરોએ રાજપીપળા સંસ્થાનની પ્રજાને જવાબદાર રાજતંત્રનું મહત્ત્વ સમજાવવા માંડયું.[૭૪]

## રાજ્યનો પ્રતિકાર :

શરૂઆતમાં લોકસભાની પ્રવૃત્તિઓને રાજ્યનો સારો એવો સહકાર મળ્યો હતો પરંતુ લોકસભાની મહત્ત્વાકાંક્ષા ખમી શકાય તેવી ન જણાતાં રાજ્ય તરફથી ત્રિપાંખિયો પ્રતિકાર કરવામાં આવ્યો હતો. રાજ્યે લોકસભાની કેટલીક માંગણીઓને લક્ષમાં લઈ તેના ઉકેલ અર્થે

---

૭૧ દશમા અધિવેશનનો રિપોર્ટ પાન નં. ૧૪/૧૫ (ઠરાવ નં. ૭૬)

૭૨ દશમા અધિવેશનની પ્રમુખશ્રી કલ્યાણજી વિ. મહેતાની ભાષણપત્રિકા પાન નં. ૫

૭૩ પ્રચારપત્રિકા પૃ. ૫ અંક ૧૦ જાન્યુ. ૧૯૪૦, પાન ૧૬૪

૭૪ લોકસભાસમાચાર, વર્ષ ૧, અંક ૧ તા. ૨૫–૧–૩૯ પાન ૨

**સરક્યુલરો બહાર પાડી નવાં સંગઠનોની સ્થાપનાને પ્રેરણા આપી તથા પ્રતિબંધક ધારાઓ પસાર કરી** પરિસ્થિતિ પર પ્રભુત્વ જમાવવા ભારે જહેમત ઉઠાવવામાં આવી.

## નવાં સંગઠનનો પ્રેરિત ઉદ્ભવ :

નવાં સંગઠનો ઈ. સ. ૧૯૩૮થી ૧૯૩૯ના અરસામાં સ્થપાએલાં જોવા મળે છે. રાજપીપલા સંસ્થાન, રજપૂત સભા, રાજપીપલા સ્ટેટ જમીન મહેસુલ, ઈસ્લાહુલ મુસ્લેમિન ખેડૂતમંડળ, રાનીપરજ સેવામંડળ વગેરે સંગઠનો અસ્તિત્વમાં આવ્યાં હતાં. આ મંડળો પણ અધિવેશનનો ભરતાં, જાહેર નિવેદનો કરતાં, સમાજસુધારણા અંગે ઠરાવો કરતા ઉપરાંત હજૂર સમક્ષ માંગણીઓ મૂકી તેઓ પોતાની રીતે કેટલીક માંગણીઓ મંજૂર કરાવવામાં સફળ પણ થતાં. 'રાજપીપલા સમાચાર' એક માત્ર સાપ્તાહિક આ ગાળામાં પ્રકાશિત કરવામાં આવતુ હતું કારણ કે પ્રચારપત્રિકા તેમજ લોકસભાસમાચાર પર પ્રતિબંધ મૂકાયો હતો. આ મંડળો અને ઉક્ત સમાચારપત્રે લોકમતને લોકસભાએ જમાવેલા વાતાવરણથી જુદી દિશામાં વાળવા પ્રયત્ન કર્યો હતો પરંતુ લોકસભાના સંગઠનની તાકાત ઘટી ન હતી.

રાજપીપલા સમાચારમાં 'પ્રોત પ્રકાશ્યુ' 'અસત્યાગ્રહથી ચેતતા રહેજો' 'સત્યાગ્રહીઓ અને બચાવ' 'રાજપીપલામાં પાંચમી કતાર વગેરે' ટચૂકડા, લેખો દ્વારા લોકસભાની પ્રવૃત્તિઓ પર ટીકાટિપ્પણ થતી. પ્રગટઅપ્રગટપણે અણગમો દર્શાવાતો હતો અને એ રીતે લોકમત ફેરવવા મંથન થતું હતું.

જવાબદાર રાજતંત્ર અને સત્યાગ્રહ પ્રત્યે લોકોને અરુચિ હોય તેવો ભાસ ઊભો કરવામાં આવ્યો હતો. કેટલીક સભાઓમાં અને લેખિત અરજી દ્વારા આ બન્ને બાબતોનો અને તેમાંય ખાસ કરીને જવાબદાર રાજતંત્રની માગણીનો વિરોધ કરવામાં આવ્યો હતો. 'રાજપીપળા-સમાચાર' તથા 'ખેડૂતસમાચાર'માં તો જવાબદાર રાજતંત્રના પ્રશ્નની નિરર્થકતા બતાવવા પ્રયત્નો થતા હતા. એવો પ્રચાર થતો હતો કે દેશી રાજ્યોની પ્રજા જવાબદાર રાજતંત્ર માંગે છે. સ્વતંત્ર રાજ્યોને પરાધીન બનાવવા નક્કી છે કે અમર્યાદિત રાજસત્તા ધરાવનારના હક્ક મર્યાદિત સત્તામાં પરિણમશે ત્યારે તેવી પ્રજાના હક્ક પણ મર્યાદિત રહેશે.

રાજપીપલા સમાચારના તંત્રીલેખમાં લખવામાં આવ્યું છે કે 'જવાબદાર રાજતંત્ર' એટલે પાટિયા પર કાગળ ચોંટાડી આ શબ્દો રાજ્ય લખી લોકસભાને આપે તો જ જવાબદાર રાજતંત્ર મળ્યું કહેવાય? કે જબરજસ્તીથી રાજ્ય પાસે વશે કવશે રામ કહેવડાવી શ્રીમંત મહારાજા સાહેબની છત્રછાયા નીચે જવાબદાર રાજતંત્ર મેળવવાનું ધ્યેય સ્વીકારવું.[૭૫] ઝઘડિયા મુકામે તા. ૧૨–૯–'૪૧ના રોજ શ્રી છગનલાલ હરિવલ્લભદાસ બક્ષીના પ્રમુખપદે મળેલી સભામાં ઠરાવ કરવામાં આવ્યો કે "કેટલીક વ્યક્તિઓ તરફથી જવાબદાર રાજતંત્ર નામે ઓળખાતી શાસનતંત્રની માંગણી કરવામાં આવે છે તે હાલના સંજોગોમાં અને રાજ્યની સ્થિતિ, સંજોગો, કેળવણી વિગેરે જોતાં આ રાજ્યની પ્રજાને અનુકૂળ નથી જેથી આ સભા જાહેર કરે છે તેવી

---

૭૫ પંડ્યા ધર્મરાય નર્મદાશંકર, તંત્રી 'રાજપીપલાસમાચાર' તા. ૨૭-૪-૪૧

મહારાજાસાહેબે ક્રમશઃ રાજકારોબારમાં પ્રજાને ભાગ લેતી કરવા માટે જે નીતિ જાહેરનામાથી બહાર પડી છે તે જ પ્રજાના હિત તેમજ લાભમાં છે—એમ આ સભા માને છે તેમજ હાલના રાજ્ય-કારોબારથી પ્રજાને સંતોષ છે એમ પણ આ સભા માને છે.[૭૬] આમ બને જ ને ? Some are weatherwise some are otherwise.

જવાબદાર રાજતંત્રની માંગણીને જેમ સત્યાગ્રહની પ્રવૃત્તિનો વિરોધ પણ સંગઠનો દ્વારા તથા કેટલીક વ્યક્તિઓ દ્વારા થતો માલૂમ પડે છે. દા. ત. સત્યાગ્રહ તરફ મુસ્લિમોની નારાજી પ્રગટ કરતો એક પત્ર છે. જેટલા મુસ્લિમ આગેવાનોની સહીથી તા. ૭–૧૨–'૪૧ના રોજ રાજપીપળા સમાચારને મોકલવામાં આવ્યો હતો જે તા. ૧૪–૧૨–'૪૧ રાજપીપલા સમાચારના અંકમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો તેમાં શ્રી બનુભાઈ હિંમતભાઈ પટેલ (વાઈસ પ્રેસીડેન્ટ જમીયત)ની સહી હતી.

રાજપીપલા સ્ટેટ જમીયત ઈસલાહુલ મુસ્લેમીનની ઉમલ્લા મુકામે તા. ૧૪–૧૨–'૪૧ના રોજ મળેલી કારોબારીની મિટિંગમાં સર્વાનુમતે પસાર કરેલ ઠરાવ નં. ૨માં સત્યાગ્રહ નામની ચાલતી ચળવળ કે જેણે આ રાજ્યની શાંતિ અને વ્યવસ્થાનો ભંગ કર્યો છે એ ચળવળ સત્વરે બંધ કરી કાયદેસર અને વિનય-વિવેકપૂર્વક પ્રયત્નો દ્વારા લોકસભાના મોવડીઓ પોતાની માંગણીઓ દરબારશ્રીને પેશ કરે તેવું સૂચન કરવામાં આવ્યું હતું તથા ઠરાવ નં. ૩ દ્વારા સત્યાગ્રહની સતત ઝાટકણી કાઢવામાં આવી હતી.[૭૭]

કહેવાનું તાત્પર્ય એટલું જ છે કે પ્રજાના જુદા જુદા વર્ગો તરફથી લોકસભાની પ્રવૃત્તિઓનો વિરોધ કરાતો હોય એવી છાપ ઉપસાવવામાં આવી હતી. ઉપરના લખાણમાં તો આ હકીકતનું સમર્થન કરવા ઉદાહરણ જ આપ્યાં છે જેથી વિરોધનું સ્વરૂપ સમજી શકાય. લોકસભાની પ્રવૃત્તિથી મુસ્લિમભાઈ સાવ અળગા રહ્યા ન હતા તેમ કહી શકાય. કારણ કે લોકસભાના તા. ૩૧–૧૨–'૩૬ના રોજ ભરાયેલા દશમા અધિવેશનના સ્વમતાધ્યક્ષ શ્રી અહેમદજી રહેમાનજી ખત્રી હતા. એટલું જ નહીં પરંતુ લોકસભાના પ્રથમ અધિવેશનમાં રાજપીપલાના સંગીતશાસ્ત્રી શ્રી રહીમખાંના "દિવ્ય દેશ અમ ઉજ્જવળ કરવા ક્યારે ઉગશે દિવ્ય પ્રભાત–દિવ્ય પ્રભાત" એ ગાયનના સંગીતથી કામની શરૂઆત કરવામાં આવી હતી. શ્રી ખત્રીએ તો પોતાના પ્રવચનમાં કહ્યું હતું કે લોકસભા એ સરકારવિરોધી સંસ્થા નથી.[૭૮] આમ વિરોધના વાતાવરણમાં પણ પ્રજાએ એક થઈ લોકસભાની પ્રવૃતિ દીપાવી હતી.

## રાજ્ય તરફથી પ્રજાને મળતાં આશ્વાસનો અને સવલતો :

રાજપીપળા સંસ્થામાં કાપડની મીલ શરૂ કરવા, નર્મદાનું પાણી ઉપયોગમાં લઈ વિદ્યુત ઉત્પન્ન કરી ખેતીવાડીના પંપ ઘંટીઓ તેમ જ નાના કારખાનાને વીજળી પૂરી પાડવા, અફીકના

---

૭૬ 'રાજપીપલાસમાચાર' તા. ૨૪–૯–૪૧ ( પૃ. ૨, અંક ૩૩ ) પાન નં. ૫ તા. ૧૨–૯–૪૧ની ઝઘડિયા ખાતે ભરાયેલી મિટિંગમાં પસાર થયેલ ઠરાવ નં. ૮

૭૭ 'રાજપીપલાસમાચાર' પૃ. ૨ અંક ૪૭ તા. ૨૧–૧૨–૪૧ પાન નં. ૧૦

૭૮ સ્વાગત પ્રમુખશ્રીની પ્રવચનપત્રિકા પાન નં. ૨

પથ્થરની ઘરરાણુ ગારની વસ્તુઓ બનાવવાનું કારખાનું નાખવા, જલાઉ લાકડીનો વુડડીસ્ટીલેશનનું કારખાનું ચલાવવા ઉપયોગ કરવા, દિવાસળી બનાવવાનું કારખાનું નાખવા વગેરે માટે રાજ્ય તરફથી તજવીજ ચાલે છે એવી હવા ફેલાવવામાં આવી હતી.[૭૯] મુંબઈ ઇલાકાના ગવર્નરશ્રી ઈ. સ. ૧૯૨૯માં રાજ્યની મુલાકાતે આવેલા તેમના હસ્તે પ્રસૂતિગૃહના મકાનનો પાયો નંખાવી સરકાર લોકહિતાર્થે બનતું બધું કરવા માંગે છે તેવું ઘટાવવા પ્રયત્નો જ થયા હતા તેની સાક્ષી તો વિજય પ્રસૂતિગૃહ પર લખેલી તારીખ જ આપે છે. વચન કે આશ્વાસન આપવા બેસનારની સ્થિતિ રોબર બર્ટનના મિલર જેવી થતી હોય છે. આ સ્થિતિ દર્શાવતાં તેઓ લખે છે કે : The miller see not all water that goes by his mill.

સરકારશ્રીએ વિવિધ જાહેરનામાં દ્વારા જુદી જુદી સવલતોની જાહેરાત કરી હતી. સરકારશ્રીએ સભાબંધીનું જાહેરનામું પાછું ખેંચી[૮૦] જુગારનો કાયદો સુધારી[૮૧] હિમસંકટ રાહત આપી[૮૨] જીનીંગ પ્રેસીંગના દર ઘટાડી[૮૩] ઈ. સ. ૧૯૨૦થી ફારમ કપાસ એ. એલ. એફ. ૧૦૨૭નું વાવેતર ફરજિયાત બનાવી[૮૪] ખેડૂતોના દેવાની તપાસ કરી તેનો રૂક્કો ઠેરવી તથા તે અંગે ફડચા કોર્ટ તરીકે જાણીતી 'એગ્રીકલચરીસ્ટ ડેટ કન્સીલીએશન કોર્ટની સ્થાપના કરી[૮૫] ખેડૂતકર્જ સમાધાન તથા ખેડૂતસંરક્ષણ ધારા ઘડી[૮૬] ખેડૂતો દ્વારા સગવડનો ખોટો લાભ લેવાતો જોઈ તે પર નિયંત્રણ મૂકી[૮૭] જમીન સંપાદન ધારો લાગુ પાડી[૮૮] લાંચરુશવત તપાસ સમિતિ નિમી.[૮૯] લોકલ ફંડનો વહીવટ પ્રજાહસ્તક સોંપી[૯૦] વસ્તીવાળા ભાગમાં ગામગભાણની જમીન ત્રણ ગૂંઠા તથા રાનીભાગમાં ૧૦ ગૂંઠા જેટલી જમીન જૂજ કિરાયાથી આપી[૯૧] ખાતાની જમીનના મહૂડા કાપવાના કાયદા રદ કરી દરબાર તરફથી ઝાડી કાપવા બદલ લેવાતી ફી બંધ કરી તથા લાકડા પર હક્ક નહીં રાખી[૯૨] ભીલ તથા ધાણુકા જેની પછાત કોમના લોકો માટે તાત્કાલિક રાજપીપલા ટાઉનમાં ખેતીવાડી તથા ઘરગથ્થુ ઉદ્યોગ હુન્નરવિષયક જ્ઞાન સાથે બીજી કેળવણી આપી શકે તેવી બોર્ડિંગસહિતની શાળા

---

૭૯ તા. ૩૦–૧૨–૩૩ના અધિવેશનના પ્રમુખશ્રી ગોવિંદભાઈ હાથીભાઈ દેશાઈની ભાષણપત્રિકા નં. ૧૧

૮૦ સભાબંધીનું જાહેરનામું હ. સ. ર. નં. ૭૩ સન ૧૯૩૯

૮૧ (રાજપીપલા સ્ટેટ) દરબારી ગેઝેટ તા. ૧૪–૪–૩૫

૮૨ દરબારી ગેઝેટ તા. ૧૫–૪–૩૫

૮૩ દરબારી ગેઝેટ તા. ૧–૧–૩૬ હ. ર. જા. નં. ૧૫૨ તા. ૨–૧–૩૬

૮૪ ૧૯૨૦ થી ૧૦૨૭ AFLનું વાવેતર ફરજિયાત બનાવાયું હતું.

૮૫ દરબારી ગેઝેટ ભા. ૨ તા. ૧૫–૬–૩૭

૮૬ એજન, તા. ૬–૧૨–૩૭

૮૭ હ. સ. ર. નં. ૫૮/૧૯૩૭–૩૮ તા. ૨૫–૩–૩૮

૮૮ દરબારી ગેઝેટ તા. ૧૫–૧૧–૩૮

૮૯ પ્રચારપત્રિકા પૃ. ૪ અંક ૯ ડિસે. ૩૮ પાન નં. ૧૬૨

૯૦ હ. સ. ર. નં. ૩૯ સન્ ૧૯૩૮–૩૯ તા. ૯–૧–૩૯

૯૧ હ. સ. ર. નં. ૪૧ સન્ ૧૯૩૮–૩૯ તા. ૯–૧–૩૯

૯૨ હ. સ. ર. નં. ૪૪ સન્ ૧૯૩૮–૩૯ તા. ૯–૧–૩૯

સ્થાપી[૯૩] રાજપીપળામાં રજપૂત બોર્ડિંગહાઉસ સ્થાપી[૯૪] મહેસૂલના દરમાં ઘટાડો કરી[૯૫] રાજપીપળામાં અજ્ઞાન ખેડૂતોને મફત કાનૂની સલાહ આપવાની જોગવાઈ કરી.[૯૬] મહુડા પરહદમાં લઈ જવાની છૂટ આપી[૯૭] મેળા ભરવા સામેનો પ્રતિબંધ ઉઠાવી લઈ[૯૮] ઉચ્ચ-કેળવણી તથા બીજા કોઈ ધંધાને લગતી કેળવણીની અભિલાષા ધરાવનારને શિષ્યવૃત્તિઓ આપી[૯૯] વધારે ભાગ લેવા પર પ્રતિબંધ મૂકી[૧૦૦] વખતોવખત ભાવનિયમન કમિટિ દ્વારા ભાવો ઠેરવી જાહેર કરી[૧૦૧] વધુ અનાજ વાવોનો આદેશ આપી[૧૦૨] સસ્તા અનાજની દુકાનો ખોલી[૧૦૩] તાલુકાવાર અનાજ વાવો કમિટિ નિમી[૧૦૪] તગાવીનું ઉદાર ધોરણ અપનાવી[૧૦૫] દશથી વધુ માણસના જમણવાર પર પ્રતિબંધ મૂકી[૧૦૬] ઐતિહાસિક તથા પુરાતત્ત્વ અંગે શોધખોળ માટે ખાતું ખોલી[૧૦૭] શ્રીમંતે અંગત ખર્ચમાં તથા કર્મચારીઓના પગારોમાં કાપ મૂકી[૧૦૮] સંગ્રહખોરી તથા નફાખોરી અટકાવવા ઑર્ડિનન્સ બહાર પાડી[૧૦૯] સ્વતંત્ર હાઈકોર્ટ સ્થાપી[૧૧૦] ગોવબંધીનો હુકમ બહાર પાડી[૧૧૧] પ્રજાકલ્યાણનાં કામો કર્યાનો સરકારે સંતોષ માન્યો. આમ જનતા મન મનાવતી થાય તેવો સફળ પ્રયાસ આદરવામાં આવ્યો !

## ધ્યેયલક્ષી વલણનું સાતત્ય :

કોઈ પણ મહત્ત્વાકાંક્ષી પ્રજા સાચા અર્થમાં પોતાની માંગણી સંતોષાય ત્યાં સુધી જંપતી નથી. પ્રજાના નેતાઓએ જવાબદાર રાજતંત્રની માંગણી પડતી મૂકી નહીં. તે સામે સરકારે અનેકવિધ પ્રતિબંધ મૂકતા કાયદા કરી લોકસભાની પ્રવૃત્તિને દાબી દેવા પ્રયાસો કર્યા. લોકસભા

---

૯૩ દરબારી ગેઝેટ તા. ૭-૧૨-૩૭

૯૪ હ. સ. ર. નં. ૧/૮ ૧૯૩૭-૩૮ તા. ૨૫-૩-૩૮

૯૫ દરબારી ગેઝેટ તા. ૧૫-૧૧-૩૮

૯૬ પ્રચારપત્રિકા પુ. ૪ અં. ૯ ડિસેમ્બર ૩૮, પૃ. ૧૬૨

૯૭ હ. સ. ર. નં. ૩૯ ૧૯૩૮-૩૯, તા. ૯-૧-૩૯

૯૮ હ. સ. ર. નં. ૫૦ સન્ ૧૯૪૧-૪૨

૯૯ હજુ. સરઈ નં. ૫૦, ૬૮૨ તા. ૭-૧૦-૪૧

૧૦૦ હ. સ. ર. નં. ૩૯, તા. ૨૪-૧૨-૪૧

૧૦૧ હ. સ. ર. નં. ૩૮ સન્ ૧૯૪૧-૪૨

૧૦૨ હ. સ. ર. નં. ૭૯ સન્ ૧૯૪૧-૪૨

૧૦૩ ૧૪-૧૨-૪૨નો સરક્યુલર 'રાજપીપલાસમાચાર' તા. ૧૭-૫-૪૨

૧૦૪ હ. સ. ર. નં. ૬૮ સન્ ૧૯૪૧-૪૨ નોંધ : હવે વધુ અનાજ વાવો, તાલુકાવાર અનાજ વાવો કમિટિની રચનાનો હુકમ હ. સ. ર. નં. ૭૯ સન્ ૧૯૪૧-૪૨

૧૦૫ હ. રે. જા. નં. ૨૧૩, ૧૯૪૧-૪૨

૧૦૬ તા. ૧૯-૭-૪૨નું જાહેરનામું

૧૦૭ હ. સ. ર. નં. ૨૭ સન ૧૯૪૨-૪૩

૧૦૮ તા. ૩૧-૮-૪૨નો ઑર્ડર

૧૦૯ હ. સ. ર. નં. ૬૩ સન્ ૧૯૪૩-૪૪

૧૧૦ હ. સ. ર. નં. ૧૦૨૧A ૧૯૪૩-૪૪ તા. ૨૦-૧૨-૪૩

૧૧૧ ગોવધબંધીનો હુકમ હ. સ ર. નં. ૧૦૮ સન્ ૧૯૪૨-૪૩

તથા તેની તમામ મંડળીઓને ગેરકાયદેસર જાહેર કરી.[112] તેમના કામ માટે ઉપયોગમાં લેવાતાં મકાનો પર પ્રતિબંધ મૂક્યો[113] ઝડતી લઈ લોકસભા તરફથી ચાલતા 'પ્રચાર પત્રિકા' અને લોકસભાસમાચારનાં પ્રકાશનો છાપવા કે પ્રસિદ્ધ કરવાની મનાઈ ફરમાવી.[114] તેમના અંકની કોઈ પ્રત કંપનીમાં રાખવાની હરકોઈ ઈસમને મના ફરમાવી.[115] રાજ્યની કોર્ટમાં વકીલાત કરવા બાબતની વકીલશ્રી સૂરજરામભાઈ, શ્રી વિનાયકરાવ, શ્રી ગણપતિશંકર વ્યાસ તથા શ્રી કાંતિલાલ પરીખની સનંદો રદ કરી.[116] નાટક ભજવવા પર પણ પ્રતિબંધ મૂક્યો[117] લોકસભાની પ્રવૃત્તિઓને કડક હાથે દાબી દેવાના પ્રયાસો હાથ ધરાયા હતા. પરિણામે રાજપીપળા સંસ્થાનમાં પ્રગટેલ વાતાવરણ ટૂંકમાં વર્ણવતાં કહી શકાય કે: 'Summer has set in with its usual Severity'.

સરકારની લાલ આંખ જોવા છતાં સન ૧૯૪૧માં સત્યાગ્રહની શરૂઆત થઈ હતી. અવિધા ગામમાંથી શ્રી ફુલજીભાઈ કેસુરભાઈ પટેલે તેમના સાથીદારો શ્રી સોમાભાઈ લક્ષ્મીદાસ પટેલ તથા શ્રી છીતાભાઈ લલ્લુભાઈ પટેલ સાથે તા. ૩–૧૧–'૪૧ના રોજ સત્યાગ્રહ કર્યો હતો. રાજપીપળા સમાચારમાં પ્રગટ થયેલ સમાચાર મુજબ શ્રી ફુલજીભાઈએ લોકસભાના મંત્રી શ્રી વિનાયકરાવ તથા અન્ય કાર્યકર્તાઓની વિનંતીની અવગણના કરી આ પગલું ભર્યું હતું. તેમણે લોકસભાના નામે નહીં પરંતુ વ્યક્તિગત સત્યાગ્રહ કર્યો છે એવું જણાવવામાં આવ્યું હતું પરંતુ તેમણે તા. ૩જીના રોજ પોતે સત્યાગ્રહ કરનાર છે તે અંગેની નોટિસમાં જણાવ્યું હતું કે લોકસભા સામેના પ્રતિબંધ અન્યાયી અને આપખુદ છે તેથી હું તા. ૩જીના રોજ સત્યાગ્રહ કરીશ. આમ તો તેઓ લોકસભાની કાર્યવાહક સમિતિના સભ્ય હતા તેથી રાજપીપળા સમાચારે આ સમગ્ર ઘટનાની ભારે ટીકા કરી હતી.[118]

લોકસભાના સત્તાવાર પ્રથમ સત્યાગ્રહી તરીકેનો યશ ભદામના ભગવાનભાઈ દેસાઈભાઈને ફાળે જાય છે. તેમણે તા. ૧૮–૧૧–'૪૧ના રોજ સત્યાગ્રહ કર્યો હતો. સત્યાગ્રહીઓની સંખ્યા વધવા માંડી હતી તે તા. ૨૭–૧૧–'૪૧ના વંદેમાતરમ્ દૈનિકમાં "રાજપીપળામાં ખોલવામાં આવેલી નવી જેલો"ના શીર્ષક હેઠળ થએલી ચર્ચા પરથી માલૂમ પડે છે. અલબત્ત, રાજપીપળા સમાચારના તા. ૩૦–૧૧–'૪૧ના અંકમાં આ વાતને સત્યથી વેગળી ગણાવેલી હતી. સત્યાગ્રહની પ્રવૃત્તિથી બહેનો પણ અળગી રહી નથી. સ્ત્રીશક્તિ મણિબહેન શેઠનું નામ સ્ત્રી–સત્યાગ્રહી તરીકે જાણીતું બન્યું હતું.

---

૧૧૨ આઈ. પી. સી. અમેંડમેન્ટ એકટ ૧૯૦૮ કોલમ ૪ હ. સ. ૨. નં. ૩૫ સન્ ૧૯૪૦–૪૧

૧૧૩ હ. સ. ૨. નં. ૩૬ સન્ ૧૯૪૦–૪૧ તા. ૧૦–૨–૪૧

૧૧૪ હ. સ. ૨. નં. ૩૭ સન્ ૧૯૪૦–૪૧ જોગવાઈ એક વરસની હરકોઈ પ્રકારની કેદ તથા રૂા. ૧૦૦નો દંડ.

૧૧૫ હ. સ. ૨. નં. ૩૮ સન્ ૧૯૪૦–૪૧

૧૧૬ હ. સ. ૨. નં. ૩૯ સન્ ૧૯૪૦–૪૧

૧૧૭ હ. સ. ૨. નં. ૪૨ સન્ ૧૯૪૦–૪૧

૧૧૮ 'રાજપીપલાસમાચાર' પૂ. ૨ અંક ૪૧ તા. ૯–૧૧–૪૧ પાન નં. ૨–૩

લોકોમાં સત્યને પડખે ઊભા રહેવાની નૈતિક હિંમત વધવા માંડી હતી. સત્યાગ્રહીને ફૂલહાર કરાતા હતા. વિદાય અપાતી. આવા પ્રસંગે માનવમેદની પણ જામતી હતી. સરકારથી આ સહન ન થવાથી જાહેરનામું બહાર પાડવામાં આવ્યું કે "આથી જાહેર પ્રજાને ચેતવણી આપવામાં આવે છે કે સત્યાગ્રહીને ફૂલહાર કરવા તે તરફ પસંદગી દર્શાવવી અને ગુન્હો કરનારને ઉત્તેજન આપવુ આવા સમયે બીજા નિર્દોષ લોકો તમાશો જોવા મળે છે પરિણામે જાહેર રસ્તાનું રોકાણ થાય છે. રાહદારીના વ્યહારમાં ખલેલ આવે છે તથા જાહેર સુલેહ શાંતિનો ભંગ થવાનો સંભવ ઊભો થાય છે, માટે આવા પ્રસંગે પ્રજાએ ભેગા ન થવાની સૂચના આપવામાં આવે છે તથા કોઈ પ્રકારના દેખાવો કરવા નહીં. ગુન્હો સાબિત થતાં શિક્ષા ફરમાવવામાં આવશે.[૧૧૯] આમ છતાં પ્રજા ડગી નહીં. આમ જ હોય ને ? Nothing great was ever achieved without enthusiasm.

અલબત્ત, કેટલાક સત્યાગ્રહીઓ માફી માગી છૂટવા માંડયા હતા. રાજપીપળા સમાચારમાં તેમનાં નામઠામ તથા માફીપત્રો પ્રગટ કરવામાં આવતાં હતાં.[૧૨૦] પરંતુ છેક સુધી અડગ રહી સત્યાગ્રહ કરનારનાં નામો આ પત્રે પ્રગટ કર્યાં ન હતાં. એટલે એમ કહી શકાય કે સત્યાગ્રહની પ્રવૃત્તિ નિષ્ફળ ગઈ છે એવી હવા ફેલાવવાનો પ્રયાસ થયો હતો.

આ તારણને સમર્થન આપતી કેટલીક વિગતો આ પત્રમાંથી મળે છે તેમાં ભદામથી વા. શંકરભાઈ હરજીભાઈએ "સત્યાગ્રહથી અળગા રહેજો" એ મથાળે રાજપીપળા સમાચારને લખેલ પત્ર છપાયો હતો. ધારોલીની ગ્રામ્ય જનતાએ તેની તા. ૭–૧૧–'૪૧ની સભામાં રાજ્યે લીધેલાં પગલાં પ્રત્યે સંતોષ વ્યક્ત કર્યો હતો. શ્રી બક્ષી છોટાલાલ મોતીલાલે તા. ૨૮–૧૨–'૪૧ના રાજપીપળા સમાચારના અંકમાં સત્યાગ્રહ અને અસહકાર અંગે લેખ લખેલો અને પોતાનું મંતવ્ય દર્શાવ્યું હતું કે બારડોલી અને રાજકોટના અખતરા સફળ થયા નથી. એક પ્રતિષ્ઠિત વ્યક્તિએ માફી માંગી સત્યાગ્રહને કારણે થએલી સજામાંથી મુક્તિ મેળવી ત્યારે તે ઘટનાને ઘઉંનો કાંકરો નહીં પરંતુ ગઢનો કાંગરો ખર્યો એવા મથાળે રાજપીપળા સમાચારના તા. ૪–૧–'૪૨ના અંકમાં ચર્ચા થઈ હતી. આ પત્ર સત્યાગ્રહ (!)ની લડત દિન–પ્રતિદિન ઢીલી પડી ગઈ છે અને તેની સામે રાજ્યે પણ પોતાની ઉદારનીતિ પહેલાંની જેમ જ ચાલુ રાખી માફી આપ્યે જ રાખી છે એવાં લખાણો લખ્યા કરતું હતું. પત્રની રજૂઆત નકારી શકાય તેવી ન હતી એટલું તો સ્વીકાર્યે જ છૂટકો. આમ સત્યાગ્રહની પ્રવૃત્તિ પ્રત્યેના વિરોધની ભલે વારંવાર જાહેરાતો થઈ હોય પરંતુ સંસ્થાનના અવિધા, ભાલોદ, ઉમલ્લા, આમલેથા, ભદામ, રાજપીપળા વગેરે ગામોએ સત્યાગ્રહીઓ મોકલી આ પ્રવૃત્તિને બળ પૂરું પાડયું છે.

આમ તો પ્રજા અને સરકાર બન્ને પોતપોતાની રીતે અડગ રહેવા મથતાં હતાં પરંતુ શ્રીમંત મહારાજા વિજયસિંહનું મન સમાધાન માટે ખુલ્લું હતું તે સ્વીકારવું રહ્યું. તેઓશ્રીએ તા. ૨–૧૦–'૪૧ના રોજ લોકસભાના પ્રાણગણાતા વૈદ્ય–પુરોહિત બંધુઓને મુલાકાત આપી

---

૧૧૯ હ. સ. ર. નં. ૨૯ સન્ ૧૯૪૧–૪૨ને લક્ષમાં લઈ દીવાનશ્રીએ તા. ૨૩–૧૧–૪૧ના દિને આપેલી ચેતવણી.

૧૨૦ 'રાજપીપલાસમાચાર' તા. ૯/૧૮ નવે. ૪૧

હતી. ત્યારબાદ તા. ૮-૧૦-'૪૧ના રોજ જાહેર કરવામાં આવ્યું કે જો લોકસભાના આગેવાનો તથા નિસ્બત ધરાવતા પક્ષો શુદ્ધ અંતઃકરણનો અને વાસ્તવિક હૃદયપલ્ટો બતાવે એમની ભૂલ નિખાલસપણે અને નિઃસંકોચપણે કબુલ કરી તેને માટે માફી માગે અને ભવિષ્યમાં વાધાંભરી વર્તણૂંક નહીં રાખવાની ખાત્રી આપે તો જે જે સલામતીઓ રાખવાની જરૂર જણાય તેને આધીન રહી હાલના જે તે હુકમો પાછા ખેંચી લેવા કે તેમાં સુધારો કરવા અમે ઘણા ખુશી થઈશું.[૧૨૧]

શ્રીમંતની આ જાહેરાત સામે લોકસભાના હોદ્દેદારોએ લોકસભા પ્રત્યે વફાદારી બતાવી સમાધાન કરીને પણ લોકસભાને પુનઃજીવિત કરવાનો પ્રયાસ કર્યો હતો. તેઓ બીજું કાંઈ નહીં તો લોકસભા સામેનો અંકુશ દૂર થાય તેમ ઈચ્છતા હતા. તે માટે અંગત માફી માંગવાની અને તમામ જવાબદારી પોતાને શિરે હોવાનું સ્વીકારવા તેઓ તૈયાર થયા હતા.

પ્રજાના પ્રતિનિધિઓ અને શાસકની નિખાલસતા સમાધાનરૂપે પ્રગટ થઈ. સન ૧૯૪૧-૪૨માં પ્રતિબંધ મૂકતાં તમામ જાહેરનામાં રદ કરવામાં આવ્યાં પરિણામે લોકસભા તથા તેનાં પ્રકાશનો સામેની બંધી ઊઠાવી લેવાઈ એટલું જ નહીં પરંતુ દરબારની સેન્શરશીપ તળે તેમને પ્રસિદ્ધ કરવાની મંજૂરી અપાઈ હતી વળી જેમની વકીલાતની સનદો રદ થઈ હોય તેઓ અરજ કરે તો તેમની સનદ ચાલુ કરવા વિચાર કરવાનું કહેવામાં આવ્યું. કાનૂનભંગની ચળવળને પરિણામે કેદની સજા થઈ હોય તેમને છોડી દેવાનું ઠેરવવામાં આવ્યું હતું. કાયદાના ભંગ બદલ દંડની શિક્ષા થઈ હોય અને વસૂલ કરવાની બાકી હોય તો તે માટે અરજી કરે. માફી આપવાનું તથા જેમનો દંડ લેવાયો હોય તેઓ અરજી કરે તો તે પરત કરવાની જાહેરાત કરવામાં આવી હતી.[૧૨૨] આમ એક ડહોળાયેલું વાતાવરણ સ્વચ્છ બન્યું અને રાજા-પ્રજા વચ્ચે સંસ્થાનના પ્રશ્નોની વિચારણાની આપલેની પુનઃ તક ઊભી થઈ.

સન ૧૯૪૨થી લોકસભા નવા રાહે વળી. શ્રી વિનાયકરાવના મકાનમાં તા. ૮-૨-'૪૨ના રોજ મળેલી સભામાં રચનાત્મક કાર્યક્રમો અંગે વિચારાયું હતું. ગ્રામોદ્ધાર, સમાજસુધારણા, ગામ-સફાઈ જેવા અનેકવિધ કાર્યક્રમો લોકસભા દ્વારા અમલમાં મૂકાવા માંડ્યા. પ્રતિવરસ અધિવેશન ભરી લોકોના હિતના પ્રશ્નોની ચર્ચા કરી તેમને ઠરાવ રૂપે શ્રીમંત સમક્ષ મૂકવાની પ્રણાલી તો ચાલુ જ રહી. બીજી તરફ નવાં નવાં ઉદ્‌ભવેલાં મંડળોએ પોતાનાં જ્ઞાતિ, વર્ગ, કોમોમાં જાગૃતિ લાવવામાં અને તેમના પ્રશ્નોને વાચા આપવા સારા એવા પ્રયાસો કર્યા હતા. પ્રજા જાગૃત બની અને સુરાજતંત્રની ચાહક બની એ લોકસભાના પુરુષાર્થની ફલશ્રુતિ ગણાય.

સન ૧૯૪૭માં દેશ આઝાદ થયો. સંસ્થાનોએ પોતાની નીતિ બદલી. સન ૧૯૪૮ના પ્રારંભમાં વચગાળાની સરકાર સ્થપાઈ તેમાં સરકારના બે અને પ્રજાના ત્રણ પ્રતિનિધિઓને સ્થાન મળ્યું. ભારત સરકારની વિલિકરણની નીતિ મુજબ તા. ૧૯-૯-'૪૮ના રોજ રાજપીપલા

---

૧૨૧ તા. ૮-૧૦-૪૧ની જાહેરાત હ. જ્યુ. નં. ૧૦૬ સન્ ૧૯૪૧-૪૨ તા. ૮-૧૦-૪૧

૧૨૨ હ. સ. ર. નં. ૫૫/૪૧-૪૨

સંસ્થાનનું વિલિકરણ થતાં તે સરકાર અલ્પજીવી નીવડી. આ લોકલડતની દાસ્તાન સો વાતની એક વાત સૌ સ્વીકારે તો એ છે કે :

"બ્રહ્માંડ આ તો ગૃહ તાતનું છે,
આધાર સહુને સહુનો રહ્યો જ્યાં;
લે છે અહીં કાંઈ સહુને દઈ કાંઈ,
આભાર સહુનો સહુ ઉપરે છે."

**નિષ્કર્ષ :**

બ્રિટિશ હિંદના મુકાબલે સ્વાતંત્ર્યસંગ્રામની લડતનું સ્વરૂપ જુદું રહ્યું હતું કારણકે હિંદની રાષ્ટ્રીય મહાસભાએ પોતાની ચળવળનું કેન્દ્ર બ્રિટિશ હિંદને જ બનાવ્યું હતું. સંસ્થાનોને તેના નેજા હેઠળ રચનાત્મક કાર્યક્રમો હાથ ધરવાની છૂટ હતી. પરંતુ લોકલડત તો તેમણે પોતાના જોખમે ઉપાડવાની હતી. સંસ્થાનોની પ્રજાએ બ્રિટિશ હિંદમાં જઈ તેમ જ સ્થળ પર રહી જુદા જુદા સ્વરૂપના સંગ્રામમાં સક્રિય ભાગ ભજવ્યો હતો. આમ સંસ્થાનની પ્રજા સ્વાતંત્ર્યસંગ્રામની મૂકદર્શક બની ન હતી. તેથી સ્વાતંત્ર્યસંગ્રામનો ઇતિહાસ સંસ્થાનોની લડત બાદ કરી લખાય તો તે અધૂરોજ ગણાય. રાષ્ટ્રીય મહાસભાના અગ્રણીઓ પણ સંસ્થાનોની પ્રવૃત્તિથી અજાણ કે અતિથિ રહ્યા નથી. તેમણે તેમાં સક્રિય રસ લઈ આ પ્રવૃત્તિઓને પૂરતું બળ આપ્યું છે. રાજપીપળા સંસ્થાનમાં લોકસભાનાં અધિવેશનોમાં પૂ. ઠક્કરબાપા, પૂ. કસ્તુરબા, શ્રી રામદાસ ગાંધી, પૂ. સરદાર, શ્રી ભૂલાભાઈ દેસાઈ વગેરે મહાનુભવોએ હાજરી આપી પ્રજાને નૈતિક બળ પૂરું પાડયું હતું.

રાજપીપલા સંસ્થાનમાં સંગઠન અંગેની સમાનતા અને જાગૃતિ સૌ પ્રથમ ગ્રામીણ વિસ્તારની કાછિયા, માછી વગેરે ખેડૂત પ્રજામાં ઊગી હતી. તેને ગામડાના શેઠ શાહુકારો જેમને આધુનિક પરિભાષામાં "ગ્રામીણભદ્રો" (Rural Elites) કહેવાય, તેમનો સહકાર અને માર્ગદર્શન મળ્યાં હતાં. સ્વહિતની રક્ષા કરવાની નૈતિક હિંમત રાજાશાહીમાં સૌ પ્રથમ ગામડાની ખેડૂત પ્રજા અને ભદ્રવર્ગે દાખવી હતી તે સમગ્ર લડતની વિશિષ્ટતા છે.

સરકારી અમલદારના સૂચનમાંથી ઉદ્ભવેલ લોકસંગઠનથી રાજધાની નાંદોદનો ભદ્રવર્ગ અલિપ્ત રહ્યો હતો. પરિણામે પ્રદર્શન અસરના પ્રભાવને કારણે ગ્રામીણ ભદ્રવર્ગ અદશ્ય થતાં રાજપીપળા સંસ્થાન પ્રજાકીયમંડળ અલ્પજીવી નીવડયું હોય એમ માની શકાય.

સન્ ૧૯૨૭માં મોડે મોડે રાજધાનીના ભદ્રવર્ગને સંગઠનનું મહત્ત્વ સમજાયું અને રાજપીપલા સંસ્થાન લોકસભા અસ્તિત્વમાં આવી. રાજાપ્રજાના મીઠા સંબંધો જાળવી લોકકલ્યાણ કરવાનું વલણ એક દાયકા સુધી એકધાર્યું ચાલુ રહ્યું તેને એક વિશિષ્ટતા ગણાવી શકાય.

ખુદ શ્રીમંતે પણ પોતાના જન્મદિનની ઉજવણી કે પોતે તખ્તેનશીન થયા તે દિનની ઉજવણીપ્રસંગે આકર્ષક જાહેરાતો કરી પ્રજાની મહત્ત્વાકાંક્ષાઓને જાણેઅજાણે પ્રગટાવી અને પોષી. પરિણામે લડતને લાંબું આયુષ્ય અને ઉગ્રતા પણ મળ્યાં.

તેમ છતાં રાજા–પ્રજાના મીઠા સંબંધો જાળવવાની ઊભય પક્ષોની શુભવૃત્તિને કારણે સંઘર્ષ અને મતભેદ વચ્ચે પણ સમાધાન, ઉદારતક, સહકાર અને પ્રગતિવાદી માનસ કામ કરી ગયું.

લોકસભાની પ્રવૃત્તિને સંસ્થાન બહારની છતાં પ્રમાણિક, વફાદાર તથા દીર્ઘદષ્ટિસંપન્ન-નિષ્ઠાવાન નેતાગીરીનો પણ લાભ મળ્યો છે. લોકસભાની પ્રવૃત્તિને અને લોકસભાને લોક–આદર અને લોકસહકાર મળ્યાં હતાં. સરકારપ્રેરિત યા અન્યથા નવાં સંગઠનો ઉદ્દભવ્યાં હતાં. તેથી લોકસભાનું વ્યક્તિતત્વ ઝાંખું પડયું નહીં. લોકસભાએ પણ તેમને તેમના હિતોનું રક્ષણ કરવા તથા યોગ્ય લાગે તેવાં નવાં હિતો સાધી લેવાનું સૂચન કર્યું હતું. ગમે તેમ પણ લોકસભા અને નવાં સંગઠનો વચ્ચે સંગીન સ્પર્ધા જામી ન હતી. વિચારોનું ખંડન કરવાની પ્રવૃત્તિ નિમેલી હતી. જોઈએ છે, નથી જોઈતું, સંતોષ છે એવા ખ્યાલો જોવા મળેલા પરંતુ સત્તા શાણપણ ચૂકી નથી. લોકસભાના અગ્રણીઓએ સંસ્થાનની પવિત્રતા અકબંધ રાખી લોકસભાની સત્યાગ્રહ જેવી પ્રવૃત્તિ સામે સર્વેની જવાબદારી પોતાની ગણી અંગતમાફી માગી સમાધાન કરી તેને પુનઃજીવિત કરી હતી. આમ તેમણે નિખાલસતાપૂર્વક સંસ્થા પ્રત્યેનું ઉત્તરદાયીત્વ દાખવ્યું હતું. બન્ને પક્ષોની નિખાલસતાનું શુભ પરિણામ આવ્યું હતું.

સરવાળે લોકસભાના નેજાહેઠળ પ્રજાએ કરેલા પુરુષાર્થના ફળસ્વરૂપ જવાબદાર રાજતંત્ર મળ્યું. પ્રજાના પ્રતિનિધિઓની બહુમતીવાળું કારોબારીતંત્ર ગોઠવાયું, જે અલ્પજીવી પુરવાર થયું, કારણ કે સંસ્થાનનું વિલિનીકરણ થયું હતું. છેલ્લે સરદારશ્રીએ કરેલ અપીલ "જગતમાં ભાગ્યશાળી થવું હોય તો ભારતના મુક્તિયજ્ઞમાં હિસ્સો આપો".[૧૨૩] એળે ગઈ ન હતી તે દીવા જેવી સ્પષ્ટ વાત છે.

---

૧૨૩ બારમા અધિવેશનના પ્રમુખશ્રી સરદાર વલ્લભભાઈ પટેલનું ભાષણ: પ્રચારપત્રિકા પુ. ૪, અંક ૧૦, જાન્યુ. ૩૯ પાન નં. ૧૮૧

નોંધ: [આ લેખ માટે જરૂરી રિપોર્ટ્સ, પ્રચારપત્રિકાઓ, લોકસભા સમાચારના અંકો તથા રાજપીપલાસમાચારના અંકો આપનાર મુ. શ્રી રમણભાઈ વ્રજલાલ મહેતા (લોકસભાના અગ્રણી કાર્યકર અને સમાજસેવક) તેમજ રાજપીપલા સમાચારના તંત્રીશ્રી સ્વ. ધર્મરાય પંડ્યાના સુપુત્ર શ્રી મફતલાલ પંડયાનો હું અંતઃકરણપૂર્વક આભાર માનું છું.]

[આ લેખમાંથી કોઈપણ વિગતનો ઉપયોગ કરનારે લેખકની પરવાનગી લેવી અનિવાર્ય છે.]

## શ્રી સયાજી સાહિત્યમાળા

| | | રૂ. પૈ. |
|---|---|---|
| ૩૩૩ | **કૈલાસ**—સ્વામી પ્રણુવતીર્થજી | ૧૩=૦૦ |
| ૩૩૪ | **અંબિકા, કોટેશ્વર અને કુંભારિયા**—(સ્વ.) શ્રી. કનૈયાલાલ ભા. દવે | ૫=૫૦ |
| ૩૩૫ | **ઐતિહાસિક લેખસંગ્રહ**—(સ્વ.) શ્રી પંડિત લાલચંદ ભ. ગાંધી | ૧૮=૦૦ |
| ૩૩૬ | **હરિભદ્રસૂરિ**—પ્રો. હીરાલાલ ર. કાપડિયા | ૧૧=૦૦ |
| ૩૩૭ | **માનવસર્જિત વસ્રતંતુઓ**—શ્રી. પદ્મકાન્ત ર. શાહ (૧૯૬૪) | ૧૦=૫૦ |
| ૩૩૮ | **ભવાઈના વેશની વાર્તાઓ**—(સ્વ) શ્રી. ભરતરામ ભા. મહેતા | ૩=૦૦ |
| ૩૩૯ | **શ્રીમદ્ ભાગવત (ગુજરાતી અનુવાદ): ભાગ ૧, સ્કંધ ૧-૩**—(સ્વ.) શ્રી નાગરદાસ અમરજી પંડ્યા (૧૯૬૫) | ૮=૦૦ |
| ૩૪૦ | **ગુજરાત સ્થળનામ સંસદ વ્યાખ્યાનમાલા, ભાગ ૧** (૧૯૬૫) | ૯=૦૦ |
| ૩૪૧ | **આધુનિક ગુજરાતના સંતો ભાગ ૧**—ડૉ. કેશવલાલ ઠક્કર (૧૯૬૬) | ૯=૦૦ |
| ૩૪૨ | **કુદરતની રીતે વધુ આરોગ્ય**—શ્રી. શાંતિલાલ પ્ર. પુરોહિત (૧૯૬૭) | ૭=૫૦ |
| ૩૪૩ | **ભારત-રત્ન**—શ્રી. ઉપેન્દ્રરાય જ. સાંડેસરા (૧૯૬૭) | ૧૫=૫૦ |
| ૩૪૪ | **મહાગુજરાતના મુસલમાનો, ભાગ ૧-૨**—શ્રી કરીમ મહંમદ માસ્તર | ૧૭=૦૦ |
| ૩૪૫ | **ઓખામંડળના વાઘેર**—(સ્વ.) શ્રી કલ્યાણરાય ન. જોશી (૧૯૭૦) | ૧૩=૦૦ |
| ૩૪૬ | **પેટ્રોલિયમ**—શ્રી પદ્મકાન્ત ર. શાહ (૧૯૭૦) | ૧૩=૦૦ |
| ૩૪૭ | **પંચદશી તાત્પર્ય**—સ્વામી પ્રણુવતીર્થજી (૧૯૭૧) | ૬=૦૦ |
| ૩૪૮ | **અખો અને મધ્યકાલીન સંતપરંપરા**—(સ્વ.) ડૉ. યો. જ. ત્રિપાઠી | ૧૪=૫૦ |
| ૩૪૯ | **શ્રીમદ્ ભાગવત: ભાગ ૨**—(સ્વ.) નાગરદાસ અ. પંડ્યા (૧૯૭૨) | ૧૧=૫૦ |
| ૩૫૦ | **ચરકનો સ્વાધ્યાય, ભાગ ૧**—(સ્વ.) ડૉ. બાપાલાલ ગ. વૈદ્ય (૧૯૭૩) | ૨૬=૦૦ |
| ૩૫૧ | **ગુજરાતનો પૉટરી ઉદ્યોગ**—શ્રી. શાંતિલાલ પી. પુરોહિત (૧૯૭૫) | ૮=૭૫ |
| ૩૫૨ | **ઊંડાણનો તાગ**—શ્રી છોટુભાઈ સુથાર (૧૯૭૫) | ૧૫=૦૦ |
| ૩૫૩ | **ભારતીય વીણા**—(સ્વ.) પ્રો. રસિકલાલ એમ. પંડ્યા (૧૯૭૮) | ૩૧=૦૦ |
| ૩૫૪ | **ચરકનો સ્વાધ્યાય, ભાગ ૨**—(સ્વ.) ડૉ. બાપાલાલ ગ. વૈદ્ય (૧૯૭૯) | ૯૬=૦૦ |
| ૩૫૫ | **ચાંપાનેર: એક અધ્યયન**—ડૉ. રમણલાલ ના. મહેતા (૧૯૮૦) | ૩૬=૦૦ |
| ૩૫૬ | **દ્વારકાના પ્રદેશનો સાંસ્કૃતિક ઇતિહાસ**—(સ્વ.) શ્રી ક. ન. જોષી | ૪૪=૦૦ |
| ૩૫૭ | **આધુનિક ગુજરાતના સંતો, ભાગ ૨**—ડૉ. કેશવલાલ ઠક્કર (૧૯૭૯) | ૪૫=૦૦ |
| ૩૫૮ | **સૂર્યશક્તિ**—શ્રી. પદ્મકાન્ત ર. શાહ (૧૯૮૧) | ૫૨=૫૦ |
| ૩૫૯ | **કવિ ગિરધર: જીવન અને કવન**—ડૉ. દેવદત્ત જોશી | ૫૧=૦૦ |
| ૩૬૦ | **વનૌષધિકોશ**—પ્રો. કે. કા. શાસ્ત્રી | ૩૫=૭૫ |
| ૩૬૧ | **સહસ્રલિંગ અને રુદ્રમહાલય**—(સ્વ.) શ્રી કનૈયાલાલ ભા. દવે | ૭૯=૦૦ |
| ૩૬૨ | **વૈષ્ણવતીર્થ ડાકોર**—(સ્વ.) ડૉ. મંજુલાલ ર. મજમુંદાર | ૪૮=૦૦ |
| ૩૬૩ | **વૃદ્ધત્રયી અને લઘુત્રયી**—(સ્વ.) ડૉ. બાપાલાલ ગ. વૈદ્ય | ૩૩=૦૦ |

પ્રાપ્તિસ્થાન: **યુનિવર્સિટી પુસ્તકવેચાણ વિભાગ,**
**મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી પ્રેસ, રાજમહેલ દરવાજા પાસે,**
**રાજમહેલ રોડ, વડોદરા-૩૯૦ ૦૦૧**

# વાચન-પઠન: શાસ્ત્રીય વિભાવના

શાસ્ત્રી જયેન્દ્ર દવે*

**પ્રસ્તાવના :**

છેલ્લા કેટલાક દાયકાઓમાં, સવિશેષ છેલ્લાં વીસેક વર્ષમાં વિશ્વમાં, ખાસ કરીને અમેરિકામાં અને એની અસરરૂપે ભારતમાં, 'વાચન' (Reading) પર ખૂબ કામ થયું છે. 'વાચન'નાક્ષેત્રે; તેનાં ભૌતિક તેમ જ મનોવૈજ્ઞાનિક પાસાંઓને સ્પર્શીને વાચન-અર્થ-ગ્રહણ, શબ્દભંડોળ, વાચનસામગ્રીની વાચ્યતા (Readability) જેવા અનેક મુદ્દાઓ પર અઢળક સંશોધનો વિદેશોમાં અને ભારતમાં પણ થયાં છે. વિદેશોમાં (અને એની અસરરૂપે ભારતમાં) થયેલાં વાચન-ક્ષેત્રનાં સંશોધનો અને સૈદ્ધાન્તિક લખાણોના અભ્યાસના આધારે જો કોઈ અભિપ્રાય આપવો હોય તો એમ કહી શકાય કે, એ બધું જ મહદંશે અંગ્રેજીભાષાની વાચ્ય સામગ્રીના ખ્યાલથી થયું છે; તથા આ સંશોધનોને અધ્યેતાના વાચનના વિભિન્ન મુદ્દાઓની ક્ષમતા તપાસવામાં જેટલો રસ છે તેટલો કઈ રીતે વાંચવું? વાંચતાં કેવી રીતે શીખવું? વાંચતાં કેવી રીતે શીખવવું? જેવા પ્રશ્નોમાં રસ હોય એવું લાગતું નથી. વિભિન્ન વયકક્ષાના વિદ્યાર્થીઓની વાચનક્ષમતા, અર્થગ્રહણક્ષમતા, શબ્દભંડોળ વિશે સંશોધન કરી, જે તે ક્ષમતાઓનું આંકડાશાસ્ત્રમાં રૂપાન્તર કરી પરિણામ કહી દેવું એ એક બાબત છે; અને સારી રીતે વાંચી બતાવવું, સારું વાચન કોને કહેવાય એનો માનદંડ (Criterion) નક્કી કરી બતાવવો તથા ખરાબ વાચન કોને કહેવાય-ખરાબ વાચન કેવું હોય એ નક્કી કરવું, ગદ્ય અને તેનાં વિભિન્ન સ્વરૂપોનું વાચન કેવી રીતે કરવું, કવિતા કેવી રીતે વાંચવી, એ બધું નિર્ધારિત કરવું એ તદ્દન જુદી જ બાબત છે. એટલે વાચનના સંશોધક અને એણે કરેલાં સંશોધનો જોતાં એમ કહી શકાય કે વાચનક્ષમતાનો સંશોધક સારો વાચક ન હોય તો પણ ચાલી શકે. [બુદ્ધિ વિશે સંશોધન કરનારો સ્વયં બુદ્ધિમાન હોય અને દર્દ મટાડનારો તબીબ સ્વયં નીરોગી હોય એ અનુક્રમે સંશોધનપદ્ધતિશાસ્ત્ર અને તબીબી વિજ્ઞાનમાં જરૂરી ગણાયું નથી; એ આજના આ વિજ્ઞાનોની આગવી લાક્ષણિક્તા છે]. આ મુદ્દાઓને ધ્યાનમાં રાખી ભારતીય ભાષાના વાચન વિશે કંઈક કામ કરવાના આશયથી સંસ્કૃત સાહિત્યશાસ્ત્રના× વિચારકોએ વાચન-પઠન વિશે શું વિચાર્યું છે તેનો એક ગવેષણાત્મક (inquiry) અભ્યાસ અહીં પ્રસ્તુત કર્યો છે. પ્રકૃત અભ્યાસની મર્યાદા એ છે કે, તે હાલના તબક્કે તો સંસ્કૃતભાષાના વાચન-

---

**'સ્વાધ્યાય'**, પુ. ૨૪, અંક ૧, દીપોત્સવી અંક, નવેમ્બર '૮૬, પૃ. ૬૭-૮૦.

* ડી-૫૮ યુનિવર્સિટી સ્ટાફ કૉલોની, વલ્લભવિદ્યાનગર-૩૮૮ ૧૨૦, વાયા આણંદ.

× ભાષા-અધ્યયન અને અધ્યાપન વિશે સંસ્કૃતમાં સાહિત્યેતરશાસ્ત્રોમાં ઘણું કામ થયું હોવાનું સંશોધન આ લેખકે કર્યું છે; પરંતુ વાચન-પઠન વિશે મહદંશે સાહિત્ય અને અલ્પાંશે શિક્ષામાં કામ થયું હોવાનું પ્રસ્તુત ગવેષણામાં નોંધાયું છે.

પઠનની જ વાત કરી છે; પરન્તુ આના આધારે ગુજરાતીની વાચ્ય* સામગ્રીનાં ઉદાહરણ તારવી તેના વાચનનો નિકષ પણ બનાવી શકાય.

## માહિતીના સ્રોત :

સંસ્કૃતસાહિત્ય વિચારના તાર્કિક ગઠન અને તથ્યોના સૂક્ષ્મ વિશ્લેષણ તરફનો અનુરાગ ધરાવે છે. સંસ્કૃત વાઙ્મયના પદ્ધતિશાસ્ત્રની આ લાક્ષણિકતા પ્રાચીન ભારતમાં ઉદ્‌ભવી કાળક્રમે વિકસેલાં મોટાભાગનાં શાસ્ત્રોની પ્રત્યેક જ્ઞાનશાખામાં સવિશેષ દૃષ્ટિગોચર થાય છે. એનું કારણ એ છે કે પ્રત્યેક શાસ્ત્ર અધ્યયન–અધ્યાપનના પદ્ધતિશાસ્ત્ર પર જ આધારિત હોઈ આ શાસ્ત્રોને અધ્યયન–અધ્યાપનની પદ્ધતિઓનો, વિદેશોમાં અને ભારતમાં વૂડના ખરીતાથી શરૂ થયેલી ઔપચારિક શિક્ષણવ્યવસ્થામાં કરવું પડ્યું છે તેમ, અલગ વિચાર–અલગ નિરૂપણ કરવું પડ્યું નથી. વિદેશોમાં વિકસેલાં કાવ્યાદિ શાસ્ત્રો અધ્યયન–અધ્યાપનના પદ્ધતિશાસ્ત્રના આધારે વિકસ્યાં ન હોઈ, એ શાસ્ત્રોના અધ્યયન–અધ્યાપન માટેનાં મનોવિજ્ઞાન, સિદ્ધાન્તો (તત્ત્વજ્ઞાન) અને પદ્ધતિઓનો અલગ રીતે જુદા જ વિચારકોએ વિચાર કરવો પડ્યો છે. જ્યારે ભારતમાં તો જેમણે વેદાન્તાદિશાસ્ત્રની રચના કરી, એ જ વેદાન્તના અધ્યાપકો હતા; તેથી તેઓ ભણાવતાં ભણાવતાં જ શાસ્ત્રનું નિર્માણ કરતા ગયા અથવા તેથી ઊલટું. પરિણામે શીખનારને ધ્યાનમાં રાખીને જ શાસ્ત્રોની રચના થઈ હોઈ, અહીં શાસ્ત્રનો અર્થ જ જ્ઞાનની પારિપાટિકતા (Systematization of knowledge) એવો થાય છે. શાસ્ત્રોની સ્વરૂપગત સંરચના મુખ્યત્વે તર્કનિષ્ઠ હોવા છતાંય મનોવૈજ્ઞાનિક પાસું આ શાસ્ત્રકારોના ધ્યાન બહાર જ હતું એમ કહી શકાય નહિ.

સંસ્કૃતમાં **प्रातिशाख्य**+ અને **शिक्षा**માં$ ઉચ્ચારવિજ્ઞાન (Phonetics)નો એ રીતે વિકાસ થયો છે કે, આજ દિવસ સુધી એ ભાષાની શુદ્ધતા જાળવવામાં તે ઉપકરણાત્મક મૂલ્ય (instrumental value) રૂપ બની રહ્યું છે. સંસ્કૃતમાં શિક્ષણકાર્ય દરમિયાન વર્ગમાં જો શુદ્ધ ઉચ્ચારણ સિદ્ધ ન થતું હોય તો સંસ્કૃત શીખવાય છે યા શિખાય છે એમ કહી જ ન શકાય. ઉચ્ચારશાસ્ત્રના પ્રણેતાઓએ શુદ્ધ ઉચ્ચારણની મહત્તા તેમ જ સારાં વાચન–પઠન વિશે કરેલાં ચિન્તનીય એવાં સૂચનો **पाणिनीय शिक्षा, नाटचशास्त्र** તથા **काव्यमीमांसा**માં જોવા મળે છે, જે પશ્ચિમી દેશોનાં અદ્યતન પુસ્તકોમાં જોવા મળતાં સૂચનો સાથે બહુધા મળતાં આવે છે.

## વાચન–પઠનની વિભાવના :

**पाणिनीय शिक्षा** ધ્વનિના ઉદ્‌ભવ માટેના આભ્યન્તર અને બાહ્ય પ્રયત્નનું નિરૂપણ કર્યા પછી, પ્રત્યેક વર્ગના વર્ણોના મુખસ્થ ઉચ્ચારણ–સ્થાનો નિશ્ચિત કરી; એ વર્ણોનાં શુદ્ધ ઉચ્ચારણ

---

* આમ તો 'વાચ્ય' શબ્દનો અર્થ to be spoken થાય પરંતુ અમારી શિક્ષણ–વિદ્યા-શાખાના સંશોધકોએ તે to be readના અર્થમાં રૂઢ કરી નાખ્યો હોઈ, એ જ રાખ્યો છે.

+ વેદની પ્રત્યેક શાખામાંના શબ્દોમાં ઉચ્ચારણભેદ તથા ઉચ્ચારરીતિ શીખવતો વ્યાકરણિક પ્રબન્ધ. પ્રાતિશાખ્યો ચાર છે–એક ઋગ્વેદની શાકલ શાખા માટે, શુક્લ અને કૃષ્ણ યજુર્વેદ માટે એક એક તથા અથર્વવેદ માટે એક.

$ છ વેદાંગોમાંનું એક શબ્દના સાચા ઉચ્ચારણ, સુશ્લિષ્ટ સ્વરના નિયમો શીખવતું શાસ્ત્ર.

કઈ રીતે થવાં ઘટે તે દર્શાવે છે. **नाटयशास्त्र**ની દષ્ટિએ પાઠ્ય વા વાચ્યસામગ્રી વિભિન્ન વર્ગોમાં વિભાજિત શબ્દોથી બનેલી હોય છે–સ્વર, વ્યંજન, સન્ધિ અથવા તેની શ્રુતિમધુર સંયોજના, રૂપાખ્યાનો–સંજ્ઞાઓ–ક્રિયાઓ, પૂર્વાનુપ્રત્યયો, અવ્યયો, અને નામ તેમ જ ક્રિયાઓની વિશિષ્ટ છટાઓ આદિ. આ શબ્દોનાં ઉચ્ચારણ સાથે અંગવિક્ષેપ ( Gestures ) સંકળાતાં વાંચતી કે પઠન કરતી વખતે જે વાકયોચ્ચારણ થાય તે **वाचिकाभिनय** કહેવાય.

મહામુનિ ભરત–અભિમત સારા વાચન–પઠનની વિભાવનામાં (૧) સ્વરસપ્તક, (૨) ઉચ્ચારતન્ત્રનાં ત્રણ સ્વરોદ્દભવસ્થાનો, (૩) ચાર સ્વરાઘાત યા વર્ણાઘાત ( accents ), (૪) **काकु** ( intonations )ની વિવિધતા, (૫) ૭ પાઠ્યાલંકાર અને (૬) ૭ પાઠ્યાંગોનો સમાવેશ થાય છે.

## [૧] સ્વરસપ્તક :

સાત સ્વર એટલે ષડ્જ, ઋષભ, મધ્યમ, પંચમ, ધૈવત અને નિષાદ. આ સ્વરો માત્ર સંગીતમાં યા ગાવામાં જ ઉપયોગના છે એ માન્યતા ભૂલભરેલી છે. સામાન્ય વાગ્વ્યવહાર અને વાચન–પઠનમાં પણ આ સ્વરોને વિભિન્ન રસ અનુસાર ઉપયુક્ત સ્થિતિમાં રાખવાની ભલામણ ભરતમુનિએ કરી છે. આ સાત સ્વરોને વિભિન્ન રસોને અનુકૂળ બનાવવા એટલે[૧] હાસ્ય તથા શૃંગાર રસમાં **मध्यम** તથા **पञ्चमं** સ્વર, વીર, રૌદ્ર અને અદ્દભુતની અભિવ્યક્તિ માટે, **गान्धार** અને **निषाद** કરુણની અભિવ્યક્તિ માટે, તથા બિભત્સ અને ભયાનક માટે **धैवत** સ્વર રાખવો.

આમ, વાચન–પઠન શીખવવાનું કામ ભાષાના શિક્ષકો ( ખાસ કરીને પોથી પંડિતો )નું નથી, એ કામ તો તેના સાચા અર્થમાં શાળામાંના સંગીતના શિક્ષકોનું છે. મારા જેવા લકીરના ફકીરોને સંગીતનું શિક્ષણ આપી એમના ગળામાંથી ષડ્જ કઢાવવાનો વ્યાયામ કરવો એના કરતાં સંગીતના શિક્ષકોને વાચન–વિજ્ઞાનનું થોડુંઘણું પ્રશિક્ષણ આપી, શાળા–મહાશાળામાં સંગીત ઉપરાંત વાચનના તાસ આપવામાં આવે તો જ આવતી કાલે શ્રી જ્યોતીન્દ્ર દવેના નિબન્ધ વાંચી તેમાનું હાસ્ય અભિવ્યક્ત કરવાની કે વાંચી બતાવીને શ્રી સુન્દરમનો શૃંગાર અભિવ્યક્ત કરવાની શકયતા જન્મશે; એ આ લેખનું મુખ્ય તારણ છે.

## [૨] સ્વરોદ્દભવસ્થાનો :

સ્વરનાં ત્રણ સ્થાનો યા અંગો છે. ઉરસ્થલ–ફેફસાં, કંઠ વા શ્વસનતન્ત્ર, મસ્તિષ્ક યા

---

१ हास्य श्रृङ्गारयो: कार्यौ स्वरौ मध्यम पञ्चमौ ॥ ३८ ॥
षड्जर्षभौ तथा चैव वीररौद्राद्भुतेष्वथ ।
गान्धारश्च निषादश्च कर्तव्यौ करुणे रसे ॥ ३९ ॥
धैवतश्चैव कर्तव्यो बीभत्से सभयानके । [ नाटयशास्त्रम्* अ. १९ ]

* श्री भरतमुनि : नाटयशास्त्रम्, सम्पादक व्याख्याकार श्री बाबूलाल शुक्ल शास्त्री, चौखम्भा संस्कृत संस्थान, वाराणसी, प्रथम संस्करण, सं. २०३५

તાલુ.* આ સ્થાનોમાંથી मन्द्र, मध्य અને तार સ્વરમાંનો ( Pitches )નો અવાજની મૂર્ચ્છના–યુક્તિ ( modulation of voice ) દરમિયાન ઉદ્ભવ થાય છે. ગ્રહિતા જ્યારે પ્રયોક્તાથી દૂર હોય અને પ્રયોક્તા જે કાંઇ કહે તે સ્વર तार, ગ્રહિતા નાતિ દૂર હોય અને પ્રયોક્તાએ જ સ્વર કાઢવો પડે તે मध्य તથા ઉભય નિકટ હોતાં પ્રયોક્તા જે સ્વર જન્માવે તે मन्द्र.[2] વાતચીતમાં સામાન્યતયા મધ્યસ્વરનો ઉપયોગ થાય છે. પરંતુ વાચન–પઠનમાં વાક્ય અન્તઃસ્થ मन्द्र સ્વરથી આરંભાઈ તાલવ્ય પ્રતિ तार સ્વરને પામતું કંઠમાં मध्य સ્વરે વિરામ પામવું ઘટે. એમાં પણ प्रसाद[3] ગુણસમ્પન્ન કાવ્યમાં પઠનમાં અવાજને मन्द्र સ્વરે લાવવાનો તથા ओजस्[4] ગુણસમ્પન્ન કાવ્યમાં અવાજને तार સ્વરે લાવવાનો પ્રયત્ન થવો ઘટે.

## [ ૩ ] વર્ણાઘાત–સ્વરાઘાત ( Accents ) :

વર્ણાઘાત ચાર છે : (૧) उदात्त–ઉચ્ચધ્વનિથી બોલાતો સ્વર,[5] (૨) अनुदात्तः જે સ્વર નીચા ધ્વનિથી બોલાય તે[6] (૩) स्वरित्तः ઉદાત્ત અને અનુદાત્તની વચ્ચેના ધ્વનિથી

---

* સ્વરોની ઉત્પત્તિ નાદથી થઈ. જીવાત્મા જ્યારે બોલવાની ઈચ્છા કરે ત્યારે સર્વ પ્રથમ તેને માનસિક પ્રેરણા થાય છે. મન શરીરમાંના અગ્નિને પ્રેરિત કરે છે, અગ્નિ પવનને અને પવન નાભિ-સ્થાનેથી ઉદ્ભવી ક્રમશઃહૃદય, કણ્ઠ અને મસ્તિષ્કમાં ગતિ ઉત્પન્ન કરતો કરતો અન્તે મુખ દ્વારા ધ્વનિરૂપે પ્રગટ થાય છે. આ નાભિસ્થાનમાંથી ઉત્પન્ન ધ્વનિને સૂક્ષ્મ સ્વરૂપે નાદ કહે છે. આ નાદના ત્રણ પ્રકાર છે. હૃદયમાંથી ઉત્પન્ન નાદને मन्द्र, કંઠમાંથી ઉત્પન્ન નાદને मध्य તથા મસ્તિષ્કમાંથી ઉત્પન્ન નાદને तार કહે છે. અહીં આ જ આશયથી ભરતમુનિએ સ્વરોના સ્થાનોનો નિર્દેશ કર્યો છે.

૨ उरसः शिरसः कण्ठात् स्वरः काकु प्रवर्तते ।
आभाषणञ्च दूरस्थे शिरसा सम्प्रयोजयेत् ॥ ४१ ॥
नातिदूरे च कण्ठेन हृचुरसा चैव पार्श्वतः । ( भ. ना. अ. १९ )

૩ प्रसाद એટલે શુષ્ક કાષ્ઠમાં વ્યાપ્ત અગ્નિની જેમ સહૃદય ભાવક અને સર્જકના ચિત્તમાં વ્યાપ્ત નિર્મળતા. प्रसाद બધા જ કાવ્ય–રસોનો ધર્મ યા સ્વરૂપવિશેષ છે, અને તેની ઉપસ્થિતિ સકલ રચનાઓની વિશેષતા ગણાય. આ प्रसादનાં અભિવ્યંજક સાધનો એટલે શ્રવણ થતાં જ જેના અર્થ ઝગમગી ઊઠે એવા શબ્દોની યોજના ( જુઓ સાહિત્યદર્પણ પરિચ્છેદ ૮, काव्यप्रकाश ૮મ उल्लास, ध्वन्यालोक लोचन २य उद्योत ).

૪ ओज એટલે ચિત્તની વિસ્તૃતિ યા ઉષ્ણતાના સ્વરૂપવાળી સહૃદયહૃદયની દીપ્તિ યા પ્રજ્વલિતતા. આ ઓજ વીર, બીભત્સ અને રૌદ્રરસમાં ઉત્તરોત્તર ઉત્કૃષ્ટ સ્વરૂપે વિરાજમાન હોય છે. ઓજનાં અભિવ્યંજક સાધનો :

(અ) क વર્ગ આદિવર્ગોના પ્રથમ ( क, च, ट, त, प ) અને તૃતીય ( ग, ज, ड, द, ब ) વર્ણોનો, પોત-પોતાના અન્ત્યવર્ણ ( વર્ગોના પ્રથમ વર્ણોના અન્ત્યવર્ણ ख, छ, ठ, थ, फ ) અને વર્ગોના તૃતીયવર્ણના અન્ત્યવર્ણ ( घ, झ, ढ, ध, भ )ના સંયોગ ( જેમકે પુચ્છ, બુદ્ધ ), નીચે, ઉપર અથવા બન્ને બાજુથી સંયુક્ત રેફ ( જેમકે વક્ષ, નિર્હ્રાદ ), સંયુક્ત અથવા અસંયુક્ત ट, ठ, ड અને ढ, શકાર અને ષકાર,

(બ) દીર્ઘ સામાસિક રચના, (ક) ઔદ્ધત્યપૂર્ણ પદયોજના.

૫ उच्चैरुदात्तः ( पा. व्या. १-२-२९ )

६ नीचैरनुदात्तः ( ,, ,, १-२-३० )

બોલતો સ્વર,[૭] અને (૪) **कम्पित**: સ્વરિત ધ્વનિનું પરિષ્કૃત સ્વરૂપ આનો ઉપયોગ મહદંશે વૈદિક સંસ્કૃતમાં થતો હોઈ, માત્ર પ્રશિષ્ટ સાહિત્યનો જ અભ્યાસ કરવામાં રસ ધરાવનારને તે વધુ ઉપયોગી નથી.

## [૪] काकु (Intonation):

ભરતમુનિ ઉપરાન્ત રાજશેખરે **काव्यमीमांसा**માં **काकु**નું વિગતે નિરૂપણ કર્યું છે. **काकु** સંસ્કૃતમાં સ્ત્રીલિંગ શબ્દ છે. તે હર્ષ, શોક, ભય, આશ્ચર્ય, ક્રોધ, દ્વેષ આદિ મનોભાવોને અનુરૂપ ઉચ્ચારણ યા બોલવાનો ધ્વનિવિશેષ હોઈ, રાજશેખરના મતે **काकु** સારા વાચન-પઠનની એક એવી ગુણવત્તા છે; જે સાહિત્યિક અંશના ઉચિત અર્થને અભિવ્યક્ત કરે છે તેથી આ **काकु**નો પ્રયોગ કેવળ લૌકિક જ નથી, પરન્તુ શાસ્ત્રોમાં તો તેનું સામ્રાજ્ય છે અને **काव्यस्याप्येष जीवितम्** કાવ્યનું તો જીવન જ **काकु** છે. ઉચિત રીતે પ્રયુક્ત **काकु** દ્વારા અન્ય અર્થની નિઃસંદેહ અને ત્વરિત પ્રતીતિ થતી હોઈ તે ચતુર વ્યક્તિની ભાવનાને સુપેરે વ્યક્ત કરે છે, માટે કવિતાની રચના કરનારા કવિએ **काकु** યુક્ત વાક્યોની એ રીતે રચના કરવી જોઈએ, તથા બુદ્ધિમાન વાચકે એ એવી રીતે વાંચવું જોઈએ કે જેથી નિબન્ધનો ભાવ સ્પષ્ટ રીતે ચમત્કારી પ્રતીત થાય[૮] આમ, સુબોધ અને પ્રવાહી એવી **वैदर्भीरीति** સમાસબહુલા **गौडीरीति** તથા ઉભયમાં મધ્યમ એવી **पाञ्चाली** રીતિ[૯] એ ત્રણેય રીતિઓ (Styles)ને ધ્યાનમાં રાખી વાચકે તેના વાચનમાં **काकु**નો ઉપયોગ કરવો જોઈએ.

**काकु**ના મુખ્ય બે પ્રકાર છેઃ સાકાંક્ષ અને નિરાકાંક્ષ. જે **काकु** વાક્યના અર્થની અપૂર્ણતાને કારણે આકાંક્ષા અભિવ્યક્ત કરતો હોય, તે સાકાંક્ષ **काकु** છે. એટલે સાકાંક્ષ **काकु** દ્વારા હવે પછી ઉચ્ચારાનાર અન્ય વાક્યનું ગૃહીત ન થાય ત્યાં સુધી જે તે ઉચ્ચરિત વાક્યનો અર્થ અપૂર્ણ હોવાનું સૂચવાય છે. જ્યારે આકાંક્ષિત બીજું વાક્ય ઉચ્ચારાય ત્યારે જે ઉચ્ચરિત **काकु** દ્વારા અર્થની પૂર્ણતા વ્યક્ત થાય તે નિરાકાંક્ષ **काकु**. સાકાંક્ષ **काकु**ના આપત્તિ-અપવાદ, પ્રશ્ન તથા અટકળને અભિવ્યક્ત કરવા માટે ત્રણ પેટા વિભાગો પડે. એ જ રીતે નિરાકાંક્ષ **काकु**ના પણ વિધાન, જવાબ અને નિર્ણયને વ્યક્ત કરવા માટે ત્રણ પેટા વિભાગો પડે. **काकु**ના યોગ્ય પ્રયોગ દ્વારા એક જ વાક્યને પૂર્ણ યા અપૂર્ણ સ્વરૂપે ઉચ્ચારી શકાય.

---

૭ समाहारस्वरित: ( पा. व्या. १-२-३१ )

८ अयं काकुकृतो लोके व्यवहारो न केवलम् ।
शास्त्रेष्वप्यस्य साम्राज्यं काव्यस्याप्येष जीवनम् ॥
कामं विवृणुते काकुरर्थान्तरमतन्द्रिता ।
स्फुटीकरोति तु सतां भावाभिनयचातुरीम् ॥
इत्थं कविर्निबध्नीयादित्थं च मतिमान्पठेत् ।
यथा निबन्धनिगदश्छायां काञ्चिन्निषिञ्चति ॥

राजशेखर: **काव्यमीमांसा** [ अनु. शर्मा केदारनाथ ], बिहार राष्ट्रभाषा परिषद्, पटना, सन् १९५४, अ. ७.

९ જુઓ वामन: **काव्यालङ्कार**, १-२-१७.

આમ, જે વાક્યમાં આપત્તિ, પ્રશ્ન કે અટકળ વ્યક્ત થતાં હોય તે જ વાક્યમાં **काकु** પરિવર્તન દ્વારા અનુક્રમે વિધાન, ઉત્તર અને નિર્ણય વ્યક્ત થઈ શકે. એ અર્થમાં **काकु**ના મુખ્ય બે પ્રકારો તથા તેના પેટા પ્રકારો પારસ્પરિક સમ્બન્ધ ધરાવે છે એમ કહી શકાય. પારસ્પરિક સમ્બન્ધ ન ધરાવતા હોય અને છતાં ય કેટલીક સૂક્ષ્મ અનુભૂતિઓ વ્યક્ત કરતા **काकु**ના અગણિત પ્રકારો છે. તે સ્વીકૃતિ, વિનવણી, ઉપહાસ, સમ્મતિ, અનુમતિ, સકારાત્મકતા, લાગણીની ગુપ્તતા, ખેદ, પશ્ચાત્તાપ, અણઘડપણું, પ્રોત્સાહન, તીવ્ર ઇચ્છા, આતુરતા, વિષાદ–મનોભંગ–ઉદાસી સૂગ, કંટાળો આદિ આદિ સૂચવતા હોય છે. વાક્ય અને કાવ્યમાંની નાનાવિધ અનુભૂતિઓ વ્યક્ત કરવા માટે વિભિન્ન **काकु**ઓ એકથી વધુ રીતે યોજી શકાય. શુદ્ધ ઉચ્ચારણ સાથે સંયોજાતા **काकु** માત્ર અર્થપરિવર્તન જ કરતા નથી, પણ **वाचिकाभिनय**માં પ્રશિક્ષિત વ્યક્તિના કૌશલને છતું કરે છે. જેવી રીતે સારો અવાજ પૂર્વજન્મમાં કરેલા અનેક પુનરાવર્તિત અવાજ અનુશીલનો ( Practices )ના પરિણામે પ્રાપ્ત થાય છે, તે જ રીતે વાચનક્ષમતાની શ્રેષ્ઠતા અનેક જન્મોના અન્તે પ્રાપ્ત થાય છે.[10]

## [૫] પાઠ્યાલંકાર :

વાચન–પઠનને મોહક અને સુશોભિત કરનાર છ અલંકારો છે; અને તે **तार**, **मन्द्र** અને **मध्य** એવા સ્વરમાન ( Pitch )નાં વિભિન્ન સ્વરૂપો છે. **तारस्वर**ના ઉચ્ચ અને દીપ્ત, **मन्द्रस्वर**ના **मन्द्र** અને નીચ, તથા **मध्यस्वर**ના દ્રુત અને વિલંબિત એવા પેટાવિભાગો પડે.[11]

ઉચ્ચધ્વનિ **तार** સ્વરમાનનું જ સ્વરૂપ છે. એ સ્વર **मस्तिष्क** યા તાલુમાંથી ઉદ્‌ભવે. તેનો ઉપયોગ વાચ્ય સામગ્રીમાં દૂર ઊભેલા માણસની સાથે વાત કરતાં કે તેને બોલાવતાં, આશ્ચર્ય વ્યક્ત કરતાં કે સામેના માણસને ભડકાવતાં તથા શબ્દોની ઉગ્ર આપ–લેમાં થાય. દીપ્ત ધ્વનિ પણ મસ્તિષ્ક યા તાલુમાંથી જ ઉદ્‌ભવતો હોવા છતાં ય તે ઉચ્ચ વા **तार** સ્વર કરતાં વધુ તીવ્ર હોઈ, કલહ, વિવાદ, રદિયો આપવા કે ખંડન કરવામાં, બકવાટ યા લવારામાં, હિંસા, ઠપકામાં, ક્રોધ, શૌર્ય, દુમાખી, નિર્દયતા–કઠોરતામાં વ્યક્ત થાય.

**मन्द्र** ધ્વનિ વક્ષ–છાતી અને **क्लोम** ફેફસામાંથી ઉદ્‌ભવે છે. તેનો ઉપયોગ નિરાશા, વિષાદ, થાક, ઉતાવળ, ભીતિ, વ્યગ્રતા, દયનીય પરિસ્થિતિ, માંદગી, આઘાત, પડવા–વાગવાથી થતી ઈજા, મન દુભાવું, મૂર્છા અને નશાને વ્યક્ત કરવા માટે થાય. **नीच** ધ્વનિ વક્ષ–છાતીમાંથી જ ઉદ્‌ભવતો અને છતાં ય **मन्द्र**થી નીચો હોય છે. તે સામાન્ય રીતે મનની હળવાશને વ્યક્ત કરે છે; છતાં ય તેના આત્યન્તિક સ્વરૂપે તે માંદગી, થાક, ભીતિ, આઘાત, ઈજા, આદિનો સૂચક બને છે.

**मध्य** સ્વરમાનના બે વૈવિધ્યમાં **द्रुत** એક છે. તે ખચકાટ, ક્ષોભજનિત આવર્તન, કામાતુરતા, ભીતિ, સીત્કાર, પીડા, કષ્ટ, ક્લેશ, સંતાપ આદિ અભિવ્યક્ત કરવા માટે કંઠના

---

१० यथा जन्मान्तराभ्यासात्कण्ठे कस्यापि रक्तता ।
तथैव पाठसौन्दर्यं नैकजन्मविनिर्मितम् ॥ (का. मी. अ. ७)

૧૧ પાઠ્યાલંકારની ચર્ચા ભરતમુનિના नाटयशास्त्र ( op. cit ) અ. ૧૯ પર આધારિત છે.

ઉપજિહ્વા પ્રદેશમાંથી ઝડપથી ઉત્પન્ન થાય છે. **મધ્ય** સ્વરમાનનો **વિલમ્બિત** ધ્વનિ પ્રણય-ભાવ, તર્ક, અનુમાન, વિમર્શ, અમર્શ-કોપ, ઈર્ષ્યા, **ગદ્‌ગદ્‌** વાણી, લજ્જા-શરમ, વ્યગ્રતા, ભર્ત્સના, આશ્ચર્ય, દોષાન્વેષણ, દીર્ઘ અસુખને અભિવ્યક્ત કરવા માટે ઉપજિહ્વા પ્રદેશમાંથી ધીમે ધીમે પ્રકટ થાય.

સ્વરમાન અને **કાકુ**ઓના આ પાશ્ચાલંકારોમાં નાનાવિધ સ્થાનવિનિમય અને સમ્મિશ્રણો દ્વારા વાચનમાં અનેકવિધ લાગણીઓનાં મિશ્રણો બતાવી શકાય, એટલે કે :

[ અ ] જ્યારે પ્રણય, હાસ્ય-વિનોદ, અને કરુણાનું વાચન થતું હોય ત્યારે વિલમ્બિત સ્વરમાનનો ઉપયોગ થાય.

[ બ ] જ્યારે વીરરસ, રોષ અને વિસ્મયનું વાચન થતું હોય ત્યારે **કાકુ**નું સ્વરમાન દીપ્ત અને ઉચ્ચ હોય.

[ ક ] જ્યારે ભીતિ, સૂગ, નફરત, કંટાળો વગેરેને વાચનમાં અભિવ્યક્ત કરવાનાં હોય ત્યારે સ્વરમાન દ્રુત અને નીચ હોય.

આવાં સમ્મિશ્રણો ખૂબ જ સૂક્ષ્મ હોઈ, તેની સૂચિ બનાવતા જવાનું મુશ્કેલ થઈ પડે.* તેથી આ મુદ્દો આવી રીતે લખી લખીને સિદ્ધાન્તીકરણ કર્યા કરવાનો ન હોતાં, નિરન્તર અનુશીલન ( Practice )નો છે. માનવીય વાગ્વર્તનનાં ઝીણવટભર્યાં નિરક્ષણ તેમ જ આ અનુકરણશીલ કૌશલનાં અનેક આવર્તનો કરાવીને નાનાવિધ લાગણીઓનાં મિશ્રણો વાચન દ્વારા અભિવ્યક્ત કરતાં શીખવી શકાય.

## [ ૬ ] પાઠ્યાંગ :

અન્તતઃ વાચનનાં ષડંગ-છ અંગો છે તેમાં વિચ્છેદ યા વિરામ ( Pause ), **अर्पण** અનુનાદ ( Resonance ) **विसर्ग**-અવધારણ ( emphasis ), **अनुबन्ध**-વાગ્રીતિ ( Phrasing ) **दीपन**-અવાજનો આરોહ **प्रशमन**-અવાજના અવરોહનો સમાવેશ થાય છે.

[ अ ] **વિચ્છેદ યા વિરામ :** કાં તો વાક્યના અર્થની પૂર્ણતા સાથે અથવા વ્યવહારમાં દેખાય છે તેમ એક, બે, ત્રણ યા ચાર અક્ષરો પછી નિશ્ચિત આશયથી જ વિરામ થવો જોઈએ. આવા આશયમૂલક યા મનોવૈજ્ઞાનિક વિરામો અર્થના પ્રતિનિધિ જેવા હોઇ

---

* ગુજરાતીની વાચ્ય સામગ્રીમાંથી ઉદાહરણો આપવાનું જો કે અહીં શક્ય નથી, છતાંય સ્વ. કાન્તના **વસન્તવિજય**માં પ્રથમ બે પંક્તિઓ 'નહીં નાથ...( વગેરે ) તથા ૧૪મી પંક્તિના પ્રથમ ચરણના ઉચ્ચારણમાં તાર સ્વરનો ઉચ્ચ ધ્વનિ અભિપ્રેત છે. એ જ કાવ્યમાં 'નથી શું કુંતાજી ?' ( વગેરે )માં વ્યગ્રતાસૂચક મન્દ્ર ધ્વનિ, એ જ છન્દની બીજી પંક્તિમાં સાકાંક્ષ અને નિરાઃકાંક્ષ કાકુનું સંયોજન, એ જ છન્દની ત્રીજી અને ચોથી પંક્તિ તથા શ્રી ઉમાશંકર જોષીના '**ચાલને, ચૈત્રની ચાંદની રાતમાં ચાલીએ**'માં બે તદ્દન ભિન્ન મનઃસ્થિતિવાળા કાવ્યનાયકોનો પ્રણયભાવ અનુક્રમે मध्यविलम्बित તથા मन्द्रनीच ધ્વનિની અપેક્ષા સૂચવે છે એમ કહી શકાય.

છન્દોબદ્ધ રચનામાં યતિસ્થાનોથી વિભાજિત થઈ શકે. તેથી જ માત્ર ગદ્યના વાચનમાં જ નહિ, કાવ્યના પઠનમાં પણ શબ્દાનુસારી યા વૃત્તાનુસારી વિરામની અપેક્ષા મનોવૈજ્ઞાનિક યા અર્થાનુસારી વિરામો પર વધુ ધ્યાન કેન્દ્રિત થવું જોઈએ.[12] આવા વિરામોને અંગવિક્ષેપ ( Gestures )ની સહાયતાથી દર્શાવવા જરૂરી, કારણ કે, વાક્યસમુચ્ચયના અર્થને અંગવિક્ષેપ પૂરેપૂરા વ્યક્ત કરી શકે. વાચન–પઠન ઉભયમાં હાથ અને આંખોના હલનચલનવાળા અંગવિક્ષેપ વિરામો સાથે સંકળાતાં ઉચ્ચરિતનો પૂરો અર્થ અભિવ્યક્ત થાય. એટલે કે :

( ૧ ) જ્યારે શૌર્ય, પરાક્રમ, કોપ, રોષ આદિ અભિવ્યક્ત થતાં હોય, ત્યારે હાથ શસ્ત્ર ઉગામેલું હોય એવી સ્થિતિમાં રહે.

( ૨ ) જ્યારે તિરસ્કાર, અણગમા, કંટાળાની લાગણી વ્યક્ત થતી હોય ત્યારે હાથ સંકોચાઈ જવા જોઈએ.

( ૩ ) જ્યારે વિનોદ અને કરુણાની લાગણી વ્યક્ત થતી હોય ત્યારે હાથ તે તે લાગણીના આશય પ્રમાણે ફેલાઈ જવા જોઈએ.

( ૪ ) જ્યારે આશ્ચર્ય, વિસ્મય, ભીતિની લાગણી વ્યક્ત થતી હોય ત્યારે હાથ સ્તબ્ધ ( નિષ્ક્રિય ) થઈ જવા જોઈએ.

આમ, પાઠ્યાલંકાર અને વિરામ સાથે સંકળાયેલી હાથની ચેષ્ટા પાઠ્ય વસ્તુના વિવક્ષિત અર્થના નિશ્ચિત અર્થગ્રહણમાં વધારો કરી શકે, તેથી એમ કહી શકાય કે, વિરામોનો ઉપયોગ રૂપબદ્ધ શબ્દો પછી અથવા અર્થપૂર્ણતાની સાથે થાય. આમ છતાં ય ( આ સંસ્કૃત ભાષાની વાત હોઈ ) અસાધારણ પ્રલમ્બ સમસ્ત પદાવલીમાં સામાસિક શબ્દોનાં શક્ય તેટલાં પદોનો એક જ શ્વાસમાં ઉચ્ચાર થયા પછી જ વિરામનો ઉપયોગ થાય, તેમ છતાંય સામાસિક શબ્દનો ઉચ્ચાર એ રીતે થવો જોઈએ કે જેથી સમસ્ત પદો પોતાની આગવી ઉપસ્થિતિનો અર્થ ગુમાવી ન બેસે. એ સિવાયની બાબતોમાં તો વિરામ ક્યાં લેવો યોગ્ય છે એ નક્કી કરનારું પરિબળ પાઠ્ય વાક્યનો અર્થ જ ગણાય.

હવે, પ્રશ્ન એ છે કે વાચકે અર્થાનુસારી વિરામ કેટલી વાર સુધી લેવો ?

( ૧ ) સામાન્ય રીતે નિરાશા, અસહ્યતા અને મનોભાવનાં પરિવર્તનો વ્યક્ત કરવાનાં હોય અને પ્રશ્ન ઉચ્ચારવાનો હોય તો વિરામ એક કલાનો ( આઠ સેકંડનો ) હોય.

( ૨ ) અન્ય લાગણીઓની બાબતમાં અર્થ પ્રમાણે વિરામની માત્રા એક કલાથી માંડી ૭ કલા ( અડતાલીસ સેકન્ડ્સ ) સુધીની હોઈ શકે.

---

૧૨ એકથી ચાર અક્ષર પછી આવતા અર્થાનુસારી વિરામનું દૃષ્ટાન્ત ભરતમુનિએ આ પ્રમાણે આપ્યું છે :

किं, गच्छ, मा विश, सुदुर्जन, वारितोऽसि ।
कार्यं, त्वया न मम सर्वजनोपभुक्तम् ॥

( નાટ્યશાસ્ત્ર, અ. ૧૯ )

કાવ્યના પઠનમાં કાવ્યાન્તર્ગત મનોભાવનો વિચાર કરીને જ જે તે છન્દમાં નિબદ્ધ પંક્તિઓના વિરામો નક્કી થઈ શકે. વાચન દરમિયાન વાચકે પોતે કાવ્યના શબ્દને દૂષિત કરવો જોઈએ નહિ. તેમ જ કાવ્યનું એકના બદલે બીજા છન્દમાં પઠન કરવું જોઈએ નહિ. વાચકે પોતાને માટે અનિવાર્ય અને છતાં ય કાવ્યમાં જરૂરી ન હોય એવા વિરામો લેવા જોઈએ નહિ કાવ્યનું પઠન કાવ્યમાં અભિવ્યક્ત ભાવ અને **काकुनी** અવગણના કરીને થવું જોઈએ નહિ. સારા કાવ્ય–પઠનમાં વિરામની માત્રા, તાલ, લય અને અર્થપૂર્ણતાની સાથે કાવ્યનું શ્લિષ્ટસ્વરૈક્ય ( tune ) સધાવું જોઈએ.[૧૩]

[ ब ] **અર્પણ–અનુનાદ :** વાચનમાં અવાજનો ઉપયોગ એવી સ્વસ્થતાથી અને આકર્ષક રીતે થવો જોઈએ કે જેથી જે સ્થળે વાચન કે પઠન થતું હોય તે સમગ્ર સ્થળ વાચન-પઠનની સાથે અનુનાદિત થઈ જાય.[૧૪] અલબત્ત, આ વાચનમાં વાચનની અન્ય લાક્ષણિકતાઓ તથા જે તે વાચ્ય સામગ્રીમાં નિરૂપિત મનોભાવો તેમજ પાઠ્ય વસ્તુ–પ્રકરણગત વિશેષતાઓનો પૂરેપૂરો ખ્યાલ રખાવો જોઈએ. એટલે કે **स्थायीभाव** અને **व्यभिचारीभावो**નું વાચનમાં જતન થવું જોઈએ.[૧૫]

[ क ] **વિસર્ગ :** વાકયમાંના વાકયાંશો અને શબ્દોનું વાચન તેમના અપેક્ષિત મહત્ત્વ પ્રમાણે થવું જોઈએ જેથી વાકયમાંની એકતાનતા નિવારી શકાય. એ માટે પાઠ્ય સામગ્રીમાંના વિસર્ગની અપેક્ષા ધરાવતાં સ્થળોની પૂર્વવિચારણા કરી જ લેવી જોઈએ.[૧૬]

---

૧૩ ભરતમુનિના શ્લોકો આ પ્રમાણે છે :

नापशब्दं पठेत्तज्ज्ञो भिन्नवृत्तं तथैव हि ।
विश्रमेन्नाविरामेषु दैन्ये काकुं न दीपयेत् ॥
त्र्जितं काव्यदोषैस्तु लक्षणाठ्यं गुणान्वितम् ।
स्वरालङ्कारसंयुक्तं पठेत् काव्यं यथाविधिः ॥

१४ अर्पणं नाम लीलायमानमधुरवल्गुना स्वरेण पूरयतेव रसं यत् पठयते तदर्पणम् ।

भरतमुनि : नाटचशास्त्रम् अ. १९

૧૫ **સ્થાયીભાવ** એટલે અનુકુળ ભાવમાં તિરોહિત ન થનારો અને પ્રતિકૂળ ભાવથી દબાઈ ન જનારો, અન્તતઃ સ્થિર રહેનારો હોઈ તેમાં રસના અંકુરણની મૂળ શક્તિ નિહિત રહે છે. તેથી જ તો કહ્યું છે કે અન્યભાવ સ્થાયીભાવને એ રીતે પરિપુષ્ઠ કરતા રહે છે જેમ માળાનાં પુષ્પ યા મોતી ગુમ્ફનસૂત્રને પ્રકાશિત કરે. સ્થાયીભાવો—રતિ, હાસ, શોક, ક્રોધ, ઉત્સાહ, ભય, જુગુપ્સા, વિસ્મય અને શમ. **વ્યભિચારીભાવ** એટલે સ્થાયીભાવોને ઉત્કટતા અને અનુકૂળતાથી રસાસ્વાદમાં પરિણત કરતા ભાવ, જેને સ્થાયીભાવના સમુદ્રમાંના બુદ્બુદની જેમ ઉન્મજ્જિત ( સ્પષ્ટ પ્રતીત ) યા નિમજ્જિત ( અસ્પષ્ટ પ્રતીત ) થતા જોઈ શકાય. વ્યભિચારીભાવ–નિર્વેદ, આવેગ, દૈન્ય, શ્રમ, મદ, જડતા, ઉગ્રતા, મોહ, વિબોધ, સ્વપ્ન, અપસ્માર, ગર્વ, મરણ, આળસ, અમર્ષ, નિદ્રા, અવહિત્થા, ઉત્સુકતા, ઉન્માદ, શંકા, સ્મૃતિ, મતિ, વ્યાધિ, ત્રાસ, લજ્જા, હર્ષ, અસૂયા, વિષાદ, ધૃતિ, ચપળતા, ગ્લાનિ, ચિન્તા અને વિતર્ક જુઓ साहित्यदर्पणः तृतीयपरिच्छेद :

१६ विसर्गो नाम वाक्यन्यासः ॥ नाटचशास्त्र, अ. १९

[ ङ ] **અનુબંધ :** વાચ્ય સામગ્રીમાંના શબ્દો અને શબ્દસમૂહો વાચન દરમિયાન અનુવર્તી શબ્દો અને શબ્દસમૂહો સાથે એ રીતે સંયોજાવા જોઈએ કે જેથી સમગ્ર પરિચ્છેદના અર્થને તે બંધબેસતા હોય.[૧૭] આને જ અંગ્રેજીમાં Phrasing કહે છે. આવા અનુબન્ધો જેટલા અંશે વાક્યની વ્યાકરણિક સંરચના પર આધારિત છે; તેટલા જ અંશે વાચકના શ્વાસોચ્છ્વાસ પર પણ આધારિત છે.* જેમકે વાક્યમાંનાં વિશેષણો વિશેષ્યોની સાથે અને ક્રિયાવિશેષણો ક્રિયાપદોની સાથે સંયોજાવાં જોઈએ. સામાન્ય રીતે સંસ્કૃતમાં બહુવ્રીહિ સમાસ વિશેષણોની ભૂમિકા ભજવતાં હોઈ, વાક્યમાં એમનું વર્ચસ્વ સુવિદિત છે. તેથી આવાં વિશેષણો એક પછી એક આવતાં જ જતાં હોય અને બહુવ્રીહિ બહુલતા પ્રલમ્બિત થતી હોય, તો ઉલ્લિખિત સંયોજન શકય ન બને એ સ્વાભાવિક છે. એ પરિસ્થિતિમાં વાચકે કિંચિત્ વિરામ લઈ, પૂર્વવર્તી વિશેષણોને અનુવર્તી વિશેષણો સાથે એ રીતે સંયોજતા જવું જોઈએ કે એવાં બધાં જ વિશેષણોનો સમૂહ સંકલિત સ્વરૂપે વિશેષ્યની સાથે સંયોજિત થઈ જાય. અનુબન્ધમાં સન્ધિ ( संहिता )ના પાલનનો પ્રશ્ન સમાવિષ્ટ થાય જ. કાવ્યપઠનમાં છંદોભંગ ન થઈ જાય એ ભયથી સન્ધિનું પાલન કરવું પડતું હોય છે. પરન્તુ ગદ્યના વાચનમાં ( અને વક્તવ્યમાં પણ ) સન્ધિનું પાલન ઘણું ઓછું થતું હોવાનું જણાયું છે. આનું કારણ એ છે કે, વ્યાકરણશાસ્ત્રના નિયમ પ્રમાણે[૧૮] સંહિતા રૂપાખ્યાયિત પદ, ધાતુ અને ઉપસર્ગ તથા સમાસમાં અનિવાર્ય ( નિત્યા ) છે. જ્યારે વાક્યમાં તે વાચક ( વક્તા )ની ઈચ્છા પર નિર્ભર હોઈ, યાદચ્છિક છે. તેથી શ્રોતા માટે વાચન શ્રવણક્ષમ બને એટલા માટે સન્ધિને વળગી જ રહેવું જરૂરી નથી. આનાથી આગળ વધીને એમ પણ કહી શકાય કે પરિચ્છેદના વાચનમાં ત્વરિત સન્ધિવિચ્છેદ કરતા જવાની વાચકની કુશળતા વ્યાખ્ય-સામગ્રીની તેની સમજની પરિચાયક બની રહે. આમ છતાંય નિત્યસન્ધિનું પાલન થાય એ જરૂરી એટલા માટે ગણાય કે રૂપપરક શબ્દસંરચનામાં શબ્દ-શબ્દ વચ્ચેની એકાત્મકતા સૂચિત હોય છે. નિત્યસન્ધિના પાલનમાં થતું ધ્વનિગ્રામોનું સંયોજન વાચકને સ્વરવ્યંજન ઉચ્ચારણ સરળ બનાવવામાં સહાયક થાય છે. સન્ધિયુક્ત શબ્દોનો નિરન્તર વિચ્છેદ શ્રોતાના અર્થગ્રહણમાં વ્યાઘાત ન પહોંચાડે એ બાબત વાચકે ધ્યાનમાં રાખવી જોઈએ.

[ इ ] **દીપન અને પ્રશમન :** દીપન અને પ્રશમન ઉભયને ગુજરાતીમાં ' સ્વરનો આરોહ-અવરોહ તથા અંગ્રેજીમાં Inflection કહે છે. દીપન એટલે અવાજનો આરોહ. વાચકે અવાજ मन्द्र, मध्य અને तारના સ્વરમાન દ્વારા ક્રમશઃ આરોહ પામતો[૧૯] જાય તેની

---

૧૭ अनुबन्धो नाम पदान्तरेश्वपि विच्छेदः अनुच्छ्वसनं वा: [ એજન ]

* ભાષાના અધ્યયન અધ્યાપનમાં શ્વસનતન્ત્રના મહત્તમ ઉપયોગની આવશ્યક્તાના કારણે તેની શરૂઆત પ્રાણાયામની તાલીમથી જ થવી જોઈએ, પણ અંગ્રેજસરકાર પાસેથી વારસામાં મળેલી શિક્ષણપ્રથામાં તેનો છેદ ઉડાવી દેવાયો છે અને પછી વાચન શીખવવાની વાતો કરે છે, એ આશ્ચર્ય છે.

૧૮ संहितैकपदे नित्या नित्या धातूपसर्गयोः ।
नित्या समासे वाक्ये तु सा विवक्षामपेक्षते ॥

૧૯ दीपनं नाम त्रिस्थानशोभि वर्धमानस्वरञ्चेति ।

[ नाटयशास्त्र, अ. १९ ]

ખાસ કાળજી લેવી જોઈએ, એટલે કે અવાજ ગમે તેમ આડેધડ ન નીકળે તે માટે તાલીમ લેવી પડે. જ્યારે બીજી બાજુ तार, मध्य અને मन्द्रनां સ્વરમાનો દ્વારા અવાજનો અવરોહ થવો જોઈએ.[૨૦] આમ :

(૧) વાચનમાં જ્યારે વિનોદ અને શૃંગારની અભિવ્યક્તિ કરવાની હોય, ત્યારે વાચન સ્વરના આરોહ, અવરોહ અને વિસર્ગના અનુરણનવાળું હોય.

(૨) વાચનમાં જ્યારે કરુણા, શૌર્ય અને વિસ્મય અભિવ્યક્ત કરવાનાં હોય, ત્યારે વાચન વિરામ, અવરોહ, આરોહ, અનુબન્ધના અનુરણનવાળું હોય.

(૩) જ્યારે વાચનમાં તિરસ્કાર, અણગમો અને ભીતિ અભિવ્યક્ત કરવાનાં હોય, ત્યારે તે વાચન વિરામના અનુરણનવાળું હોય.

## નિષ્કર્ષ :

ઉક્ત સમગ્ર ચર્ચા પરથી વાચન-નિકષ (માનદંડ) તારવવા માટેનો નિષ્કર્ષ તારવી શકાય :

### [૧] સારો વાચક :

ભારતમાં પ્રાચીન કાળમાં વાચન-પઠન વિશે જે કાંઈ વિચારાયું છે, તેમાં મહર્ષિ પાણિનિ અને મહર્ષિ યાજ્ઞવલ્કયે પોતાની शिक्षामां ઉચ્ચારશાસ્ત્ર અને અવાજના માધુર્યના શાસ્ત્ર (The science that teaches the proper pronunciation of words and laws of euphony)માં વાચનના ગુણદોષની ઘણી સરસ ચર્ચા કરી છે. સારા વાચન-પઠનના ગુણ એટલે :

(૧) મધુરતા[૨૧]—મધુર અવાજ દ્વારા થતું વાચન. અવાજની-કંઠની માવજત કરવાનો કોઈ મુદ્દો અભ્યાસક્રમમાં ન હોવો જોઈએ ?

(૨) અક્ષરોનું સ્પષ્ટ ઉચ્ચારણ—શબ્દમાંના એકે એક અક્ષરનું ઉચ્ચારણ થવું જોઈએ. [ આ નિયમ સંસ્કૃત, હિન્દી, ગુજરાતી ભાષાઓ માટે છે ( બીજી ભારતીય ભાષાઓ હું જાણતો નથી ). અંગ્રેજીમાં શબ્દમાંના પ્રત્યેક અક્ષરનો ઉચ્ચાર ન પણ થતો હોય એવું બને, પણ આપણી ભાષા તો अक्षर-समाम्नाय[૨૨] પર આધારિત છે ].

---

૨૦ प्रशमनं नाम तारगतानां स्वराणां प्रशम्यतामवैस्वर्येणावतारणमिति ।
( એજન )

૨૧ माधुर्यमक्षरव्यक्तिः पदच्छेदस्तु सुस्वरः ।
धैर्यं लयसमर्थं च षडेते पाठकाः गुणाः ॥
(पाणिनीय शिक्षा प्र. चौखम्बा संस्कृत पुस्तकालय, वाराणसी)

૨૨ મહર્ષિ પતંજલિએ व्याकरणमहाभाष्यના द्वितीय आह्निकના અન્ત ભાગમાં अक्षरसमाम्नायનું સરસ નિરૂપણ કર્યું છે. વ્યાકરણના (નામ સાંભળીને ભાગી છૂટવાનું મન થાય એવા) ગ્રન્થની પ્રાસાદિકતા— न क्षीयते न क्षरतीति वाऽक्षरम्...सोऽयमक्षरसमाम्नायो वाक्समाम्नायः पुष्पितः फलितश्चन्द्रतारकवत्प्रतिमण्डितो वेदितव्यो ब्रह्मराशिः ।

ઉચ્ચારણ કેવી રીતે થવું જોઈએ ? જે રીતે વાઘણ[23] (પાણિનિને વાઘણ જોવા મળતી હશે. આપણને તો કૂતરી જોવા મળે છે; માટે કૂતરીનું દૃષ્ટાન્ત લેવું) પોતાનાં નવજાત બચ્ચાંને એક સ્થાનથી બીજે સ્થાન લઈ જાય ત્યારે પોતાના દાંત બચ્ચાંને વાગી ન જાય એવું કઠણ ન પકડે અને દોડતાં બચ્ચું મોંમાંથી પડી જાય એવું ઢીલું પણ ન પકડે, એ રીતે વર્ણોનો ઉચ્ચાર થવો જોઈએ.

(૩) પદોનું ઉચિત વિભાજન—અર્થની દૃષ્ટિએ શબ્દસમૂહોનું એક સાથે ઉચ્ચારણ શબ્દના ઉચ્ચારણમાં વચ્ચે વિરામ ન લેવાય. શબ્દ ગમે તેટલો મોટો હોય તો પણ તેનું ઉચ્ચારણ એક સાથે એક જ શ્વાસે થવું જોઈએ.

(૪) સ્વરશુદ્ધિ—સ્વરની શુદ્ધિનો અર્થ અવાજની સ્પષ્ટતા છે. ઘાંટો બેસી ગયો હોય, કફ ગળામાં ઉચ્છ્વાસ સાથે ભરાઈ જતો હોય, વારે વારે ખોંખારા ખાવા પડતા હોય તો સ્વરશુદ્ધિ ક્યાંથી જળવાય ?

(૫) ધૈર્ય—ધીરજપૂર્વક વાંચવું જોઈએ. એટલે હાંફળાફાંફળા થઈ જવાય, વાંચતાં હાંફ ચડે, થાકી જવાય, ખાસ તો સાંવેગિક વ્યાઘાત જણાય નહિ, એ રીતે સ્વસ્થતા-પૂર્વક વાંચવું જોઈએ.

(૬) ઉચિત લય પ્રમાણે વાંચવું—ભાવને અનુરૂપ શૈલીનું આયોજન લેખક કરતો હોય છે. દરેક શૈલીનો પોતાનો લય છે. લયબદ્ધતા ગદ્યનો ગુણ યા આગવું લક્ષણ છે; એ લય વાચનમાં જળવાવો જોઈએ.

[૨] **અધમવાચક :**

અધમ પ્રકારે વાંચનારો વાચક કેવો હોય ? તેનાં લક્ષણો આ પ્રમાણે છે :

(૧) ગીતી[24]—ગાઈ-ગાઈને, રાગડા તાણીને વાંચનાર વાચક અધમ છે.

(૨) શીઘ્રી—વધુ પડતી ઝડપથી, ગડબડ-ગડબડ કરતા હોય તે રીતે વાંચનાર વાચક અધમ છે.

(૩) શિરઃકમ્પી—વાંચતી વખતે માથું હલાવતાં-ભજન ગાતા હોય એ રીતે માથું ધુણાવીને વાંચનાર અધમ છે.

---

૨૩ व्याघ्री यथा हरेत्पुणान्दंष्ट्राभ्याम्न च पीडयेत् ।
भीता पतन भेदाभ्यां तद्वत्पर्णान्प्रयोजयेत् ॥

(વિગત પાદટીપ ૨૧ મુજબ)

૨૪ गीती शीघ्री शिरः कम्पी यथालिखित पाठकाः ।
अनर्थज्ञोऽल्पकण्ठश्च षडेते पाठकाधमाः ॥

(વિગત પાદટીપ ૨૧ મુજબ)

(૪) યથાલિખિત—જેમ લખ્યું હોય તેમ જ હાવભાવ, આરોહ-અવરોહ વિના જ વાંચી જનાર અધમ છે.

(૫) અનર્થજ્ઞ—અર્થ જાણ્યા-સમજ્યા વિના-અર્થગ્રહણ વિના જ વાંચી જનાર અધમ છે.

(૬) અલ્પ કંઠઃ ચ—જેનો કંઠ સાફ ન હોય અને અવાજ ખેંચીને વાંચવું પડતું હોય એવો વાચક અધમ છે.

[૩] **વાચનદોષ :**

આમ, પાણિનીય અને યાજ્ઞવલ્કીય શિક્ષાની દૃષ્ટિએ ઉત્તમ અને અધમ પ્રકારના વાચકોના સન્દર્ભમાં વાચન દરમિયાન થતા દોષનો નિર્દેશ આ રીતે કરવામાં આવ્યો છે.

(૧) વાંચતી વખતે શંક્તિ થવું[૨૫] વાચન દરમિયાન જો શંકા થાય-આ શું લખ્યું હશે ? આનો અર્થ શો થતો હશે ? આ બરાબર હશે ? આવી શંકા થાય તો વાચન અટકી જાય, પરિણામે એ શંકા દોષ બની જાય.

(૨) ભયભીત થવું—વાચન દરમિયાન બાહ્ય કે આન્તરિક ભય ઊભો થાય તો વાચનમાં સ્ખલન-વિક્ષેપ પડે.

(૩) બરાડા પાડીને જોરજોરથી વાંચવું.

(૪) અસ્પષ્ટ વાંચવું.

(૫) નાકથી વાંચવું—નાકમાંથી બોલવાની અને વાંચવાની ટેવ હોય તો તે વાચનદોષ.

(૬) કાગડાની જેમ કર્ણકટુ અવાજમાં વાંચવું.

(૭) મૂર્ધા—જ્યાંથી મૂર્ધન્ય 'ષ'નો ઉચ્ચાર થાય છે તે સ્થાનેથી-મોંના આગળના ભાગેથી વાંચવાથી વાચકના મોંનો આકાર તો બગડે જ અને તે હાસ્યાસ્પદ બને.

(૮) ઉચિત સ્થાનથી ઉચ્ચારણ ન કરવું. વર્ણોચ્ચારના સ્થાનોથી ઉચ્ચાર થાય તો જ વાચન સુશ્રાવ્ય બની શકે.

(૯) સ્વરરહિત-આરોહ—અવરોહરહિત.

(૧૦) નીરસ વાચન એટલે હાસ્યના વસ્તુનું વાચન હાસ્ય ન જન્માવી શકે. કરુણના વાચનથી કરુણા ન પ્રકટે તે નીરસ વાચન.

---

૨૫ शङ्कितं भीतमुद्घुष्टमव्यक्तमनुनासिकम् ।
काकस्वरं मूर्द्धिनवतं तथा स्थानविवर्जितम् ॥
विस्वरं विरसं चैव विश्लिष्टं विषमाहतम् ।
व्याकुलं तालुहीनं च पाठदोषाश्चतुर्दश: ॥

(વિગત પાદટીપ ૨૧ મુજબ)

(૧૧) અક્ષરો અને શબ્દોને ગમે તેમ તોડીને, એકબીજા સાથે ખોટી રીતે જોડીને થતું અસ્પષ્ટ વાચન.

(૧૨) વિષમ આઘાતો—જ્યાં ભાર ન મૂકવાનો હોય ત્યાં ભાર મૂકીને થતું વાચન.

(૧૩) વ્યાકુળતાપૂર્વક—વાંચવાનું ઝટ પૂરું થાય તો સારું એવા ભાવથી થતું વાચન.

(૧૪) તાલુહીન—જાણે તાળવું હોય જ નહિ તે રીતે પોલા ઉચ્ચારો સાથે થતું વાચન.

આમ, આ આખું ય વાચનવિજ્ઞાન ભારતીય ભાષાના વાચનના સંશોધન માટે આધારરૂપ બની શકે.

# તીર્થાવલી

દેવદત્ત જોશી*

પ્રા.વિ. મં.ની હ.પ્ર. ૪૫૭૦માં પૃ. ૬ થી ૧૭ સુધીમાં કૃતિ સંપૂર્ણરૂપે ઉપલબ્ધ છે. ૧૧ સે.મિ. પહોળી, ૧૪ સે.મિ. લાંબી હ.પ્ર.માં સરેરાશ અગિયાર પંક્તિ લખાયેલી છે. અક્ષર સુવાચ્ય છે. પોથીનો કાગળ ધારેથી કોહેલો છે પણ એકંદરે સ્થિતિ સારી છે. પ્રતમાં 'તીર્થાવલી' ઉપરાંત (ત્રિકમરચિત) 'ગંગામાહાત્મ્ય' (ર. સં. ૧૬૮૨) 'સાભ્રમતિ-માહાત્મ્ય' (સંસ્કૃતમાં), 'તીરથમાલા' વગેરે અન્ય કૃતિઓ છે. સમગ્ર પ્રતમાં લહિયા અંગે માહિતી નથી. શ્રી ર. શ્રી. દેસાઈકૃત 'પ્રાચીન કવિઓ અને તેમની કૃતિઓ'માં 'તીર્થાવલી'નો ઉલ્લેખ છે. કર્તા તરીકે માવદાસનું નામ છે, જેણે 'તીર્થમાળા' રચી છે.[1] શ્રી કે. કા. શાસ્ત્રીકૃત 'ગુજરાતી હાથપ્રતોની સંકલિત યાદી'માં પણ મહાવદાસ (માહાવદાસ)ને નામે 'તીર્થમાળા' ('તીર્થાવળી')ની નોંધ છે.[2] એક જ હ.પ્ર.માં એ બન્ને ઉપલબ્ધ છે પણ બંન્ને કૃતિઓ સ્વતંત્ર છે. 'સ્વાધ્યાય' પુ. ૨૩ અં. ૪માં 'તીર્થમાળા'ની વાચના પ્રસિદ્ધ થઈ ચૂકી છે. અહીં 'તીર્થાવળી'ની વાચના આપવામાં આવી છે. 'તીર્થાવળી'માં ક્યાંય કવિનામનિર્દેશ નથી એટલે એ બંન્ને કૃતિઓના કવિ એક જ માવદાસ હોવા વિશે નિશ્ચિત-પણે કશું કહી શકાય નહિ. કૃતિનો ર. સં. ૧૭૪૦ 'ગુજરાતના સારસ્વતો'માં શ્રી કે. કા. શાસ્ત્રીએ નિર્દેશ્યો છે.[3] ઉપરનિર્દિષ્ટ હ.પ્ર.ની વાચનામાં એ અંગે કોઈ નિર્દેશ જણાતો નથી. 'તીર્થમાળા'માં ભારતનાં સુપ્રસિદ્ધ તીર્થોની માહિતી છે. પ્રસ્તુત કૃતિમાં માર્કન્ડેય-યુધિષ્ઠિરસંવાદરૂપે નર્મદાકિનારાનાં તીર્થોની માહિતી દ્વારા નર્મદામાહાત્મ્ય ગાવામાં આવ્યું છે. શૂલપાણેશ્વરમાહાત્મ્ય વિસ્તારથી આપવામાં આવ્યું છે.

## તીર્થાવલી

શ્રીમાર્કન્ડેય ઉવાચ. શ્રી ગણેશાય નમઃ । પૃ. ૬
કેહે માર્કન્ડે સુણ રાજંનજી કહું કથા પાવંનજી ।
રેવાજીનો મહીમા મોટો કેહેતાં પાપી પાવન થાયજી ।

---

'સ્વાધ્યાય', પુ. ૨૪, અંક ૧, દીપોત્સવી અંક, નવેમ્બર '૮૬, પૃ. ૮૧-૮૬.

* પ્રાચ્યવિદ્યા મંદિર, મ. સ. યુનિ., સયાજીગંજ ટાવર સામે, વડોદરા-૩૯૦ ૦૦૨

૧ દેસાઈ રમણિક શ્રીપતરાય, 'પ્રાચીન કવિઓ અને તેમની કૃતિઓ', શ્રી સયાજી સાહિત્ય-માળા પુ. ૩૧૦, પ્ર. ધી લુહાણામિત્ર પ્રિ. પ્રેસ, વડોદરા, ૧૯૪૯, આ. ૧, પૃ. ૨૪૮.

૨ શાસ્ત્રી કે. કા., 'ગૂજરાતી હાથપ્રતોની સંકલિત યાદી', પ્ર. ગુજરાત વર્નાક્યુલર સોસાયટી તરફથી રસિકલાલ છો. પરીખ, અમદાવાદ, ૧૯૩૯, આ. ૧, પૃ. ૧૫૨.

૩ શાસ્ત્રી કે. કા., 'ગુજરાતના સારસ્વતો', પ્ર. કે. કા. શાસ્ત્રી, ધીરજલાલ ધ. શાહ, મધુસૂદન ચી. પારેખ, મંત્રીઓ, ગુજરાત સાહિત્યસભા, અમદાવાદ, ૧૯૭૭, આ. ૧, પૃ. ૯૨.

સારદા ગણપતને નમી કહું પૂરવ પાવંનજી ।
નરમદા દેવીને નમીને કહુ તીરથ મહીમાયજી ।
માર્કંન્ડે રૂષ બોલીયા સાંભલ તુ ધરમરાયજી ।
ત્યાર પૂઠે વદે વાણી તુને કહું મહીમાયજી ।
રેવાજીનો મહીમા સૂંદર ભાવ ધરી સૂણૂ રંગજી ।
પ્રથમ ઈસ્વર અંકારેસર અમરકંટકં અતી સારજી ।
દારુણવંન નૂપૂસંગ સૂંદર સુણ તુ રાજાંનજી ।
વરુકાનદીનો સંગમ કથા પાવંન નામજી ।
વતીપાતની કથા યૂતમ વતીપાતેશ્વર નાંમજી ।
પાતાલેશ્વરનો મહીમા મોટો જેનુ પાતાલેશ્વર નામજી ।
મ્રર્તલોક વીસૌ રહ જેનુ ઉત્તમ ઠાંમજી ।
સર્ગલોકે સદાશીવશંકર સુરતણો વીસરાંમજી ।
કોટેશ્વર કોટજગન મનોહર જેનુ વરુણતીર્થ પાવંનજી ।
સંઘેસ્વરનો મહીમા મોટો બ્રહ્મેસ્વર દર્શનજી ।
સર્વતીરથમાં રેવા ઉત્તમ રુદ્રદેહા તાંહાં સારજી ।
મહાપીપલી નદીનુ સંગમ પરમ છે ઉદારજી ।
અમરકંટકતણાં જે તીરથનો કહું સર્વ વીસ્તારજી ।
કપીલાતીરથ મહામનોહર તે તણો વિસ્તારજી ।
વીસવાલેસ્વરનો મહીમા કયીસે કરમદાસંગમજી ।
એકાતરસો કુલ ઉધરે પાપી થાય પાવંનજી ।
બ્રગુતીરથનો મહીમા મોટો સંગમ નીલગંગાયજી ।
વ્રતદાનનો મહીમા મોટો સૂણ યુધિષ્ઠિર રાયજી ।
દેહપાત અમરેસર તીરથ વ્રધજાલેસ્વર નાંમજી ।
મહાજાલનદીસંગમ દુદર ત્યાંહાં સીવનુ વિસરાંમજી ।
કુકણેસ્વર વરાહિ સંગમ અસમંજ નદી મહીમાયજી ।
પૂર્વજ સન્મુખ થાઈ જાય વૈકુંઠ માહેજી ।
કોટેશ્વર તીરથનો મહીમા સાંભલ તુ ધર્મરાયજી ।
બહુકેસર તીરથ મનોહર કપલેસ્વર મહીમાયજી ।
દૈતેસ્વર તીરથ મહામનોહર ચક્રતીરથ સુરાયજી ।
સૂર્યેસ્વરનૌ વરણવ મોટું જાં ગઉદાન વીસરામજી ।
માતંગેસર મહીમા સૂંદર યંગારેસર તાં કહીએજી ।
ત્યાં અગમનદીનુ સંગમ મોટો ધારણેસર ત્યાં કહીએજી ।
મેઘેસર તીરથ અતિ સૂંદર જ્યાં પ્રાંણતણો વિશ્રામજી ।
સોવણેસર ન રત્નેસૂર રુદ્રાંણેસર નાંમજી ।
પવીત્રેસર ને પંનગેસર જેના ઉત્તમ ઠામજી ।
માંધાતા આસમ મનોહર વાઘેસર તીરથ અતીયુત્તમ પાપી થાય પાવંનજી ।

સરમેધા તીરથ છે સૂંદર સૂરેસ્વર માહદેવજી ।
દેવસરણનુ તીરથ મનોહર સૂલતીરથ શૂરભેદજી ।
કપાલમોચન તીરથ શુંદર વારાતીરથ સુણ રાયજી ।
દેવપંથને સહેત્ર જનગન ત્રીશૂલતીરથ વીસાલજી ।
મેઘનાથ તે દારુણ તીરથ કલેસ્વર વીરથ રાજનજી ।
વીમલેસર પૂકણીસંગમ સુરપાંણ મહામાહજી ।
અઘોરકંડનુ ચરિત્ર ઘણૂ સુણતાં પાતક જાયજી ।
સુરપાંણ તીરથ દેવ સર્વેને પોતે સર્વ નીપાઉજી ।
સીતાવાંડી ભાંણુમતી કંડકો સહુકોને મોખ્ય આપેજી ।
તાર પૂઠે કપલેસર મહીમા મોખ્યનદીસંગમજી ।
ચક્રપુકરણીનો સંગમ આદસરનાં કહીએજી ।
સંગેમેશર તીરથ મનોહર ભીમકલાસર ।
પીપલેસર કોટેસર અગનેસરને કુમારેસર સાર રે ।
વાસેશર ને વેજનાથ અને કેદારેસર નાંમજી ।
મંડાતીરથ ને મુંડેર કામેસર કરે કાંમ રે ।
ભીમેશ્વર ને ભગરેસર ભૂતેસર મહીમાય રે ।
અર્જનેસર ને ધર્મેસર શ્રણુ યુધિષ્ઠિર રાય રે । પૃ. ૧૦
મણીનદીનો સંગમ મોટો તલકેસર મહીમાયજી ।
ગઉત્તમેસર ને સરખેસર માહાદારિદ્ર તે કાપે રે ।
તારપૂઠે કંદેસર પારાસર તાં નામજી ।
ભારેસર ને ચંદ્રેસર ઉત્તમ જેના થાંમજી ।
નંદેસર ને નારદેસર વેજનાથ સુગંમજી ।
વાંનરેસર ને વીરેસર પુપેસર તાં કહીયેજી ।
રામેસર ને લક્ષમણેસર હનમંતેસર નામજી ।
સર્વદેવતણા વીસરામજી ।
કુંભેસરનો મહીમા અતી મોટો શીવતણો ભંડારજી ।
મનવાંછિત મનોરથ પુરે સકલ તીરથનો સાંમરે ।
સોમેસર ને શાણેસરસંગમ સર્વતીરથનાં વીસરાંમજી ।
નંદા આનંદા ને પગલેસર રણમોચન તાં કેહીએજી ।
ચક્રતીરથ ચક્રેસર માહાદેવ ચંદ્રેસર ચામુર માહે મોટા શીવ મહાદેવજી ।
કરોલીયા યેરડીયાસંગમ અસુરસારા કોડજી ।
સુકદેવ ને વેદવ્યાસનુ મહીમા પાવનધ્યા કરજોડ રે ।
સંગેસર સજનેસર સૂરયકોટ પ્રકાશ રે ।
ભગરેસર ને નાગેસર માગટેસર મહીમાયજી ।
સોભાગસૂંદરી ભાંડારેસર પાપ કરે દહંનજી ।
ચક્રતીરથ ઉત્તમ કેહે ઉતરે સર્વ પાપજી ।

પારાસુરના અંગારેસર નઃ બ્રહ્મતીરથ કાવેજી ।
લખમેસર ને કપાલેસર ખટતીરથનો મહીમાયજી ।
ત્રીયલોકેસર ને બુર્કેસર ને કાનેસર તાં નાંમજી ।
અંદ્રેસર ને વાણેસર ગૌઊતમેસર મહીમાયજી ।
અર્લાતીરથ મહા અતીસૂંદર મોખતીરથ તાં કૈહીયેજી ।
કસલ (સકલ ?) તીરથ નરબ્દાતીર મંગલેસર ને કેદારતીરથ કૈયેજી ।
અનેક ફરતે તિરથનાં બ્રહ્મતિરથ તાં કહીએજી ।
આદેવાહારા (વારાહ ?) તીરથ કૈએ રામતીરથ તાં કૈએજી ।
જમલેસર નંદકેસર સોમતીરથ તાં કૈએજી ।
વણનદીનો સૂંદર મહીમા સેજે સુખ ઉપજાવેજી ।
શ્રવણતીરથ ને અંગારેસર સંદેસર તાં કહીએજી ।
તપલેસર પારાસુર કૈહે કુસમેસર તાં નાંમજી । પૃ. ૧૨
ઓંઅંકાર તીરથ સકલ તીરથ કેહેતાં નાવે પારજી ।
શ્રવતીરથ દેવનુ ડામજી
મધૂમતી નદી તાં સૂંદર સંગમેસર તાં કહીએજી ।
નરબદેસર ને તણેસર ને મહાસંગમ કાવેજી ।
સંદેસર ને માર્કંડેસર ને મહાસૂખ ઉપજાવેજી ।
વંદાનાથ તાંઆં કાવેજી પંગલેસર ને ભૂતેસર ગંગેસર તાં કાવેજી ।
ગોતમેસર ને જગનેસર ભ્રગુતીરથ પાવંનજી ।
(અહીં પૃષ્ઠને મથાળે "ગોપેસર ને કપલેસર" લખેલું છે.)
સોભાગસુંદરી કેદારતીરથ દુરપાક દુરપાતક દરસંનજી ।
જાલેસર ને સબલ તીરથ ત્રીવકેસર નામજી ।
સોમનાથ ને ચંદ્રભાસ્કર દ્વાદશસહી નામજી ।
વીશ્વનાથ તીરથ કૈયે મૂલતીરથ નામજી ।
દેવતીરથ ને નરસિંતીરથ પ્રભાસતીરથ લહીએજી ।
ઉદહાસ ને ભવનેસર સૂલેસર તાં કૈએજી ।
સુંરતનંદા કેસર કૈએ સહીતીરથ તાં કાવેજી ।
સુખતીરથ નારાયણતીરથ સેજેં સુખ ઉપજાવે । પૃ. ૧૩
ઢાઢેસર ને કરુ તીરથ સોવણ તીરથ સારજી ।
ભંડારેસર ને સુરેસર અશીલતારથ કૈએજી ।
મલાનતીરથ માર્કંડેરખેસર કેતાં નાવે પારજી ।
કંથેસર ને અખાડેસર તીરથ બંકેસર તાં કેએજી ।
કપાલેસર ને માર્કંડેસર કપલેસર તાં કૈએજી ।
ચેરંડીયા દેવતાનુ તીરથ રામેસર સુખ ઉપજાવેજી ।
જમદગની તીરમનોહર રેવાસાગરસંગજી ।
લોટેસર ને કોટેસર વખવાત કુંડેસરજી ।

મલકાતીરથ ઉતમ કેએ કોટજગનફલ લૈએજી ।
રેવાસંગ મહામનોહર ઘણાં તીરથ તાં કેએજી ।
એ શ્રવા તીરથ રેવાજીનાં સાંભલતાં કોટયગનફલ લૈહેજી ।
પ્રાણીમાત્રને પાપ હોય તે ભણતાં સૂણતાં બાલે તેહજી ।
ગયાસાધનુ તે ફલ પામે તેમાં નહી સંદેહજી ।
દેવતા આગલ ભણે જે કો પ્રસંન્ન દેવતા થાય જી ।
શ્રવતનાં પાપ હરે એ કેહે માર્કંડે મુનિજનજી ।
ઉત્તરદખણનાં તીરથ કહાં વલી પુરવ પછમ સારજી । પૃ. ૧૪
સંસારમાં રેવાતીરથ છે બીજાં તીરથ નહી સમતોલજી ।
પાપ સમે તાં મૂકાં મહાપુન ઉપજાવેજી ।
જે કો ભણે સાંભલે તે પાંમે પુત્રકલત્ર ભંડારજી ।
સૂરપાંણનો મહીમા કહ્યો સારદાને નામી શીસજી ।
વાણી અવિચલ આપજો રેવાનુ માહાતમજી ।
કહુ માર્કંડેમુની ઉચરા સાંભલ યુધિષ્ટિર મહીમાય ।
તીરથમાં ઉત્તમ તીરથ છે હુ કહુ તે કથાય ।
નરબદાથી દખણત્રટે મહાપત્ર છે ઉત્પંનજી ।
જાંહાં સુરપાંણી તીરથ નરમુ સકલલોક થવા પાવંન ।
ને મનુષલોકને પાપ હોય તે બાલી કરે ભસ્મ ।
માર્કંડે મુની ઉચરા તુ સુણ યુધિષ્ટિર રાય ।
બહુ ધર્મ એ તીરથકતાં અનેક આપે દાંન ।
તે કથા સૂણતાં મોખ પાંમે તેમ કથા કહુ ઉપદેશ ।
સાંભલતાં મન આનંદ ઉપજે સુરપાણનો મહીમા જેહ ।
ભવનાં બંધન છૂટે તે ન પાંમે ગ્રભવાસ ।
માર્કંડે મુનિ ઉચરા અનેક પાતક જાય ।
તીરથમાંયે મહાતીરથ તેની દેવકાયા થાય । પૃ. ૧૫
મનસા વાચા કર્મણા જે એ પા અધકા પ્રૂઢ ।
શ્રીહતા બાલહતા બ્રહ્મહતા જેહ ।
તે પાપદેહથા વેગલાં રેહ તીરથમહિમા સુણતાં તેહ ।
સંદેહ ભાજે મન તણો રેવાદક્ષણકોણ વિષે ।
ભ્રગુખેત્ર તાંઆં કઈ સદાશીવે તાં ચૂપાઉ ।
સૂરપાંણ તે નામ ત્રિલોકમાં ખાંત તેની ।
પ્રાણીમાત્રનુ વિસરામ ।
જે તીરથમાં પશૂપંખી વૃખમાંનવ જેહ ।
અંતકાલે જે મંગતજ પાંમે તેમાં નહી સંદેહ ।
પ્રાણિમાત્ર જીવે થકી તે સર્ગપુરીમાં જાય ।
ભગવાનજીને ચરણે વાસુ પાંમે કૈલાસઠામ ।

પાતાલમાંથા સૂલપાણુ પ્રગટા ગંગા આંણી જેહ ।
ભોગવતી નદી તે થકીન બહુ પાતક જાય તેહ ।
પ્રાચીનો કાંઠો ઇતિ સૂંદર જે નાહા તે પાવન થાય ।
તેને ત્રટે સલા એક છે ગરવા નામ તે હોય ।
એક સમે તીરથ અતી સૂંદર તે સમુ નહીં કોય ।
કેદારતીરથ ને પ્રાગતીરથ કુરુક્ષેત્ર મહીમાય । પૃ. ૧૬
સૂરભેદ ને સિસ નામીને નાવે ગર્ભજોને અવતાર ।
ગયાશ્રાધથી અદકું પૂન છે સર્વતીરથ કેવાય ।
ધૂમારણખેત્ર મનોહર રુદ્રતણૂ અસ્નાંન ।
તેણે સમે એક તીરથ મોટુ જાંઆ દેવનદી કેવાઅ ।
તે નદીમાં અસ્નાંન કરે ગયા શ્રાધનુ તે પુન ।
તે દેવનદી નાંમ જે ઉત્તમ ધર્મવૃખ તે કઈ ।
પુકરે જૈને કરે તપસા તે દેવલોકમાં જાય ।
વલી અનેકપેરનાં દાંન આપે મોટી હતા તે છુંટે ।
જમ સર્પ ઉતારે કાંચલી તમ પાતક મૂકે દેહ ।
પરમેસર તેને કૃપા કરે તે ન આવે ગ્રભવાસ ।
તે તીરથમાં કરે મૃજંન કરે દાંનવ્રત જેહ ।
તીરથમાંહે ગંગા કેંયે તેનૂ ફ્લ તાં હોહ ।
તેનાં શ્રર્વ પાપ જાય તે દરસનમાત્રે તેહ
તેવૂં પુંન સુરપાણનૂ સર્વતીરથ થકી તે અદકુ એમ કહે માર્કંડ ।
આરાધન જે કરે તેને પ્રસંન થાઅ માહાદેવ ।
પુન કરે જે અભિનવુ તેત્રીસ ક્રોડ તાઆં દેવ । પૃ. ૧૭
નવસે નવાંણૂ સમુદ્રમાં ભલે નદીયોનો નાવે પાર ।
સર્વ તીરથે મુગત મહાસૂંદર જે મહીસાગરમાં નાહ ।
મહાપાપ કરાં હોય મોટાં તે દર્શનમાત્રે કાપે ।
તે માટે જે સેવે શીવને સુરપાંણુ તીનુ નાંમ ।
તે દર્શંનથી અનંત ધન પાંમે પાપ છુટે તેહ ।
તે એ પ્રશ્ન પૂછું સહી તણુ ભવનમાં સારજી ।
યુધિષ્ટરે તે પુછીઉ તેનો કહો મહીમાયજી ।
એ ત્રીથાવલી સાંભલી જે આપે ગાઉંદાનજી ।
બલી ગજરથ તે તાં આપે પ્રથવી કેરાં દાંનજી ।
કેહે માંર્કંડે સાંભલ રાજા તેને એ તીરથનુ અસ્નાન ।
તે માટે સોવર્ણ રૂપુ આપે તેને ગંગાઅસ્નાન ।
ઇતિ શ્રી માર્કંડે યુધિષ્ટર સંવાદે તીથાવલી સમાપ્તઃ સંપૂર્ણઃ । શ્રીઃ । શ્રીઃ ।

સ્વાધ્યાય

વસંતપંચમી, વિ. સં. ૨૦૪૩ પુસ્તક ૨૪

ફેબ્રુઆરી, ૧૯૮૭ અંક ૨

# વૃદ્ધ ચાણક્ય નીતિશાસ્ત્ર: જૂની ગુજરાતી ગદ્યાનુવાદ (સં. ૧૫૩૮)

ભોગીલાલ જ. સાંડેસરા*

[ ૧ ]

'લઘુ ચાણક્ય નીતિશાસ્ત્ર' અને 'વૃદ્ધ ચાણક્ય નીતિશાસ્ત્ર' એ નામની હસ્તપ્રતો ગુજરાતના ગ્રન્થભંડારોમાં અનેક મળે છે. આ બંને નીતિવિષયક સંસ્કૃત સૂક્તિઓના નાનકડા સમુચ્ચયો છે—કેટલીક હસ્તપ્રતોમાં મૂલમાત્ર સુભાષિતો છે, જ્યારે બીજી કેટલીકમાં સંસ્કૃત સૂક્તિઓ, તેમનાં ભાષાન્તર સહ મળે છે. ચાણક્ય અથવા કૌટિલ્યકૃત રાજ્યવ્યવસ્થા અને રાજ્યશાસ્ત્રના જગપ્રસિદ્ધ પ્રાચીન ગ્રન્થ 'અર્થશાસ્ત્ર' સાથે આ સૂક્તિસમુચ્ચયોને મુદ્દલ સંબંધ નથી. સામાન્ય નીતિ સાથે રાજનીતિવિષયક શ્લોકો આમાં છે, જેમાંના કેટલાક 'પંચતંત્ર', 'હિતોપદેશ' આદિમાં પણ મળતા હોઈ, વસ્તુતઃ ભારતના લોકપ્રચલિત સાહિત્યરાશિ (Floating Literature)નો ભાગ છે, પણ રાજનીતિ સાથે એને કંઈક સંબંધ હોઈ એમાં ચાણક્યનું નામ જોડી દીધું જણાય છે.

બીજો પ્રશ્ન એ થશે કે એક સૂક્તિસમુચ્ચયને 'લઘુ ચાણક્ય' અને બીજાને 'વૃદ્ધ ચાણક્ય' એવું નામ કેમ આપ્યું હશે? (કૃષ્ણમાચારિયરના આકરગ્રંથ 'ક્લાસિકલ સંસ્કૃત લિટરેચર'માં 'ચાણક્યનીતિશાસ્ત્ર' કે 'લઘુ ચાણક્ય' કે 'વૃદ્ધ ચાણક્ય' એ ત્રણ પૈકી એકે શીર્ષક મળતું નથી.) એકની તુલનાએ બીજો સમુચ્ચય કંઈક વિસ્તૃત હોઈ આ નામકરણ થયું લાગે છે. મને મળેલી બંનેની હ.પ્ર.માં શ્લોકવિસ્તાર આ પ્રમાણે છે :

---

'સ્વાધ્યાય', પુ. ૨૪, અંક ૨, વસંતપંચમી અંક, ફેબ્રુઆરી '૮૭, પૃ. ૯૭-૧૧૪.

* 'સંવાદ', ૬, શ્રેયસ્ સોસાયટી, રેસકોર્સ સર્કલ, વડોદરા-૩૯૦ ૦૦૭.

**લઘુ ચાણક્ય**

| અધ્યાય | શ્લોક |
|---|---|
| ૧ | ૯ |
| ૨ | ૧૧ |
| ૩ | ૧૧ |
| ૪ | ૧૨ |
| ૫ | ૮ |
| ૬ | ૯ |
| ૭ | ૧૨ |
| ૮ | ૭ |
| | કુલ ૭૯ શ્લોક |

**વૃદ્ધ ચાણક્ય**

| અધ્યાય | શ્લોક |
|---|---|
| ૧ | ૧૭ |
| ૨ | ૧૭ |
| ૩ | ૧૭ |
| ૪ | ૧૭ |
| ૫ | ૧૮ |
| ૬ | ૧૭ |
| ૭ | ૧૬ |
| ૮ | ૧૬ |
| | કુલ ૧૩૫ શ્લોક |

પરન્તુ જે ચાર મુદ્રણો મારા જોવામાં આવ્યાં છે, એમાં 'લઘુ ચાણક્ય' કે 'વૃદ્ધ ચાણક્ય'ના સ્પષ્ટ ભેદો નથી :

૧ **આર્યધર્મનીતિ અને ચાણક્ય નીતિસાર :** પ્રકાશક: સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, છઠ્ઠી આવૃત્તિ, અમદાવાદ, ૧૯૫૪. આમાંના 'ચાણક્યનીતિસાર'માં ૧૩ ખંડકોમા કુલ ૧૯૮ શ્લોકો છે.

૨ **ચાણક્ય નીતિ સારસંગ્રહ :** સંપાદક: ગો. સ. સરદેસાઈ, પૂના, ૧૯૪૦. આમાં અધ્યાયો કે ખંડકો નથી, પણ કુલ ૧૦૩ શ્લોક છે.

૩ **ચાણક્ય નીતિદર્પણ :** પ્રકાશક: ભાર્ગવ પુસ્તકાલય, બનારસ (પ્રકાશન વર્ષ નથી). આમાં ૧૭ અધ્યાયમાં કુલ ૩૪૨ શ્લોક છે.

૪ **ચાણક્ય નીતિદર્પણ :** અનુવાદ: પં. શ્રીલાલ ઉપાધ્યાય, પ્રકાશક : વૈજનાથ પ્રસાદ બુકસેલર, બનારસ: સં. ૧૯૫૦. આમાં ૧૭ અધ્યાય છે; અને એમાંની થોડીક પુષ્પિકાઓમાંના ઉલ્લેખ ઉપરથી જણાય છે કે 'વૃદ્ધ ચાણક્ય નીતિશાસ્ત્ર'ના ૧૭ અધ્યાયમાં કુલ ૩૪૧ શ્લોક છે. એ બતાવે છે કે આ પ્રકારના નીતિ-શ્લોકસમુચ્ચયોમાં નામ એક હોવા છતાં કેટલી બધી વિભિન્નતા છે. એનો રચનાપ્રકાર જોતાં એવી વિભિન્નતા ન હોય તો જ આશ્ચર્ય.

[ ૨ ]

લઘુ ચાણક્ય નીતિશાસ્ત્ર'ની જૂની ગુજરાતી ગદ્યાનુવાદ સહ, એક હ.પ્ર. પાટણ ખાતે મોદીના જ્ઞાનભંડારમાંથી મને મળી હતી. આમાં લેખન-સંવત નથી, પણ પ્રતિ શુદ્ધપ્રાય:

છે અને લિપિ ઉપરથી આશરે પાંચસો વર્ષ જૂની અર્થાત્ સં. ૧૫૦૦ આસપાસની જણાય છે. લિપિ જૈન દેવનાગરી છે; અક્ષર ઝીણા પણ અત્યંત સુંદર છે. પોથી ૭ પાનની છે અને તેના પ્રત્યેક પૃષ્ઠ ઉપર નિયમિત તેર પંક્તિઓ લખાયેલી છે. સંસ્કૃત શ્લોકો સાવ અશુદ્ધ હોઈ ભાષાન્તર અથવા બાલાવબોધની રચના લેખકના સમય (સ્પષ્ટ સાલ તો આપી નથી) કરતાં સોએક વર્ષ જૂની એટલે કે સં. ૧૪૦૦ આસપાસની સંભવે. સુભાષિતોનું સ્વરૂપ જોતાં (જુઓ ભર્તૃહરિકૃત 'શતકત્રયી'નું મુખ્યત્વે જૈનલિખિત હપ્રો ઉપરથી દામોદર ધર્માનંદ કોસંબીએ કરેલું અદ્ભુત સંપાદન: સિંઘી જૈન સિરીઝ, ગ્રન્થ ૨૩, મુંબઈ ૧૯૪૮) મૂળ કર્તા બ્રાહ્મણ છે, એ નિશ્ચિત, પણ હ.પ્ર. જૈન લિપિકારની છે. જુઓ એનું મંગલાચરણ:

प्रणम्य जिनवरं देवं महावीरं जगद्गुरुम् ।
प्रणम्य गौतमं शिरसा वक्ष्यामि शास्त्रमुत्तमम् ।।

[ જૈનેતર લેખકોની પ્રતિઓમાં મંગલાચરણ આમ હોય છે:

प्रणम्य शंकरं देवं ब्रह्माणं च जगद्गुरुम् ।
प्रणम्य विष्णुं शिरसा वक्ष्यामि शास्त्रमुत्तमम् ।।

પુષ્પિકા—इति लघुचाणाक्ये राजनीतिशास्त्रेऽष्टमोऽध्याय: ।। એટલી જ છે. 'લઘુ ચાણક્ય' તેમ જ 'વૃદ્ધ ચાણક્ય'ની ગુજરાતી હ.પ્ર.માં चाणक्यને બદલે નિરંતર चाणाक्य પાઠ મળે છે અને वृद्धને બદલે वृद्धि. પણ આ બંને સૂક્તિ-સમુચ્ચયમાંના સંખ્યાબંધ શ્લોકો નિશ્ચિતપણે દર્શાવે છે કે મૂળ સંકલના વૈદિક બ્રાહ્મણની છે. કર્તૃત્વનો આ આંતરિક પુરાવો છે. એક તરફ 'લઘુ ચાણક્ય'ની મને મળેલી પ્રતના ૭૯ શ્લોક અને 'વૃદ્ધ ચાણક્ય'ના ૧૩૨ શ્લોકમાં ત્રણેક શ્લોકો સમાન છે, પણ આવી સૂક્તાવલીઓ પરત્વે ઉપલબ્ધ સર્વ પ્રતોમાં સર્વથા સમાનતા હોવી જોઈએ એમ કહી શકાય નહિ 'લઘુ ચાણક્ય'ની મને મળેલી, મોદીના ભંડારમાંની ઉપર્યુક્ત પ્રતનો લિપિકાર જૈન હતો; પ્રસ્તુત 'વૃદ્ધ ચાણક્ય'નો લિપિકાર બ્રાહ્મણ હતો એ નિશ્ચિત છે; જુઓ એનો પ્રારંભ અને પ્રથમ શ્લોક:

ॐ नमो श्रीगणेशाय ।।

प्रणम्यं शिरसा विष्णुं त्रैलोक्याधिपतिं विभुम् ।
नानाशास्त्रोद्धृतं वक्ष्ये राजनीतिसमुच्चयम् ।।

सं. १५३८ वर्षे मार्गशर सुदि २ शुक्रे श्रीपत्तने लिखितं ।। छ ।। शुभं भवतु ।। छ ।। छ ।।

અર્થાત્ 'વૃદ્ધ ચાણક્ય'ના જૂની ગુજરાતી ગદ્યાનુવાદની આ હ.પ્ર. સં. ૧૫૩૮માં પાટણમાં લખાયેલી છે.

# [ ૩ ]

'વૃદ્ધ ચાણક્ય'ની પ્રસ્તુત પોથી ૧૬ પત્રની છે, એટલે એનાં બત્રીસ પૃષ્ઠ છે. દેવનાગરી લિપિના અક્ષર મોટા અને સુઘડ છે. પ્રત્યેક પૃષ્ઠ ઉપર નિયમિત દસ પંક્તિઓ લખેલી છે, પણ શ્લોકોનો કેટલોક ભાગ લુપ્ત થઈ ગયો છે; જ્યાં શક્ય બન્યું ત્યાં પ્રચલિત સુભાષિતો તથા નીતિ-સૂક્તિઓની સહાયથી અને કદાચિત્ એ ન બન્યું ત્યાં ભાષાન્તરની સહાયથી એ શ્લોકો સુધારી લીધા છે, પણ મૂલ પ્રતમાં એ નથી એ બતાવવા સારુ એવા શ્લોકો કે એના લુપ્ત શ્લોકાર્ધ કે શ્લોકપાદ મોટા કૌંસમાં મૂક્યા છે. ભાષાન્તરનો પણ કેટલોક ભાગ પડી ગયો છે, પણ તેની સુધારણા સ્પષ્ટતયા શક્ય નથી; એવા પડી ગયેલા ભાગનો નિર્દેશ ટિપ્પણમાં કર્યો છે.

આ સર્વ અશુદ્ધિઓ તથા ભ્રષ્ટતાઓ દર્શાવે છે કે પ્રતિના લિપિસંવત ૧૫૩૮થી આશરે પાંચ-છ દાયકા અગાઉ એટલે સં. ૧૪૮૦ આસપાસ અર્થાત્ ઈ. સ.ના પંદરમા શતકની પહેલી પચીસીમાં આ ગદ્યાનુવાદની રચના થઈ હશે એવું અનુમાન કરવું ઉચિત છે.

હસ્તપ્રત કોઈ જૈન જ્ઞાનભંડારની છે, કેમ કે છેલ્લા પૃષ્ઠ ઉપર ગુજરાતી લિપિમાં ' પોથી ૧૬ પ્રત ૫૦ ' એમ લખ્યું છે એટલે એક જ બંધનમાં બાંધેલી પોથીમાં અનેક પ્રતો હશે, જેમાં આ પ્રતનો અંક ૫૦માં છે. આવી પોથીઓ કાગળના કે લાકડાના મજબૂત ડાબડામાં રાખવામાં આવતી. પ્રાચીન જ્ઞાનભંડારોની જે લિખિત સૂચિઓ મળે છે. તેમાં ' ડાબડા, પોથી અને પ્રત ' એ પ્રમાણે અંકોનો નિર્દેશ કરેલો હોય છે, જેથી જોઈતી પ્રત સહેલાઈથી ખોળી શકાય.

'લઘુ ચાણક્ય નીતિશાસ્ત્ર'નો ગુજરાતી ગદ્યાનુવાદ મોદી ભંડારની ઉપર્યુક્ત પોથી અનુસાર ' બુદ્ધિપ્રકાશ ' માસિકના મે-જૂન ૧૯૩૨ના અંકમાં મેં છપાવ્યો હતો.

'વૃદ્ધ ચાણક્ય નીતિશાસ્ત્ર'ની અહીં છપાયેલી હ.પ્ર. પ્રાચીન પુસ્તકોના સંગ્રાહક, મારા વિદ્વાન સન્મિત્ર શ્રી અમૃતલાલ મોહનલાલ પંડિતે ત્રીસેક વર્ષ પહેલાં મને ભેટ આપી હતી. પણ વડોદરા યુનિવર્સિટીના પ્રાચ્યવિદ્યા મન્દિરના નિયામક અને ગુજરાતી વિભાગના અધ્યક્ષ લેખે, શિક્ષણ સંશોધન અને શૈક્ષણિક વહીવટના દુઃસહ કાર્યભારને કારણે એ તરફ હું નજર સરખી નાખી શકયો ન હતો, નિવૃત્તિ પછીની સ્વતંત્રતામાં એના સંપાદન-પ્રકાશનનું કાર્ય કરી શકયો એનો મને સંતોષ છે. તે સાથે જે અચિન્ત્ય શક્તિ આ જગતનું સંચાલન કરી રહી છે તેણે પંચાવન વર્ષ જેટલા લાંબા ગાળા પછી પણ મારી કાર્યશક્તિ અવિકલ રાખી છે એનું અહીં સપ્રણામ સ્મરણ કરી આ સ્વકર્મ અને સ્વધર્મ દ્વારા એની અભ્યર્ચના કરું છું.

'વૃદ્ધ ચાણક્ય નીતિશાસ્ત્ર'ના આ પ્રકાશન દ્વારા ઈસવી સનના પંદરમાં સૈકાની એક જૈનેતર ગદ્યકૃતિ પ્રગટ થાય છે. એ સમયનું જૈનેતરના હાથે લખાયેલું ગુજરાતી ગદ્ય અત્યંત વિરલ છે એ દૃષ્ટિએ આ કૃતિનું પ્રકાશન અને અભ્યાસ સવિશેષ અગત્યનાં છે.

આ સંપાદનમાં મૂલ્યવાન સહાય કરવા માટે, વડોદરા યુનિવર્સિટીના સંસ્કૃત વિભાગના રીડર, મારા યુવાન મિત્ર ડૉ. રાજેન્દ્ર નાણાવટીનો હું ઉપકાર માનું છું.

## [ वृद्ध चाणक्य नीतिशास्त्र ]

[ 1–A ] ॐ नमो श्रीगणेशाय ॥

प्रणम्य शिरसा विष्णुं त्रैलोक्याधिपतिं विभुम् ।
नानाशास्त्रोद्धृतं वक्ष्ये राजनीतिसमुच्चयम् ॥ १

ते हूं त्रैलोक्यनु अधिपति प्रभु स्वामी विष्णु प्रणमीं नमस्करीनइ । नाना अनेकि शास्त्रतु उद्धरूं ॥ ते हूं राजनीतिनूं समूह बोलूं ॥ १

धर्मोपदेशविनयं कार्याकार्यं शुभाशुभम् ।
अधिगत्य इदं शास्त्रं नरो जानाति तत्त्वतः ॥ २

पुरुषइं तत्त्वनु ए शास्त्र पामींइ धर्मनु उपदेश । अनइ विनय कार्य अविनय कार्य । शुभ रूडूं अशुभ विरूऊ जाणीइ ॥ २

तदहं संप्रवक्ष्यामि नराणां बुद्धिवर्धनम् ।
येन विज्ञातमात्रेण सर्वज्ञत्वं हि जायते ॥ ३

ते हूं उत्तम शास्त्र नर पुरषना हितनइ अर्थि बोल्रू ॥ जे शास्त्र जाणइ ते सर्वज्ञपणू जाणिइ ॥ ३

मूर्खशिष्योपदेशेन दुष्टस्त्रीभरणेन च ।
द्विषतां संप्रयोगेन पंडितोऽप्यवसीदति ॥ ४

मूर्ख नेसालीयानइ उपदेसिइ । दुष्ट स्त्रीनइं भरणपोषणिइ अनइ वयरीनइ संप्रयोगिइ पंडित सीदाइ ॥ ४

दुष्टा भार्या शठं मि[ 1–B ]त्रं भृत्याश्चोत्तरदायकाः ।
ससर्पे च गृहे वासो मृतिरेव न संशयः ॥ ५

जे पुरुषनइ घरि दुष्ट स्त्री हुंइ । धूर्त मित्र हुइ । भृत्य उलगू अंतराय । सर्प घरि वासि वसइ । तु मृत्युनु संदेह नही ॥ ५

आपदर्थे धनं रक्षेत दारान् रक्षेद्धनैरपि ।
आत्मानं सततं रक्षेद्दारैरपि धनैरपि ॥ ६

आपद पीडानइ अर्थि धन राखिवु । अनइ धनि करी दारा कलत्र राखिवी । अनइ सतत निरंतर धनि करी दारा कलत्रि करी आत्मा राखिवु ॥ ६

**त्यजेदेकं कुलस्यार्थे ग्रामस्यार्थे कुलं त्यजेत् ।**
**ग्रामं जनपदस्यार्थे आत्मार्थे पृथिवीं त्यजेत् ॥ ७**

कुलनइ अर्थि एक छांडिवु । ग्रामनइ अर्थि कुल त्यजवूं । देशनइ अर्थि ग्राम त्यजवूं । आत्मानइ अर्थि पृथ्वी त्यजवी ॥ ७

**चलत्येकेन पादेन तिष्ठत्यकेन पंडितः ।**
**नासमीक्ष्य परं स्थानं पूर्वमायतनं त्यजेत् ॥ ८**

पंडित डाहि एक पगि चालिवू । अपर आगलू स्थानक जोइ पूर्व स्थानक छाडिवूं ॥ ८

**यस्मिन् देशे न सन्मानं न वृत्तिर्न च बांधवाः ।**
**न च विद्यागमः कश्चित् न तत्र दिवसं बसेत् ॥ ९**

पुरषइ जेणइ देशि मान नहीं वृत्ति कार्य न हुइं । जिहां बांधव के भाई न हुइ । अनइ विद्वांसु न हु(इ) तिहां वास न करिवु ॥ ९

**पंच यत्र न विद्यन्ते न तत्र दिवसं वसेत् ।**
**लोकयात्रा भयं लज्जा[ 2-A ]दाक्षिण्यं धर्मशीलता ॥ १०**

पुरषिइं जिहां लोकयात्रा न हुइं ॥ अनइ भय नु हुइं । (दाक्षिण्य) धर्म सील न हुइं । तिहां दिहाडु न विसिवुं ॥ १०

**पंच यत्र न विद्यन्ते न कुर्यात्तत्र संगतिः ।**
**प्रयोगी श्रोत्रियो राजा नदी वैद्यस्तु पंचमः ॥ ११**

पुरुष एक योगी सुजाण न हुइं । एक वेदनु जाण न हुइं । अनइं राजा न हुइं ॥ अनइ नदी न हुइ । अनइ वैद्य न हुइं । तिहां संगति न करवी ॥ ११

**ज्ञातव्याः प्रेषणे भृत्या बान्धवा व्यसनागमे ।**
**मित्रं चापत्कालेन भार्या च बिभवक्षये ॥ १२**

ओलगू कार्य मोकली परिखिवा । अनइ बांधव विसन पडिइ परिखवा । अनइ मित्र आपदकालि परिखवा । भार्या अणाथि वेलां परखवीं ॥ १२

**आतुरे व्यसने प्राप्ते दुर्भिक्षे शत्रुविग्रहे ।**
**राजद्वारे स्मशाने च यस्तिष्ठति स बांधवः ॥ १३**

पुरषि आतुर मंदवाडिइ अनि विसनि पडि दुकालिइं । अनइ वयरीनइ विग्रहि । राजद्वारि अनइ श्मशानि एतला ठामे जे जमलु रहि ते भाई जाणिवु ॥ १२

**यो ध्रुवाणि परित्यज्य अध्रुवाणि निषेवते ।**
**ध्रुवाणि तस्य नश्यंति अध्रुवं नष्टमेव च ॥ १४**

जे पुरष ध्रुव निश्चल छांडी अध्रुव सेवइं । तेह [ 2–B ]नां ध्रुव कार्य विणसाडिनइ । अध्रुव कल्याण पामइ ॥ १४

**वरयेत् कुलजां प्राज्ञो विरूपामपि कन्यकाम् ।**
**रूपस्विनीं न नीचानां वैवाह्यं सदृशे कुले ॥ १५**

प्राज्ञ डाहि पुरषिइं विरूइंइं कन्या कुलीनि पर्णवी । नीचनी रूपश्वनीइ न पर्णवी । विवाह सिरषिव कुलि करिवु ॥ १५

**[ बिषादप्यमृतं ग्राह्यममेध्यादपि काञ्चनम् ।**
**नीचाद् विद्या गृहीतव्या स्त्रीरत्नं दुष्कुलादपि ॥ १६ ]***

विषमाहि थिकूं अमृत लेवूं । अमेध्य विष्टामाहि थिकूं सुवर्ण लेवूं ॥ नीच कनहि थिकी विद्या लेवी । अनइ विरूआ कुल थिकूं स्त्रीरत्न लेवूं ॥ १६

**स्त्रीणां द्विगुणमाहारो लज्जा तासां चतुर्गुणा ।**
**षड्गुणो व्यवसायस्तु कामश्चाष्टगुणः स्मृतः ॥ १७**

स्त्रीनइ आहार बिमणु । लज्जा चुगुणी । काम छगणूं । कंदर्प आठगणु ॥ १७

**इति वृद्धिचाणक्ये राजनीतिशास्त्रे प्रथमोऽध्यायः ॥ छ ॥**

**अनृतं साहसं माया मूर्खत्वमतिलोभिता ।**
**अशौचं निर्दयत्वं च स्त्रीणां दोषाः स्वभावजाः ॥ १**

अनृत जूठूं बोलइ । अनइ साहसिक हुइ । अनइ मायावी हुइ । मूर्खि हुइ । अनइ अपार लोभिणी हुइ । अनइ अपवित्र हुइ । अनइ निर्दय हुइ । एतला स्वभावि स्त्रीनइ दोष बोल्या ॥ १

---

* મૂલ પ્રતિમાં સંસ્કૃત શ્લોક નથી, પણ પ્રચલિત સુભાષિત ભાષાન્તરને આધારે અહીં મૂક્યું છે.

भोज्यं भोजनशक्तिश्च रतिशक्तिर्वरस्त्रियाम् ।
विभवो दानशक्तिश्च नाल्पस्य तपसः फलम् ॥ २

जु घरि भोजन हुइ । अनइ [3-A] यभवानी शक्ति हुइ । अनइ घरि स्त्री हुइ । अनइ दाननी शक्ति हुइ । थोडा तपनूं फल नहीं ॥ २

यस्य पुत्रा वशे नित्यं भार्या छंदानुवर्त्तिनी ।
निर्धनत्वेऽपि संतोषः स्वर्गस्तस्य इहैव हि ॥ ३

पुरषने दीक्यरा वसिवर्ती हुइ । भार्या छंदानवर्तनी हुइ । अनइ निर्द्धनपणइं संतोषी हुइ । तेहनांइ स्वर्ग आहां जि छइ ॥ ३

ते पुत्रा ये पितुर्भक्ताः स पिता यस्तु पोषकः ।
तन्मित्रं यस्य विश्वासः स देशो यत्र जीवति ॥ ४

पुत्र ते ये पितानी भक्ति करइ । पिता ते ये पुत्र भरणपोषण दिइ । मित्र ते जेहनु विश्वास हुइ । अनइ देश ते यहां जीवीइ ॥ ४

परोक्षे कार्यहंतारं प्रत्यक्षे प्रियवादिनम् ।
वर्जयेत्तादृशं मित्रं विषकुम्भपयोमुखम् ॥ ५

पुरुषि मित्र एहवु न करिवु ये पूठि पाछलि कार्य हणइ । अनइ मुख आगलि रुडू बोलइ । कहिनी परिइ । यम विषकुंभ पयोमुख हुइ ॥ ५

न विश्वसेत् कुमित्रस्य मित्रं चापि न विश्वसेत् ।
कदाचित् कुपितं मित्रं सर्वं गुह्यं प्रकाशयेत् ॥ ६

[આ શ્લોકનું ભાષાન્તર મૂલ પ્રતમાં નથી.]

नदीनां च नखीनां च शृंगीणां शस्त्रपाणिनाम् ।
विश्वासो नैव कर्तव्यः स्त्रीणां राजकुलेषु च ॥ ७

एतलानु विश्वास नाणिवु । ते केहा । नदीनु [3-B] नखी व्याघ्र स्यंहनु श्रृंगी भइसा सांडनु । शस्त्रपाणि सहथीआर पुरुषनु । अनइ स्त्रीनु अनइ राजकुलनु विश्वास नाणिवु ॥ ७

मनसा चिंतितं कार्यं वाचा नैव प्रकाशयेत् ।
मंत्ररक्षणगूढात्मा कार्यसिद्धिश्च जायते ॥ ८

मनमाहि कार्य उपनू हुइ ते कार्य सीधा पाषइ वाणी न प्रकासिइ। प्रकासइ तु कार्यसिद्धि न पामइ ॥ ८

**कष्टं च खलु मूर्खत्वं कष्टं खलु यौवनेऽपि दारिद्र्यम्।**
**कष्टादपि कष्टतरं परगृहगमनं विदेशं वा ॥ ९**

पुरुषनइ एक ए कष्ट जे मूर्खपणू। बीजू ए कष्ट यौवनपणिइ दारिद्रपणू हुइ। कष्ट माहि एक अधिक कष्ट ये परिगृहगमन अनइ विदेशगमन ॥ ९

**चलंतोऽपि न मर्यादां मुंचन्ति किल सागराः।**
**सागरा भेदमिच्छंति चलंति नैव साधवः ॥ १०**

किल इसूं सांभलीइ। समुद्र मर्यादा न लोपइं।* पणि साधु सत्पुरष आपणी मर्यादा न लोपइ ॥ १०

**एतदर्थं कुलीनानां नृपाः कुर्वन्ति संग्रहम्।**
**आदिमध्यावसानेषु न ते यास्यंति विक्रियाम् ॥ ११**

एह कारणतु राजा कुलवंत पुरषनुं संग्रह करइ। स्या कारण। ये आदि मध्य अवसानि विक्रिया न भजइ ॥ ११

**शैले शैले न माणिक्यं मौक्तिकं न गजे [4–A] गजे।**
**साधवो न हि सर्वत्र चंदनं न वने वने ॥ १२**

पर्वत पर्वतनइ विषइ माणिक नथी। अनइ हस्ती [हस्तीनइ विषइ] अनइ [वनि] वनि चंदन नथी ॥ [ ]१२

**मूर्खस्तु परिहर्तव्य [मंतव्यः] द्विपदः पशुः।**
**विध्यते वाक्यशल्येन अदृष्टः कंटको यथा ॥ १३**

मूर्ख परिहरवु। ते [पशु] ढोर जाणिवु। वाक्यरूपीइ शल्यिइं विंधीइ। अद्रिष्ट कांटानी परि ॥ १३

**पुत्रास्तु [विविधे] कार्ये योक्तव्या विबुधैः खलु।**
**नीतिज्ञा बुद्धिसंपन्नाः पूजनीयास्ते यथा भवेत् ॥ १४**

---

* મૂળ પ્રતમાં અહીં ભાષાન્તરનો વાક્યખંડ પડી ગયો છે.

विद्वांसि पुत्र विवध कार्य योजिवा जिह कारणतु नीतिज्ञ बुद्धिसंपन्न हुइ । पूजनीय हुइ ॥ १४

**माता वैरी पिता शत्रुर्बाला येन न पाठिताः ।**
**सभामध्ये न शोभन्ते हंसमध्ये बका यथा ॥ १५**

ते माता वइरणि जाणवी । पिता वयरी जाणिवु । जे पुत्रनइ बालावस्थां न भणाविइ । ते सुभामाहि न शोभइ । यम हंसमाहि बग न शोभइ ॥ १५

**श्लोकेन च तथार्द्धेन पादेनैकाक्षरेण च ।**
**अवंध्यं दिवसं कुर्यात् दानाध्ययनकर्मसु ॥ १६**

श्लोकिइ करी श्लोकनइ अर्द्धि करी । एक पादि करी [ 4–B ] एक अक्षर करी अवंधि सफल दिवस करिवु ॥ १६

**लाडनात् बहवो दोषाः ताडनात् बहवो गुणाः ।**
**तस्मात् शिष्यं च पुत्रं च लाडयेन्न च ताडयेत् ॥ १७**

लडावातु घणा दोष हुइ । ताडनतु घणा गुण हुइ । एहे कारणतु पुत्रमइ अति लडाविइ नही ॥ १७

**इति वृद्धिचाणक्ये राजनीतिशास्त्रे द्वितीयोऽध्यायः ॥ छ ॥**

**॥ छ ॥ लाडयेत् पंचवर्षाणि दशवर्षाणि ताडयेत् ।**
**प्राप्ते षोडशमे वर्षे पुत्रं मित्रं समाचरेत् ॥ १**

पुत्र पांच वरस लगइ लडाविइ । दस वरस लगिइ ताडी भणावीइ । सोलमइ वरसि पुत्र मित्र सिरखां जांणिवां ॥ १

**सदा समं शनैर्भोग्यं श्लाध्यं वदति वैभवम् ।**
**दुःखपेयं पयः क्षारं वरं कूपसरोवरम् ॥ २**

कूआतु सरोवर इति श्रेष्ठ । त्यिम पुरषनइ दानसंगति श्रेष्ठ । * २

---

* ભાષાન્તરનો કેટલોક અંશ મૂળ પ્રતમાં પડી ગયો છે.

**न सुखं धनलुब्धस्य न धर्मो दुष्टचेतसाम् ।**
**न चार्थो भाग्यहीनानां नास्त्यौषधं गतायुषः ॥ ३**

[.... .... .... .... .... .... .... .... .... ....]
भाग्यहीननइं अर्थि नही । गत आयुषनइ ओषध नहीं ॥ ३

**उपसर्गे परचक्रे च दुर्भिक्षे भयमागते ।**
**असाधुजनसंपर्के यः नश्यति स जीव[ 5-A ]ति ॥ ४**

अपसर्गनइ विषइ । परचक्रि दुर्भिक्षकालि । अनइ भय आवहि । असाधुजनु संपार्कि । एतलां वांनांतु जे नासइ ते जीवइ ॥ ४

**परान्नं परवस्त्रं च परशय्या परस्त्रियः ।**
**परवेश्मनिवासं च दूरतः परिवर्जयेत् ॥ ५**

परान्न परवस्त्र अनइ परशय्या अनइ परस्त्री अनइ पीआरा धन एतलां दूरि वेगलां छांडिवा ॥ ५

**परिवो यत्र पूज्यन्ते धनं च पूर्वसंचितम् ।**
**न दन्तकलहो यत्र तत्र पद्मा सदा वसेत् ॥ ६**

जिहां परिवडां * पूजीइ अनइ पूर्व सुसंचित धान्य हुइ । अनइ दंतकलहु नु हुइ । तिहां लक्ष्मी वसइ ॥ ६

**न हि संसर्गदोषेण साधवो यान्ति विक्रियाम् ।**
**भुजंगैर्वेष्ट्यमानेऽपि चन्दनं न विषायते ॥ ७**

सत्पुरुष संसर्गदोषइं करी विक्रिया न पामइ । यम चंदननां वृक्ष भुजंग सर्पिइ वीट्यां हूता विषरूप न हुइ ॥ ७

**शीलं शिल्पमनालस्यं पांडित्यं मित्रसंग्रहः ।**
**अचोरहरणीयानि पंचैतान्यक्षयो निधिः ॥ ८**

एक सुसीलपणइं मित्रनु संग्रह अचौरहिरण पांच अक्षयनिधि जाणिवा × ॥ ८

---

* લોક ભાષામાં 'પારેવું' એટલે 'દૂઝણી ગાય–ભેંસ', આ ઉપરથી 'લોકભાષા-મય સંસ્કૃત'માં परिवु શબ્દ બન્યો છે. શ્લોક ૬ મેં જોયેલા કોઈ નીતિગ્રન્થમાં નથી, પણ ભાષાન્તરને આધારે એનું પુનર્ઘટન કર્યું છે, જે ઉચિત જણાશે.

× ભાષાન્તરનો કેટલોક અંશ મૂળ પ્રતમાં પડી ગયો છે.

**पठ[ 5-B ]तो गुणतः शिल्पे यथा सर्वकुलेषु च ।**
**धर्मार्थकाममोक्षस्य सर्वत्र कुशली भवेत् ॥ ९**

पुरुषिइ सीलपणिइं भणवइ करी सघ एतलां कुलनइ विषइ धर्मार्थकाममोक्षनइ सर्वत्र कुशल डाहु हुइ ॥ ९

**धर्मार्थकाममोक्षाणां यस्यैकोऽपि न विद्यते ।**
**जन्मजन्मे महद्दुःखं मरणं तस्य केवलम् ॥ १०**

ये पुरुष धर्मार्थ काम मोक्ष एकू पदार्थ न आचरइ । तेहनइ जन्मि जन्मि महांत दुख हुइ । केवल एकलू मरण जाणिवूं ॥ १०

***शोको नाशयते प्रज्ञां शोको नाशयते धृतिम् ।**
**शोको नाशयते धर्मं नास्ति शोकसमो रिपुः ॥ ११**

शोकतु प्रज्ञा नासइ । धृति धीरपणूं जाइ । शोकतु धर्म विणासइ । शोक समान वयरी को नहीं ॥ ११

**गाढनिद्रा कुतस्तेषां ये ऋणव्याधिपीडिताः ।**
**अविधेयकलत्राणां चानेककृतवैरिणाम् ॥ १२**

ये रणरुपी व्याधि पीड्या हुइं । अनइ घरि कलत्र अविधेय अनाचारि हुइं । अनइ जेहनइ घणा वइरी हुइ । तेहनइ निद्रा किहां ॥ १२

**यद्यपि भवति विरूपो वस्त्रालंकारवेशपरिहीनः ।**
**सुजनसभामुपविष्टो राजते विद्याधिकः पुरुषः ॥ १३**

जु किन्हि विरूप हुइ । अनइ वस्त्ररूपीइं अलंकरणिं हीन हुइ । तु हि सत्पुरुषनी सभामाहि [ 6-A ] बिइठु हूतु विद्यावंत अधिकूं शोभइ ॥ १३

**वर्जयेद्विदलं शूली कुष्ठी मांसं घृतं ज्वरी ।**
**नवान्नं च अतिसारे नेत्ररोगी च मैथुनम् ॥ १४**

शूलना धणीनइ द्विदल कठुल तिजवुं ।...× नेत्ररोगीनइ मैथुन तिजवूं ॥ १४

**इति वृद्धि चाणाक्ये राजनीतिशास्त्रे तृतीयोध्यायः ॥ छ ॥**

---

* શ્લોક ૧૧નો પૂર્વાર્ધ મૂળ પ્રતમાં નથી; ભાષાન્તરને આધારે મૂક્યો છે.

× ભાષાન્તરનો કેટલોક અંશ મૂળ પ્રતમાં પડી ગયો છે.

**॥ छ ॥ धर्ममर्थं च कामं च यथाशक्ति समाचरेत् ।**
**ब्राह्मे मुहूर्ते चोत्थाय चिंतयेदात्मनो हितम् ॥ १**

पुरुष ब्राह्मि महूर्त्ति ऊठी आपणा हितनइ अर्थि धर्म अर्थ काम मोक्षाय यथाशक्ति चींतवीइ ॥ १

**कः प्रभुः कानि मित्राणि को देशः को व्ययो मम ।**
**कश्चाहं का च मे शक्तिरिति चिंत्यं मुहुर्मुहुः ॥ २**

माहरु कुण प्रभु स्वामी । अनइ कुण मित्र । अनइ कुण देश । अनइ कुण व्यय । कुण हूं कुण माहरी शक्ति । मुहु मुहु वली वली एहवूं चीतविवउं ॥ २

**व्यायामः कफनाशाय वातनाशाय मर्दनम् ।**
**स्नानं पित्तविनाशाय ज्वरनाशाय लंघनम् ॥ ३**

व्यायामतु श्लेष्मा जाइ । अनइ मर्दनतु वायु जाइ । अनइ स्नानतु पित्त जाइ । अनइ लंघनतु ज्वर जाइ ॥ ३

**जनेता चोपनेता च यस्तु विद्यां प्रयच्छति ।**
**अन्नदाता भयत्राता पंचैते पितरः स्मृताः ॥ ४**

एक ज[ 6-B ]नेता अनइ सीखामणनु देहनार । अनइ विद्यानु भणावणाहार । अनइ अन्न देहनार । अनइं भयतु राखणहार । ए पांचइ पिता जाणिवा ॥ ४

**यथा चतुर्भिः कनकं परीक्ष्यते निघर्षणच्छेदनतापताडनैः ।**
**तथा चतुर्भिः पुरुषः परीक्ष्यते श्रुतेन शीलेन कुलेन कर्मणा ॥ ५**

यम सुवर्णनी चिहु प्रकारि परीक्षा करीइ । एक निघर्षण कसविइं करी । बीजउं छेदनि करी । त्रीजूं तापविइं करी । चउथउं ताडन करी । तिम पुरुषनी शास्त्रि करी । सील आचारि करी । कुलिं करी कर्म्मि करी परीक्षा करीइ ॥ ५

**गुरुरग्निर्द्विजातीनां वर्णानां ब्राह्मणो गुरुः ।**
**पतिरेको गुरुः स्त्रीणां सर्वस्याभ्यागतो गुरुः ॥ ६**

ब्राह्मणनइ अग्नि वैश्वानर गुरु । वर्ण सिवहुंनइ । ब्राह्मण गुरु । अनइ स्त्रीनइं एक पति भर्त्तार जि गुरु । अभ्यागत सिवहुनइ गुरु ॥ ६

उत्तमस्यापि वर्णस्य नीचोऽपि गृहमागतः ।
बालो वा यदि वा वृद्धो सर्वस्याभ्यागतो गुरुः ॥ ७

उत्तमनइ घरि नीच आवइ । तुहू ते बाल वृद्ध सिवहुंनइ अभ्यागत गुरु जाणिवु ॥ ७

पार्थिवस्य च वक्ष्यामि भृत्यानां चैव लक्षणम् ।
येन संवर्द्धते राज्यं भाडांगारस्तथा भवेत् ॥ ८

पार्थिव राजानइ उलगूनां ल[ 7–A ]क्षण एहवां जांणिवां । जेहे लक्षणे करी भंडार अनइ राज्य वाधइ ॥ ८

वेदवेदांगतत्त्वज्ञो जपहोमपरायणः ।
आशीर्वादपरो नित्यं एष राज्ञः पुरोहितः ॥ ९

वेद नइ वेदनां अंग तेहनां तत्त्व जाणइ । अनइ जपहोमनइ विषइ परायण हुइ । अनइ निरंतर आसीर्वादनइ विषइ तत्पर हुइ । राजाने पुरोहित एहवूं जोइवु ॥ ९

प्रवीणः कुशलो दक्षः परचित्तोपलक्षकः ।
धीरो यथोक्तवादी च एष दूतो विधीयते ॥ १०

शास्त्रनइ विषइ प्रवीण डाहु हुइ । पीआरां चित्त उलषइ । धीर हुइ । अनइ यथोक्तवादी साचू बोलइ । एहवु दूत करिवु ॥ १०

पितृपैतामहो दक्षः शास्त्रज्ञो निष्टपावकः ।
शौचयुक्तोऽर्थभक्तश्च सूपकारः स उच्यते ॥ ११

ये पितुपितामह लगइ दक्ष हुइ । अनइ शास्त्र जाणइ । अनइ रूडु पवित्र शौचयुक्त हुइ । अनइ भक्तितत्पर हुइ । राजाने सूआर एहवु करिवु ॥ ११

आयुर्वेदकृताभ्यासः सर्वत्र प्रियदर्शनः ।
उक्तिहेतुसमायुक्तो एष वैद्यो विधीयते ॥ १२

वैद्य एहवु जोइवु । एक शास्त्रनइ विषइ कृताभ्यास हुइ । अनइ सर्वत्र प्रियदर्शी हुइ । हेतुं बोलइ वा युक्त हुइ ॥ १२

स्फुटवाक्यः पटुः प्राज्ञः सत्यवादी जितेंद्रियः ।
सर्वशो हि समालोकी एष साधुश्च लेखकः ॥ १३

[स्फुट] अनइ पटु बोलइ । सत्यवादी जितेंद्रिय हुइ । अनइ सर्व कुणनइ अवलोकनी हुइ । ते साधु अनइ लेखक जांणिवु ॥ १३

**समस्तहयशास्त्रज्ञो वाहने रिपुदर्शनः ।**
**समर्थोऽर्थगुणोपेत अश्वाध्यक्षो विधीयते ॥ १४**

सघलां शास्त्र जाणइ । वाहननइ विषइ विषइदर्शी हुइ । अनइ सर्वागुणोपेतु हुइ । ते अश्वाधिक्ष जाणिवु ॥ १४

**त्यजेत्स्वामिनमत्युग्रं अत्युग्रात्कृपणं त्यजेत् ।**
**कृपणादविशेषज्ञं तस्मादुःकृतकं त्यजेत् ॥ १५**

अति उग्र ठाकुर त्यजवु । अनइ उग्र पाहिं कृपण त्यजवु । अनइ कृपण पाहिं अजाण त्यजवु । एह कारणतु दुःकर्मआचारी त्यजवु ॥ १५

**आक्रम्य च द्विजैर्भुक्तं परक्षीणैश्च बांधवैः ।**
**गोभ्यश्च नरशार्दूलः राजसूयाद्विशिष्यते ॥ १६**

ये नरशार्दूल [8-A] पुरष ब्राह्मणनइ गाइनइ बांधवनइ सीदाता भणी संतोषइ । ते राजसूय पाहिं अध्यक फल पामइ ॥ १६

**संगतिः श्रेयसी पुंसां निर्गुणेष्वपि बंधुषु ।**
**तुषैरपि परिभ्रष्टा न प्ररोहंति तंडुलाः ॥ १७**

पुरुषनइं निर्गुण बन्धुनीइ संगति श्रेयः सी कारणी हुइ । यम तंडुल चोखा कूकसा रहिता न प्ररोहइं ॥ १७

**इति वृद्धि चाणक्ये राजनीतिशास्त्रे चतुर्थोऽध्यायः ॥ छ ॥**

**वरं न राज्यं न कुराजराज्यं**
**वरं न मित्रं न कुमित्रमित्रम् ।**
**वरं न दारा न कुदारदारा**
**वरं न शिष्यं न कुशिष्यशिष्यम् ॥ १**

ते राज्य वर श्रेष्ठ नहीं जे कुराज्य हुइ । ते मित्र वर श्रेष्ठ नहीं जे कुमित्र हूइ । ते दारा स्त्री वर श्रेष्ठ नहीं जे कुदारा हुइ । ते शिष्य वर श्रेष्ठ नहीं जे कुशिष्य हुइ ॥ १

**कुराजराज्येन कुतः प्रजासुखं**
**कुमित्रमित्रेण कुतो निवृत्तिः ।**
**कुदारदारैश्च कुतो गृहे रतिः**
**कुशिष्यमध्यापयतः कुतो यशः ॥ २**

कुराजानइ राजि प्रजानइ सुख नही । कुमित्रनी मैत्रीय निवृत्ति नहीं । कुदारा हुइं तु घरि संभोगार्थि न[ 8–B ]हीं अनइ कुशिष्य भणावइ तु पंडितनइं यश नहीं ॥ २

**सिंहादेकं बकादेकं शिक्षेत् चत्वारि कुक्कुटात् ।**
**वायसात्पंच शिक्षेच्च षट् शुनस्त्रीणि गर्दभात् ॥ ३**

सिंहनू एक लक्षण । अनइ बकनू एक लक्षण । अनइ बकनू एक लक्षण । अनइ कूकडानां च्यारि लक्षण । कागनां पांच लक्षण । लुंडीनां छ लक्षण । गर्दभनां त्रण लक्षण ॥ ३

**प्रभूतं कार्यमल्पं वा यो नरः कर्तुमिच्छति ।**
**सर्वारंभेण तत् कुर्यात् सिंहादेकं प्रकीर्तितम् ॥ ४**

जे पुरुष प्रभूत घणू कार्य नाह्ना कार्यनी परिं करवा हीडइ ते सिंहनू लक्षण जाणिवूं ॥ ४

**इन्द्रियाणि तु संयम्य बकवत् पंडितो नरः ।**
**देशकालप्रयोगज्ञः सर्वकार्याणि साधयेत् ॥ ५**

पंडित डाहिं पुरुषिं आपणा इंद्रिय निग्रही सघलां कार्य करिवां । ए बगनू लक्षण ॥ ५

**प्रागुत्थानं च युद्धं च संविभागं च बन्धुषु ।**
**स्त्रियमाक्रम्य भुञ्जीत शिक्षेच्चत्वारि कुक्कुटात् ॥ ६**

विहाणामांहि शिवहुं पहिलूं जागइ [ ........... ]* अनइ स्त्रीनइ आक्रमीनइ भोग करइ । ए चारि लक्षण कूकडाना जा[ 9–A ]णिवां ॥ ६

---

* અહીં મૂળ પ્રતમાં ભાષાન્તરનો થોડોક અંશ પડી ગયો છે.

**गूढमैथुनधाष्ट्यं च काले चालयसंग्रहम् ।**
**अप्रमादमविश्वासं पञ्च शिक्षेच्च वायसात् ।।** ७

गूढ गुप्त मैथुन अनइ धैर्यपणूं । अनइ कालि आलयनुं संग्रह । अप्रमादी अनइ अविश्वासी । ए पांच लक्षण कागनां बोल्यां ।। ७

**लघ्वाशी चाल्पसंतुष्ट उन्निद्रो लघुचेतनः ।**
**स्वामिभक्तिश्च शूरत्वं षडेते श्वानतो गुणाः ।।** ८

अनइ लध्वासी चाल्पसंतुष्ट । मुहइ थोडइ संतोषी हुइ । अनइ शूर हुइ । ए [छ] लक्षण लुंडीनां बोल्यां ।। ८

**सुश्रांतोऽपि वहेद्भारं शीतोष्णं न च विन्दति ।**
**संतोषी च सदा नित्यं त्रीणि शिक्षेच्च गर्दभात् ।।** ९

सुश्रांत हुइ तु भार वहि । अनइ टाढूं ऊहनऊं न जाणइं । अनइ सदा निरंतर संतोषी हुइ । ए त्रिणि लक्षण गर्दभनां बोल्यां ।। ९

**एतानि विंशतिपदानि आचरिष्यंति मानवाः ।**
**ते जयंति रिपून् सर्वानजेयाश्च भवंति [ते] ।।** १०

ए वीस लक्षण जे मानुव मनुष्य आचरइं । ते सघलां विरइं जीपइं । अनइ ते निश्चइं अजेय जीपिवा अशक्य हुइ ।। १०

**अर्थनाशं मनस्तापं गृहे दुश्चरितानि च ।**
**वंचनं चापमानं च मतिमान्न[9-B] प्रकाशयेत् ।।** ११

अर्थनाश अनइ मनिस्ताप । अनइ घरनां विरूआं आचरण । अनइ वंचना । अनइ अपमान । बुद्धिवंत पुरुषि प्रकासिवां नहीं ।। ११

**धनधान्यप्रयोगेषु विद्यासंग्रहणेषु च ।**
**आहारव्यवहारेषु त्यक्तलज्जः सदा भवेत् ।।** १२

धननइ विषइ अनइ धानप्रयोगि । अनइ विद्यासंग्रहणि । अनइ आहारि । अनइ विवहारि । एतले स्थानिक लाज न करिवी ।। १२

**संतोषस्त्रिषु कर्तव्यः स्वदारे भोजने धने ।**
**त्रिषु चैव न कर्तव्यो दाने चाध्ययने तपे ॥ १३**

त्रिहु वाने संतोष करिवु । स्व आपणी दारानइ विषइ । भोजननइ विषइ । धननइ विषइ । त्रिहु वांने संतो[ ष न ] करिवु । दाननइ विषइ । अध्ययननइ विषइ । तपनइ विषइ ॥ १३

**संतोषामृततृप्तानां यत्सुखं शांतचेतसाम् ।**
**न पुनर्धनलुब्धानामितश्चेतश्च धावताम् ॥ १४**

संतोषरूपीइं अमृतिइं त्रिप्ता हूंता जेहवूं सुख हुइ । तेहवूं धनलोभीआ पुरषनइ अनंइ परइं धाता नु हुइ ॥ १४

**द्वयोः विप्रयोः विप्राग्न्योः दंपत्योः स्वामिभृत्ययोः ।**
**अंतराले न गन्तव्यं हरस्य वृषभस्य च ॥ १५**

बिहुं ब्राह्मण विचिं न जाइवूं । ब्राह्मणनइ वैश्वानर विचि न जावूं । भर्तार अ[ 10-A ]नइ स्त्री विचि न जाइवूं । ठाकुर नइ ओलगूं विचि न जाइवुं । अनइ वृषभ न[ इ ] श्रीमहादेव विचिं न जावउं ॥ १५

**पादाभ्यां न स्पृशेदग्निं न गुरुं न च ब्राह्मणम् ।**
**न गावं न कुमारीं च न शिष्यं न च पुत्रकम् ॥ १६**

अग्नि वैश्वानर । अनइ गुरु । अनइ ब्राह्मण । अनइ गाइ । अनइ कुमारी । अनइ शिष्य । अनइ पुत्र । एतलांनइ पग लगाडीइं नही ॥ १६

**हस्ति हस्तसहस्रेण शतहस्तेन वाजिनम् ।**
**शृंगिणं दशहस्तेन देशत्यागेन दुर्जनम् ॥ १७**

हस्ती हस्तसहस्रइ छांडिवु अनइ घोडु सु हस्तइ छांडिवु । अनइ श्रृंगी ढोर दश [ हस्तइं ] छांडिवू । अनइ दुर्जन वइरी देशत्यागि छांडिवु ॥ १७

**अग्निरापस्त्रियो मूर्खाः सर्पो राजकुलानि च ।**
**नित्यं यत्नेन सेव्यंते सद्यः प्राणहराणि षट् ॥ १८**

अग्नि अनइ वैश्वानर । आप पाणी । अनइ स्त्री । अनइ सर्प । अनइ राजकुल । एतलां वानां यत्नि सेवीइ । तु सद्य तत्काल प्राण हरइं ॥ १८

**इति वृद्ध चाणक्ये राजनीतिशास्त्रे पंचमोऽध्यायः ॥ छ ॥**

लुब्धमर्थेन गृह्णीयात् स्तब्धमञ्जलिकर्मणा ।
मूर्खं छंदानुवृत्तेन यथातथ्येन पंडितम् ॥ १

लोभीउ अर्थिइं करी ग्रहीइ । [ 10–B ] स्तब्ध जड अंजलि करी ग्रहीइ । अनइ मूर्ख छंदानुवृत्ति करी ग्रहीइ । अनइ पंडित यथातथ्यं डाहिमपणिइं करी ग्रहीइ ॥ १

अनुलोमेन बलिनं प्रतिलोमेन दुर्बलम् ।
समं तुल्यबलं शत्रुं विनयेन बलेन वा ॥ २

बलिउ लोमि करी ग्रहीइ । अनइ दुर्बल प्रतिलोमिइ ग्रहीइ । अनइ सम तुल्यबल हुइ ते विनइं अथवा बलिइ करी ग्रहीइ ॥ २

यस्य यस्य हि यो भावस्तस्य तस्य हि तं नरम् ।
अनुप्रविश्य मेधावी क्षिप्रमात्मवशं नयेत् ॥ ३

मेधावी पुरषिइं जेहनु भाव जेहवु हुइ । तेहनइ तेहवइं भाविं पइसीनइ क्षप्र सीघ्र आत्मवसि करिवु ॥ ३

बाहुवीर्यबलो राजा ब्रह्म ब्रह्मविदां बलम् ।
रूपयौवनसंपत्तिः स्त्रीणां च बलमुत्तमम् ॥ ४

राजा बाहुवीर्यबल हुइ । अनइ ब्राह्मण वेदवित् हुइ । अनइ रूप यौवनि संपत्ति हूंतीअं स्त्रीअंनइ उत्तम बल कहिउ ॥ ४

नात्यंतं सरलैर्भाव्यं गत्वा पश्य वनस्पतीन् ।
सरलास्तत्र बध्यंते कुब्जास्तिष्ठंति पादपाः ॥ ५

पुरुषइ अत्यंत सरलभाव न हुइवूं । वनमाहि जईनइ सरल पाधरा वृक्ष हुइ ते छेदीइं । अनइ कुब्ज वांका हुइं ति रहिवूंइ ॥ ५

यत्रोदकं तत्र [ 11–A ] पतंति हंसा–
स्तथैव शुष्कं परिवर्जयंति ।
पूर्णं सरश्चैव समाश्रयन्ति
हंसस्य तुल्येन नरेण भाव्यम् ॥ ६

जिहां उदक हुइ तिहां हंस पडइ । तथैव तिम जि शुष्कू सूकूं सरोवर छांडइ । अनइ तेह जि सरोवर पूर्ण हूंतइ आवइ । तिम नर पुरुषिइं ते समान हुवूं ॥ ६

**उपार्जितानामर्थानां त्याग एव हि रक्षणम् ।**
**तडागोदरसंस्थानां परीवाह इवांभसाम् ॥ ७**

उपार्जित अ[र्थ]नइ त्याग दान जि रक्षण । तडागोदरसंस्थ पाणीनइं परीवाहनी परिइं ॥ ७

**यस्यार्थास्तस्य मित्राणि यस्यार्थास्तस्य बांधवाः ।**
**यस्यार्थाः सः पुमान् लोके यस्यार्थाः स च पंडितः ॥ ८**

जेहनइ [अर्थ तेहनइ] मित्र घणा । जेहनइ अर्थ तेहनइ लोकमाहि पुरुष कहीइ । अनइ जेहनइ अर्थ ते पंडित कहीइं ॥ ८

**त्यजंति मित्राणि धनैर्विहीनं**
**पुत्राश्च दाराः स्वजनोऽपि बंधुः ।**
**तमर्थवंतं पुनराश्रयंति**
**अर्थो हि लोके स्वजनो[11-B]ऽपि बंधुः ॥ ९**

अर्थ पाखइ पुरुषनइ मित्र छांडइ । अनइ पुत्र कलत्र तेह छांडइ । अनइ अर्थवंत हुइ तु तेहनइ सौहइ आश्रइ । एह कारणतु अर्थ लोकनइ विषइ स्वजन अनइ बांधव जाणिवु ॥ ९

**अर्थहीनोऽयं पुरुषो ज्ञातव्योऽल्पमेधा तु ।**
**तस्य सर्वाः क्रिया व्यर्था ग्रिष्मकाळे सरित् यथा ॥ १०**

अर्थहीन पुरष हुइ । ते अल्पमेधा जाणिवु । तेहनीइ सघली क्रिया कहनी परिइ । यम ग्रीष्मकालि सरित नदीनी परिइं ॥ १०

**अर्थाः सवत्र पूज्यंते न शरीराणि देहिनाम् ।**
**चांडालोऽपि नरः श्रेष्ठो यस्यास्ति विपुलं धनम् ॥ ११**

सघलइ अर्थ पूजीइ । देही प्राणींयनां शरीर न पूजइ । चांडालइ नर पुरषमाहि श्रेष्ठ जाणिवु । जेहनइ घणूं धन हुइ ॥ ११

**वल्मीकं मधुजालं च शुक्लपक्षे च चंद्रमाः ।**
**राजद्रव्यं च भोज्यं च स्तोकस्तोकेन वर्धते ॥ १२**

वल्मीक राफ अनइ मुधजाल । अनइ शुक्लपक्ष चंद्रमा । अनइ राजद्रव्या अन[इ] भोज्य वस्तु । एतला वानां थोडइं थोडइं वाधइ ॥ १२

**शनैरर्थाः शनैर्विद्या शनैः पर्वतमस्तके ।**
**शनैः धर्मं च कामं च [ 12–A ] व्यायामश्च शनैः शनैः ॥ १३**

अर्थ धन अनइ विद्या । अनइ पर्वत चडवू । अनइ धर्म अनइ काम अनइ व्यायाम । एतलां वांनां शनिं शनिं हुइ ॥ १३

**अंजनस्य क्षयं दृष्ट्वा वल्मीकस्य तु संचयम् ।**
**एतदेव हि पांडित्यं आयादल्पतरो व्ययः ॥ १४**

अंजननु क्षय देखीनइ । अनइ वल्मीक राफनु संचय देखीनइ । पंडित डाहिंइं आयपदतु थोडु वरु करिवु ॥ १४

**आदाय यच्चतुर्थांशं व्ययकर्म प्रवर्त्तते ।**
**प्रभूतं तेन भूक्तेन चित्तं भद्राणि पश्यति ॥ १५**

आयपदनुं चतुर्थांश वरु करिवु । तेहनूं चित्त भद्र कल्याण पामइं ॥ १५

**आगमे यस्य चत्वारि निगमे च हि पंचमः ।**
**अतिविस्तरविस्तारो न चिरं भुज्यते श्रिया ॥ १६**

जेह पुरुषनइ चिहुनूं आयपद हुइ । अनइ पांचनु वरु करइ । ते पुरुष अति विस्तार घणु काल श्री लक्ष्मी न भोगवइ ॥ १६

**त्यज दुर्जनसंसर्गं भज साधुससमागमम् ।**
**कुरु पुण्यमहोरात्रं स्मर नित्यमनित्यताम् ॥ १७**

दुर्ज[ 12–B ]ननु संसर्ग छांडिइ । अनइ साधुनु संसर्ग आश्रईइ । अनइ संसार अनित्य जाणीइ । अहोरात्र पुण्य करवूं ॥ १७

**इति वृद्धचाणक्ये राजनीतिशास्त्रे षष्टमोऽध्यायः ॥ छ ॥**

**स्त्री विनश्यति गर्वेण ब्राह्मणो राजसेवया ।**
**गावो दूरप्रचारेण साधवो लोभलिप्सया ॥ १**

स्त्री गर्वती विणसइ । ब्राह्मण राजसेवातु विणसइ । गाइ दूरप्रचारतु विणसइ । साधु सत्पुरुष लोभलिप्सां करी विणसइ ॥ १

**यस्य भार्या विरूपाक्षी कश्मली कलहप्रिया ।**
**उत्तरोत्तरवादी च सा खलु रासक्षी जरा ॥ २**

जेहनइ घरि भार्या विरूपाक्षी हुइ । अनइ कस्मली हुइ । अनइ कलहगारणी हुइ । अनइ उत्तरवादी हुइ । ते जरा राक्षसी जाणिवी ॥ २

**यस्य भार्या शुचिर्दक्षा भर्तारमनुगामिनी ।**
**नित्यं मधुरभाषी च सा तु स्त्री हरते मनः ॥ ३**

जेहनइ भार्या शुचि निर्मल हुइ । अनइ दक्ष डाही हुइ । अनइ भार्या तो जे पतिप्राणा हुइ ॥ ३

**सद्भावेन हि तुष्यंति देवाः सत्पुरुषा द्विजाः ।**
**इतरा दानपाने[ 13–A ]न वाक्यदानेन पंडिताः ॥ ४**

देब सत्पुरुष ब्राह्मण सद्भाविं तूसइ । गिरूआ प्रणिपाति तूसइ * ॥ ४

**उत्तमं प्रणिपातेन शूरं भेदेन योजयेत् ।**
**नीचमल्पप्रदानेन इष्टं धर्मेण योजयेत् ॥ ५**

उत्तम प्रणपातिं नियोजीइ । अनइ शूर मेदिइं करी नियोजिइ । अनइ शत्रु वइरी विसनीइं करी नियोजीइ । अनइ इष्ट मित्र धर्मि करी नियोजीइ ॥ ५

**नाग्निस्तृप्यति काष्ठानां नापगानां महोदधिः ।**
**नांतकः सर्वभूतानां न पुंसां वामलोचना ॥ ६**

अग्नि वैश्वानर काष्ट त्रिप्ति नहीं । अनइ समुद्र नदीए त्रिप्त नहीं । अंतक यमनइं प्राणीए त्रिप्ति नहीं । अनइ पुरुषनइ स्त्रीनी त्रप्ति नहीं ॥ ६

**महतां प्रार्थयतां यस्य [ वरं मिथ्या हि मार्गणा ] ।**
**दंतभंगो हि नागानां श्लाध्यो गिरिविदारणे ॥ ७**

जेहनइ महांतक नहलि प्रार्थतां न पामइ । तेहू ते वर श्रेष्ठ । कहिनी परिइं । यम हस्तीनइ पर्वत पाडतां दंतभंग हुइ तेहूं ते श्लाध्य ॥ ७

---

* ભાષાન્તરનો કેટલોક અંશ મૂળ પ્રતમાં પડી ગયો છે.

**अपुत्रस्य गृहं शून्यं दिशः शून्यास्त्वबांधवाः ।**
**मूर्खस्य हृदयं शून्यं सर्वशून्या [13-B] दरिद्रिता ॥ ८**

पुत्र पाखइ गृह शून्य जाणिवूं । अनइ बांधव पाखइ दिसि सघली सून्य जाणवी । मूर्खनइ हृदय शून्य । अनइ दरिद्रीनइ सर्व शून्य ॥ ८

**नालिकेरसमाकारा दृश्यन्ते केऽपि सज्जनाः ।**
**इतरे बदराकारा बहिरंगमनोहराः ॥ ९**

केतलाइ सज्जन नालिकेर समाकार हुइं । इतर बीजा बाह[र] कोमल हूंता बिद्राकार हुइ ॥ ९

**यस्य पुत्रो न च विद्वान् न शूरो च पंडितः ।**
**अंधकारं कुलं तस्य नष्टचंद्रेण शर्वरी ॥ १०**

जेहनइ पुत्र विद्वांस न हुइं । अनइ पंडित न हुइं । अनइ शूर न हुअं । तेहनूं कुल अंध जाणिवूं । यम चंद्रमा पाखइ सर्वरी रात्रि न शोभइ ॥ १०

**शर्वरीदीपकश्चंद्रः प्रभाते रविदीपकः ।**
**त्रैलोक्ये दीपको धर्मः सुपुत्रो कुलदीपकः ॥ ११**

रात्रिनु दीवु चंद्रमा । दिवा दीवु सूर्य । अनइ त्रैलोक्यनु दीवु धर्म्म । अनइ कुलनु दीवु सुपुत्र ॥ ११

**[आपदां कथितः पंथा इंद्रियाणामसंयमः ।**
**तज्जयः संपदां मार्गो येनेष्टं तेन गम्यताम् * ॥ १२]**

पुरुष आपदास्थित पंथा[14-A]न हूंतइं इंद्रियना असंयमतु संपदानुं मार्ग त्यजइ ॥ १२

**किं करोति नरः प्राज्ञः प्रेर्यमाणः स्वकर्मभिः ।**
**प्रायेण हि मनुष्याणां बुद्धिः कर्मानुसारिणी ॥ १३**

प्राज्ञ डाहू पुरुष शूं करइ । जे स्व आपण स्वकर्मि करीनइ बुद्धि कर्मनइ अणसरइ ॥ १३

---

* મૂળ પ્રતમાં અહીં સંસ્કૃત શ્લોકનો પાઠ સર્વથા ભ્રષ્ટ હોઈ પ્રચલિત સુભાષિત, ભાષાન્તરનો વિચાર કરી, સ્વીકાર્યું છે; જો કે ભાષાન્તરનો પણ કેટલોક અંશ પડી ગયો છે.

तृषाखनिरगाधेयं दुःशुष्का केन पूर्यते ।
या महद्भिरपि क्षिप्तैः पूरणैरेव खन्यते ॥ १४

तृषारूपिणी खाणि अगाधि छइ । अनइ शूकी केणइ पूराइ नहीं । जे खाणि माहांत गिरूये पूरीती हूंती खणाइ ॥ १४

यस्मिन् जीवति जीवंति विप्रा मित्राणि बांधवाः ।
सफलं जीवितं तस्य आत्मार्थे को न जीवति ॥ १५

जे जीव हूंतइ विप्रा मित्र बांधव जीवइ । तेहनूं जीव्यूं सफल जाणिवूं । आत्मानइ अर्थि को न जीवइं । अपि तु सहोइ जीवइ ॥ १५

दह्यमानाः सुतीव्रेण नीचाः परयशोऽग्निना ।
अशक्तास्तत्पदं गन्तुं ततो निन्दां प्रकुर्वते ॥ १६

नीच पीआरा यशरूपीइं अग्नि दह्यमान दहिता हूंता निंदा करइं । तेहनूं पद [ 14-B ] पामिवा अशक्त असमर्थ छइ ॥ १६

इति वृद्धिचाणक्ये राजनीतिशास्त्रे सप्तमोऽध्यायः ॥ छ ॥

तद् भोजनं यद् द्विजभुक्तशेषं सा प्राज्ञता या न करोति पापम् ।
तत् सौहृदं यत् क्रियते परोक्षं दंभैर्विना यः क्रियते स धर्मः ॥ १

भोजन ते जे द्विजभुक्तशेष हुइ । डाहिमपणूं ते जे पाप न कीजइ । मित्रपणूं ते जे परोक्ष बोलीइ । धर्म ते जे दंभकपणूं न कीजइ ॥ १

कालेन रिपुणा संधिः काले मित्रस्य विग्रहः ।
कार्यकारणमाश्रित्य कालं क्षिपति पंडितः ॥ २ X

कालि अवसरि वइरीस्यूं संधि कीजइ । अवसरि मित्रस्यूं विग्रह कीजइ । अनइ कार्यकारण आश्रइनइ डाहे पुरुषे काल क्षपवु ॥ २

कालः पचति भूतानि कालःसंहरते प्रजाः ।
कालो ह तेषु जागर्ति कालो हि दुरतिक्रमः ॥ ३

काल प्राणीनइं शिजइं । अनइ काल प्रजानइ स्यूंहरइ । काल सुदाकाल जागइ । काल दुरतिक्रम हुइ ॥ ३

**व्याधितस्यार्थहीनस्य देशांतरगतस्य च ।**
**नरस्य शोकदग्धस्य सुहृ[ 15-A ]द्दर्शनमौषधम् ॥ ४**

देशांतरी पुरुषनइ । व्याधि शोकिइं संतप्त हूंतां सुरिद मित्रनूं दर्शन औषध ॥ ४

**नित्यं स्नाता सुगंधा च नित्यं च प्रियवादिनी ।**
**अल्पामुक्ताल्पभाषी च देवता सा न मानवी ॥ ५**

ये स्त्री नित्य निरंतर स्नाता हुइ । अनइ प्रियवादिनी हुइ । अल्प अशन करइ । अनइ अल्पभाषी हुइ । जेह पुरुषनइ एहवी स्त्री हुइ तइ देवता जाणिवु । मानवी न हुइ ॥ ५

**सततं दान-संयुक्ता सततं धर्मवत्सला ।**
**सततं च दयायुक्ता [ कामिनीरनुगामिनी ॥ ६ ]**

[.... .... .... .... .... .... .... .... .... ....] * हुइ । निरंतर अनुगामिनी हुइ ॥ ६

**नित्यं भर्त्तारसंयुक्ता सततं भक्ष्यभोजना ।**
**इत्थं यावत् क्रियांकर्त्री सर्वसौभाग्यवर्धिनी ॥ ७**

नित्य निरंतर भर्तारनी भक्ति करइ । अनइ निरंतर भक्षभोजन हुइ । अनइ आपणी इछां क्रिया कार्य करइ । ते सर्व सौभाग्यवर्धनी हुइ । ७

**स्वयंगामप्यवेशा वा दृष्टनष्टे विधा न च ।**
**चिकित्सा न च भर्तादौ हस्तचित्ते च वैरिणी ॥ ८**

ये स्त्री स्वयंगा वेशावत् हुइ । अनइ दृष्टनष्ट न जाणइ । चिकिछानइ विषइ [ 15-B ] अनिवृति हुइ । ते वैरिणी जाणवी ॥ ८

**हंसो न भाति बलिभोजनवृंदमध्ये**
**गोमायुमंडलगतो न विभाति सिंहः ।**
**जात्यो न भाति तुरगः खरयूथमध्ये**
**विद्वान्न भाति पुरुषेषु निरक्षरेषु ॥ ९**

---

* શ્લોકનો ચતુર્થ પાદ તથા ભાષાન્તરનો કેટલોક અંશ મૂળ પ્રતમાં પડી ગયો છે.

कागमाहि बइठु हंस न शोभइं । अनइ सीआलमाहि बइठु सिंह न शोभइं । अनंइ गर्दभमाहि बइठु हूंतु घोडु न शोभइं । तिम निरक्षर पुरषमाहि बइठु हूंतु विद्वांस न शोभइं ॥ ९

**वाजिवारणलोहानां काष्ठपाषाणवाससाम् ।**
**नारीपुरुषतोयानां अंतरं महदंतरम् ॥ १०**

वाज्य घोडा अनइ हस्ती । अनइ लोह काष्ठ अनइ पाषाण वस्त्र अनइ नारी नइ पुरष । अनइ तोय । एतलां वांनांनइं आपणी जाति माहि आंतरूं छइ । १०

**अश्वं स्नातं गजोन्मत्तं गावः प्रथमसूतिकाः ।**
**राजा अंतःपुरगतो दूरतः परिवर्जयेत् ॥ ११**

अश्व नाहिउ हाथीअ उन्मत्त । प्रथम सूतका गाइ । राजा अंतःपुरगंत । एतलां वांनां दूरि वेगलां छांडीइ ॥ ११

**यस्य नास्ति स्वयं प्रज्ञा शा[16-A]स्त्रं तस्य करोति किम् ।**
**लोचनाभ्यां विहीनस्य दर्पणः किं करिष्यति ॥ १२**

जेहनइ स्व आपणीय प्रज्ञा नही तेहनइं शास्त्र शूं करइ । यम लोचन पाखइ दर्पण आरीसइं स्यूं करइ ॥ १२

**गुणेषु क्रियतां यत्नः किमाटोपैः प्रयोजनम् ।**
**विक्रियन्ते न घंटाभिः गावः क्षीरविवर्जिताः ॥ १३**

गुणनइ सहूइ यत्न करइ । आटाटोपनइ यत्न न करइं । यम गाइं दूध पाखइ घंटा न वेचाइ ॥ १३

**पंडिते च गुणाः सर्वे मूर्खे दोषा हि केवलम् ।**
**तस्मान्मूर्खसहस्रेण प्राज्ञ एको न लभ्यते ॥ १४**

पंडितनइ सघलाइ गुण हुइं । मूर्खनइ केवल एकला दोष हुइं । तेह कारणतु मूर्ख सहस्रमाहि प्राज्ञ एकूं न पामीइ ॥ १४

**आर्त्तानामार्त्तसंबंधं प्रीतिविश्रामकारणम् ।**
**तेन रत्नमिदं सृष्टं मित्रमित्यक्षरद्वयम् ॥ १५**



'વૃદ્ધ ચાણક્ય નીતિશાસ્ત્ર'–ગુજરાતી ગદ્યાનુવાદઃ સં. ૧૫૩૮માં
લખાયેલી પોથીનું અંતિમ પૃષ્ઠ

आत्मपीडानइं प्री[ 16-B ]तिनूं विश्राम कारण एक रत्न सियूं ये मित्र इसा बि अक्षर ॥ १५

**प्रज्ञायुक्तशरीरस्य क्य ( किं ) करिष्यंति शत्रवः ।**
**छत्रोपानहियुक्तस्य वारिधारातपं यथा ॥ १६**

प्रज्ञायुक्त शरीर प्राणीनइं वइरी स्यूं करइ । यम छते छत्रउपानह संयुक्त पुरषनइ वारि पाणीनी धारा आतप तावड स्यूं करइं ॥ १६

**न राज्ञा सह मित्रत्वं न सर्पस्य विषं क्वचित् ।**
**न कुलं निर्मलं तत्र स्त्रीजनो यत्र जायते ॥ १७**

ज्याहां स्त्रीजननु व्यापार हुइं । तिहां राजानस्यूं मित्रपणूं नहीं । अनइ सर्पनइ विष नही । अनइ कुलनइ निर्मलपणूं नहीं ॥ १७

**इति वृद्धिचाणाक्ये राजनीतिशास्त्रे अष्टमोध्यायः ॥ छ ॥**

॥ छ ॥ संवत् १५३८ वर्षे मार्गशर सुदि २ शुक्रे श्रीपत्तने लिखितं ॥ छ ॥
शुभं भवतु ॥ छ ॥ ॥ छ ॥ १

TO CONTRIBUTORS :

1. Only typewritten contributions will be accepted. A copy should be retained by the author for any future reference, as no manuscript will be returned.

2. In the body of the article non-English stray words/Sanskrit/Prakrit line/verse must be written either in *Devanāgari* or in transliteration with proper diacritical marks.

3. The source of citations/statements of any authority quoted should be invariably mentioned in the footnotes which must be written in the following order : (1) surname, initials of the author or editor, (2) title of the work, (underlined), (3) publisher, (4) place and year of publication and (5) page No.

4. Whenever an abbreviation is used in an article, its full form should be stated at the first occurrence and should not be repeated.

5. Give running foot-note numbers from the beginning to the end of the article.

6. The copyright of all the articles published in the Journal of the Oriental Institute will rest with the M. S. University of Baroda, Baroda.

7. No separate references/bibliography should be given.

---


# JOURNAL
## OF THE
# ORIENTAL INSTITUTE

M. S. UNIVERSITY OF BARODA, BARODA

*Editor :* **R. T. Vyas**


The JOURNAL OF THE ORIENTAL INSTITUTE, BARODA is a Quarterly, published in the months of September, December, March and June every year.

SPECIAL FEATURES :

Articles on Indology, Vedic studies, textual and cultural problems of the Rāmāyaṇa, Epics & Purāṇas, notices of Manuscripts, reviews of books, survey of contemporary Oriental Journals and the rare works forming the Maharaja Sayajirao University Oriental Series, are some of the special features of this Journal.

SUBSCRIPTION RATES : ANNUAL :

Inland Rs. 30/- ( Post-free ). Europe £ 3.00 ( Post-free )
U.S.A. $ 10.00 ( Post-free )

Subscription is always payable in advance. The yearly subscription is accepted from September to August every year. No subscription will be accepted for less than a year. Subscription/Articles may be sent to :—

**The Director, Oriental Institute, Tilak Road, Opp. Sayajigunj Tower, Vadodara-390 002, Gujarat, India.**

# ધર્મશાસ્ત્રોમાં માનવ

જયાબેન બેટાઈ*

ભારતમાં વ્યાપક અર્થમાં સમાજવિચાર, સમાજદર્શન કિંવા સમાજશાસ્ત્રને "ધર્મશાસ્ત્ર" તરીકે ઓળખવામાં આવ્યું છે. આનું એક અતિ અગત્યનું કારણ એ છે કે ભારતીય સમાજવ્યવસ્થા અને સમાજજીવનની નીતિરીતિ ધર્મમૂલક છે; ધર્મના સર્વવ્યાપી અને સર્વક્ષેત્રીય પ્રભાવને સ્વીકારીને સમાજવ્યવસ્થા અને માનવજીવનની નીતિરીતિ ગતિ કરે છે. અહીં "ધર્મમૂલક" એ શબ્દનો અર્થ પ્રાય: "માનવધર્મમૂલક" એવો લેવાનો છે, નહીં કે કોઈ સમ્પ્રદાયવિશેષમૂલક. સમ્પ્રદાયોનો પ્રભાવ પણ સમાજજીવને વ્યાપક રીતે ઝીલ્યો છે. છતાં સ્મૃતિઓએ જે વેદમૂલક સમાજદર્શન આપ્યું છે, તે માનવધર્મમૂલક છે અને એ અર્થમાં તે "ધર્મશાસ્ત્ર" છે. આમેય વાસ્તવમાં પણ હિન્દુધર્મ તેના મૂળ સ્વરૂપે માનવ-ધર્મ જ છે. હિન્દુધર્મ પાશ્ચાત્ય અર્થમાં Religion નથી, પરન્તુ અનેક Religionsના સમન્વયથી બનેલો એક ધર્મ છે. "ધર્મ ધારણાથી બને છે; ધર્મ પ્રજાને ધારણ કરે છે." આ વિધાન જગતના તમામ ધર્મો પૈકી માત્ર હિન્દુધર્મને લાગુ પડે છે.[1]

"ધર્મશાસ્ત્ર" એ શબ્દમાં "ધર્મ"ના જે અનેક અર્થો છે તે પૈકી મુખ્ય અર્થો આ છે–આચારધર્મ, સદાચાર, નીતિ, કાયદો, સમાજજીવનનાં મૂલ્યો, વ્યક્તિનાં કર્તવ્યો અને તેમાંના વિધિનિષેધ વગેરે. ભારતીય સ્મૃતિકારો અને અન્ય સમાજશાસ્ત્રીઓ માનવના વ્યક્તિગત અને સમાજજીવનગત ધર્મો એટલે કે કર્તવ્યો વિધિનિષેધરૂપે આપે છે તેને લીધે "ધર્મ"ના આ અર્થો અહીં પ્રસ્તુત છે. આને જ આધારે સમાજજીવનની અનેક સમસ્યાઓ ચર્ચાઈ છે. આમ, ભારતીય ધર્મશાસ્ત્ર નિરૂપણપદ્ધતિમાં પાશ્ચાત્ય સમાજશાસ્ત્ર કરતાં નોંધપાત્ર રીતે જુદું પડે છે. પાશ્ચાત્ય સમાજશાસ્ત્ર માનવને તેના સામાજિક પર્યાવરણમાં મૂકીને તેની, સમાજની અને પરસ્પરના સંબંધોની, ઉપસ્થિત થતી સમસ્યાઓનો અભ્યાસ કરે છે અને તે આપણી સમક્ષ વિલક્ષણ વિચારધારા રૂપે રજૂ કરી દે છે. આ પછી, માનવના જીવનની સમસ્યાઓના ઉકેલો આપવાનું કાર્ય પોતાનું છે એમ સમાજશાસ્ત્ર માનતું નથી, અને ભારતીય ધર્મશાસ્ત્રની માફક માનવના જીવનના વિધિનિષેધો આપવાનું કામ તો નથી જ કરતું. સમાજજીવનની વાસ્તવિકતાઓને જ આધારે ભારતીય આચાર્યોએ તેની સંસ્કૃતિને અનુરૂપ એવી નૈસર્ગિક, પ્રગતિકર અને આદર્શ એવા સમાજ અને વ્યક્તિની કલ્પના કરી અને તે પછી ઉભયના આદર્શની

---

'સ્વાધ્યાય', પુ. ૨૪, અંક ૨, વસંતપંચમી અંક, ફેબ્રુઆરી '૮૭, પૃ. ૧૧૫-૧૨૨.

* જી. ૧૯૫, ચાણક્યપુરી એપાર્ટમેન્ટ્સ, ઘાટલોડિયા, અમદાવાદ-૩૮૦ ૦૬૧.

૧ આની વિશેષ સ્પષ્ટતા માટે જુઓ—"Immortal Doctrines of Hinduism", Ramesh Betai, Institute of Indology, Dwarka, 1975.

સિદ્ધિને માટે વ્યક્તિને કેન્દ્રમાં રાખી તેના ધર્મો આપ્યા. આમ, ભારતીય સમાજદર્શનની પદ્ધતિ નોંધપાત્ર રીતે જુદી પડે છે. આ છતાં ધર્મશાસ્ત્રો પાશ્ચાત્ય સમાજશાસ્ત્ર ચર્ચે છે તે તમામ વિષયો સીધી યા તો આડકતરી રીતે ચર્ચ્યા છે તેથી તેને સમાજદર્શન કે સમાજશાસ્ત્ર કહી જ શકાય.

ભારતીય સમાજદર્શન એટલે કે ધર્મશાસ્ત્ર જે વિષયો પોતાની ચર્ચા મીમાંસામાં આવરી લે છે, તે વિષયો મુખ્યત્વે આ છે–માનવ, માનવ અને સમાજ, માનવનાં કર્તવ્યો, આશ્રમ, વિવાહ, સ્ત્રીપુરુષનો સંબંધ, નારીનો દરજ્જો, વર્ણ અને જાતિ, સામાજિક સ્તરીકરણ, માનવજીવનમાં નીતિ અને પ્રાયશ્ચિત્તો, રાજધર્મ અને રાજકારણ, કાયદા, વારસાનો કાયદો વગેરે. પાશ્ચાત્ય સમાજશાસ્ત્ર જે વિષયો ચર્ચે છે તે પણ મોટે ભાગે આ, આવા અને આમાંથી ઉદ્દભવતા વિષયો હોય છે તે સ્પષ્ટ છે [૨] આટલી ચર્ચા અને સ્પષ્ટતા સાથે હવે આપણે ધર્મશાસ્ત્રોના રચયિતા આચાર્યોએ માનવનું શું સ્વરૂપ, તેનું કેવું વ્યક્તિત્વ, સ્વીકાર્યું છે તે જોઈએ, જેથી "ધર્મશાસ્ત્રમાં માનવ" એ પ્રશ્ન વિશદતા સાથે ચર્ચી શકાય.

ધર્મશાસ્ત્રના ગ્રંથોની લેખનપદ્ધતિ પરથી એ ખ્યાલ આપણા મનમાં પહેલો જ બંધાય છે કે આ આચાર્યો સમાજ કરતાં વિશેષ વ્યક્તિને કેન્દ્રમાં રાખે છે અને સમાજની તેની પાસેથી શી અપેક્ષાઓ છે તે ખ્યાલમાં રાખી તેના ધર્મો એટલે કે કર્તવ્યો તેઓ વિધિનિષેધોરૂપે આપે છે. સ્પષ્ટ રીતે જ તેમની પાસે એક આદર્શ, સંસ્કારી, નીતિમાન, પ્રગતિકર સમાજનો ખ્યાલ છે. આ સમાજ વ્યક્તિઓ થકી જ સાકાર થઈ શકે, કારણ, વ્યક્તિઓના સમન્વયથી સમાજ બને છે. આથી પ્રધાનતઃ વ્યક્તિનાં વ્યક્તિ અને સમાજ પ્રત્યેનાં કર્તવ્યોની મીમાંસારૂપે સમાજદર્શન આપણા આચાર્યો આપે છે અને સમાજ એટલે સામાજિક એકમો તથા સામાજિક સંસ્થાઓ. આમ, વ્યક્તિનાં કર્તવ્યો એટલે વ્યક્તિના ધર્મ. આ ધર્મ વ્યક્તિઓ ઉપરાન્ત વિવાહ, કુટુમ્બ, આશ્રમ, નારી, વર્ણ અને જાતિ, ગામ, રાજ્ય અને વિશાળ સમાજ વગેરે પ્રત્યે શા, તેની મીમાંસા શાસ્ત્રકારો કરે છે. વ્યક્તિ જ્યારે આ તમામ પ્રત્યે સ્વધર્મપાલન કરે છે, ત્યારે તેનાથી વ્યક્તિ તંદુરસ્ત બને છે. પ્રગતિકર બનતાં તેનો ઉત્કર્ષ થાય છે. આ રીતે સમાજ તંદુરસ્ત બને છે, ઉત્કર્ષ પામે છે. અને આ ઉત્કર્ષ આચાર્યોના આદર્શ અનુસાર સિદ્ધ થાય છે. નોંધપાત્ર વળી એ પણ છે કે વ્યક્તિના અન્ય વ્યક્તિઓ અને સમાજ પ્રત્યેના ધર્મોના પાલનની પાછળ વ્યક્તિના પોતા પ્રત્યેના ધર્મની વાત પણ ચર્ચાય છે. આથી મનુ અને અન્ય ધર્મશાસ્ત્રકારોની સમાજ-રચનામાં વ્યક્તિ અને સમાજ બંનેનો આદર્શ છે અને તે અતિઉચ્ચ, વ્યક્તિ અને સમાજ, વ્યક્તિ અને વ્યક્તિ, વચ્ચે સંઘર્ષ થઈ શકે એ બાબત ભારતીય આચાર્યોના મનમાં સમજ છે જ.

સાવિત્રીપતિત અને વ્રાત્યો, સજ્જનોથી બહિષ્કૃત જનો, અમુક અસામાન્ય સંજોગોમાં સ્ત્રીનો ત્યાગ, જ્ઞાતિમાંથી અધઃપતન વગેરે અનેક બાબતો એ આના પ્રમાણરૂપ છે. વળી મહાપાતકોની અને કાયદાનો ભંગ કરનારને સજાની બાબત પણ આના જ પ્રમાણરૂપ છે. આ છતાં, તેમનો સમાજ અને વ્યક્તિના સંબંધ બાબત ખ્યાલ એવો છે કે વ્યક્તિ અને વ્યક્તિ તથા

---

૨ જુઓ—" Hindu Dharmashastra and Modern Sociology " Ramesh Betai, Journal of Gujarat Research Society, Bombay, 1970.

વ્યક્તિ અને સમાજ વચ્ચે વધુમાં વધુ એકરૂપતા થાય અને ઓછામાં ઓછો સંઘર્ષ રહે એવી યોજના કરવી. આ ખ્યાલ સાથે જ તેમણે વ્યક્તિને સમાજના કેન્દ્રમાં મૂકી વ્યક્તિના ધર્મો વિધિનિષેધરૂપે આપ્યા છે અને તેમાં આટલી અગત્યની વાતો આપી છે :

(૧) વ્યક્તિ સમાજને વધુમાં વધુ આપે અને સમાજ પાસેથી ઓછામાં ઓછું લે, એવી અપેક્ષા છે, અને વ્યક્તિ માનસિક રીતે જ એવી સહકારની ભાવના કેળવે અને તેને જીવનમાં સહજ બનાવે એ એનો ખ્યાલ છે. આમ "ત્યાગીને ભોગવો એને તેન ત્યક્તેન ભુંજીથા" એ ભાવ માત્ર અધ્યાત્મદર્શનનો નથી પરન્તુ વ્યાપક સમાજજીવનની સર્વ વ્યક્તિઓ આ ભાવ કેળવે એવી અપેક્ષા છે. આમ, સમાજની મોટાભાગની વ્યક્તિઓ કર્મપરક બને તો સમાજને અને તમામ વ્યક્તિઓને કેટલો મોટો લાભ થાય એ સમજાય તેવું છે.

(૨) સામાન્ય રીતે પશ્ચિમે આપણને શીખવ્યું છે કે અધિકારો અને ફરજો સાથે સાથે જાય છે. ભારતીય સમાજદર્શન વ્યક્તિની બાબતમાં કહે છે કે તેને માટે ફરજ પહેલી, તેણે ફરજો બાબત સભાન રહેવાનું, અધિકારો તો ક્રમે ક્રમે આપમેળે જ સમાજના સૌની સાથે તેને મળી રહે છે.

(૩) શાસ્ત્રકારો વ્યક્તિના જીવનમાં ફરજ એટલે ધર્મ કેન્દ્રભૂત થઈને રહે એ જ રીતે વ્યક્તિને કેળવવાનો ખ્યાલ રાખે છે. એ ભાગ્યે જ કહેવાની જરૂર રહે છે કે આનાથી વ્યક્તિનું તેજ વધે છે, તેનો આત્મવિશ્વાસ ખીલે છે.

(૪) એક વધુ નોંધપાત્ર બાબત આ છે. વ્યક્તિની ફરજો એટલે કે તેના ધર્મોમાં પણ અન્ય પ્રત્યેની તેની ફરજો પહેલી, અર્થાત્, અન્યવ્યક્તિઓ અને સમાજ પ્રત્યે તેની ફરજો પહેલી અને પોતા પ્રત્યે છેલ્લી. તેની પોતા પ્રત્યેની ફરજો એટલે આત્મોત્કર્ષની ફરજો. સંસાર-જીવનનાં કર્તવ્યો બજાવી સમાજના ઋણમાંથી મુક્ત થયા પછી જ સામાન્ય રીતે ઉપસ્થિત થાય છે. અને તેથી જ અમુક અપવાદરૂપ વ્યક્તિઓ બ્રહ્મચર્યાશ્રમમાંથી સીધી સંન્યાસી બને તે સ્વીકારવા છતાં સામાન્ય નિયમ એવો આવ્યો કે સૌ ચારે ય આશ્રમોમાંથી વ્યવસ્થિત અને સ્વાભાવિક રીતે પસાર થાય. આમ થાય એ પણ જીવન પ્રત્યેનાં કર્તવ્યો અદા કર્યા પછી, જીવનનાં કર્તવ્યો અધૂરાં રાખ્યા સિવાય. આથી વ્યક્તિનો સ્વપ્રત્યેનો, આત્મોત્કર્ષનો ધર્મ સમાજ પ્રત્યેનાં કર્તવ્યો બજાવ્યા પછી આવે છે.

(૫) આચાર્યોએ વ્યક્તિની બૌદ્ધિક અને સામાજિક ઉચ્ચતા સાથે તેના ધર્મોને જોડ્યા છે. વ્યક્તિ જેમ વધુ સુશિક્ષિત અને સમાજના ઉચ્ચતર સ્તર પર તેમ તેની સૌ પ્રત્યેની જવાબદારી વિશેષ. આમ, ગૃહસ્થ ચાર આશ્રમોના ભરણપોષણની અને સમાજની ગતિશીલતાની કાળજીની જવાબદારી બજાવે છે તેથી તેની ફરજોથી તે શ્રેષ્ઠ જરૂર કહેવાય છે. (મનુ ૩-૭૮ અને ૬૮-૯) પરન્તુ તેના અધિકારો ઓછામાં ઓછા છે બ્રાહ્મણ વર્ણની દૃષ્ટિએ શ્રેષ્ઠ પણ તેના ધર્મો અને ધર્મચ્યુત થતાં પાતકો ગુરુતમ, જ્યારે શૂદ્ર બાબતમાં એમ

નહીં, (૧૧-૧૨૬)[૩] બ્રાહ્મણના જીવનનો આદર્શ "સાદું જીવન અને ઉચ્ચ વિચારો" એ છે, કારણ, તે સમાજનો નેતા છે. નેતા સમાજને માટે આદર્શરૂપ છે અને આદર્શ ઉચ્ચ જ જોઈએ. ઉચ્ચ આદર્શ એ જ કહેવાય જેના પાલકનાં કર્તવ્યો વધુ હોય, વધુ ઉત્કટ હોય, અધિકારો ઓછા.

(૬) આથી જ સમાજદ્રષ્ટાઓ એવું પણ મનાવે છે કે દરેક વ્યક્તિ જો પોતાનાં કર્તવ્યો બાબત વિશેષ જાગ્રત રહે, તો સરવાળે સમગ્ર સમાજને લાભ થાય અને સૌ સમાન રીતે તેના સમુચિત અધિકારો પામી શકે. મૂળભૂત રીતે આ દષ્ટિબિન્દુ ગ્રહણ કરીને આચાર્ય મનુ ચાલ્યા અને તેનું અનુસરણ અન્ય સૌ આચાર્યોએ મોટેભાગે કર્યું.

બ્રાહ્મણોનો જે અતિ ઉચ્ચ દરજ્જો સમાજદ્રષ્ટાઓ નિયત કરી આપે છે તેમાં મનુ અગ્રેસર છે. દરેક ક્ષેત્રમાં બ્રાહ્મણના વિશેષ અધિકારો અને તેના ઉચ્ચતર દરજ્જાને તે નિર્દેશે છે. છતાં તેની બીજી બાજુ એ છે કે બ્રાહ્મણ તરીકે તે સાચા અર્થમાં સમાજનું મૂળ બની રહે. પ્રજાપતિના ઉત્તમ માર્ગમાંથી તેનો ઉદ્ભવ છે, (મનુ ૧-૯૩), તેની તે પ્રતીતિ કરાવે, તેટલો તે વ્યક્તિત્વમાં ઉચ્ચતર હોય એ બાબત આચાર્યો પૂરા સ્પષ્ટ છે. મનુએ બ્રાહ્મણ માટે નિયત કરેલા મોટા ભાગના અધિકારો શ્રોત્રિય બ્રાહ્મણને માટે જ છે, જે સંસ્કાર, જ્ઞાન, નીતિ, ધર્મ વગેરેની બાબતમાં સર્વશ્રેષ્ઠ હોય. આ દષ્ટિએ વિચારીએ તો એક આદર્શ તરીકે આ આદર્શ માર્કસવાદના સિદ્ધાન્ત From each according to his capacity to each according to his need કરતાં પણ ઉચ્ચતર છે, અને રાજવંશી ક્ષત્રિયો એટલે કે રાજન્યની બાબતમાં પણ કાલિદાસે રઘુવંશના રાજા દિલીપ માટે કહ્યું છે.

स पिता पितरस्तासां केवलं जन्महेतवः ॥ (रघुवंश)

એ રાજાનો આદર્શ પણ સવિશેષ જવાબદારી અને ઓછા અધિકારનો આદર્શ છે. બ્રાહ્મણને માટે મનુ કહે છે કે:

'આ જગતમાં જે કંઈ સમૃદ્ધિ છે તે બ્રાહ્મણની માલિકીની જ છે, અને તેની લોભરહિતતાને લીધે જ બીજાઓ તે ભોગવે છે.' (મનુ ૧-૧૦૦-૧૦૧)[૪]

આ શ્લોકમાં સમૃદ્ધિની માલિકી બ્રાહ્મણની છે, એના કરતાં તેની લોભરહિતતા અને તેના મૂળમાં રહેલ ઔદાર્યભાવ પર જ વિશેષ ભાર છે એવું અર્થઘટન સંભવે છે. આને કારણે તો બ્રાહ્મણ ગરવો છે, મહાન છે.

---

૩ न शूद्रे पातकं किञ्चिन्न च संस्कारमर्हति ।
नास्याधिकारो धर्मेऽस्ति न धर्मात्प्रतिषेधनम् ॥ मनुस्मृति 11.126
ગુજરાતી મુદ્રણાલય, મુંબઈ, ૧૯૧૩

૪ सर्वं स्वं ब्राह्मणस्येदं यत्किंचिज्जगतीगतम् ।
श्रैष्ठ्येनाभिजनेनेदं सर्वं वै ब्राह्मणोऽर्हति ॥
आनृशंस्याद्ब्राह्मणस्य भुञ्जते हीतरे जनाः ॥ मनुस्मृति 1.100-101
ગુજરાતી મુદ્રણાલય, મુંબઈ, ૧૯૧૩

આમ, વ્યક્તિનો દરજ્જો જેમ સમાજમાં ઉચ્ચતર, તેમ તેની સદ્ગુણસમ્પન્નતા ઉચ્ચ અને તેમ તેની સમાજ પાસેથી અપેક્ષાઓ ઓછી, એવો આદર્શભાવ અહીં પ્રગટ થાય છે. આ રીતે પણ વ્યક્તિને સમાજજીવનના કેન્દ્રમાં રાખીને આચાર્યો સમાજના ઉત્કર્ષનો માર્ગ બતાવે છે

એક પ્રસિદ્ધ વાત છે, બાલ આંગીરસ કવિની. તે જ્ઞાનગ્રહણ કરીને આવ્યો અને તેણે પોતાના વડીલોને ભણાવવાનું કામ માથે લીધું. ભણાવતાં ભણાવતાં તે 'હે બાલાઃ' એમ બોલ્યો. વડીલો ગુસ્સે થયા. દેવોને ફરિયાદ કરી. ત્યારે દેવોએ નિર્ણય આપ્યો કે 'તમારો પુત્ર જે બોલ્યો છે તે સર્વથા ન્યાય્ય છે.' (મનુ ૧૫૧–૧૫૨)[૫]

આ સંદર્ભમાં જ્ઞાની બાલનો વડીલોને 'બાલાઃ' કહેવાનો અધિકાર ભારપૂર્વક જણાવ્યો છે એવું અર્થઘટન સર્વથા સંયુક્તિક ગણાશે નહીં. ખરેખર તો જ્ઞાન જ માણસને મોટો અને જવાબદાર અને સમાજનો માર્ગદર્શક બનાવે છે એ વાત પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. (મનુ ૨–૧૫૩)[૬]

વ્યક્તિના આમ ઊંચા અને નીચા દરજ્જા અનુસાર તેનાં કર્તવ્યો ઊંચાં એ નિયત કરવાનો ખ્યાલ છે.

વેદમંત્રોમાંથી બે મન્ત્રો ભારતીયોના જીવનના પરમ આદર્શરૂપ આપણે ગણી શકીએ. એ છે :

समानी व: आकूति: समाना हृदयानि व: । (ऋग्वेद १०–१९१–४)

અને

भद्रं कर्णेभिः शृणुयाम देवा: भद्रं पश्येमाक्षभिर्यजत्रा: ।
स्थिरैरङ्गैस्तुष्टुवांसस्तनूभिर्व्यशेम देवहितं यदायु: ॥ (ऋग्वेद १–८९–८)

માનવોનાં હૃદયો સમાન બને, એકરૂપ બને; તેમના સંઘર્ષ અને પુરુષાર્થ સમાન બને અને તેને પરિણામે માનવ માનવ તરીકે જીવનમાં ભદ્રની આરાધના કરે અને ભદ્ર તરફ જ ગતિ કરે, માત્ર ભદ્રની જ સાધના કરે, એ ભાવના અહીં રજૂ થાય છે.

આના પરથી એક વાત ફલિત થાય છે કે ધર્મશાસ્ત્રકારો માનવની મર્યાદાઓ તથા તેનાં દૂષણોથી અનભિજ્ઞ નથી; તેથી જ તેઓ નીતિ, સંયમ, સદાચારનો બોધ કરે છે. આવો બોધ

---

૫ न्याय्यं शिशुरुक्तवान् । मनुस्मृति 2.152
ગુજરાતી મુદ્રણાલય, મુંબઈ, ૧૯૧૩

૬ अध्यापयामास पितॄन् शिशुराङ्गिरसः कविः ।
पुत्रका इति होवाच ज्ञानेन परिगृह्य तान् ॥ मनुस्मृति 2.151
ગુજરાતી મુદ્રણાલય, મુંબઈ, ૧૯૧૩

નોંધ : આ અભ્યાસ માટે પી. વી. કાણે રચિત History of Dharamaśāstraનાં વૉલ્યૂમો જોઈ, જરૂરી ભાગોનો અભ્યાસ કર્યો છે. વિષયનિરૂપણ મારું સ્વતંત્ર છે.

"મનુસ્મૃતિ"માં સવિશેષ છે; અન્ય સ્મૃતિગ્રંથોમાં પણ છે. માનવ એટલે નિર્બળતાઓ અને શક્તિઓ, ગુણો અને દુર્ગુણો, લક્ષણો અને અપલક્ષણોનો સમન્વય એ તેમને માન્ય છે. આ નિર્બળતાઓ, દુર્ગુણો અને અપલક્ષણોના મૂળમાં પડેલાં અનેક મનોવૈજ્ઞાનિક અને સામાજિક કારણોમાં તેઓ, નિદાન સમાજદર્શનના ગ્રંથોમાં, ઊંડાણમાં ઊતરતા નથી. છતાં સાચા સમાજદ્રષ્ટા તરીકે તેઓ માનવીને જેવોને તેવો સ્વીકારી લે છે, અપનાવી લે છે. માનવની મર્યાદાઓના દૂરીકરણ માટેના ઉપાયો તેઓ જરૂર બતાવે છે. છતાં તેને જેવો ને તેવો સ્વીકારી લેવામાં આવે છે અને મનુસ્મૃતિ તો આવા માનવને સમાજજીવનનાં સદાચાર, કર્તવ્યનિષ્ઠા, નીતિમત્તા વગેરેના વિધિનિષેધોના પાલનને માર્ગે આગળ વધતાં તેનો પરમ ઉત્કર્ષ બારમા અધ્યાયમાં દાખવે છે (૨–૯૧, ૧૨૬, ૧૨૭) ત્યારે તેના મૂળમાં એક હકીકતનો સ્વીકાર પડેલો છે. માનવ અધોગતિને માર્ગે જઈ શકે, પતિત બની શકે એવી સંભાવના તેનામાં પડેલી છે તે સાથે તે અસામાન્ય સાધના અને સિદ્ધિની ક્ષમતા, શક્તિ ધરાવે છે તે પણ સમાજદ્રષ્ટા આચાર્યો સ્વીકારી લે છે, અને તેઓ એ પણ સ્વીકારીને ચાલે છે કે આ અત્યન્ત શક્તિસમ્પન્ન માનવ મૂળભૂત રીતે સારો છે, સજ્જન છે. તેનામાં સમાજજીવનના પરમ આદર્શને સિદ્ધ કરવાની તમન્ના હોઈ શકે, ખીલી શકે એવો તે સારો છે અને તે આ આદર્શને વાસ્તવિકતામાં પલટાવી શકે એવી શક્તિ તેનામાં છે જ છે. માનવનું આ વાસ્તવિક અને છતાં આદર્શ ચિત્ર જ તેમને અવનવાં સમાજજીવનનાં ક્ષેત્રોનાં વ્યક્તિનિષ્ઠ કર્તવ્યો નિયત કરી આપવા પ્રેરે છે. તેઓ સ્વીકારી જ લે છે કે "આ જગતમાં મનુષ્યથી શ્રેષ્ઠ બીજું કાંઈ નથી" **न मानुषात् श्रेष्ठतरं हि किञ्चित्**" માનવમાંનો આ વિશ્વાસ એ આ સમાજદ્રષ્ટા આચાર્યોના ચિન્તનનું મોટું બળ છે. માનવમાંના આ શ્રદ્ધા અને વિશ્વાસમાંથી જ તેમને વ્યક્તિ અને સમાજની સર્વક્ષેત્રીય જીવન અને વ્યક્તિ તથા સમાજ વચ્ચેની સંપૂર્ણ સંવાદિતાની ભાવના પ્રાપ્ત થઈ છે. માનવ માટેનો આ ખ્યાલ એ પણ ધર્મશાસ્ત્રકારોની એક આગવી મૂડી છે અને તે વિશ્વમાનવ સુધી વ્યાપી વળવાનું બળ તેમને આપે છે.

ધર્મશાસ્ત્રમાં માનવ પ્રત્યેના દૃષ્ટિકોણને આ ચર્ચા–વિચારણાને અન્તે આપણે નીચેના મુદ્દાઓમાં તારણરૂપે આપી શકીએ :

(૧) માનવ અનેક મર્યાદાઓ અને દૂષણોથી અન્વિત છે, છતાં મૂળભૂત રીતે સારો અને શક્તિસમ્પન્ન છે. આથી આચાર્યોના વ્યક્તિ અને સમાજના પરમ આદર્શને સિદ્ધ કરવાની ક્ષમતા તેનામાં છે.

(૨) સમાજદ્રષ્ટા આચાર્યો તેમના આ ચિન્તનમાં માનવ વ્યક્તિને કેન્દ્રમાં રાખે છે, તેઓ સમાજદર્શન જાણે વ્યક્તિને માટે જ આપે છે.

(૩) વ્યક્તિ આદર્શ તો સમાજ આદર્શ અને બંને ઉચ્ચતર સિદ્ધિને વરે તો માનવ-જીવન ધન્ય બની રહે.

(૪) આ માટે એ જરૂરી છે કે જીવનનાં તમામ ક્ષેત્રમાં માનવ સતત સદાચારી અને કર્તવ્યનિષ્ઠ રહે. તેના હૈયે સમગ્ર સમાજનું હિત પહેલું અને પોતાનું પછી એવી ભાવના હોય.

(૫) આથી માનવનાં કર્તવ્યો એટલે કે તેના ધર્મોની મીમાંસા આચાર્યો કરે છે અને એ ચર્ચામાંથી ફલિત થાય છે કે કર્તવ્ય કે ફરજ પહેલાં અને અધિકારો પછી. આગળ વધીને આપણે કહી શકીએ કે માનવ માત્ર તેનાં કર્તવ્યો બાબત સભાન રહે, તેનું ચુસ્તપણે પાલન કરે તો અધિકારો તો સૌની સાથે તેને આપોઆપ આવી મળશે.

(૬) આથી તેણે માનવોને આદર્શ આપ્યો છે કે કર્તવ્ય એટલે કે ધર્મ બાબત સતત સભાનતા અને જાગૃતિ કેળવવી અને એ રીતે સમાજનાં વિવિધ અંગો, એકમોની સાથે સવિશેષ એકરૂપતા, આત્મીયતા કેળવતા જવું. બીજી રીતે કહીએ તો માનવમાં પ્રાયઃ કર્તવ્ય બાબતની સભાનતા જ આવશ્યક છે.

(૭) આમ, આદર્શ સમાજના આચાર્યોને માનવ પ્રત્યે નિઃસીમ સહાનુભૂતિ છે, તેને તેમણે જેવો ને તેવો અપનાવ્યો છે.

ધર્મશાસ્ત્રના માનવ પ્રત્યેના આ સુભગ અને સુખકર અભિગમે જે સમાજરચનાનો ઢાંચો આપ્યો છે તે માનવવ્યક્તિ અને તેનો સમાજ બંનેને ઉત્કર્ષને માર્ગે ગતિ કરાવે છે તે સ્પષ્ટ છે.

# THE GAEKWAD'S ORIENTAL SERIES

*GOS. Nos.*

30 TATTVASANGRAHA—Vol. I (Sanskrit Text)—Edited by Pandit Embar Krishnamacharya (Reprinted; 1984) Rs. 165.00

156 GAṄGADĀSA-PRATĀPAVILĀSA-NĀṬAKAM—by Gaṅgādhara—Edited by B. J. Sandesara and Pandit Amritlal M. Bhojak (1973) Rs. 12.00

157 ZAFAR UL WĀLIH BI MUZAFFAR WA ĀLIHI—An Arabic History of Gujarat Vol. II—by Abdullāh Muhammad Al-Makki Al-Āṣafi Al-Ulughkhāni Ḥajji Ad-Dabir, Translated into English by M. F. Lokhandwala (1974) Rs. 50.00

158 A DESCRIPTIVE BIBLIOGRAPHY OF THE PRINTED TEXTS OF THE PĀÑCARĀTRĀGAMA, Vol I—by Daniel Smith (1975) Rs. 50.00

159 SATYASIDDHIŚĀSTRA—of Harivarman, Vol. I—Sanskrit Text from Chinese translation by N. A. Sastri (1976) Rs. 65.00

160 ĀGAMAPRĀMĀṆYA—of Yāmunācārya—Edited by M. Narasimhachary (1976) Rs. 18.00

161 SMṚTICINTĀMAṆI—of Gaṅgāditya—Edited by Ludo Rocher (1976) Rs. 26.00

162 VṚDDHAYAVANAJĀTAKA—of Mīnarāja, Vol. I—Edited by David Pingree (1976) Rs. 94.00

163 VṚDDHAYAVANAJĀTAKA—of Mīnarāja, Vol. II—Edited by David Pingree (1977) Rs. 64.00

164 SOḌHALA-NIGHAṆṬU (Nāmasaṅgraha and Guṇasaṅgraha) of Vaidyācārya Soḍhala—Edited by Priya Vrat Sharma (1978) Rs. 53.00

165 SATYASIDDHI ŚĀSTRA—of Harivarman—Vol. II (English translation)—by N. A. Sastri (1978) Rs. 92.00

166 ŚAKTISAṄGAMA TANTRA—Vol. IV : CHINNAMASTĀ KHAṆḌA—Edited by Late B. Bhattacharyya & Pandit Vrajavallabha Dvivedi (1978) Rs. 49.00

167 KṚTYAKALPATARU—of Bhaṭṭa Laxmīdhara : PRATIṢṬHĀKĀṆḌA Vol. IX—Edited by Late K. V. Rangaswami Aiyangar (1979) Rs. 53.00

168 A DESCRIPTIVE BIBLIOGRAPHY OF THE PRINTED TEXTS OF THE PĀÑCARĀTRĀGAMA—Vol. II—AN ANNOTATED INDEX TO SELECTED TOPICS by H. Daniel Smith (1980) Rs. 41.00

169 NYĀYĀLAṄKĀRA—of Abhayatilaka Upādhyāya Edited by A. L. Thakur & Late J. S. Jetly (1981) Rs. 143.00

170 TṚCABHĀSKARA by Bhāskararāya Edited by R. G. Sathe (1983) Rs. 53.00

171 ŚRĪ GAṆEŚAVIJAYAKĀVYAM Edited by B. N. Bhatt Rs. 46.00

*Can be had of :*

MANAGER, UNIVERSITY PUBLICATIONS SALES UNIT, University Press Premises, Near Palace Gate, Palace Road, Baroda-390 001, Gujarat, India.

# ધર્મકીર્તિના મણિ–પ્રદીપપ્રભાના દૃષ્ટાન્તનું ભાસર્વજ્ઞે કરેલું ખંડન

**લક્ષ્મેશ જોષી***

ભાસર્વજ્ઞ 'ન્યાયસાર' ઉપરની સ્વોપજ્ઞ ટીકા 'ન્યાયભૂષણ'માં, અનુમાનના લક્ષણના સંદર્ભમાં, ધર્મકીર્તિના મણિ–પ્રદીપપ્રભાનું દૃષ્ટાંત ટાંકે છે અને તેનું ખંડન કરે છે.[1] ધર્મકીર્તિ આ દૃષ્ટાંત 'પ્રમાણવાર્ત્તિક'માં, અનુમાનના સ્વરૂપને સ્પષ્ટ કરવા માટે આપે છે. તે માને છે કે અનુમાન–પ્રમાણથી થતું અનુમિતિરૂપ જ્ઞાન ભ્રાન્તિના સ્વરૂપનું હોય છે. ધર્મકીર્તિ પ્રમાણે, અનુમાન ( સાધન ) અને તેનાથી થતું અનુમિતિરૂપ જ્ઞાન એક જ હોય છે. ધૂમદર્શન પછી વ્યાપ્તિના આધારે વિજ્ઞાન (બુદ્ધિ) અગ્નિત્વ ( સામાન્ય )નો આકાર ધારણ કરે એ, વિજ્ઞાને ધારણ કરેલો અગ્નિત્વ ( સામાન્ય )નો આકાર, અનુમાન–પ્રમાણ ( સાધન ) બને છે; અને એ જ અનુમિતિ ( ફલ ) બને છે.[2] વળી, આ મત પ્રમાણે, વસ્તુનું જે અસાધારણ તત્ત્વ ( સ્વલક્ષણ ) હોય છે તે, પ્રત્યક્ષપ્રમાણનો વિષય બને છે; અને વસ્તુના એ અસાધારણ તત્ત્વથી ભિન્ન જે સામાન્ય લક્ષણ હોય છે તે અનુમાન પ્રમાણનો વિષય બને છે.[3] સ્વલક્ષણ-રૂપ વિશેષ અગ્નિ એ જ પરમાર્થસત્ છે; અને એ વસ્તુરૂપ અગ્નિ જ, મનુષ્યના પ્રયોજનની સિદ્ધિને સંપાદિત કરવા સમર્થ હોય છે.[4]

---

'**સ્વાધ્યાય**', પુ. ૨૪, અંક ૨, વસંતપંચમી અંક, ફેબ્રુઆરી '૮૭, પૃ. ૧૨૩–૧૩૦.

* ભાષા–સાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ–૩૮૦ ૦૦૯.

૧ ન્યાયભૂષણ, લે. ભાસર્વજ્ઞ, સંપા. સ્વામી યોગીન્દ્રાનન્દ, ષડ્દર્શન પ્રકાશન પ્રતિષ્ઠાન, વારાણસી, પ્રથમ સંસ્કરણ, ૧૯૬૮, પૃ. ૧૬૫–૬૬.

૨ तस्मात् प्रमेयाधिगतेः साधनं मेयरूपता ।

सा च तस्यात्मभूतैव तेन नार्थान्तरं फलम् ॥ પ્રમાણવાર્તિક, ૩-૩૦૭–૮.

अर्थान्तरफलवादिनां हि सर्वं दुर्घटमिति । आत्मभूतैव सवेदनस्य अर्थाकारता प्रमाणम् । संवेदनं तदात्मभूतमेव फलं प्रमाणस्य ।

પ્રમાણવાર્ત્તિકભાષ્ય લે. પ્રજ્ઞાકરગુપ્ત, સંપા. ત્રિપિટકાચાર્ય રાહુલ સાંકૃત્યાયન, પ્રકાશન: કાશીપ્રસાદ જયસ્વાલ રિસર્ચ ઇન્સ્ટિટ્યુટ, પટણા, ૧૯૫૩, પૃ. ૩૪૨–૪૩.

૩ तस्य (प्रत्यक्षस्य) विषयः स्वलक्षणम् ।...अन्यत् सामान्यलक्षणम् । सोऽनुमानस्य विषयः ।

ન્યાયબિન્દુ, લે. ધર્મકીર્તિ, સંપા. ચંદ્રશેખર શાસ્ત્રી, પ્રકા. ચૌખમ્બા સંસ્કૃત સીરિજ, બનારસ, દ્વિતીય સંસ્કરણ, ૧૯૫૪, પૃ. ૧૫, ૧૭, ૧૮.

૪ तदेव परमार्थसत् । अर्थक्रियासामर्थ्यलक्षणत्वाद् वस्तुनः ।

ન્યાયબિન્દુ, તદેવ, પૃ. ૧૭.

अर्थस्य प्रयोजनस्य क्रिया निष्पत्तिः तस्यां सामर्थ्यं शक्तिः ।

ધર્મોત્તરની ટીકા, તદેવ, પૃ. ૧૭.

હવે, ધૂમને જોઈને અગ્નિનું અનુમાન કરવામાં આવે ત્યારે બુદ્ધિનો વિષય અગ્નિ-સામાન્ય હોય છે. એ અગ્નિ-સામાન્યને અગ્નિ-વિશેષ (**अतस्मिन् तद्बुद्धिः**) માનીને મનુષ્ય અગ્નિ મેળવવા **પ્રવૃત્તિ** કરે છે; કારણ કે અગ્નિવિશેષમાં જ પ્રયોજનને સિદ્ધ કરવાનું સામર્થ્ય છે. આમ અનુમિતિ-જ્ઞાનનો ખરેખર વિષય અગ્નિત્વ (સામાન્ય) હોય છે; છતાં, તે જ્ઞાનના વિષય તરીકે, અગ્નિ-વિશેષને માની લેવામાં આવે છે.[5] તેથી આ અનુમિતિ-જ્ઞાન ભ્રાન્તિરૂપ બને છે. તેમ છતાં અનુમિતિ-જ્ઞાન, પ્રયોજનની સિદ્ધિને સંપાદિત કરાવી આપનાર અગ્નિ-વસ્તુની સાથે સંવાદી બને છે; અને તેથી તે જ્ઞાન **પ્રમાણરૂપ** મનાય છે. અર્થાત્ અનુમિતિ-જ્ઞાનના આધારે અગ્નિને મેળવવા ઇચ્છનાર મનુષ્ય, પર્વતમાં જઈને ખરેખર અગ્નિને પ્રાપ્ત કરે છે. આ રીતે અગ્નિ વિષેનું અનુમિતિ-જ્ઞાન, અગ્નિ-વસ્તુ સાથે વિસંવાદી બનતું નથી, પરંતુ સંવાદી બને છે.[6] તેથી, સિદ્ધ એ થાય છે કે અનુમિતિ-જ્ઞાન પોતે ભ્રાન્તિરૂપ હોવા છતાં, વસ્તુ સાથે સંવાદી બનતું હોવાથી, પ્રમાણરૂપ મનાય છે.[7]

આની સામે કોઈક પ્રશ્ન ઉઠાવે કે અનુમિતિ-જ્ઞાન ભ્રાન્ત હોવા છતાં પ્રમાણરૂપ મનાય તો સર્વ ભ્રાન્તિને પ્રમાણરૂપ કેમ ન માનવી ? આવા પ્રશ્નના ઉત્તરમાં ધર્મકીર્તિ મણિ-પ્રદીપ પ્રભાનું દૃષ્ટાંત રજૂ કરે છે. તે દૃષ્ટાંત એમ સિદ્ધ કરે છે કે બધાં ભ્રાન્તિજ્ઞાન પ્રમાણરૂપ હોતાં નથી. અર્થની-વસ્તુની પ્રાપ્તિ કરાવી શકે તેવું અર્થાત્ અર્થની સાથે સંવાદી બનતું

---

૫ **भ्रान्तं हि अनुमानम् । स्वप्रतिभासे अनर्थे (अर्थे) अध्यवसायेन प्रवृत्तत्वात् ।**

ધર્મોત્તર ટીકા, ન્યાયબિન્દુ, તદેવ, પૃ. ૯.

For, indeed, inference, (as indirect knowledge, is to a certain extent) an illusion. The course it takes consists in having to deal prima-facie with mental contents of a (general), unreal character; and in ascertaining through them some real fact.-Th. Sterbatsky, Buddhist Logic, Vol. II, New Dover edition, New York, 1962, P. 17.

૬ **अभिप्रायाविसंवादादपि भ्रान्तेः प्रमाणता ।**

પ્રમાણવાર્તિક, પ્રત્યક્ષપરિચ્છેદ, કારિકા ૫૬, લે. ધર્મકીર્તિ, સંપા. સ્વામી દ્વારિકાદાસશાસ્ત્રી, ('મનોરથનન્દિ' વૃત્તિ સાથે), બૌદ્ધ ભારતી, વારાણસી, ૧૯૮૪, દ્વિતીય સંસ્કરણ, પૃ. ૧૧૮.

**भ्रान्तेरपि प्रमाणता; अभिप्रायस्य अर्थक्रियार्थिभिः ज्ञानगोचरतया अभिप्रायविषयीकृतस्य अर्थक्रियासमर्थस्य अर्थस्य संवादात् ।**

મનોરથનન્દિ-વૃત્તિ, તદેવ, પૃ. ૧૧૮.

૭ જ્ઞાનની પ્રમાણતા કે સત્યતા (પ્રામાણ્ય-validity) અથવા અમુક જ્ઞાનની અપ્રમાણતા કે અસત્યતા (અપ્રામાણ્ય-invalidity) તે જ્ઞાન પોતાના દ્વારા (સ્વતઃ) સિદ્ધ થાય કે બીજા કોઈક સાધનથી (પરતઃ) સિદ્ધ થાય છે એ અંગે દર્શનોમાં વિભિન્ન મતો છે. નૈયાયિકો જ્ઞાનના પ્રામાણ્ય અને અપ્રામાણ્ય બન્નેને પરતઃ સિદ્ધ થતાં માને છે. બૌદ્ધો જ્ઞાનના પ્રામાણ્યને પરતઃ સિદ્ધ થતું અને જ્ઞાનના અપ્રામાણ્યને સ્વતઃ સિદ્ધ થતું માને છે.

A Critical Study of The Pratyakṣa Pariccheda of Bhāsarvajna's Nyāyabhūṣaṇa (Ph.D. Thesis), Dr. L. V. Joshi, Gujarat University, Ahmedabad, 1986, First edition, pp. 157-58.

જ્ઞાન ભ્રાન્તિરૂપ હોવા છતાં પ્રમાણરૂપ મનાય છે; જ્યારે એ રીતે અર્થ સાથે સંવાદી નહીં બનતું ભ્રાન્તિરૂપ જ્ઞાન પ્રમાણરૂપ મનાતું નથી.

ધારો કે બે મનુષ્યો છે.[૮] તેમાંથી એક, (ઓરડામાં) દૂર રહેલા મણિની પ્રભાને–તેજને જુએ છે; અને મણિની તે પ્રભાને જ મણિ માની લઈને તેને લેવા દોડે છે. બીજો મનુષ્ય (ઓરડામાં) દૂર રહેલા પ્રદીપની–દીવાની પ્રભાને જુએ છે; અને તે પ્રભાને જ મણિ માની લઈને તેને ગ્રહણ કરવા દોડે છે. આ બન્ને મનુષ્યોનાં જ્ઞાન સરખી રીતે ભ્રાન્તિરૂપ છે; કારણ કે પહેલો મનુષ્ય, મણિની પ્રભાને મણિ માની લે છે. મણિની પ્રભા એ ખરેખર મણિ નથી. એટલે તેનું જ્ઞાન–अतस्मिन् तद्बुद्धिः જે એ વસ્તુ નથી તેમાં એ વસ્તુ જણાય તેથી ભ્રાન્તિરૂપ છે.

બીજા મનુષ્યનું જ્ઞાન તો ભ્રાન્તિરૂપ છે જ; કારણ કે તે દીવાના તેજને દૂરથી જોઈને એ તેજને મણિ માની લે છે

આમ બન્ને જ્ઞાન સમાન રીતે ભ્રાન્ત હોવા છતાં પહેલા મનુષ્યનું જ્ઞાન પ્રમાણરૂપ મનાય છે; જ્યારે બીજાનું ભ્રાન્ત જ્ઞાન એ પ્રમાણ મનાતું નથી. આનું કારણ એ છે કે પહેલો મનુષ્ય મણિની પ્રભાને મણિ માનીને દોડે છે; અને ત્યાં પહોંચતાં મણિને પ્રાપ્ત કરે છે; જ્યારે દીવાના તેજને મણિ માનીને દોડનારો દીવા પાસે પહોંચીને દીવાને મેળવે છે, પરંતુ, મણિને પ્રાપ્ત કરતો નથી.

આમ બન્નેનાં મણિ–જ્ઞાન ભ્રાન્ત હોવા છતાં, મણિને પ્રાપ્ત કરાવનારું મણિજ્ઞાન પ્રમાણરૂપ મનાય છે; મણિને પ્રાપ્ત નહીં કરાવનારું ભ્રાન્ત મણિ–જ્ઞાન પ્રમાણ મનાતું નથી. આમ અનુમાન અને અનુમાન–આભાસ બન્ને જ્ઞાનો સમાન રીતે અયથાર્થ હોવા છતાં અગ્નિને પ્રાપ્ત કરાવનારું અનુમાન ભ્રાન્ત છતાં પ્રમાણરૂપ મનાય. આભાસી ધૂમને જોઈને થતું અગ્નિનું આભાસી અનુમાન, અગ્નિને પ્રાપ્ત કરાવી શકતું નથી. તેથી આભાસી અનુમાન પ્રમાણરૂપ મનાય નહીં.

હવે, ભાસર્વજ્ઞ જે સંદર્ભમાં મણિ–પ્રદીપ પ્રભાના દૃષ્ટાંતને ઉદ્ધૃત કરે છે તે સંદર્ભ; અને આ દૃષ્ટાંતનું તે કેવી રીતે ખંડન કરે છે એ આપણે જોઈએ.

---

૮ ननु भ्रान्तमपि यदि अनुमानं प्रमाणं तदा सर्वा एव भ्रान्तिः प्रमाणं स्यात् ? इत्याह.
(મનોરથનન્દિ–વૃત્તિ, પૃ. ૧૧૮)

मणिप्रदीपप्रभयोर्मणिबुद्ध्याभिधावतोः ।
मिथ्याज्ञानाविशेषेऽपि विशेषोऽर्थक्रियां प्रति ॥ ५७ ॥
यथा तथाऽयथार्थत्वेऽप्यनुमानतदाभयोः ।
अर्थक्रियानुरोधेन प्रमाणत्वं व्यवस्थितम् ॥ ५ ॥

પ્રમાણવાર્તિક, લે. ધર્મકીર્તિ, સં. દ્વારિકાદાસ શાસ્ત્રી, બૌદ્ધભારતી વારાણસી, ૧૯૮૪, દ્વિતીય સંસ્કરણ, પૃ. ૧૧૯.

ભાસર્વજ્ઞ પોતાના 'ન્યાયસાર' નામના પ્રકરણગ્રંથમાં અનુમાનનું લક્ષણ આ પ્રમાણે આપે છેઃ અવિનાભાવ દ્વારા અર્થાત્ વ્યાપ્તિના સ્મરણ દ્વારા, જે સાધન, સમ્યક્ (સાચા) પરોક્ષ–અનુભવનું સાધન બને તે સાધનને અનુમાન કહેવાય.[૯]

આ લક્ષણમાં રહેલા સમ્યક્ શબ્દનાં, ભાસર્વજ્ઞ, વૈકલ્પિક રીતે બે પ્રયોજનો બતાવે છે. એક તો, વિપર્યય કે સંશય સ્વરૂપે થતા પરોક્ષ–અનુભવના સાધનને અનુમાન ન કહેવાય; એટલે એવા અનુભવને દૂર કરવા માટે, લક્ષણમાં પરોક્ષ–અનુભવના વિશેષણ તરીકે સમ્યક્ શબ્દ મૂકયો. અથવા સમ્યક્ શબ્દનું પ્રયોજન, અનુમાન અંગેના બૌદ્ધ મતનું ખંડન કરવાનું છે.[૧૦]

આપણે આગળ જોઈ ગયા કે ધર્મકીર્તિ પ્રમાણે અનુમાન ભ્રાન્ત હોવા છતાં કેવી રીતે પ્રમાણરૂપ બને છે. અનુમેય અગ્નિનું જ્ઞાન, ભ્રાન્ત હોવા છતાં, અર્થ–સંબંધને કારણે; અર્થાત્ સફળ પ્રવૃત્તિ દ્વારા અર્થની–વસ્તુની પ્રાપ્તિ કરાવતું હોવાથી પ્રમાણરૂપ બને છે.[૧૧]

મણિ–પ્રદીપ પ્રભાના દૃષ્ટાંતનું નિરાકરણ જોતાં પહેલાં, ભાસર્વજ્ઞે દર્શાવેલી બૌદ્ધમતની, અનુમાન વિષેની કેટલીક અસંગતિઓ આપણે સંક્ષેપમાં વિચારીએ.

ભાસર્વજ્ઞ કહે છે કે ભ્રાન્તિ કદી પ્રમાણ બની શકે નહીં; કારણ કે તે ભ્રાન્તિ છે. તિમિરાદિના રોગવાળા મનુષ્યને કેશ ન હોય ત્યાં પણ કેશ દેખાય. તે ભ્રાન્તિ છે. તે જેમ પ્રમાણ ન બની શકે, તેમ અનુમિતિ–જ્ઞાન ભ્રાન્તિરૂપ હોય તો તે પ્રમાણ (valid) ન બની શકે.[૧૨]

બીજું, ભ્રાન્તિમાં કદી અર્થ (વસ્તુ) અને તેના જ્ઞાન વચ્ચે સંવાદ હોઈ શકે નહીં. કોઈ જ્ઞાન ભ્રાન્તિરૂપ હોય તો તે વિસંવાદી બન્યા વગર રહે જ નહીં. અગ્નિના વિષયવાળું અનુમિતિ–જ્ઞાન ભ્રાન્તિરૂપ હોય તો તે જ્ઞાન કદી અગ્નિને પ્રાપ્ત કરાવી શકે નહીં (यदि भ्रान्तिः कथम् अविसंवादिनी ?–न्या. भू. पृ. १९५).

ત્રીજું, ધર્મોત્તરે અનુમિતિ–જ્ઞાનને ભ્રાન્તિરૂપ ઠરાવવા જે હેતુ આપ્યો છે તે હેતુ નથી પણ આશ્રય–અસિદ્ધ હેત્વાભાસ છે. જેમ કે: शब्दो गुणः चाक्षुषत्वात्–અહીં ચાક્ષુષત્વ એ અસિદ્ધ

---

૯ सम्यग् अविनाभावेन परोक्षानुभवसाधनम् अनुमानम् ।

ન્યાયસાર, ન્યાયભૂષણ, તદેવ, પૃ. ૧૯૪.

૧૦ अथवा अनुमेयज्ञानं भ्रान्तमेव इति आहुः शाक्याः । तदुक्तम्—"भ्रान्तिः अपि अर्थसंबन्धात् इति" तस्य निषेधार्थम् सम्यग्–ग्रहणम् ।

ન્યાયભૂષણ, તદેવ, પૃ. ૧૯૫.

11 Inference is indirect knowledge, it is an illusion, because it is indirect. It is construçted, synthetical, Subjective knowledge. It is nevertheless right knowledge, since, it although indirectly (paramparayā), also leads to successful purposive action. Buddhist Logic, Foot-note 1, P. 18.

૧૨ न खलु भ्रान्तेः प्रमाणत्वम् युक्तम्, भ्रान्तित्वात्, केशादिभ्रान्तिवत् इति ।

ન્યાયભૂષણ, તદેવ, પૃ. ૧૯૫.

હેત્વાભાસ છે. શબ્દ એ શ્રાવણ ( સાંભળી શકાય તેવો હોય ) છે; ચાક્ષુષ ( જોઈ શકાય તેવો ) નથી. આમ શ્રાવણત્વ એ હેતુના આશ્રય તરીકે શબ્દ સિદ્ધ થતો નથી. તેથી શ્રાવણત્વ એ આશ્રય–અસિદ્ધ હેત્વાભાસ છે. આવી જ રીતે, અનુમાનને ભ્રાન્ત ઠરાવતો હેતુ–અનુમાનના પોતાના જ્ઞાનમાં અર્થ( વસ્તુ )ન હોવા છતાં, તેમાં વસ્તુ છે એવો નિશ્ચય કરીને પ્રવૃત્ત થાય છે–હેત્વાભાસ છે.[13] આનું કારણ એ છે કે અનુમાનમાં અગ્નિ–વસ્તુ જ વિષય હોય છે; અને અગ્નિમાં જ અગ્નિનો નિશ્ચય કરવામાં આવે છે; નહીં કે, અગ્નિ ન હોય તેવા પદાર્થનો નિશ્ચય, અનુમાન–જ્ઞાનમાં થાય છે. એટલે કે અનુમાનમાં, અનર્થમાં અર્થનો નિશ્ચય કરવારૂપ હેતુ રહેતો નથી–અનુમાન–જ્ઞાન એવા નિશ્ચયનો આશ્રય બને છે એ સિદ્ધ થતું નથી. જે હેતુ પક્ષમાં રહેતો ન હોય તે હેતુ પક્ષ વિષે કોઈ સાધ્યને સિદ્ધ કરી શકે નહીં. તેથી ધર્મોત્તરે આપેલો હેતુ (વસ્તુત: આશ્રય–અસિદ્ધ હેત્વાભાસ ) અનુમાનને ભ્રાન્ત સિદ્ધ કરી શકે નહીં.[14]

વળી, અનુમેય–જ્ઞાનનો વિષય માત્ર અગ્નિ–સામાન્ય હોય છે એ વાત પણ સાચી નથી. ખરેખર તો અગ્નિત્વ એ સામાન્યથી વિશિષ્ટ એવો અગ્નિ, અનુમેય–જ્ઞાનનો વિષય બને છે. " આ અગ્નિને મેં અનુમાનથી જાણ્યો "–એવી પ્રતીતિ પાછળથી દરેકને નિશ્ચયાત્મક રીતે થાય છે.[15]

અનુમેય–જ્ઞાનનો વિષય બનતી વસ્તુ નિરુદ્ધ હોય એટલે કે કોઈક અવરોધની પાછળ રહેલી હોય–આંખની સામે સીધી રીતે ન આવતી હોય તેથી અનુમાન–જ્ઞાનનો વિષય એ વસ્તુ બનતી નથી અને તેથી તે જ્ઞાન ભ્રાન્ત છે એમ કહેવું યોગ્ય નથી. યોગીનું જ્ઞાન અને તેનો વિષય બનતી વસ્તુ વચ્ચે અવરોધ હોવા છતાં યોગીના જ્ઞાનમાં એ વસ્તુનું વિષય તરીકે ગ્રહણ થાય છે અને તે જ્ઞાન અભ્રાન્ત મનાય છે. આમ અનુમાનમાં જ્ઞાન અને વસ્તુ વચ્ચે અવરોધ હોય તો પણ તે જ્ઞાનના વિષય તરીકે અગ્નિ જેવી વસ્તુ બને છે અને તે જ્ઞાન ભ્રાન્તિરૂપ નહીં પણ અભ્રાન્ત હોય છે.[16]

---

१३ भ्रान्तं हि अनुमानम्; स्वप्रतिभासे अनर्थे (अर्थ–પાઠભેદ) अध्यवसायेन प्रवृत्तत्वात् ।
ધર્મોત્તર ટીકા, ન્યાયબિન્દુ, તદેવ, પૃ. ૯.

१४ यत् तु अत्र भ्रान्तित्वे साधनमुक्तम्–" स्वप्रतिभासे अनर्थे अर्थाध्यवसायेन प्रवर्तनाद् " इति, तत् न; असिद्धत्वात् । अग्नौ एव अग्नि–अध्यवसायो न तु स्वप्रतिभासे अनर्थे इति ।
ન્યાયભૂષણ, તદેવ, પૃ. ૧૯૬.

१५ न खलु सामान्याकारमात्रं प्रतिभाति, अनुमेयज्ञाने, किं तर्हि ? सामान्यविशिष्ट: अग्न्यादि: अर्थ: एव । तथा च–" अयं मयानुमानेनावमत: " इति उत्तरत्र अपि अव्यभिचारिणी प्रतिपत्तिः ।
ન્યાયભૂષણ, પૃ. ૧૯૬.

१६ निरुद्धेऽप्यनुमेये अनुमेयप्रतिभासस्य अनिरोधात् न वस्तुविषयत्वम् इति चेत्, न; योगिज्ञानस्य वस्तुनिरोधेऽपि उत्पद्यमानस्य तद्ग्राहित्वाऽभ्रान्तत्वाभ्युपगमात् ।
ન્યાયભૂષણ, તદેવ, પૃ. ૧૯૬.

સરખાવો: तत् च (प्रत्यक्षं) चतुर्विधम् । इन्द्रियज्ञानम्...मनोविज्ञानम्......आत्मा संवेदनम्......योगिज्ञानं चेति ।
ન્યાયબિન્દુ, તદેવ, પૃ. ૧૨–૧૪.

અનુમાન ભ્રાન્ત છતાં પ્રમાણ છે એ વાત સિદ્ધ કરવા ધર્મકીર્તિ મણિ–પ્રદીપ પ્રભાનું દૃષ્ટાંત 'પ્રમાણવાર્તિક'માં આપે છે, જે આપણે ઉપર જોઇ ગયા. ભાસર્વજ્ઞ કહે છે કે આ દૃષ્ટાંત અનુમાન અંગેના બૌદ્ધ મતનું સમર્થન કરી શકે તેવું નથી. એ ઉદાહરણમાં, મણિને લેવાની પ્રવૃત્તિ પૂરી કર્યા પછી, તે દોડનાર મનુષ્યને કે બીજા કોઈ વિચારકને, તે જ્ઞાન વિષે, એવી બાધા ઉત્પન્ન થાય છે કે–મારું મણિ–જ્ઞાન મણિ–પ્રભાના આધારે ઉત્પન્ન થયું; મણિના આધારે નહીં. અર્થાત્ મણિજ્ઞાનનો વિષય મણિની પ્રભા હતી, મણિ પોતે નહીં?[૧૭]

જો કોઈને મણિજ્ઞાન વિષે એવી બાધા ન થતી હોય તો તે જ્ઞાનનો વિષય મણિની પ્રભા હતી એમ કેમ નિશ્ચિત કરી શકાય? જો મણિની પ્રભા, મણિજ્ઞાનના વિષય તરીકે જણાતી ન હોય તો, મણિના જ્ઞાનના વિષય તરીકે મણિને જ માનવો પડે. તે રીતે મણિના વિષયવાળું મણિજ્ઞાન દોષ વગરનું ગણાય. જેમ હાથમાં રહેલા મણિનું પ્રત્યક્ષ જ્ઞાન સાચું છે તેમ, દૃષ્ટાંતમાં જે મણિજ્ઞાન થાય છે તે પણ સાચું જ છે.[૧૮]

ધારો કે, કોઈક એ મણિજ્ઞાનમાં, પ્રવૃત્તિ પછી, બાધા અનુભવે છે. એટલે કે તેને એમ લાગે છે કે મારા મણિજ્ઞાનનો વિષય મણિની પ્રભા હતી, મણિ નહીં. આમ થાય તો, એ મણિજ્ઞાન બાધિત થયું ગણાય અને તેથી તે જ્ઞાન સાચું મનાય નહીં. તિમિરાદિ રોગથી કેશ ન હોવા છતાં કેશનું જ્ઞાન થાય તે પ્રમાણરૂપ કે સાચું હોતું નથી. તેમ બાધિત મણિ-જ્ઞાનને સાચું કહી શકાય નહીં.[૧૯]

વળી, મણિજ્ઞાન પ્રવૃત્તિ કરાવે છે તેટલા માત્રથી તેને પ્રમાણ ન ગણાય. સ્મૃતિ, સંશય, વિપર્યય–આ જ્ઞાનો પણ કોઈક વાર પ્રવૃત્તિ કરાવનારાં બને છે. પણ તેથી કાંઈ તે જ્ઞાનોને પ્રમાણ ન કહેવાય. મિત્રની સ્મૃતિ, આ ભોજનગૃહ હશે કે નહીં, ચળકતી વસ્તુ ચાંદી હશે–આ જ્ઞાન કોઈક વાર પ્રવર્તક બને, પણ તેથી તેમને પ્રમાણ ન કહેવાય.[૨૦]

જેવી રીતે અર્થક્રિયા (વસ્તુની પ્રાપ્તિ કરાવી આપવાના લક્ષણ)ના આધારે અમુક જ્ઞાનને પ્રમાણ ન માની શકાય. કોઈક વાર એવું બને કે સંશય–જ્ઞાનથી પ્રવૃત્તિ કરતાં ઈષ્ટ

---

૧૭ प्रवृत्त्युत्तरकालं मणिप्रभायां मणिज्ञानमुत्पन्नं न मणौ इत्येव तस्य अन्यस्य वा विचारकस्य बाधा भवति वा, न वा?

न्यायभूषण, પૃ. १९७.

१८ यदि न भवति, कथं प्रभाविषयत्वं तस्य व्यवस्थाप्यते? मणिविषयमेव तत्, तद् अव्यभिचारि, मणिज्ञानत्वात्, करस्थमणिज्ञानवदिति ।

न्यायभूषण, तदेव, પૃ. १९७.

१९ अथ बाधा भवति, तथा सति तत् मणिज्ञानम् प्रमाणमेव न भवति, बाधितार्थत्वात्, केशादिभ्रान्तिवत् ।

न्यायभूषण, પૃ. १९७.

२० प्रवर्तकत्व च स्मृतिसंशयविपर्ययणामपि अस्ति, न च प्रमाणत्वमिति ।

न्यायभूषण, १९७.

વસ્તુ મળી પણ જાય. આ ભોજનગૃહ હશે કે નહીં એમ સંશય-જ્ઞાનથી પ્રવૃત થઈને, કોઈક એ ગૃહમાં જાય અને ખરેખરે તે ભોજનગૃહ હોય એવું બને. એટલે અર્થક્રિયા (વસ્તુ પ્રાપ્તિ) એ હેતુ, સમ્યક્ જ્ઞાન ઉપરાંત, સંશયાદિ જ્ઞાનમાં પણ રહેતો હોવાથી અનૈકાન્તિક હેત્વાભાસ બને છે. તેથી મણિજ્ઞાનનો વિષય મણિને બદલે મણિપ્રભા હોય તો એ જ્ઞાન ભ્રાન્તિરૂપ તો કહેવાય, પરંતુ, ધર્મકીર્તિ માને છે તેમ તે મણિજ્ઞાનને, મણિની પ્રાપ્તિ કરાવનારું હોવા છતાં, પ્રમાણ કહેવાય નહીં. તો પછી અ-પ્રમાણ એવા મણિજ્ઞાનના દૃષ્ટાંતથી ભ્રાન્તિરૂપ જ્ઞાનને પ્રમાણ સિદ્ધ કરી શકાય નહીં.[૨૧]

આમ, અનુમાન ભ્રાન્તજ્ઞાન છે છતાં તે પ્રમાણ છે એ પ્રતિજ્ઞાને, મણિ-પ્રદીપપ્રભાનું દૃષ્ટાંત સિદ્ધ કરી શકતું નથી. ખરેખર તો અનુમાન અથવા નૈયાયિકની પરિભાષામાં કહીએ તો અનુમિતિના સ્વરૂપનું જ્ઞાન જ્યારે સમ્યક્ હોય, સાચું (Valid) હોય ત્યારે તેવા સમ્યક્ પરોક્ષ અનુભવ કે સાચા પરોક્ષ જ્ઞાનના સાધનને જ અનુમાન કહેવાય.

અહીં ભાસર્વજ્ઞ અને ધર્મકીર્તિ, અથવા પ્રાચીન ન્યાયપરંપરા અને બૌદ્ધ ન્યાય-એ બન્ને વચ્ચેના મતભેદો ખરેખર તો વસ્તુવાદ (Realism) અને આદર્શવાદ (વિજ્ઞાનવાદ, Idealism) વચ્ચેના મૂળભૂત ભેદ ઉપર આધારિત છે.

બૌદ્ધ નૈયાયિક જ્યારે એમ કહે કે અનુમાન-જ્ઞાનમાં વિષય બનતો પદાર્થ એ 'સામાન્ય' (અગ્નિત્વ વગેરે) છે ત્યારે આપણે એમ સમજવું જોઈએ કે અનુમાનમાં પ્રથમ તબક્કામાં પરોક્ષ રીતે વિષય બનતા પદાર્થનું જ્ઞાન, એ નિર્વિકલ્પક પ્રત્યક્ષમાં ગ્રહણ થતી વસ્તુના જ્ઞાન બરાબર નથી. પરંતુ, નૈયાયિકો તો અગ્નિ અને અગ્નિત્વ બન્નેને પ્રત્યક્ષ-જ્ઞાનના વિષય તરીકે સ્વીકારે છે.[૨૨] અગ્નિનું પ્રત્યક્ષજ્ઞાન ચક્ષુ અને અગ્નિના સંયોગ-સંબંધથી થાય, તેમ અગ્નિત્વનું પ્રત્યક્ષ-જ્ઞાન સંયુક્ત-સમવાય સંબંધથી થાય (અગ્નિત્વ એ સામાન્ય અગ્નિમાં સમવાય સંબંધથી રહે છે; અને અગ્નિ એ ચક્ષુ સાથે સંયોગ સંબંધમાં હોય છે તેથી સંયુક્ત સમવાય સંબંધ બને). નૈયાયિકના મતે તો આંખ જેમ અગ્નિને જુએ છે તેમ અગ્નિત્વને પણ જુએ છે.

---

૨૧ अर्थक्रियानुरोधन व्यवस्थितम् इति तदपि असारम्; यतः स्मृतिसंशयविपर्ययाणां प्रवृत्ति जनयतां कवचिद् अभिमतार्थप्रापकत्वम् अस्ति, न च प्रमाणत्वम् इति अनैकान्तः ।

ન્યાયભૂષણ, પૃ. ૧૯૭.

अनैकान्तिकः यथा पर्वतो वह्निमान प्रमेयत्वात् ।

તર્કસંગ્રહ, લે. અન્નં ભટ્ટ, સં. લક્ષ્મેશ જોષી, પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૧૯૮૫, પૃ. ૧૫૧.

22 When it is stated that the object cognised through inference is the universal, we must understand only that the first stage in indirect cognition of reality is not that pure sensation which is characteristic in sense-perception. Fn. 3, *Buddhist Logic*, Ibid, P. 38.

આ મૂળભૂત વિચારસરણિના ભેદને કારણે પ્રાચીન ન્યાય અને બૌદ્ધ ન્યાય વચ્ચે લગભગ ૬૦૦ વર્ષ સુધી સંઘર્ષ થતો રહ્યો; અને પરિણામે ન્યાય-વૈશેષિકના સિદ્ધાન્તોનો વિકાસ થયો.[૨૩]

બૌદ્ધ ન્યાયના ખંડનમાં ભાસર્વજ્ઞનું પણ મહત્ત્વનું પ્રદાન છે. એક મત પ્રમાણે તો ભાસર્વજ્ઞે, બૌદ્ધ ન્યાયના સિદ્ધાંતોના ખંડન માટે જ અવતાર લીધો હતો.[૨૪]

---

२३ જુઓ–भारतीय दर्शन–शास्त्र, न्याय–वैशेषिक ले. धर्मेन्द्रनाथ शास्त्री, मोतीलाल बनारसीदास, बनारस, प्रथम संस्करण १९५३, पृ १०५.

२४ बौद्धराद्धान्तनिबर्हणाय तु धृतावतारः अयम् (भासर्वज्ञः) इति आलक्ष्यते ।
સ્વામી યોગીન્દ્રાનન્દ, પ્રાગ્બન્ધ, ન્યાયભૂષણ, તદેવ, પૃ. ૨.

# कपालिनः के पिनाकिनः ?

રમેશ મ. શુક્લ*

સંસ્કૃત સાહિત્યનાં ત્રણ અંગો છે: અલંકારશાસ્ત્ર, કાવ્યસાહિત્ય અને ટીકાસાહિત્ય. અલંકારસાહિત્ય કાવ્યપદાર્થની તાત્ત્વિક ચર્ચા કરે છે અને પોતાની સ્થાપનાના સમર્થનમાં કાવ્ય-સાહિત્યમાંથી પ્રચુર દૃષ્ટાંતો આપે છે. તાત્ત્વિક ચર્ચામાં જે તે આલંકારિકની દાર્શનિક ભૂમિકા હમેશાં પ્રધાન સ્થાને હોય છે. દૃષ્ટાન્તો તો જે તે સિદ્ધાન્તની પરિપુષ્ટિ અને વિશદીકરણ માટે હોય છે. રાજશેખર કે કુન્તક જેવા અપવાદો બાદ કરતાં, મોટા ભાગના આલંકારિકો ઉદાહૃત શ્લોક કઈ કૃતિમાંથી લીધો છે અથવા કયા કવિનો છે તેનો ઉલ્લેખ કરવાની આવશ્યકતા જોતા નથી. જગન્નાથ જેવા તો બીજા સર્જકનાં કાવ્યોમાંથી દૃષ્ટાન્તો લેવામાં જાણે પોતાની સર્જકતાની અવહેલના જુએ છે અને પ્રકૃત વિષયને અનુરૂપ દૃષ્ટાન્ત પોતે રચી લે છે. આ આલંકારિકો કાવ્યને સમીક્ષતા નથી, પોતાના સિદ્ધાન્તના સાક્ષ્ય તરીકે આ શ્લોકો ચર્ચે છે. તેના આનુષંગિક ફલરૂપે જે તે કવિની સર્જકતાની, અને તે ય પ્રસ્તુત સિદ્ધાન્તના ઉપલક્ષમાં સમીક્ષા થતી રહે છે.

ટીકાસાહિત્યમાં પ્રક્રિયા જુદા પ્રકારની છે. ત્યાં કાવ્ય ચર્ચ્ય વિષય છે અને ટીકા મૂલ્યાંકનની પ્રવિધિ છે. ટીકાકાર પણ કાવ્યના ઘટકોની પરીક્ષામાં પોતાને સંમત કાવ્ય-સિદ્ધાંતના અનુલક્ષમાં જ તે તપાસતો હોય છે, તેનું ધ્યેય સિદ્ધાન્તચર્ચાનું નહિ, કૃતિ–સમીક્ષા અને અર્થના અવબોધ માટેનું હોય છે.

સિદ્ધાન્તચર્ચામાં આલંકારિકો જે ઉદાહરણો આપતા હોય તેના ભિન્ન ભિન્ન પાઠો હોય તેવું યે બને. અથવા વિવિધ પાઠોમાંથી પોતાના સિદ્ધાન્તને અનુરૂપ પાઠનો સ્વીકાર કરવાની અને બીજા પાઠનો તિરસ્કાર કરવાની વૃત્તિ પણ આલંકારિકોમાં જોવા મળે છે. તે જ રીતે ટીકાકારો પણ ચર્ચ્ય કાવ્યના ભિન્ન ભિન્ન પાઠો સ્વીકારતા હોય છે. પાઠનિર્ણયની કોઈ ચોક્કસ પદ્ધતિ તેઓ અનુસરતા હશે તો ય તે વિશેની ચર્ચા તેઓ ભાગ્યે જ કરે છે.

પરંતુ આલંકારિકો અમુક દૃષ્ટાન્તમાં એક પાઠ સ્વીકારે અને ટીકાકારો બીજો પાઠ સ્વીકારે તેવી પરિસ્થિતિ થઈ હોય તો તે કાવ્યતત્ત્વની તેમ પાઠનિર્ણયની દૃષ્ટિએ ગંભીર ચર્ચાનો વિષય બને છે.

'કુમારસંભવ'ના પાંચમા સર્ગના એકોતેરમા શ્લોકના સંદર્ભમાં આવી ઘટના બની છે.

આ શ્લોક 'વક્રોક્તિજીવિત', શૃંગારપ્રકાશ', 'વ્યક્તિવિવેક', 'કાવ્યપ્રકાશ' અને 'સાહિત્યદર્પણ' એમ પાંચ અલંકારગ્રંથોમાં ઉદાહૃત થયો છે.

આ બધા ગ્રંથોમાં તેનો પાઠ આ પ્રમાણે છે:

---

'સ્વાધ્યાય', પુ. ૨૪, અંક ૨, વસંતપંચમી અંક, ફેબ્રુઆરી '૮૭, પૃ. ૧૩૧–૧૩૮.

* અનુગ્રહ, શાંતિનિકેતન સોસાયટી, રાજકોટ.

द्वयं गतं सम्प्रति शोचनीयतां समागमप्रार्थनया कपालिनः ।
कला च सा कान्तिमती कलावतः त्वमस्य लोकस्य च नेत्रकौमुदी ॥

'કુમારસંભવ'ના ટીકાકારોમાં વલ્લભદેવ, અરુણગિરિ, નારાયણ અને મલ્લિનાથ **पिनाकिन :** પાઠ સ્વીકારે છે અને ચારિત્રવર્ધન તથા ડૉ. સૂર્યકાન્ત **कपालिन :** સ્વીકારે છે.* ડૉ. સૂર્યકાન્ત તો આપણા સમકાલીન છે અને તેમણે આ કાવ્યની તૈયાર કરેલી વાચના સાહિત્ય અકાદમી, નવી દિલ્હીએ ૧૯૫૨માં પ્રકાશિત કરી છે. નોંધપાત્ર મુદ્દો એ છે કે ચારિત્રવર્ધન સિવાયના મુખ્ય મુખ્ય ટીકાકારો પ્રથિતયશ આલંકારિકોથી જુદો પાઠ આપવાનું સાહસ કરે છે. તો કવિને સંમત પાઠ કયો હશે ?

આ સિવાય **कलावत :** પાઠ વલ્લભદેવ, મલ્લિનાથ અને ચારિત્રવર્ધન સ્વીકારે છે, તો **कलात्मन :** પાઠ અરુણગિરિ અને નારાયણ સ્વીકારે છે. પરંતુ અહીં ચર્ચ્ય પાઠ **कपालिन :** છે.

કુન્તક પહેલાં કોઈ આલંકારિકે આ શ્લોક ઉદાહૃત કર્યો નથી. કુન્તક ( સન ૯૫૦–૧૦૫૦ ) અને વલ્લભદેવ ( સન ૯૨૫ ) લગભગ સમકાલીન હતા. તેથી આ બંને પાઠ તેમના સમય પહેલાંના તો નિશ્ચિત થાય છે.

આલંકારિકો **कपालिन :** પાઠ સ્વીકારે છે તેનું કારણ એ નથી કે તેમને પૂર્વવર્તી આલંકારિકોના મતનો પ્રતિવાદ કરવો છે, અને આ શ્લોક તેમાં સમર્થક બને તેવો છે. અન્ય દૃષ્ટાંતમાં તેમ બન્યું છે પરંતુ આ દૃષ્ટાંતના વિષયમાં તેમ નથી.

આ શ્લોકના વસ્તુની ભૂમિકા આ પ્રમાણે છે. ઉમાની તપશ્ચર્યાથી પ્રસન્ન શંકર, તેને પરણવાનો નિશ્ચય કરતાં પહેલાં તેની શંકર–નિષ્ઠાની કસોટી માટે, પોતે બ્રહ્મચારીનું રૂપ લઈને આવે છે. તે શંકરનાં એક પછી એક સંખ્યાબંધ અપલક્ષણો વર્ણવી તેનું ચિત્ત શંકરથી ચળાવવા પ્રયત્નો કરે છે. તેમાંનો આ શ્લોક છે. બ્રહ્મચારી શંકરને દરિદ્ર, સ્મશાનવાસી, હસ્તિચર્મ ધારણ કરનારા જુગુપ્સાસ્પદ હોય તે રીતે વર્ણવે છે. તેમનો એકેય સદ્ગુણ તે વર્ણવતો નથી. આ સંદર્ભમાં આ શ્લોકમાં શંકરવાચક 'પિનાકી' યોગ્ય છે કે 'કપાલી' યોગ્ય છે તે કવિકર્મના સંદર્ભમાં તપાસનો વિષય બને છે.

'વક્રોક્તિજીવિત'માં કાવ્યના શબ્દ વિશે કુન્તકની સ્થાપના લાક્ષણિક છે. **शब्दो विवक्षितार्थैक वाचकोऽन्येषु सत्स्वपि** ( વ. જી. ૧:૯ ). એક જ અર્થના બીજા અનેક પર્યાયો હોવા છતાં, વિવક્ષિત અર્થનો વાચક શબ્દ તો એક જ હોય છે. તે જ 'કાવ્યનો શબ્દ' કહેવાય છે. તે એક અને અનન્ય હોય છે. વૉલ્ટર પેટર જેને unique word કહે છે, ફ્લોબેર જેને one and the only word કહે છે તેને જ કુન્તકે **अन्येषु सत्सु अपि एक :** કહ્યો છે. આ વિચારના સમર્થનમાં તેણે આ શ્લોક ઉતાર્યો છે. આ શ્લોક ટાંકીને તે પછીની વૃત્તિમાં તે કહે છે :

---

* ડૉ. ગૌત્તમ પટેલે વલ્લભદેવ વિશેના તેમના મહાનિબંધમાં આ વિશે કેટલીક ચર્ચા કરી છે. તેને આધારે Some Readings of Kumarsambhav ( according to Vallabhdeva's commentary ) શીર્ષકથી ચૂનીલાલ ગાંધી વિદ્યાભવન, સૂરતના વાર્ષિકમાં પ્રગટ થયેલા લેખમાં તેમણે જે કેટલાક પાઠાન્તરોની ચર્ચા કરી છે તેમાં આ પાઠાન્તરોની ચર્ચા નથી. તેમણે મારી વિનંતિથી આ માહિતી મને લખી મોકલી છે તેની સાભાર નોંધ લઉં છું.

अत्र परमेश्वरवाचकशब्दसहस्रसम्भवेऽपि कपालिन इति बीभत्सरसालम्बनविभाववाचकः शब्दो जुगुप्सापदत्वेन प्रयुज्यमानः कामपि वाचकवक्रतां विदधाति ।

શંકરને બીભત્સ રસના આલંબનવિભાવ તરીકે વર્ણવવાના છે તેથી જુગુપ્સા ઉત્પન્ન કરનાર શબ્દ જ સમર્થ વાચક શબ્દ બને. તે સંદર્ભમાં બીજા શબ્દો પણ કેવા ઉપયુક્ત રીતે યોજાયા છે તે દર્શાવતાં કુન્તક નોંધે છે: આ શ્લોકમાંના सम्प्रति અને द्वयम् પણ અતિ રમણીય છે. પહેલાં તો ચન્દ્રની કલા જ માત્ર કપાલીના સમાગમને ઈચ્છતી હોવાથી, દયાપાત્ર હતી. હવે ઉમા પણ તેના આ દુર્ભાગ્યપૂર્ણ કાર્યમાં સહાયરૂપ થવાથી તે પણ ઉપહાસપાત્ર બની છે. प्रार्थना શબ્દ તેથી ય વધુ રમણીય છે. કાકતાલીય ન્યાયથી, અકસ્માત તેની સાથેનો સમાગમ કદાચ નિન્દાપાત્ર ન બનત; પરંતુ કપાલીને તે વિશે પ્રાર્થના કરવામાં તો કુલીનતાને લાંછન લાગે છે. सा च અને त्वं च એ શબ્દયુગ્મો અનુક્રમે ચન્દ્રકલા અને ઉમાના પરસ્પરની સ્પર્ધા કરતાં લાવણ્યના દ્યોતક છે. તે અર્થમાં પણ કપાલી સાથેનો યોગ વિશેષ ચિંતાજનક છે. તે જ રીતે कलावतः અને कान्तिमती એ બે શબ્દો મત્વર્થી પ્રત્યયને કારણે બંનેના પ્રશસ્તિજનક બને છે. આમ આ બધા અર્થો તેના પર્યાયવાચી અન્ય શબ્દો દ્વારા પ્રતીત થઈ શકયા ન હોત.

पिनाकिनः પાઠ સ્વીકારતાં શંકરની જુગુપ્સાસ્પદતાને સ્થાને પરાક્રમશીલતાનો બોધ થાત. અને તો તે ઉમા માટે સૌથી વરેણ્ય છે તેવો અર્થ સૂચવાત. આ અર્થ લેતાં ચન્દ્રની કલાનો ઉલ્લેખ સર્વથા નિરર્થક બની જાય છે. ચન્દ્રની કલા અને ઉમા બંનેને એકસરખાં શોચનીય એટલા માટે વર્ણવાયાં છે કે તેમનો બંનેનો સંબંધ कपाल સાથે છે. ચન્દ્રની કલા શંકરને મસ્તકે સ્થાન પામી છે તે સંયોગ મહત્ત્વનો છે. कपालिनः પાઠ ન રહે તો ચન્દ્રકલા પણ ન રહે અને ઉપરનાં બધાં જ પદોની ચમત્કૃતિ અદર્શન થઈ જાય છે.

'શૃંગારપ્રકાશ'ના પચ્ચીસમા અધ્યાયમાં ભોજ વિપ્રલંભશૃંગારના ચાર પ્રકારના સંદર્ભમાં સાધર્મ્ય અને વૈધર્મ્ય પરીક્ષાનો ઉપક્રમ યોજે છે. તે શૃંગારની ભાવ, ભાવજન્ય, ભાવાનુબન્ધ અને ભાવપ્રકાશ એ ચાર 'સમૃદ્ધિ' ગણાવે છે. આ પછી તે ભાવસ્કંધની ચર્ચા કરે છે, જેમાં તે ઉદ્દીપનવિભાવ વિશે આલંબનવિભાવનો સંન્નિકર્ષ કેવી રીતે ચમત્કૃતિકારક બને છે તે દર્શાવે છે. નાયક અને નાયિકાનું મિલન દર્શનાનુરાગ અને શ્રવણાનુરાગ એમ બે પ્રકારનું હોય છે. શ્રવણાનુરાગ છ પ્રકારના શ્રાવણ પ્રમાણોથી જન્મે છે, જેમાં પ્રથમ પ્રમાણ છે 'શબ્દ'. શબ્દના ઔપદેશિક અને વિધિ એ મુખ્ય ભેદો છે. આ ઉપરાંત જૈમિનીસૂત્રને અનુસરી ભોજ છ ગૌણ શાબ્દપ્રમાણો ગણાવે છે:

શબ્દાન્તર, અભ્યાસ, સંજ્ઞા, સંખ્યા, ગુણ અને પ્રકરણ. સંખ્યાના સંદર્ભમાં આ શ્લોક ટાંકીને ભોજ કહે છે:

अत्र कपालिसमागमप्रार्थनया भेदे प्राप्ते द्वयमिति संख्यातः भेदः ।

અહીં ભોજ द्वयम् પદની ચમત્કૃતિ દર્શાવે છે. कपालिनः પાઠની યથાર્થતા તેણે સ્પષ્ટ રીતે ચર્ચી નથી. તેની ચર્ચા સૌન્દર્યનિષ્ઠ કરતાં પારિભાષિક અને વિશ્લેષણાત્મક વિશેષ છે. છતાં द्वयम् એ સંખ્યાપ્રમાણથી ઉમા વિશેની શોચનીયતા કેટલી ગંભીર છે અને તેનું આલંબન कपाल ધારણ કરનાર શિવ છે તે સ્પષ્ટ થાય છે. આ રીતે ભોજ कपालिनः પાઠનું સમર્થન કરે છે.

કુન્તકનો નિકટનો અનુકાલીન મહિમ ભટ્ટ આનન્દવર્ધનના ધ્વનિવિચારનો અભિગ્રહપૂર્વક પ્રતિવાદ કરે છે તેમ કુન્તકના વક્રોક્તિવિચારનો પણ નિષેધ કરે છે. આમ છતાં આ શ્લોકના વિષયમાં તો તેણે કુન્તકને સમર્થન આપ્યું છે. આ શ્લોક તે 'વ્યક્તિવિવેક'ના બીજા વિમર્શમાં ત્રણ વાર ટાંકે છે. પ્રથમ વિમર્શમાં ધ્વનિલક્ષણને દોષપૂર્ણ ઠરાવીને બીજા વિમર્શમાં તે 'ધ્વનિ કાવ્યનો આત્મા છે' તેવી સ્થાપના નિષેધવા માટે કાવ્યના અનૌચિત્યના પ્રકારના દોષોની ચર્ચા કરે છે. વિભાવ, અનુભાવ, સંચારીભાવ આદિને સ્પર્શતા અંતરંગ પ્રકારના અનૌચિત્યની ચર્ચા તો પૂર્વાચાર્યોએ કરી છે તેથી તેની પુનરુક્તિ ન કરતાં, તે વિધેયવિમર્શ, પ્રક્રમભેદ, ક્રમભેદ, પૌનરુક્ત્ય અને વાચ્યાવચન એમ પાંચ પ્રકારના શાબ્દ બહિરંગ અનૌચિત્યની ચર્ચા કરે છે. વિધેયવિમર્શના બીજા પ્રકારમાં તે **यद्** અને **तद्** સર્વનામોના પ્રયોગમાં પરસ્પરની અર્થાકાંક્ષાની ચર્ચા કરે છે. **यत्तदोः नित्यसम्बन्धः ।** આ બંનેમાં ઉપક્રમ અને ઉપસંહારનો જે ક્રમ છે તે શાબ્દ અને આર્થ એમ બે પ્રકારનો હોય છે. તે સંદર્ભમાં તે કહે છે કે **यद्** અને **तद्**માંથી કોઈ પણ એકનો ઉપક્રમોપસંહાર થતાં તે આર્થ પ્રકાર બને છે, કારણ કે ત્યાં એક અર્થનો આક્ષેપ બીજા અર્થને આધારે થતો હોય છે. કેવળ **तद्** ઉપાદાન હોય ત્યારે આર્થ પ્રસિદ્ધ, અનુભૂત અને પ્રક્રાન્ત એમ ત્રણ પ્રકારના વસ્તુ સંબંધી હોય છે. આ સંદર્ભમાં **यद्** સ્વયં **तद्**ની સાથે યોગ પામે છે અને તેનો અર્થાક્ષેપ થાય છે. પ્રસિદ્ધવસ્તુવિષયકની ચર્ચા કરતાં મહિમ ભટ્ટ આ શ્લોક ટાંકે છે. ચંદ્રકલા શંકરને મસ્તકે સ્થાન પામી છે તે પ્રસિદ્ધ વિષય છે. તેના સંદર્ભમાં **तद्** ('**सा**' **तद्**નું સ્ત્રીલિંગ રૂપ) આપોઆપ **यद्** (**या**)ના અર્થનો પણ બોધ કરે છે. અહીં તેનો જુદો ઉલ્લેખ આવશ્યક નથી રહેતો એમ મહિમ ભટ્ટનું કથન છે. ચંદ્રકલાનો સંદર્ભ **कपालिनः** પાઠ વિના નિરર્થક નીવડે છે તેથી અહીં તે પાઠનું અનાયાસ સમર્થન થયું છે.

ત્રીજા પ્રકારના વિધેયવિમર્શની ચર્ચાનો વિષય છે સમાસોનો વિશેષણવિશેષ્યભાવ. તે બે પ્રકારનો છે: સમાનાધિકરણ અને વ્યધિકરણ. પહેલો પ્રકાર કર્મધારયનો વિષય છે અને બીજા પ્રકારમાં કારકોના વિશેષણ સાથેના બહુવિધ સંબંધો અને તદનુસાર દ્વન્દ્વ સિવાયના સમાસો વિષય છે. આ વિષયમાં મહિમ ભટ્ટ અવલોકે છે કે જ્યાં વિશેષણનો અંશ પોતાના આશ્રય વિશેષ્યમાં ઉત્કર્ષ દર્શાવતા વાક્યાર્થમાં ચમત્કાર નિષ્પન્ન કરનાર તરીકે પ્રધાન હોય, તે કારણે વિધેય બનવાને યોગ્ય હોય, વિશેષ્ય કેવળ ઉદ્દેશ્ય રૂપથી વિશેષણની અપેક્ષાએ ગૌણ ભાવે ઉપસ્થિત હોય ત્યાં સમાસ કરવો ન જોઈએ. સમાસ બનવાને કારણે તે બંનેની અભિપ્રેત પ્રધાનતા અને અપ્રધાનતા ભૂંસાઈ જાય છે. આ વિચારને વિશદ કરવા તે ભિન્ન ભિન્ન સમાસોનાં દૃષ્ટાંતો આપતાં ષષ્ઠી તત્પુરુષ માટે આ શ્લોક ટાંકી, આ પ્રમાણે સમજાવે છે:

**अत्र कपालिनः इति यत् समागमप्रार्थनयाः शोचनीयतागतौ हेतुत्वेनोपात्तायाः सम्बन्धिद्वारेण विशेषणं तद् तस्यास्तत्र यत् सामर्थ्यं तत् सुतरामुपबृंहयति तस्य सकलामङ्गलनिलतया निन्दिताचारनिरतया च दर्शनसम्भाषणादीनामपि प्रतिषिद्धत्वात् । अतो विधेयार्थतया प्राधान्येन विवक्षितं विशेष्येण सह समासे न प्रत्यवरीकृतम् ।**

અહીં શોચનીયતા પ્રાપ્ત થવાનું કારણ **समागमप्रार्थना** છે. તે વિશેષ્ય છે. તેનું વિશેષણ છે **कपालिनः**. મહિમ ભટ્ટ સ્પષ્ટપણે કહે છે કે **समागमप्रार्थना**માં શોચનીયતા માટેનું જે સામર્થ્ય

છે તે આ વિશેષણથી એકદમ વધી જાય છે, કારણ કે कपालिनः સર્વ પ્રકારના અમંગલનું નિવાસસ્થાન છે, તે નિન્દિત આચરણમાં વ્યસ્ત છે. તેની સાથેનું સંભાષણ અને તેનું દર્શન પણ નિષિદ્ધ છે. આમ તે વિધેય છે, પ્રધાનતાપૂર્વક વિવક્ષિત છે. તેથી તેનો વિશેષ્ય સાથે સમાસ કરવામાં ન આવ્યો.

આમ કવિને નિન્દિતતા, અમંગલતા જેવા અર્થો અભિપ્રેત છે. તેથી સમાસ ન કરવામાં જ કવિકર્મનો ઉત્કર્ષ છે એમ મહિમ ભટ્ટ નિશ્ચયપૂર્વક કહે છે. તે રીતે તેણે कपालिनः પાઠ જ કવિસર્જિત છે એમ માન્યું છે તેમ કહી શકાય.

આ જ વિમર્શમાં વાચ્યાવચન દોષની ચર્ચાના સંદર્ભમાં પણ તેણે આ શ્લોક ટાંક્યો છે. તે કહે છે કે સર્વનામ દ્વારા જે અર્થનો પરામર્શ થવો જોઈએ તે અર્થ તેના વાચક શબ્દ દ્વારા કહેવામાં આવે ત્યારે વાચ્યાવચન દોષ થાય છે. આ શ્લોકમાં તેને આ દોષ જણાય છે :

अत्र हि कपालिशब्दो धर्मिधर्मोभयार्थवृत्तिः संज्ञिमात्रं वा प्रत्याययेत्, कपालसम्बन्धकृतं वा गर्हितत्वम्, उभयमपि वेति त्रयः पक्षाः । तत्र प्रथमे पक्षे विशेषप्रतिप्रत्तये कपालिग्रहणमपरमपि कर्तव्यं येनास्य गर्हितत्वं प्रतीयेत । द्वितीये पक्षे तस्याश्रयप्रतिपत्तये तेनैव तत्पर्यायेण सर्वनाम्ना वा विशेष्यमवश्यमुपादेयं भवति येन तस्य विवक्षितार्थसिद्धावार्थो हेतुभावोऽवकल्प्येत ।

શબ્દ ધર્મી અને ધર્મ બંને અર્થનો વાચક છે. અહીં તેની ત્રણ અવસ્થિતિ સંભવે છે:

૧ તે કેવળ ધર્મીનો (શંકરનો) બોધ કરાવે.

૨ તે કપાલના સંદર્ભમાં ધર્મનો, ગર્હિતતાનો બોધ કરાવે.

૩ તે ધર્મી (શંકર) અને ધર્મ (ગર્હિતતા) બંનેનો બોધ કરાવે.

પ્રથમ પક્ષમાં સંજ્ઞી, ધર્મીનો બોધ માનતાં વિશેષના, કપાલવત્ત્વના બોધ માટે બીજા कपालि શબ્દનો પ્રયોગ આવશ્યક બને છે. બીજો પક્ષ લેતાં, ધર્મના આશ્રયનો બોધ કરાવવા માટે ધર્મીવાચક શબ્દનો અથવા પર્યાયવાચી શબ્દ અને સર્વનામમાંથી કોઈ એક દ્વારા વિશેષ્યનો સ્વીકાર કરવો પડે, જેથી વિવક્ષિત અર્થનો બોધ થતાં તેનો અર્થવિષયક હેતુ સિદ્ધ થાય. મહિમ ભટ્ટે દર્શાવ્યું છે કે શબ્દ પુનઃકથન વિના અનેક અર્થોનું પ્રતિપાદન કરી શક્તો નથી. ત્રીજા વિમર્શમાં તેણે દર્શાવ્યું છે કે કારણ (હેતુ) વિના કોઈ અર્થની પ્રતીતિ થતી નથી. તેથી અહીં પણ તે ત્રીજા પક્ષનો તો અસ્વીકાર જ કરે છે. આ શ્લોકમાં કોઈ કારણ સ્પષ્ટ રીતે દર્શાવાયું નથી. તેથી વાચ્યાવચનનો દોષ બને છે. આ દોષ ઓછો કરવા તે સર્વનામના પ્રયોગવાળો બીજો પાઠ પણ સૂચવે છે :

द्वयं गतं सम्प्रति तस्य शोच्यतां...

સર્વનામ तस्यના પ્રયોગથી ધર્મી અને ધર્મ બંનેનો બોધ થાય છે. તેથી આ દોષ પ્રમાણમાં ઓછો થાય છે એવો તેનો મત છે.

'વ્યક્તિવિવેક'નો ટીકાકાર રુય્યક પણ વિવક્ષિત અર્થ અને વિશેષ પ્રતિપત્તિ તરીકે 'ગર્હિતતા'નો જ નિર્દેશ કરે છે.

આમ 'ગર્હિતતા'ના સંદર્ભમાં પણ **कपालिनः** પાઠ જ કવિને પણ અભિપ્રેત હશે તે વિશે મહિમ ભટ્ટને શંકા નથી.

મમ્મટ સાતમા ઉલ્લાસમાં અવિમૃષ્ટવિધેયાંશ દોષના ત્રીજા પ્રકારની ચર્ચા કરતાં આ શ્લોક ટાંકે છે. તેથી આ ચર્ચા મહિમ ભટ્ટના વિધેયવિમર્શના બીજા પ્રકારના દોષની ચર્ચાના અનુસરણમાં જણાય છે. તે પણ **यत्** અને **तत्**ના નિત્ય સંબંધ વિશેના વિધાનનો હવાલો આપે છે. **यत्** શબ્દ સાથે **तत्**નો પ્રયોગ અનિવાર્ય માનીને તે પણ મહિમ ભટ્ટની જેમ તેમાં અપવાદ દર્શાવતાં કહે છે :

**तथाहि प्रक्रान्तप्रसिद्धानुभूतार्थविषयस्तच्छब्दो यच्छब्दोपादानं नापेक्षते ।**

મહિમ ભટ્ટે સ્વીકારેલા અપવાદો તે પણ આમ સ્વીકારે છે. એટલું જ નહિ, પ્રસિદ્ધાર્થના સંબંધમાં **तत्** શબ્દના પ્રયોગ તરીકે પણ તે આ જ શ્લોક ટાંકે છે.

આ જ ઉલ્લાસમાં અક્રમતાના દોષની ચર્ચા કરતાં તેણે આ દોષ થતો ન હોય તેના દૃષ્ટાન્ત તરીકે પણ આ શ્લોક ઉતાર્યો છે. અહીં **त्वम्** પછી **च**ના પ્રયોગથી પ્રથમ ચન્દ્રકલા અને પછી ઉમા એ ક્રમ સૂચવાયો છે. આ સંદર્ભમાં મમ્મટ સ્પષ્ટ વિધાન કરે છે :

**अत्र त्वंशब्दानन्तरं चकारो युक्तः ।**

મમ્મટે આ બંને ચર્ચાઓ **कपालिनः** પાઠને અનિવાર્ય માનીને અથવા આ સિવાય કોઈ બીજો પાઠ છે તે સ્વીકાર્યા વિના કરી છે. તદુપરાંત પાંચમા ઉલ્લાસમાં વાચ્યવાચકભાવથી ભિન્ન વ્યંગ્યવ્યંજકભાવની અનિવાર્યતા દર્શાવતાં તે **पिनाकिन:** શબ્દ કરતાં **कपालिनः** શબ્દની કાવ્યાનુગુણતા અધિક છે એમ ભારપૂર્વક કહે છે. તે કહે છે કે વાચ્યવાચકભાવથી ભિન્ન વ્યંગ્યવ્યંજકભાવ સ્વીકારવામાં નહિ આવે તો અસાધુપદત્વ જેવો નિત્ય દોષ અને કષ્ટત્વ જેવો અનિત્ય દોષ પ્રાપ્ત થાય છે. આ દોષના નિવારણ માટે વ્યંગ્યવ્યંજકભાવ અનિવાર્ય છે તે દર્શાવતાં તે પ્રશ્ન કરે છે :

**द्वयं गतं......इत्यादौ पिनाकयादिपदवैलक्षण्येन किमिति कपाल्यादिपदानां काव्यानुगुणत्वम् ? ।**

આ પ્રશ્નથી મમ્મટ સિદ્ધ કરવા તાકે છે કે **पिनाकिन:** જેવા શબ્દને સ્થાને કવિએ **कपालिनः** શબ્દનો પ્રયોગ વિશેષ રૂપથી, વ્યંગ્યવ્યંજકભાવના સંદર્ભમાં કર્યો છે, જેથી શિવનાં દરિદ્રતા, બીભત્સતા આદિ વિલક્ષણો વ્યંગ્ય રૂપે પ્રતીત થાય. મમ્મટે આ ચર્ચામાં **पिनाकिन:** શબ્દનો સ્પષ્ટ નિર્દેશ કરી, આદિ કહીને અન્ય પર્યાયો પણ આવરી લીધા છે ત્યારે તે સ્પષ્ટપણે **पिनाकिन:** પાઠનો નિષેધ કરી રહ્યો છે કે કેમ તે વિધાયક ઉલ્લેખ વિના ન કહી શકાય. પરંતુ આ બીજો પાઠ તે જાણે છે તે નિઃસંદેહ છે. આ ચર્ચાથી તે પાઠ નિરર્થક પણ પુરવાર થાય છે તે શંકારહિત છે.

વિશ્વનાથ 'સાહિત્યદર્પણ'ના સાતમા પરિચ્છેદમાં અક્રમતા દોષના દૃષ્ટાંત તરીકે આ શ્લોક ટાંકીને **त्वम्** પછી **च** મૂકવાને બદલે તે પહેલાં મૂકવાનું યુક્ત ગણે છે :

अत्र त्वमित्यनन्तरमेव चकारो युक्त: ।

અહીં મમ્મટના મતનો સીધો પ્રતિવાદ છે. પરંતુ તેને कपालिनः પાઠ બાબત કોઈ સંદેહ નથી.

કાવ્યજ્ઞોની ચર્ચામાં कपालिनःની કેવળ યથાર્થતા જ નહિ, પરમ ઈષ્ટતા સ્વીકારાઈ છે. તે સર્વના સમયમાં पिनाकिनः પાઠ પ્રચલિત હતો છતાં કોઈ તેનો સ્વીકાર કરતું નથી. વસ્તુતઃ તેમની ચર્ચાથી આ પાઠનો નિષેધ થાય છે.

આ તથ્ય ટીકાકારો ગ્રહણ કરી શકયા નથી. નમૂનારૂપે મલ્લિનાથની ટીકા તપાસીએ :

पिनाकिन ईश्वरस्य समागमप्रार्थनया प्राप्तिकामनया । त्वत्कृतयेति शेषः । संप्रति द्वयं शोचनीयतां शोच्यत्वं गतम् । किं तदाह । सा प्रागेव हरशिरोगता । अत्र सेति प्रसिद्धार्थत्वान्न यच्छब्दापेक्षा । तदुक्तं काव्यप्रकाशे 'प्रक्रान्तप्रसिद्धानुभूतार्थं विषयस्तच्छब्दो यदुपादानं नापेक्षते' इति ।...कान्तिमतीत्वनेत्रकौमुदीत्वविशेषणयोरुभयत्राप्यन्वयः । प्रागेकैव शोच्या । संप्रति तु त्वमपरेति द्वयं शोच्यमिति पिंडितार्थः । शोच्यत्वं च निकृष्टाश्रयणादिति भावः ।

पिनाकिनःનો અર્થ ટીકાકારે ईश्वरस्य કર્યો. ચન્દ્રકલાની શોચ્યતા શેને કારણે ? તે તો આ પહેલાં હરશિરને વિશે પ્રાપ્ત થઈ છે, તેમાં શોચ્યતા શી ? ટીકાના છેલ્લા વાકયમાં નિકૃષ્ટ આશ્રયને કારણે શોચ્યતા' એવી સ્પષ્ટતા કરી છે. પરંતુ આશ્રયની નિકૃષ્ટતાનો વાચક અથવા વ્યંજક શબ્દ કયો ? મલ્લિનાથ 'કાવ્યપ્રકાશ'માંથી એક વિધાન ટાંકે છે તેથી कपालिनः પાઠથી તે અજાણ તો નથી જ.

તો પ્રશ્ન થાય છે કે કાલિદાસ જેવા વ્યુત્પન્ન અને પ્રતિભાવન્ત કવિએ આવો અપુષ્ટાર્થ પાઠ આપ્યો હશે ખરો ? પરંતુ પાઠનિર્ણય અને સર્જકતાનો સંબંધ આટલો સીધો અને સરળ નથી. હોમરની જેમ કાલિદાસે પણ ઝોકું ખાઈ લીધું નહિ હોય ?

આ સંજોગોમાં આનુષંગિક શ્લોકોના પાઠ ઉપકારક બની શકે તેમ છે. બ્રહ્મચારીની શિવનિન્દા પૂરી થયા પછી ક્રોધાવેશમાં આવેલી ઉમા પોતાના મનમાં વસેલા શિવના ગુણવિશેષો ગણાવે છે. તેમાં पिनाकिन् અને कपालिन् એ બંને શબ્દો પ્રયોજાયા છે.

१ स भीमरूपः शिव इत्युदीर्यते न सन्ति याथार्थ्यविदः पिनाकिनः (૫:૭૭)

२ कपालि वा स्यादथवेन्दुशेखरम् (૫:૭૮) (પાઠાન્તર...चन्द्रशेखरम्)

બ્રહ્મચારીએ ૫:૬૭, ૬૯, ૭૩ ક્રમાંકના શ્લોકોમાં શંકરને દરિદ્ર, ભયંકર સ્વરૂપના વર્ણવ્યા હતા. તે સંદર્ભમાં ઉમા ૫:૭૭ના શ્લોકમાં કહે છે તે ભીમ રૂપ, ભયંકર ભલે હોય, તેનું બીજું સ્વરૂપ છે પિનાકપાણિનું, જે સુન્દર છે. અહીં पिनाकिनः શબ્દ યુક્ત છે. તેને અને, ૫:૭૧ના પાઠને કોઈ સંબંધ નથી. ૫:૭૮માં 'તે કપાલી હોય કે ઇન્દુશેખર હોય' એ અર્થની સાર્થકતા પણ બ્રહ્મચારીની શિવનિન્દા સાથે સંબંધ ધરાવે છે. શિવનિન્દાના બીજા

શ્લોકોમાં ‘ કપાલી ’નો કોઈ નિર્દેશ નથી. માત્ર ૫:૭૧માં તે જોઈ શકાય છે. ૫:૭૮માંનો ઉમાનો ઉત્તર ૫:૭૧ના આક્ષેપના સંદર્ભમાં જ છે. આમ કવિને અભિપ્રેત પાઠ कपालिनः છે.

મારી પાસેની કેટલીક હસ્તપ્રતોમાં એક ‘ કુમારસંભવ ’ની કેવળ કાવ્યવાચનાની, ટીકા વગરની, પ્રત ( સં. ૧૭૮૪ ) છે. તેમાં, द्वयं गतं...कलापिनः એ પ્રકારનો પાઠ છે. कलापिनः તો कपालिनः માટેનો વર્ણવ્યત્યય લેખનક્ષતિવાળો પાઠ છે એટલું જ.

‘ શ્રીવેંકટેશ્વર ’ સ્ટીમ મુદ્રણાલય, મુંબઈ તરફથી પ્રકાશિત ( સં. ૧૯૬૯ ) મલ્લિનાથની ટીકા સાથેની વાચનામાં પાદટીપમાં कपालिनः પાઠાન્તરની નોંધ છે. આ ઉપરથી પ્રતીત થાય છે કે કાવ્યશાસ્ત્રના ગ્રંથો ઉપરાંત, ટીકાકારોના અન્યથા પાઠ છતાં कपालिनः પાઠની વાચનાઓ પ્રચલિત હતી. ચારિત્રવર્ધન તેમાંની એક પ્રતને શ્રદ્ધેય માને છે. ડૉ. સૂર્યકાન્ત બહુમતી ટીકાકારોએ માન્ય કરેલો પાઠ છોડી, માત્ર એક ટીકાકારે ( ન નોંધાયેલા બીજા અનેક ટીકાકારો પણ હશે ) સ્વીકારેલો પાઠ સંપાદિત કરે છે તેમાં કેવળ કાવ્યજ્ઞોના મતને આપેલું વજન નથી, કાલિદાસની પ્રતિભાનું મૂલ્યાંકન કરી આપેલી અંજલિ પણ છે.

## સંદર્ભસૂચિ

1 Krishnamoorthy K. Vakrokti Jivita of Kuntaka; Pub. Karnataka University Dharvad; First Ed., Dec. 1977.

2 Raghavan V. Bhoja's Shrinagaraprakash; Pub. ‘ Punarvasu ’, 1, Shri Krishnapuram Street, Madras 600 014 India, Third Ed., 1978.

३ भट्ट महिम, व्यक्तिविवेक (सं. द्विवेदी रेवाप्रसादः); प्रका. चौखम्भा संस्कृत संस्थान, वाराणसी; द्वितीय संस्करण सं. २०३५.

४ मम्मटः, काव्यप्रकाशः (सं. डॉ. नगेन्द्र, व्याख्या. आ. विश्वेश्वर सिद्धान्तशिरोमणि); प्रका. ज्ञानमण्डल लिमिटेड, वाराणसी; तृतीय संस्करण सं. २०२४.

५ विश्वनाथः, साहित्यदर्पणः, प्रका. मोतीलाल बनारसीदास, दिल्ही; दशम संस्करणः, सन. १९८२.

६ कालिदासः, श्री कुमारसम्भवं महाकाव्यम्; प्रका. खेमराज श्रीकृष्णदास श्रेष्ठि, मुम्बई; प्रथम संस्करण, १९६९.

7 Kunjvihari Mehta ( Ed. ) Bulletin of the Chunilal Gandhi Vidyabhavan, Surat; No. 27, Dec., 1983.

૮ कुमारसम्भवम् : હસ્તપ્રત; લેખન વર્ષ: સં. ૧૭૮૪, આ લેખકના અંગત, પારિવારિક સંગ્રહમાંથી.

# જે. કૃષ્ણમૂર્તિના શૈક્ષણિક વિચારો

સાવિત્રી વ્યાસ*

વીસમી સદીના મહાન ચિન્તકોમાં શ્રી જે. કૃષ્ણમૂર્તિ એક પ્રખ્યાત તત્ત્વચિન્તક હોવાની સાથે જ એક મહાન કેળવણીકાર પણ હતા. આમે ય તત્ત્વજ્ઞાન અને કેળવણી વચ્ચે ઘનિષ્ઠ સંબંધ રહ્યો છે. કોઈ પણ વિચારક પોતાની વિચારણા માત્ર પોતાના સુધી સીમિત રાખતો નથી, પણ તે બીજા સુધી પોતાની વાત પહોંચાડવાનો પ્રયત્ન કરે છે. અને તેમાંથી જ શિક્ષણનો જન્મ થાય છે. એ રીતે જોઈએ તો બધા તત્ત્વચિન્તકો, દાખલા તરીકે બુદ્ધ, મહાવીર, સોક્રેટિસ, પ્લેટો, સ્વામી દયાનન્દ, સ્વામી વિવેકાનન્દ, કાર્લ માર્ક્સ, મહાત્મા ગાંધી, અરવિન્દ ઘોષ અને આચાર્ય વિનોબા ભાવે જેવા–ચિન્તકો, કેળવણીકારો પણ બન્યા. અલબત્ત ! દરેક જ્ઞાની વ્યક્તિ માત્ર પોતાના વ્યક્તિગત જીવનને સુધારીને, સંતુષ્ટ થઈને બેસી જતી નથી. પણ સામાજિક જીવનને વધારે ઉન્નત, વિકસિત અને તેજસ્વી બનાવવાનો પ્રયત્ન કરે છે. આ સામાજિક જીવનને પરિવર્તિત કરનારી પ્રક્રિયાનું નામ જ છે કેળવણી. આ રીતે જોઈશું તો, તત્ત્વજ્ઞાન છેવટે કેળવણીમાં પરિણમે છે.

સર જહોન એડમ્સ એક સ્થાને કહે છે, "કેળવણી તત્ત્વજ્ઞાનનું ગત્યાત્મક પાસું છે. તત્ત્વજ્ઞાનીનું તે ક્રિયાત્મક પાસું છે."[1] બીજી રીતે કહીએ તો, તત્ત્વજ્ઞાન એ જાણે કે વીજળી છે અને કેળવણી એ તેને વહન કરનાર માધ્યમ. પ્રો. જેમ્સ રૉસ આ બન્નેના સમ્બન્ધને એક નવીન ઉત્પ્રેક્ષા દ્વારા પ્રસ્તુત કરતાં કહે છે, "તત્ત્વજ્ઞાન અને કેળવણી જાણે એક જ સિક્કાનાં બે પાસાં છે."[2] કહેવાનો આશય એ છે કે તત્ત્વચિન્તક જ્ઞાનસાગરમાં ડૂબકી મારીને કાઢેલાં જ્ઞાનનાં અમૂલ્ય રત્નો બીજાને વહેંચે છે. એ પ્રક્રિયાને કેળવણી કહેવાય. ખરેખર કેળવણી તો એક એવી વ્યક્તિનો પ્રભાવ છે, જે પોતાના વિશ્વાસોને બીજા સુધી પહોંચાડવાનો પ્રયત્ન કરે છે. શ્રી જે. કૃષ્ણમૂર્તિ પણ એક એવા તત્ત્વચિન્તક છે, જેની અન્દર એક કેળવણીકાર પણ સમાયેલો છે. જેણે સાઠેક વર્ષ સુધી વિશ્વના વિવિધ દેશોમાં ઘૂમીને વ્યાખ્યાનો, વાર્તાલાપો, ચર્ચાઓ, પ્રશ્નોત્તરી વગેરે દ્વારા લોકશિક્ષણનું વ્યાપક કાર્ય કર્યું છે.

અલબત્ત ! કૃષ્ણમૂર્તિ કેળવણીકાર તરીકે એ રીતે વધારે મહત્ત્વ ધરાવે છે કે બીજા કોઈ વિચારક કરતાં, કેળવણીમાં એમને મોટો વિશ્વાસ છે. સમાજના આમૂલ પરિવર્તન માટે તેઓ

---

**'સ્વાધ્યાય'**, પુ. ૨૪, અંક ૨, વસંતપંચમી અંક, ફેબ્રુઆરી '૮૭, પૃ. ૧૩૯–૧૪૮.

* બી–૧, રાજલક્ષ્મી ઍપાર્ટમેન્ટ, રાજહંસ સોસાયટી સામે, સેન્ટ ઝેવિયર્સ કૉલેજ કોર્નર પાસે, એલિસબ્રીજ, અમદાવાદ–૩૮૦ ૦૦૬.

૧ જેમ્સ એસ. રૉસ. ગ્રાઉન્ડવર્ક ઑફ એજ્યુકેશનલ થિયરી; જ્યૉર્જ જી. હૅરપ કંપની લિ., લંડન, ૧૯૪૨, પૃ. ૧૬.

૨ એજન, પૃ. ૧૬.

કેળવણીને જ એક માત્ર અદ્ભુત વાહક બળ તરીકે માને છે. તેઓ વર્તમાન વિશ્વની સમસ્યાઓ તરફ ઇંગિત કરતાં કહે છે કે આજે સમાજ સંપૂર્ણ સડી ગયો છે. પૈસા, પ્રતિષ્ઠા અને પદનાં ખોટાં મૂલ્યો ઉપર આધારિત આ સમાજ હિંસા, સંઘર્ષ, ઈર્ષા, દ્વેષ, અન્યાય, શોષણ અને ભ્રષ્ટાચારથી ખદબદે છે. વિજ્ઞાન અને ટેકનોલોજીએ વિનાશનાં એવાં શસ્ત્રોનો ભયંકર ખડકલો કરી દીધો છે કે જો માનવ પોતાની સમસ્યાઓનો યોગ્ય રીતે ઉકેલ ન લાવે તો આખું વિશ્વ થોડીક મિનિટોમાં જ સંપૂર્ણ નિઃશેષ થઈ જાય. તેથી બહુ જ ગંભીરતાથી વિચાર કરીને યોગ્ય રીતે વિશ્વની સમસ્યાઓનો ઉકેલ લાવવાનો સમય પાકી ગયો છે.

વધુમાં શ્રી કૃષ્ણમૂર્તિ કહે છે કે આજ સુધી આપણે આપણી સમસ્યાઓનો ઉકેલ રાજનૈતિક ,અને સંગઠનલક્ષી પદ્ધતિઓ દ્વારા, આર્થિક પુનર્વ્યવસ્થા દ્વારા અને સામાજિક સુધારાઓ દ્વારા કરવાના પ્રયાસો કર્યા છે. પણ આ પ્રયાસોમાં આપણે સફળ થયા નથી કે થઈ શકવાના યે નથી. તેમના શબ્દોમાં, "રાજનૈતિક, આર્થિક કે સામાજિક ક્રાન્તિઓ આ બધાના જવાબ નથી. કારણ કે તેમણે માત્ર ત્રાસવાદી જુલ્મોને જન્મ આપ્યો છે, અથવા તો એક સમૂહમાંથી બીજા સમૂહમાં સત્તાનું સ્થળાન્તર-હસ્તાન્તર માત્ર કર્યું છે. આવી ક્રાન્તિઓ ક્યારે ય પણ મૂંઝવણ કે સંઘર્ષમાંથી બહાર નીકળી શકતી નથી. પણ એક એવી ક્રાન્તિ યે છે, જે તદ્દન ભિન્ન છે અને જેણે સ્થાન લેવું જોઈએ, જો આપણે ચિન્તાઓ, સંઘર્ષો અને હતાશાઓની આ લાંબી ઘટમાળમાંથી નીકળી જવા માગતા હોઈએ તો. આ ક્રાન્તિ માત્ર સૈદ્ધાન્તિક કે વૈચારિક સ્તર પર શરૂ ન થવી જોઈએ. જે હંમેશ નકામી સિદ્ધ થાય છે–પણ જે મનનું મૂળભૂત પરિવર્તન લાવવામાં સહાયક થવી જોઈએ. આ માત્ર સાચી કેળવણી દ્વારા જ શક્ય છે–માનવના સંપૂર્ણ વિકાસ દ્વારા."[૧]

હકીકતમાં, કૃષ્ણમૂર્તિની માન્યતા પ્રમાણે માનવની વ્યક્તિગત તેમ જ બધી જાગતિક, આન્તરિક તેમ જ બાહ્ય સમસ્યાઓનું કારણ છે માણસનું ચિત્ત અથવા મન (mind). માણસના મનની જટિલતાને સમજ્યા વગર માત્ર બાહ્ય સુધારાઓ કરવાથી કશું સારું થવાનું નથી. પણ આ સુધારાઓ માણસના વિકૃત મનની અસરથી વિકૃત થઈ, વધુ સુધારાઓની જરૂરિયાત ઊભી થવાની. તેથી તેમના મતે, રોગનાં ચિહ્નો કે પરિણામો વિશે વિચારવું ન જોઈએ. પણ માનવજગતના મૂળ રોગના કારણને પકડવું જોઈએ. એ રોગનાં કારણો રહેલાં છે–આપણી ખોટી વિચારણાઓમાં, પરંપરાઓમાં અને આદતોમાં. આ પરિવર્તન વિચારોમાં નહિ, પણ વિચારવાની પ્રક્રિયામાં જ લાવવાની જરૂર છે. અને તે માત્ર કેળવણીથી થઈ શકે છે. બીજું કોઈ આ કામ કરી શકે નહિ.

સામાન્ય રીતે, બીજા કેળવણીકારો કેળવણીને, વ્યક્તિને, સમાજને અનુકૂળ બનાવવા માટેના સાધન તરીકે જોતા રહ્યા છે. હૉર્ન, હર્બર્ટ સ્પેન્સર, જેમ્સ, જહૉન ડ્યૂઈ, આઈવર મોરિસ જેવા ઓગણીસમી અને વીસમી સદીના કેટલા યે કેળવણીકારોએ શિક્ષણનો એક હેતુ-બાળકને સમાજને યોગ્ય બનાવવાનો–ગણાવ્યો છે. જેમ કે હૉર્ન કહે છે,

૧ જે. કૃષ્ણમૂર્તિ, ઑન લર્નિંગ; કૃષ્ણમૂર્તિ રાઇટિંગ્ઝ લિ. મદ્રાસ, ૧૯૫૮, પૃ. ૧–૨.

"Education is superior adjustment of a physically developed human being, to his intellectual, emotional and volitional environment."[1] એટલે કે કેળવણી ભૌતિક રીતે વિકસિત માનવના પોતાના બૌદ્ધિક, ભાવનાત્મક અને સંકલ્પનાત્મક વાતાવરણને અનુકૂળ બનાવતી શ્રેષ્ઠ પ્રક્રિયા છે. વળી આઈવર મોરિસ પણ આ જ વિચારની પુષ્ટિ કરતાં કહે છે, "કેળવણીનો સામાજિક હેતુ છે, બાળકને એ સમજણ આપવાનો કે–સમાજ શું છે, અને તેઓ સમાજમાં પોતાનો ભાગ (Role) સારામાં સારી રીતે કેવી રીતે ભજવી શકે."[2]

એવી જ રીતે ડૉ. ઝાકિરહૂસેન, જેમ્સ વગેરે પણ આ વાતનું જ અનુમોદન કરે છે. વખતોવખત નીમાયેલાં દેશી અને વિદેશી શિક્ષણ પંચો (Educational commissions) એ પણ શિક્ષણના આ હેતુને ટેકો આપ્યો છે. આ બધા એવું માને છે કે શિક્ષણનો મહત્ત્વનો હેતુ એ છે કે–બાળકને એવી માહિતી આપવી, એવાં કૌશલ્યો શીખવવાં કે જેથી તે પોતાનું ભાવિ જીવન સમાજમાં સારી રીતે પસાર કરી શકે. પરન્તુ કૃષ્ણમૂર્તિ આ બધા કરતાં ભિન્ન વિચાર ધરાવે છે. તેઓ નથી ઇચ્છતા કે એમનો વિદ્યાર્થી સમાજની વિકૃત ધારા સાથે ભળી જવાની યોગ્યતા મેળવે. બલ્કે તેઓ સ્પષ્ટ રીતે કહે છે :

"Real education means that a human mind, your mind, not only is capable of being excellent in mathematics, geography and history, but also can never, under any circumstances, be drawn into the stream of society. Because that stream, which we call–'living,' is very corrupt, is immoral, is violent, is greedy. That stream is our culture."[3]

અર્થાત્ ખરી કેળવણીનો મતલબ એ છે કે માનવમન, તમારું મન, માત્ર ગણિત, ભૂગોળ અને ઇતિહાસમાં નિપૂણતા મેળવી લે; એટલું જ નહિ પણ તે ક્યારે ય પણ, કોઈ પણ પરિસ્થિતિમાં, આ સમાજની ધારામાં ખેંચાઈ ન જાય, તે છે. કારણ કે આ ધારા જેને આપણે 'જીવન' કહીએ છીએ તે બહુ ભ્રષ્ટ છે, અનૈતિક છે, હિંસક છે, લાલચુ છે. એ ધારા આપણી સંસ્કૃતિ છે.

આ રીતે કૃષ્ણમૂર્તિ આ સંઘર્ષ, હિંસા, ઇર્ષ્યા, દ્વેષ, શોષણ અને અન્યાયથી દૂષિત થયેલી સંસ્કૃતિને યોગ્ય માનતા નથી, કે જેની સાથે અનુકૂલન સાધવાની બાળકને તે સલાહ આપે. તેઓ દઢપણે આ ધારામાં ન ખેંચવાની સલાહ પોતાના વિદ્યાર્થીઓને આપે છે. તેમના મતે, આપણે ઇતિહાસના એક એવા તબક્કામાં આવી ગયા છીએ કે આપણે એક નવી સંસ્કૃતિનું, એક નવા સમાજનું નિર્માણ કરીએ. પૈસા, પ્રતિષ્ઠા, પદ અને સત્તાનાં

---

૧ પાઠક પી. ડી. અને ત્યાગી જી. એસ. ડી; શિક્ષા કે દાર્શનિક સિદ્ધાન્ત, વિનોદ પુસ્તક મન્દિર આગ્રા, ૧૯૭૧, પૃ. ૧૬.

૨ આઈવર મોરિસ, સોસ્યોલોજી ઑફ એજ્યુકેશન; જ્યોર્જ એલન એન્ડ એનવિન, લંડન, ૧૯૭૧, આ. ૨, પૃ. ૧૦૧.

૩ જે. કૃષ્ણમૂર્તિ, ઑન એજ્યુકેશન; ઓરિયેન્ટ લૉંગમેન્સ લિ., નઈ દિલ્હી, ૧૯૭૪, પૃ. ૪૧.

જૂનાં ખોટાં મૂલ્યોને સ્થાને નવાં મૂલ્યોની પ્રતિષ્ઠા કરવાની છે. તેમના મન્તવ્ય મુજબ, "એક સર્વથા ભિન્ન પ્રકારનો સમાજ રચવાનો છે, જે ગ્રાહક અને ઉદ્યોગીકરણ ઉપર આધારિત ન હોય; પણ ધર્મનાં યથાર્થ મૂલ્યો પર આધારિત હોય."[૧]

ખરે! આ નવાં મૂલ્યોની સ્થાપના, નવો સમાજ અને નવી સંસ્કૃતિની રચના કોણે કરવાની છે? તો કૃષ્ણમૂર્તિના મતે–શિક્ષણે. કેળવણીએ આ જબરદસ્ત કામ કરવાનું છે. આ વિશે તેઓ વિદ્યાર્થીઓ અને શિક્ષકોને ઉદ્દેશીને કેવું સરસ કહે છે:

"A new culture is necessary. The old culture is dead, buried, burnt, exploded, Vapourised. You (students and teachers) have to create a new culture."[૨]

અર્થાત્ એક નૂતન સંસ્કૃતિ આવશ્યક છે. જૂની સંસ્કૃતિ મરી ગયેલી, દટાઈ ગયેલી, બળી ગયેલી, ધ્વસ્ત અને વરાળ થઈ ગયેલી છે. તમારે (વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ) એક નૂતન સંસ્કૃતિ સર્જવાની છે.

આમ કૃષ્ણમૂર્તિને શિક્ષણની પાસે બહુ મોટી આશાઓ અને અપેક્ષાઓ છે. તેથી જ કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશને ભારતમાં, મદ્રાસ પાસે 'ઋષિવૅલી', બેંગલોર પાસે 'વૅલી' અને બનારસમાં 'રાજઘાટ સ્કૂલ'ની સ્થાપના કરી. આ ત્રણે ય સંસ્થાઓ રહેવાસી–આશ્રમી (Residential) સંસ્થાઓ છે. વળી મદ્રાસમાં 'ધી સ્કૂલ' છે, જે આશ્રમી–રહેવાસી સંસ્થા નથી. અમેરિકામાં કેલિફોર્નિયામાં, ઓહિયોમાં 'ઑકઑવ સ્કૂલ' છે. કૅનેડામાં 'વુલ્ફ લેઈક સ્કૂલ' છે. અને ઈંગ્લૅન્ડમાં લંડન પાસે 'બ્રોકવુડ પાર્ક સ્કૂલ' છે. આ બધી સંસ્થાઓ શ્રી જે. કૃષ્ણમૂર્તિના વિચારો પ્રમાણે મુક્ત શિક્ષણના પ્રયોગો કરી રહી છે. એમાંથી 'બ્રોકવુડ પાર્ક સ્કૂલ' તો સવિશેષ એક આન્તરરાષ્ટ્રિય સ્કૂલ છે. જેમાં જુદા જુદા દેશોના બર્મા, જાપાન, ફિલિપાઈન્સ, ચીન, અમેરિકા, હોલેન્ડ, ઈટાલી, ભારત વગેરે વિશ્વના ભિન્ન-ભિન્ન દેશોમાંથી આવેલા વિદ્યાર્થીઓ ભણે છે. આ સંસ્થાઓમાં રંગ, વિચારસરણી, જાતિ, સંપ્રદાય કે રાષ્ટ્રિયતાના સીમાડાઓથી મુક્ત માનવ થવાની કેળવણી આપવામાં આવે છે. કૃષ્ણમૂર્તિ લગભગ દર વર્ષે આ સંસ્થાઓમાં અનુકૂળતા પ્રમાણે જતા, રહેતા અને શિક્ષકો, છાત્રો તથા સંચાલકો સાથે ચર્ચાવિચારણા કરતા રહ્યા છે. તેમ જ ખરી કેળવણીની સંકલ્પના (concept) સતત સ્પષ્ટ કરતા રહ્યા છે. એક નવો માનવ, નવો સમાજ અને નવી સંસ્કૃતિ રચવાનું સ્વપ્ન તેઓ હમેશાં જોતા રહ્યા અને એને માટે અવિરત મથતા રહ્યા છે.

ખરેખર કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશનની આ બધી શિક્ષણ સંસ્થાઓ કુદરતે જ્યાં સુન્દરતાનો અમૂલ્ય ખજાનો ખોલી દીધો છે એવાં નયનરમ્ય પ્રાકૃતિક સ્થળોએ અને રમણીય વાતાવરણમાં વસેલી છે. કારણ કે કૃષ્ણમૂર્તિ પોતે જ પ્રકૃતિના અનહદ ચાહક છે. તેઓ માને છે કે પ્રકૃતિનું સાન્નિધ્ય જ બાળકને કશુંક શીખવે છે. એટલા માટે બાળકો એ પ્રકૃતિનું સૌન્દર્યપાન કરતાં

૧ એજન, પૃ. ૧૪.

૨ એજન, પૃ. ૩૭.

શીખે એવું તેઓ ઇચ્છે છે. તેમના મતે, આપણે ઘણીવાર પ્રકૃતિના સન્નિધ્યમાં આવીએ છીએ, છતાં યે તેના પ્રત્યે અભિમુખ, ઓતપ્રોત અને એકરસ થતા નથી, બલ્કે એના પ્રત્યે આપણે બેફામ, બેદરકાર અને બેધ્યાન હોઈએ છીએ. આપણે પ્રકૃતિને જોતા હોઈએ, સાંભળતા હોઈએ યા અનુભવતા હોઈએ છીએ, ત્યારે ય આપણા મનમાં કંઈક બીજા જ વિચારો, મંથનો અને ગડમથલો ચાલતાં જ હોય છે. જેથી આપણે પ્રકૃતિને માણી શકતા નથી. કારણ કે આપણું શરીર વર્તમાનમાં હોય છે, જ્યારે આપણું મન તો ભૂતકાળ કે ભવિષ્યકાળના બનેલા યા બનવાના બનાવો, ઘટનાઓ અથવા કલ્પનાઓમાં રમમાણ હોય છે. આપણા મનને સતત કાંઈ ને કાંઈ વિચાર્યા કરવાની, બોલ્યા કરવાની ટેવ પડી ગયેલી છે. એને સાંભળવામાં આપણે ભાગ્યે જ આપણી આસપાસ રહેલાં વૃક્ષો, વેલીઓ, ફૂલો, પશુપક્ષીઓ, આકાશ, નદી, તળાવ, સૂર્ય, ચન્દ્ર, તારાઓ, બાળકો, પતંગિયાં વગેરે પ્રત્યે ધ્યાનપૂર્વક ભાગ્યે જ જોઈએ છીએ. 'ઋષિવેલી સ્કૂલ'માં 'અસ્તાચલ'ના કાર્યક્રમ દ્વારા સાંજે બાળકો એકાદ કલાક પ્રકૃતિનું રસપાન કરે એવી અનુકૂળતા–યોજના કરવામાં આવેલી છે. શિક્ષણની દૃષ્ટિએ પ્રકૃતિસાન્નિધ્ય અને પ્રકૃતિદર્શનનું કેટલું મોટું મહત્ત્વ છે તે આના ઉપરથી જોઈ શકાય છે. કૃષ્ણમૂર્તિ આના ઉપર ભાર મૂકીને જીવન્ત-જાગૃત શિક્ષણ પ્રત્યે અંગુલિનિર્દેશ કરે છે.

એકસ્થાને કૃષ્ણમૂર્તિ પ્રકૃતિદર્શનનું શૈક્ષણિક મૂલ્ય કેટલું બધું છે તે દાખવતાં કહે છે, "શિક્ષણ એ માત્ર પરીક્ષાઓ પાસ કરવાનું, ડિગ્રી અને કામ મેળવવાનું, લગ્ન કરવાં અને ગોઠવાઈ જવું તે નથી, પણ પક્ષીઓને સાંભળવાં, આકાશને જોવું, પ્રકૃતિના અનુપમ સૌન્દર્યને નીરખવું, અને પહાડીઓની આકૃતિઓને નિહાળવી, અને તેમના પ્રત્યક્ષ સાન્નિધ્યમાં હોવાનું અનુભવવું–તેનું નામ છે શિક્ષણ."[૧]

લોકો આજે જ્યારે પોતાના મોજશોખનાં સાધનો, ફર્નિચર, કાગળ, રમતગમતનાં સાધનો, મકાન બનાવવાં વગેરે માટે આડેધડ વૃક્ષો અને જંગલો કાપી રહ્યા છે, નદીઓને પ્રદૂષિત કરી રહ્યા છે, હવાને વિષમય બનાવી રહ્યા છે અને કુદરતનો નાશ કરી રહ્યા છે, ત્યારે કૃષ્ણ-મૂર્તિનો સન્દેશ છે કે પ્રકૃતિને બચાવો, પ્રકૃતિની ગોદમાં જાઓ ત્યાં જ જીવનનો વાસ્તવિક આનન્દ, પ્રસન્નતા અને શાન્તિ મળશે. તેથી શિક્ષણ સંસ્થાઓ પ્રકૃતિના ખોળામાં હોવી જોઈએ, જ્યાં બાળકોને સહજભાવે સૌન્દર્યબોધ થઈ શકે. ફુરસદના સમયમાં બાળકોએ શું કરવાનું છે તે વિશે બોલતાં એક સ્થાને કૃષ્ણમૂર્તિ કહે છે, "માત્ર બેસી જવાનું, સામયિકો વાંચવાનું, નિરર્થક ગપ્પાં મારવાં–જેનો કોઈ અન્ત જ નથી. તેવું (સમયને) મારવાનું નહિ, પણ ફુરસદનો સમય હોવો એટલે ચારે બાજુએ જોવું, વૃક્ષો સામે જોવું, આકાશ, પહાડીઓ સામે જોવું. જે સામાન્ય રીતે તમે કરતાં નથી."[૨] આમ જોવાનું, તપાસ કરવાનું, આપણી ચારે ય બાજુ જે કાંઈ થઈ રહ્યું છે તેનું નિરક્ષણ કરવાનું, અને માત્ર બહાર જ નહિ, પણ અંદરે ય તપાસવું–નિરીક્ષણ કરવું. આ બધાને તે શિક્ષણ તરીકે જુએ છે.

આ રીતે પ્રકૃતિની મદદથી બહાર અને અંદર નિરક્ષણ કરવાનું બાળકોને શીખવી શકાય.

---

૧ એજન, પૃ. ૪.

૨ બુલેટિન, નં. ૨ કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન, મદ્રાસ ૧૯૮૦, પૃ. ૧૪.

ધ્યાન વિશે વાત કરતાં તેઓ કહે છે કે પલાંઠી વાળીને સ્થિર બેસો. બહાર આજુબાજુ શું થઈ રહ્યું છે તે, વગર કોઈની સાથે તુલનાએ, વગર સારા–નરસાના નિર્ણયે તમે જુઓ. પછી આંખ બંધ કરીને અંદર પણ આવી રીતે તટસ્થ નિરીક્ષણ કરો. આમ આત્મજ્ઞાન સાથે કૃષ્ણમૂર્તિ પ્રકૃતિના નિરીક્ષણનો સંબંધ જોડે છે. પ્રકૃતિના નિરીક્ષણ મારફતે કૃષ્ણમૂર્તિ બાળકને વર્તમાનમાં જીવવાનું શીખવવા માગે છે. જે સામે છે તેને સંપૂર્ણ ધ્યાનથી બાળક જુએ, સાંભળે, જાણે–માણે તે અગત્યનું છે, નહિ કે તે પોતાના ભૂતકાળના પ્રસંગોમાં કે આગામી બનાવોની કલ્પનામાં ખોવાયેલો રહે.

આ ઉપરાંત, કૃષ્ણમૂર્તિ પ્રકૃતિના નિરીક્ષણને સંવેદનશીલતા ( Sensitiveness ) સાથે પણ જોડે છે. તેઓ માને છે કે બાળકે સંવેદનશીલ થવું જોઈએ. કુદરતનું દર્શન તેને સંવેદનશીલ બનાવે છે. આ સંવેદનશીલતા સદ્ગુણોના પ્રાકટ્યમાં કેવો મહત્ત્વપૂર્ણ ભાગ ભજવે છે તે વિશે તેઓ કહે છે કે :

"સંવેદનશીલ થવું એટલે–બધી વસ્તુઓ પ્રત્યે, ચાહે તે છોડવાઓ હોય; પ્રાણીઓ, વૃક્ષો, આકાશ, પાણી કે ઊડતું પક્ષી હોય; માણસોની માનસિક સ્થિતિ વિશે, અજાણ્યા પસાર થતા મુસાફર વિશે, દરેક વિશે સંવેદનશીલ થવું. આ સંવેદનશીલતા તે અમાપ નિસ્વાર્થ-પરાયણતા લઈ આવે છે, જે ખરી નૈતિક્તા અને ચારિત્ર્ય છે."[1]

આમ તેમના મતે, પ્રકૃતિનું સાન્નિધ્ય બાળકને સંવેદનશીલ, સહૃદયી અને નિસ્વાર્થી બનાવે છે. તે નિસ્વાર્થ ભાવનાથી બીજાને પ્રેમ કરતાં શીખે છે. કારણ કે તેમના મતે "To be sensitive is to love."[2] અર્થાત્ સંવેદનશીલ થવું એટલે ચાહવું.

શિક્ષણમાં સંવેદનશીલતાને કૃષ્ણમૂર્તિ બહુ મહત્ત્વ આપે છે. એની ચર્ચા કરતાં તેઓ કહે છે : "If you spend forty years in learning mathematics, but cannot look at those flowers and look at that blue sky, you are dead."[3] અર્થાત્ જો તમે ગણિતશાસ્ત્ર શીખવામાં ચાલીસ વર્ષ ગાળો, પણ જો તમે પેલાં ફૂલોને ન જોઈ શકો અને નીલા આકાશને ન નિહાળી શકો, તો તમે મરેલા છો. આમ માણસની જીવન્તતાની કસોટી તેઓ, એ વ્યક્તિ પ્રકૃતિના સાન્નિધ્યમાં કેવો આનન્દ મેળવી શકે છે તેને આધારે કરે છે.

અલબત્ત ! પ્રકૃતિપ્રેમી કૃષ્ણમૂર્તિ 'ઋષિવેલી'ના વિદ્યાર્થીઓને સંબોધન કરતાં, દરેક વખત પ્રકૃતિનાં સાદાં વર્ણનોથી વાર્તાલાપનો પ્રારંભ કરે છે. અને તેઓને પ્રકૃતિ તરફ ધ્યાનપૂર્વક જોવાનું, સાંભળવાનું કહે છે. એમની નોંધપોથીઓ ( Diaries )માં પણ દરેક પ્રકરણનો આરંભ પ્રકૃતિના સરળ, સહજ, સ્વાભાવિક છતાં સુન્દર વર્ણનોથી થયેલો છે. તેઓ એમની વાસરીમાં લખતા હોય છે કે જ્યારે તે સાંજે–સવારે ફરવા નીકળે છે ત્યારે તેમનું મન વિચારોથી શૂન્ય–ખાલી ( Empty ) હોય છે. એ ખાલી મનમાં સુન્દર પ્રાકૃતિક દૃશ્યો સ્પષ્ટ રીતે પ્રતિબિમ્બિત થાય છે.

---

૧ જે. કૃષ્ણમૂર્તિ, ઑન લર્નિંગ, પહેલાં પ્રમાણે, પૃ. ૧૧.

૨ એજન, પૃ. ૧૧.

૩ એજન, પૃ. ૧૩.

જ્ઞાન ( knowledge ) પ્રાપ્તિનો હેતુ શિક્ષણમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે. બહુ પ્રાચીનકાળમાં સોક્રેટિસે કહેલું, " જેની પાસે સાચું જ્ઞાન ( knowledge ) છે, તે સદ્દગુણી જ બને છે, બીજું કાંઈ નહિ. "[1] મહાન કવિ શેક્સપિયરે કહેલું, " જ્ઞાન ( knowledge ) એ પાંખ છે, જેના આધારે સ્વર્ગ સુધી પહોંચી શકાય છે. "[2] કોમેનિયસે પણ આ જ વિચારને પુષ્ટિ આપતાં કહ્યું છે, " દરેક વિદ્યાર્થીને દરેક વિષયને લગતી અધિકતમ માહિતી ( knowledge ) આપવાનું કર્તવ્ય શિક્ષકનું છે. "[3] આમ સોક્રેટિસ, પ્લેટો, શેક્સપિયર, કોમેનિયસ, બેકન અને બીજા અનેક કેળવણીકારોએ શિક્ષણના જ્ઞાનપ્રદાનના હેતુ ઉપર ભાર મૂક્યો છે. અને એને જ પરિણામે આજનું આપણું આખું શિક્ષણ, પુસ્તકઆધારિત શિક્ષણ બની ગયું છે. આજે શાળાઓમાં શું થાય છે? એકાદ વ્યાયામના તાસને બાદ કરતાં, દરેકે દરેક તાસમાં વિદ્યાર્થીઓએ જુદા જુદા વિષયનાં પાઠ્યપુસ્તકો જ ભણવાનાં હોય છે. આજના શિક્ષણને 'ચોપડિયું શિક્ષણ' ( Bookish Education ) નામ આપીએ તો ખોટું નથી. થોડાક કેળવણીકારોએ એનાં ભયસ્થાનો તરફ આંગળી ચીંધેલી, પણ એ વ્યર્થ ગયું. એક કાળે એડમ્સે કહેલું, " જ્ઞાન ( knowledge ) ઉપર વધુ ભાર મૂકવાથી, શાળાઓ જ્ઞાનની દુકાનો અને શિક્ષકો માહિતી વિક્રેતાઓ બની જાય છે. "[4] અને આજે હકીકતમાં એવું જ બની ગયું છે. રૂસો અને રવીન્દ્રનાથ ઠાકુર, ગાંધીજી અને જહોન ડ્યૂઈએ પુસ્તકિયા શિક્ષણની જગ્યાએ પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ, અનુભવો ઉપર આધારિત શિક્ષણ યા જીવન-શિક્ષણની વાત કરી છે. પરન્તુ એ બધું બહેરા કાને અથડાયું. શ્રી જે. કૃષ્ણમૂર્તિ પણ આ જ્ઞાનપ્રાપ્તિના હેતુને ઓછું મહત્ત્વ આપવાનું કહે છે.

કૃષ્ણમૂર્તિને મતે, " knowledge means information "[5] અર્થાત્ જ્ઞાન એટલે ચોપડીઓમાંથી મેળવેલી માહિતી. આ માહિતી જૂની હોય છે. તે શબ્દો અને પ્રતીકો પર આધારિત હોય છે. જેમાં વાસ્તવિક અનુભવો પણ હોતા નથી. આ પુસ્તકિયું જ્ઞાન અધૂરું હોય છે, જે ભૂતકાળ સાથે સંબંધિત હોય છે. તેનાં મૂળિયાં કાં તો ભૂતકાળ કે ભવિષ્યકાળમાં હોય છે. તેથી તે વર્તમાનને સમજવામાં મદદગાર થતાં નથી. તેમના શબ્દોમાં, " તમે તમારી જાતે જ દરેક વસ્તુ શીખો. કારણ જો તમે તમારે વિશે, તમારી જાતે જ શીખશો, તો તમે એક સેકન્ડ હેન્ડ-બીજા સ્તરના માનવ નહિ થાઓ. "[6]

અલબત્ત ! કૃષ્ણમૂર્તિના અભિપ્રાય મુજબ પોતાની જાતને સમજવામાં પુસ્તકિયા માહિતી કોઈ સહાયક પરિબળ નથી. તે તાજું, નવું અને નિર્દોષ મન બનાવતી નથી. પણ એની જગ્યાએ નિયમો, વ્યાખ્યાઓ, તથ્યો અને વિચારોની ગોખણપટ્ટી માનવમસ્તિષ્કને જડ ( Dull ) બનાવે છે.

---

૧ શિક્ષા કે દાર્શનિક સિદ્ધાન્ત, પહેલાં પ્રમાણે, પૃ. ૬૧.

૨ એજન, પૃ. ૬૧.

૩ એજન, પૃ. ૬૧.

૪ શિક્ષા કે દાર્શનિક સિદ્ધાન્ત, પહેલાં પ્રમાણે, પૃ. ૬૨.

૫ ઓન એજ્યુકેશન, પહેલાં પ્રમાણે, પૃ. ૨૧.

૬ એજન, પૃ. ૧૪.

છતાં યે એનો મતલબ એ નથી કે કૃષ્ણમૂર્તિ માહિતીનો સંપૂર્ણ ઈન્કાર કરે છે. વ્યક્તિના બાહ્ય, સામાજિક, આર્થિક, રાજનૈતિક અને તકનિકી વિકાસમાં જ્ઞાનપ્રાપ્તિનું, માહિતી વિકાસનું મહત્ત્વ તેઓ જરૂર સ્વીકારે છે. તકનિકી ક્ષેત્રમાં જો દરેક માણસે પોતાના અનુભવો ઉપર આધાર રાખ્યો હોત અને ભૂતકાળનાં પુસ્તકોમાં સંગૃહિત જ્ઞાનનો ઉપયોગ ન કર્યો હોત, તો આજે આપણે કદાચ આદિમાનવની સ્થિતિમાં જ હોત. તેથી વિકાસના બાહ્યક્ષેત્રમાં જ્ઞાનપ્રાપ્તિનો હેતુ અનિવાર્ય છે, જેને તેઓ સ્વીકારે છે. પણ તે જ બધું નથી. બીજાએ મેળવેલું જ્ઞાન માણસને પોતાની જાતને ઓળખવામાં ક્યારેક બાધક પણ બનતું હોય છે. એ વિશે કૃષ્ણમૂર્તિ વિશદ રીતે કહે છે, "પણ તમે જુઓ. માહિતી જ્યારે એક સ્તર ઉપર અનિવાર્ય છે, ત્યારે બીજા સ્તર ઉપર તે બાધક બને છે. આપણા ભૌતિક અસ્તિત્વ વિશે મોટા પ્રમાણમાં જ્ઞાન પ્રાપ્ય છે. અને સતત એમાં વૃદ્ધિ થઈ રહી છે. માનવની ભલાઈ માટે, આવું જ્ઞાન પ્રાપ્ત કરવું અને તેનો ઉપયોગ કરવો આવશ્યક છે."[૧]

સત્યની શોધમાં બાહ્યજ્ઞાન કેવી રીતે બાધક બને છે તેની વાત કરતાં કૃષ્ણમૂર્તિ કહે છે, "જ્ઞાન જ્યારે માણસના મનને કોઈ ચોક્કસ માળખા સાથે પ્રતિબદ્ધ કરતી પરંપરાઓમાં પરિવર્તિત થાય છે, ત્યારે તે બાધક બને છે. કારણ કે ત્યારે તે માનવોને વિભાજિત કરે છે અને તેમની વચ્ચે દુશ્મનાવટ ઉત્પન્ન કરે છે, અને તે સત્યની ઊંડી શોધને પણ અટકાવે છે."[૨] આ વાત ખરેખર સાચી જ છે. આપણી ભૂતકાલીન પરંપરાઓ જ આપણા મનમાં હિન્દુ, મુસ્લિમ, ખ્રિસ્તી, શીખ, અંગ્રેજ, આફ્રિકન, ગોરા–કાળા, બ્રાહ્મણ, હરિજન જેવા અનેક ભેદો ઊભા કરે છે. એક બીજા પ્રત્યે તે પૂર્વગ્રહો ઉત્પન્ન કરે છે, અને માનવજાતને એક થતાં તે અટકાવે છે.

આ સ્થિતિમાં, કૃષ્ણમૂર્તિના મતે, શિક્ષણનો હેતુ જ્ઞાનપ્રાપ્તિનો નહિ, પણ બુદ્ધિમત્તા (Intelligence)ની જાગૃતિનો હોવો જોઈએ. જ્ઞાનપ્રાપ્તિ તે સાધન છે. તે સાધ્ય ન બની શકે. જો વિદ્યાર્થીની બુદ્ધિ જાગૃત થઈ જાય, તો તેને જોઈતી માહિતી તે પોતાની મેળે મેળવી લેશે. એટલા માટે શિક્ષકે માહિતી આપવાનું ધ્યેય રાખવું ન જોઈએ. એ શક્ય પણ નથી કે શિક્ષક દરેક વિષયની પૂરેપૂરી માહિતી વિદ્યાર્થીઓને આપી દે. અને માહિતીમાં તો સતત વૃદ્ધિ થતી જતી હોય છે. ત્યારે શિક્ષક કાંઈ એને પહોંચી વળી શકે નહિ. પણ વિદ્યાર્થી જો પોતાની મેળે શીખતો થઈ જાય, તો તે આજીવન વિદ્યાર્થી બની રહે, અને સતત નવું નવું શીખતો રહે. તેથી જ કૃષ્ણમૂર્તિ કહે છે: "knowledge then is essential only as a means of cultivating the mind and not as an end in itself."[૩] અર્થાત્ જ્ઞાન, ખરેખર તો, મસ્તિષ્કને સુસજ્જ કરવાના એક સાધન તરીકે જ આવશ્યક છે, નહિ કે સાધ્ય તરીકે.

આ જ સંદર્ભમાં વાત કરતાં, કૃષ્ણમૂર્તિ શિક્ષકોને સંબોધતાં કહે છે, જે ઘડીએ તમને એમ લાગે કે વિદ્યાર્થીઓની બુદ્ધિ જાગૃત થઈ ગઈ છે, તે ઘડીએ જ તમે વિદ્યાર્થીઓને કહી શકો, "પુસ્તકો ફેંકી દો, ચર્ચાઓને ફેંકી દો, મેં તમને બુદ્ધિમાન (Intelligent) થવામાં મદદ

---

૧ એજન, પૃ. ૧૪.

૨ જે. કૃષ્ણમૂર્તિ, ધીસ મેટર ઑફ કલ્ચર, વિકટર ગોલૅન્જેસ લંડન, ૧૯૬૪, પૃ. ૧૪૨–૧૪૩.

૩ ઑન લર્નિંગ, પહેલાં પ્રમાણે, પૃ. ૧૮.

કરી છે. આ દુનિયામાં શાન્તિથી, સ્વસ્થતાથી–અર્ધતંદ્રાવસ્થામાં નહિ–કેવી રીતે જીવી શકાય તે શોધવામાં ચાલો, હું તમને મદદ કરું."[1] આ રીતે કૃષ્ણમૂર્તિ જ્ઞાનપ્રાપ્તિને સ્થાને બુદ્ધિની જાગૃતિને શિક્ષણનો મહત્ત્વનો હેતુ માને છે.

આગળ જઈને, કૃષ્ણમૂર્તિ માને છે કે આદર્શો અને વિચારસરણીઓનું શિક્ષણમાં કોઈ સ્થાન ન હોઈ શકે. આદર્શો વ્યક્તિને કોઈક ભાવિ કલ્પનાઓમાં ઘસડી જાય છે. આદર્શો વ્યક્તિને એ જે છે તેની જગ્યાએ કાંઈક બનવા માટે પ્રેરિત કરે છે. બલ્કે એને વાસ્તવિકતા (What is)થી દૂર લઈ જવા માગે છે. આમાંથી વ્યક્તિ જે છે અને જે થવા માગે છે તેની (Being and Becoming) વચ્ચે સંઘર્ષ ઉત્પન્ન થાય છે. એને કારણે વ્યક્તિ હમેશાં સંઘર્ષ અને તનાવ (conflict and tension) વચ્ચે જીવે છે. તે દુઃખી થાય છે. તેથી કૃષ્ણમૂર્તિ આદર્શોને નકારે છે. વિચારસરણીઓ (Ideologies and isms) માનવીને ચોક્કસ માળખા (pattern)માં પ્રતિબદ્ધ (conditioned) કરી દે છે તે વિચારસરણીઓની બહાર જઈને સત્યને શોધી શકતો નથી. વિચારસરણીઓ વ્યક્તિઓના અહં (Ego)ની સાથે જોડાઈ જાય છે. અને 'મારી વિચારસરણી, તમારી વિચારસરણી'–એવા માનવ માનવ વચ્ચે ભેદો ઊભા કરે છે, જેમાંથી ઘર્ષણો, સંઘર્ષો અને યુદ્ધો જન્મે છે. તેથી કૃષ્ણમૂર્તિ શિક્ષણમાં વિચારસરણીઓને સ્થાન આપતા નથી.

ખરે! કૃષ્ણમૂર્તિ શિક્ષણમાં વિચારસરણીઓને સ્થાન નથી આપતા, પણ વિચારવાની પ્રક્રિયાને ચોક્કસ સ્થાન આપે છે. વ્યક્તિ સ્વસ્થપણે, તટસ્થતાથી અને નિષ્પક્ષતાથી વિચારી શકે, તે એમના મતે શિક્ષણની મુખ્ય દેણ છે. બુદ્ધિ (Intelligence)ની વ્યાખ્યા આપતાં તેઓ કહે છે, "Intelligence being the capacity to think clearly, objectively, sanely, healthily."[2] અર્થાત્ બુદ્ધિ એ સ્પષ્ટતા, તટસ્થતા, શાણપણ અને સ્વસ્થતાથી વિચારવાની શક્તિ (ક્ષમતા) છે. બીજી જગ્યાએ તેઓ કહે છે, "The capacity to deal with any problem as a whole is intelligence."[3] અથાત્ કોઈ પણ સમસ્યાનો સમગ્ર રીતે ઉકેલ લાવવાની શક્તિનું નામ છે બુદ્ધિ.

વળી કૃષ્ણમૂર્તિ ચારિત્ર્ય અને ગુણવિકાસને બીજા કેળવણીકારોની જેમ મહત્ત્વ આપતા નથી. પ્લેટોથી માંડીને ગાંધી–વિનોબા સુધીના અધિકાંશ કેળવણીકારોએ ચારિત્ર્યનિર્માણ, સદ્ગુણવિકાસ અને નૈતિક મૂલ્યોની પ્રતિષ્ઠાને કેળવણીનો મુખ્ય હેતુ માન્યો છે. નૈતિકતા વિશે કૃષ્ણમૂર્તિ સ્પષ્ટ રીતે કહે છે, "સમાજની નૈતિકતા ખરેખર અનૈતિકતા છે. કારણ કે સમાજ હિંસા, લાલચ, સ્પર્ધા, મહત્ત્વાકાંક્ષા વગેરેને દાખલ કરે છે અને વધારે છે; જે ખરેખર અનૈતિક છે."[4] બીજી એક જગ્યાએ તેઓ કહે છે, "યુદ્ધમાં જવું, મારવું, આક્રમક થવું,

---

૧ ઑન એજ્યુકેશન, પહેલાં પ્રમાણે, પૃ. ૨૧.

૨ એજન, પૃ. ૨૧.

૩ ઑન લર્નિંગ, પહેલાં પ્રમાણે, પૃ. ૭.

૪ જે કૃષ્ણમૂર્તિ, યુ આર ધી વર્લ્ડ; હાર્વર ઍન્ડ રૉ પબ્લિકેશન, ન્યુયૉર્ક, ૧૯૭૩, પૃ. ૨૯.

સત્તા મેળવવી, નફરત કરવી એ નૈતિકતા ગણાય છે. આ બધું ખરેખર સ્થાપિત સમાજની દુષ્ટતા અને અન્યાય છે."[૧] તેથી કૃષ્ણમૂર્તિ શિક્ષણમાં નૈતિકતાને કોઈ સ્થાન નથી આપતા.

એ જ પ્રમાણે સદ્‌ગુણો વિશે તેઓ કહે છે, "જ્યારે મસ્તિષ્ક કોઈ વિશિષ્ટ યોગ્યતા મેળવવા સંઘર્ષ કરે છે, એ નમ્રતા હોય કે સહાનુભૂતિ, કે અહિંસા, કે બીજું કંઈક, તે ચોક્કસ રીતે સદ્‌ગુણ નથી."[૨] જ્યારે જાણી જોઈને સદ્‌ગુણને કેળવવાનો પ્રયાસ કરવામાં આવે છે, ત્યારે તે માત્ર એક ચાલાકીપૂર્વકની ગણતરી હોય છે. અને વાતાવરણની સાથે અનુકૂલન. તેમના મતે, "સદ્‌ગુણ તે માત્ર સંચિત પ્રતિકાર નથી, પણ તે ત્વરિત સજગતા અને જે છે તેની સમજણ છે."[૩]

ત્યારે સવાલ થાય છે કે હૃદયની કેળવણીથી કૃષ્ણમૂર્તિ શું કહેવા માગે છે? તેમના મતે, "કેળવણીકારોએ તદ્દન પ્રારંભથી પ્રેમની શક્તિનો વિકાસ કરવો જોઈએ—જે છે નમ્રતા, સજ્જનતા, વિચારશીલતા, ધૈર્ય અને વિવેક."[૪] આમ પ્રેમને કૃષ્ણમૂર્તિ સર્વોપરિ મહત્ત્વ આપે છે. પ્રેમની વ્યાખ્યા પણ તેમણે ઉપરના શબ્દોમાં આપી દીધી. પ્રેમની એમની સંકલ્પના કોઈ કાલ્પનિક કે કોઈ રોમેન્ટિક (રંગદર્શી) કલ્પનાઓ પર આધારિત નથી. એમનો પ્રેમ કોઈ અતીન્દ્રિય લોક સાથે પણ સંબંધ ધરાવતો નથી. પણ એ તદ્દન આ પૃથ્વીનો, આપણા દૈનંદિનીય જીવનમાં, દરેકની સાથેના સંબંધમાં કામ આવી શકે તેવો વાસ્તવિક પ્રેમ છે. એક બીજી જગ્યાએ તેઓ પ્રેમની સંકલ્પના વધારે સ્પષ્ટ કરતાં કહે છે, "કોઈ વૃક્ષ, કે પક્ષી, કે પ્રિય પશુને પ્યાર કરવાનો મતલબ છે, આપણે તેની દેખભાળ કરીએ, તેને માટે લાગણી અનુભવીએ, તેને પોષીએ. ભલે એ આપણને બદલામાં પાછું કાંઈ ન આપી શકે, કે આપણું અનુકરણ ન કરી શકે, કે આપણા ઉપર (તે) નિર્ભર ન હોય."[૫]

આમ કૃષ્ણમૂર્તિની શિક્ષણની સંકલ્પના (concept)માં એ વાત સ્પષ્ટ રીતે જોઈ શકાય છે કે એવી બધી વસ્તુઓ જે માનવતા, માનવઐક્ય અને વિશ્વશાન્તિ તેમ જ આત્મજ્ઞાનને બાધક છે તે તેમની દૃષ્ટિએ છે શિક્ષણની બહાર. તેમનું શિક્ષણ સ્થળ, સમય અને પરિસ્થિતિથી પર, કોઈપણ ભેદભાવથી મુક્ત એવા પ્રબુદ્ધ માનવના પ્રાગટ્યને ઝંખે છે. સાચાં મૂલ્યો ઉપર પ્રતિષ્ઠિત નૂતન માનવ, નૂતન સમાજ અને નૂતન સંસ્કૃતિની રચના માટે તેઓ સાઠેક વર્ષોથી વિશ્વમાં સતત ઘૂમતા રહીને લોકશિક્ષણનું કાર્ય અદ્ભુત ખંત, ધૈર્ય અને નિષ્ઠાથી કરતા રહ્યા છે. એમની શિક્ષણ વિચારણા નૂતન વિશ્વની રચના માટે એક મંગલ નંદાદીપ સમાન છે, અસ્તુ.

---

૧ જે. કૃષ્ણમૂર્તિ, ધી અર્જન્સી ઑફ ચેન્જ, વિક્ટર ગોલેંજેસ, લંડન, ૧૯૭૧, પૃ. ૨૯.

૨ ટૉક્સ, કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન, મદ્રાસ, જાન્યુઆરી ૧૯૬૦, પૃ. ૧૧૩.

૩ જે. કૃષ્ણમૂર્તિ, કૉમેન્ટ્રીઝ ઑન લર્નિંગ, વૉલ્યુમ-૧; વિક્ટર ગોલેંજેસ, લંડન, ૧૯૬૭, પૃ. ૩૩.

૪ ઑન લર્નિંગ, પહેલાં પ્રમાણે, પૃ. ૧૪.

૫ ધીસ મેટર ઑફ કલ્ચર, પહેલાં પ્રમાણે, પૃ. ૨૪.

# સાહિત્ય સામેના આક્ષેપોનું કાવ્યમીમાંસામાં ખંડન

**રસિકલાલ ચિ. ત્રિપાઠી***

કાવ્યમીમાંસાના છઠ્ઠા અધ્યાયમાં રાજશેખર એક સર્જક માટે પદ અને વાક્યના ઉપયોગ અંગેના ઔચિત્યની ચર્ચા કરે છે. ત્યાં જ સાહિત્ય સામે પ્રવર્તતા કેટલાક તત્કાલીન પૂર્વગ્રહોનું ખંડન કરે છે. સાહિત્ય સામેના ત્રણ પૂર્વગ્રહયુક્ત આક્ષેપોનું તેણે ખંડન કર્યું છે:

(૧) સાહિત્યમાં જૂઠી વસ્તુઓ કે વાતોનાં વર્ણનો હોય છે, તેથી તેનો ઉપદેશ કરવો ન જોઈએ. અહીં પૂર્વપક્ષ આ આક્ષેપના સમર્થનમાં એક શ્લોક ઉદ્ધૃત કરે છે: એ શ્લોકનો સાર: હે રાજા, જ્યારે પૃથ્વી ઉપર દિશાઓરૂપી દીવાલોની આડને લીધે અન્ધકાર છવાયો ત્યારે તમારો યશ ત્રિલોકને ઉજ્જવલ બનાવી રહ્યો.

પૂર્વપક્ષી અહીં આક્ષેપ કરે છે કે ચાટૂકાર અર્થાત્ કવિ અહીં ભાટાઈ જ કરે છે, આવી અતિશયોક્તિ તો સરાસર જૂઠ છે, અસત્ય છે! તેથી કાવ્યશિક્ષા (કે તેનો ઉપદેશ) આપવા યોગ્ય નથી. વળી, કાવ્યમાં કેટલીક વસ્તુઓ જોયેલી હોય છે, કેટલીક મોટાંમોટાં પુરાણોમાંથી ઉદ્ધૃત હોય છે, તો કેટલીક શાસ્ત્રોમાંથી વાંચેલી કે સાંભળેલી હોય છે, તો વળી કેટલીક કવિઓની સદુક્તિઓમાં કલ્પેલી હોય છે: આવી રીતે અનેક પ્રકારનાં બન્ધનહીન કે નિયમવિહીન, અર્થાત્ સ્વચ્છન્દથી રચાયેલ કાવ્ય મર્યાદાહીન હોય છે. આવું સાહિત્ય ઉપદેશયોગ્ય નથી.

આ વિચારસરણી વિરુદ્ધ કહી શકાય કે **निरंकुशा: कवय:**। એ તો સ્વીકારાયેલું સૂત્ર છે. વળી, ઉમેરી શકાય કે આધુનિક અંગ્રેજી કવિતા વિષે એક વાર કહેવાયું હતું; The golden rule about modern Euglish poetry is that there is no golden rule એટલે કે આધુનિક અંગ્રેજી કવિતા વિષે સુવર્ણનિયમ એ છે કે તેને માટે કોઈ સુવર્ણનિયમ નથી!

ટૂંકામાં, કાવ્યને કોઈ નિયમન નથી, તેટલા માટે જ મમ્મટ કહે છે: **नियतिकृत-नियमरहिता** એટલે કે વિધાતાએ રચેલા કોઈ પણ નિયમ કે બન્ધવિહીન એવી કવિની સર્જના છે. એને માત્ર કવિનું કરેલું બન્ધન જ બાંધી શકે. (કે પછી તે સર્જન પણ અમુક અવસ્થાએ પહોંચીને કવિને પણ ગાંઠતું નથી?) વસ્તુત: કાવ્યને આવું કોઈ બન્ધન નથી તેથી તો તે કાવ્ય છે. વ્યાકરણને નિયમનો બાંધી શકે છે, ભાષાને નહિ! જીવન્ત ભાષાને વળી બન્ધન શાં? તો પછી કાવ્યને પણ બન્ધન ક્યાંથી હોય? જે ભાષા બન્ધનમાં બંધાય તેનો વિકાસ ન હોય! પ્રવૃત્તિ કે પ્રગતિ તેને ન લાધે, તે તો જડ થઈ જાય, બન્ધિયાર બની જાય, તળાવનું પાણી થઈ જાય, વહેતી નદીનું જળ નહિ, જેનો આસ્વાદ સૌ કોઈ કરી શકે!

---

'સ્વાધ્યાય', પુ. ૨૪, અંક ૨, વસંતપંચમી અંક, ફેબ્રુઆરી '૮૭, પૃ. ૧૪૯–૧૫૪.

* ૬, અધ્યાપક સોસાયટી, ગુલબાઈનો ટેકરો, અમદાવાદ–૩૮૦ ૦૧૫.

સાહિત્યમાં અસત્ય હોય છે એ અભિપ્રાયનું ખંડન કરતાં રાજશેખર કહે છે "ના, તમારો આક્ષેપ ખોટો છે! અસત્ય એટલે તો જૂઠું ખરૂં, પણ અતિશયોક્તિ એટલે જૂઠું નહિ; અતિશયોક્તિ એટલે કોઈની પ્રશસ્તિ કરવા માટે કરેલ અર્થવાદ! આવો અર્થવાદ માત્ર કવિએ કરેલી પ્રશસ્તિમાં જ હોય છે એવું થોડું છે? તે તો વેદ તથા શાસ્ત્રગ્રન્થોમાં પણ હોય જ છે ને" આમ કહીને રાજશેખર શ્રુતિ, શાસ્ત્ર તથા લોકવ્યવહારમાંથી પણ અનેક દૃષ્ટાન્તો ટાંકે છે:

શ્રુતિમાં અર્થવાદ કે સ્તુતિના દૃષ્ટાન્તરૂપે: (૧) ઐતરેય બ્રાહ્મણ તથા (૨) શતપથ બ્રાહ્મણમાંથી રાજશેખર એક ઋચા ટાંકે છે:

पुष्पिण्यौ चरतो जङ्घे भूष्णुरात्मा फलेग्रहिः ।
शेरेऽस्य सर्वे पाप्मानः श्रमेण प्रपथे हताः ॥

અર્થ:–જે (મનુષ્ય) ચાલે છે તેની જંઘા મજબૂત થાય છે, આત્મા (શરીર) વૃદ્ધિ પામીને (આરોગ્યરૂપી) ફૂલ ગ્રહણયોગ્ય બને છે, (ભ્રમણ કરવાથી) તેનાં સર્વપાપ (શ્રમથી) નાશ પામીને ખતમ થઈ જાય છે.

અહીં શ્રમનાં ગુણગાન ગાવા માટે અતિશયોક્તિ કરવામાં આવી છે. વેદની કથા પ્રમાણે હરિશ્ચન્દ્રના પુત્ર રોહિતને ન જવા દેવા માટે બ્રાહ્મણના સ્વરૂપમાં આવેલો ઈન્દ્ર, ચાલ્યા જ કરવાનો ઉપદેશ દૃઢ કરવા માટે ફરવાના લાભો સમજાવવા માટે અતિશયોક્તિ, અર્થાત્ પ્રશંસાવાદનો આશ્રય લે છે. વસ્તુતઃ આ અતિશયોક્તિ જ છે, જેને વેદમાં અર્થવાદ કહીએ છીએ. આમાં જૂઠ નથી, એવું રાજશેખરનું મન્તવ્ય છે.

પોતાના મન્તવ્યના સમર્થનમાં રાજશેખર હવે વ્યાકરણ શાસ્ત્રમાંથી ઉદાહરણ આપીને ત્યાં પણ અર્થવાદનો ઉપયોગ થયો છે તે દર્શાવે છે:

आपः पवित्रं प्रथमं पृथिव्यामपां पवित्रं परमं च मन्त्राः ।
तेषां च सामर्ग्यजुषां पवित्रं महर्षयो व्याकरणं निराहुः ॥

ઉપર્યુક્ત શ્લોકમાં વ્યાકરણશાસ્ત્રનું મહત્ત્વ દર્શાવ્યું છે. વસ્તુતઃ વેદના મંત્રો કરતાં વ્યાકરણશાસ્ત્રનું વધુ મહત્ત્વ છે જ નહિ, પણ વ્યાકરણનો મહિમા ગાવા માટે, તેની ઉપયોગિતા સમજાવવા માટે વ્યાકરણશાસ્ત્રની પ્રશંસા કરવામાં આવી છે. શ્લોકનો ભાવ આવો છે:

પૃથ્વી ઉપર જલ પવિત્ર છે, જલ કરતાં વેદના મંત્રો વધારે પવિત્ર છે, વેદમંત્રોમાં પણ સામ, ઋગ્વેદ, તથા યજુર્વેદ વધારે પવિત્ર છે, (પરંતુ) મહર્ષિઓ (તો) વ્યાકરણને સર્વથી વધુ પવિત્ર ગણે છે.

આમ કેટલીક વાર માત્ર મહત્ત્વ દર્શાવવા માટે પણ કવિતામાં અતિશયોક્તિનો ઉપયોગ થાય છે. આ જૂઠ નથી. એટલે જ રાજશેખર કહે છે:

नासत्यं नाम किञ्चन काव्ये यस्तु स्तुत्येष्वर्थवादः ।
स न परं कविकर्मणि श्रुतौ च शास्त्रे च लोके च ॥

તે કહે છે કે કાવ્યમાં કશું જૂઠું હોતું નથી, જે સ્તુતિ કે પ્રશંસારૂપે હોય છે તે તો માત્ર અર્થવાદ છે, અને આ અર્થવાદ માત્ર કવિકર્મમાં જ હોય છે તેવું નથી, તે તો શ્રુતિ, શાસ્ત્ર અને લોકવ્યવહારમાં પણ હોય છે.

આ પછી લોકવ્યવહારમાં અર્થવાદનો ઉપયોગ થાય છે, તેનું દૃષ્ટાન્ત રાજશેખર આપે છે :

गुणानुरागमिश्रेण यशसा तव सर्पता ।
दिग्वधूनां मुखे जातमकस्मादर्द्धकुङ्कुमम् ॥

( આ શ્લોક ભોજના શૃંગારપ્રકાશમાં તથા સરસ્વતીકંઠાભરણમાં પણ મળે છે. )

એક કવિ રાજાની પ્રશસ્તિ કરતાં કહે છે : હે રાજા, તમારા ગુણોના અનુરાગથી મિશ્ર થઈને ફેલાતા યશે દિગ્વધૂઓનાં મુખ ઉપર અકસ્માત્ અર્ધ–કુકુંમનું રૂપ ધારણ કરી લીધું છે !

અહીં કવિસમય પ્રમાણે ગુણનો રંગ શ્વેત તથા અનુરાગનો રંગ લાલ લેખાય છે તેથી તે બન્નેના મિશ્રણથી દિશાઓરૂપી વધુઓના કપાળે જાણે કંકુનું અર્ધતિલક થઈ ગયું, તેમ અતિશયોક્તિપૂર્વક કહેવાયું છે ! આમ રાજશેખર પ્રસ્થાપિત કરે છે કે અતિશયોક્તિ માત્ર પ્રશંસા માટે થતી હોય છે ત્યારે તેને અસત્ય ન કહેવાય ! સાહિત્ય, શ્રુતિ, શાસ્ત્ર તથા લોકવ્યવહારમાં પણ તે હોય છે.

( ૨ ) કાવ્યના અભ્યાસ અંગેનો બીજો વાંધો આ પ્રમાણે છે : સાહિત્યમાં અનિષ્ટ વસ્તુ આચરવાના ઉપદેશ અપાય છે તેથી સાહિત્યનો ઉપદેશ ન કરવો જોઈએ !

રાજશેખર અહીં સાહિત્યવિરોધીઓનો આ અભિપ્રાય ઉદ્ધૃત કરે છે.

असदुपदेशकत्वात्तर्हि नोपदेष्टव्यं काव्यम् । इत्यपरे ।

બીજા કેટલાક કહે છે કે સાહિત્યમાં ખરાબ કાર્ય કરવાનો ઉપદેશ હોય છે તેથી તેનો ઉપદેશ કરવો જોઈએ નહિ ! અને નીચેનો એક શ્લોક એ અભિપ્રાયના ટેકામાં મૂકાયો છે :

*वयं बाल्ये डिम्भाँस्तरुणिमनि यून: परिणता–
वपीच्छामो वृद्धान्परिणयविधेस्तु स्थितिरियम् ।
त्वयारब्धं जन्म क्षपयितुममार्गेण किमिदं
न नो गोत्रे पुत्रि क्वचिदपि सतीलाञ्छनमभूत् ॥

સંદર્ભ એવો છે કે એક વેશ્યા સન્માર્ગે ગૃહિણીનું જીવન જીવવા ઇચ્છતી પોતાની પુત્રીને ઠપકો આપે છે :

હે પુત્રી, આપણા લોકોની ( ગૃહસ્થની રીતે ) વિવાહવિધિ એવી રહી છે કે બાલિકા તરીકે બાલકોને, યુવાનીમાં યુવાનોને, અને ઘડપણમાં ( પણ ) વૃદ્ધોની કામના કરીએ છીએ !

* આ શ્લોક सदुक्तिकर्णामृतમાં विज्जका નામની કવયિત્રીનો રચેલો છે તેવું નોંધ્યું છે; विज्जकाનો પર્યાય विजया પણ કેટલેક સ્થળે મળે છે.

તેં આ કુમાર્ગે જીવન ગાળવાનો આ શો પ્રારંભ કર્યો છે? પુત્રી, આપણા કુલમાં તો કોઈને પણ હજુ સુધી સતી થવાનું કલંક લાગ્યું નથી!

વાત સાચી છે કે ઉપર્યુક્ત શ્લોકમાં ખરાબ થવાનો જ ઉપદેશ શબ્દો દ્વારા અપાયો છે, પણ રાજશેખર કહે છે કે અહીં જે કહ્યું છે તેનાથી વિપરીત અર્થનો ઉપદેશ લેવાનો છે. વેશ્યાઓ ઉપર વર્ણવેલી રીતે જીવન જીવે છે. સામાન્ય સદ્‌ગૃહસ્થનું એ જીવન ન હોય! સારાં માણસો વેશ્યાઓના કુત્સિત જીવનથી ચેતીને ચાલે એ ઉદ્દેશ્યથી જ આવાં શ્લોકો રચાય છે, તેવું રાજશેખરનું દૃઢ મન્તવ્ય છે. આવા કુત્સિત ગર્હ્ય સંબંધો પરસ્ત્રી સાથે કેટલાકના સંભવે છે, પણ તેનાથી ચેતીને ચાલવાનો જ આમાં ઉપદેશ છે, કવિનો એ જ ઉપદેશ ઉદ્દિષ્ટ છે. વાત્સ્યાયન ઋષિ પણ કામસૂત્રમાં આવું જ કહે છે:

> धर्मार्थयोश्च वैलोम्यान्नाचरेत्पारदारिकम् ॥ ५१ ॥
> तदेतद्दारगुप्त्यर्थमारब्धं श्रेयसे नृणाम ।
> प्रजानां दूषणायैव न विज्ञेयो ह्ययं विधिः ॥ ५२ ॥

पारदारिकाधिकरणમાં વાત્સ્યાયને ઉપર્યુક્ત ઉપદેશ સ્પષ્ટ રીતે આપ્યો છે. વસ્તુતઃ पारदारिक પ્રકરણમાં પારકી સ્ત્રી સાથેના સંબંધમાં સાફલ્ય પ્રાપ્ત કરવાના ઉપાયો છે, છતાં મૂલગત ઉદ્દેશ્ય તેવી ચેષ્ટાથી દૂર રહેવાનું છે તેવું સ્પષ્ટ રીતે વિધાન થયેલું છે. આમ સાહિત્ય ખોટું ચારિત્ર આચરવાનો બોધ કરે છે, તે આક્ષેપ ખોટો છે. જ્યાં જ્યાં ખરાબ થવાનો ઉપદેશ છે તેવું પ્રથમ વાચને લાગે છે ત્યાં પણ ઉદ્દેશ્ય તો ખરાબ કામથી અટકવાનું જ છે, તેવો રાજશેખરનો અભિપ્રાય છે.

રાજશેખર તો કહે છે કે મનુષ્યનો જીવનવ્યવહાર પણ કવિના બોધ ઉપરથી જ ઘડાય છે, ચાલે છે. રાજશેખર અહીં એક તત્કાલીન પ્રચલિત શ્લોક ટાંકે છે:

> श्रीमन्ति राज्ञां चरितानि यानि प्रभुत्वलीलाश्च सुधाशिनां याः ।
> ये च प्रभावास्तपसामृषीणां ताः सत्कविभ्यः श्रुतयः प्रसूताः ॥

અર્થાત્ શ્રીમાન રાજાઓનાં ચરિત્રો, અમૃત પીનારા દેવતાઓની દિવ્ય લીલાઓ અને ઋષિઓના તપના પ્રભાવની કથાઓની જેમ જ સત્કવિઓનાં સર્જનો પણ શ્રુતિ જ છે! ટૂંકામાં, સાહિત્યસર્જન પણ શ્રુતિગ્રન્થ જેટલું જ પવિત્ર છે! સરસ્વતીનો સર્જનમાર્ગ તો સર્વને માટે વન્દનીય જ છે! વાલ્મીકિ કે વ્યાસ બન્નેની સૃષ્ટિ રામાયણ ને મહાભારત કોને વન્દનીય નથી? વિક્રમાંકદેવચરિત્રમાં પણ કહ્યું છે કે:

> महीपतेः सन्ति न यस्य पार्श्वे कवीश्वरास्तस्य कुतो यशांसि ।
> भूपाः कियन्तो न बभूवुरुर्व्यां नामापि जानाति न कोऽपि तेषाम् ॥ (१:२६)

કવિ કહે છે કે જે રાજાની પાસે કવિશ્વરો ન હોય તો તેને યશ ક્યાંથી સાંપડે? પૃથ્વી ઉપર કેટલાયે એવા રાજાઓ નથી થયા શું જેમનાં નામ પણ કોઈ જાણતું નથી?

અર્થાત્ રાજાઓ માટે સાહિત્યકારોનું અસ્તિત્વ આવશ્યક છે. રાજાઓ માટે કવિ જેવો બીજો કોઈ ઉપકારક નથી !

આમ સાહિત્ય દ્વારા ખરાબ ઉપદેશ અપાય છે માટે તેનો અભ્યાસ કે ઉપદેશ હિતકારક નથી તેવા આક્ષેપનું રાજશેખરે ખંડન કર્યું છે.

( ૩ ) હવે છેલ્લે એક બીજો મોટો આક્ષેપ ને તેનું ખંડન રાજશેખર કરે છે; તે આવો આક્ષેપ છે :

" કાવ્યમાં અશ્લીલતાનો ઉપદેશ કરાય છે, તેથી તેનો ઉપદેશ કરવો યોગ્ય નથી. "

ઉપરની ચર્ચાના ઉપલક્ષ્યમાં રાજશેખર બે શ્લોક ઉદ્ધૃત કરે છે, જેમાંનો એક અત્રે રજૂ કર્યો છે :

प्रसर्पत्प्रग्रीवैर्भृतभुवनकुक्षिर्झणझणा–
करालः प्रागल्भ्यं वदति तरुणीनां प्रणयिषु ।
विलासव्यत्यासाज्जघनफलकास्फालनघन–
स्फुटच्छेदोत्सिक्तः कलकनककाञ्चीकलकलः ॥

ઉપર્યુક્ત શ્લોકમાં વિપરીત રતિનું વર્ણન છે. વિપરીત ક્રીડાને લીધે નાયિકાએ પહેરેલ કાંચી ( કટિમેખલા )માંથી સુન્દર કલકલ શબ્દ જાગે છે, અને પોતાના પ્રણયી ઉપરની પ્રમદાની પ્રગલ્ભતા કે ધૃષ્ટતાનો પરિચય કરાવે છે. અહીં સમાગમ સમયે કામાવેશથી ઉન્મત્ત થયેલી પ્રમદા પતિની ઉપર આરૂઢ થઈ છે, અને તેથી તેની કમરના સતત સંચાલનથી તેની કટિમેખલાનો ઝંકાર શયનખંડની બારી વાટે બહાર ધસીને આકાશદ્વારા બધે જ સંભળાય છે. અહીં રાજશેખર સ્પષ્ટ કહે છે કે આ સંભોગશૃંગારનું વર્ણન છે, ને તે અશ્લીલ પણ કહેવાય, પણ જો કોઈ પ્રેમપ્રસંગનું વર્ણન જ કરવાનું હોય અને સંદર્ભમાં તેનું વર્ણન કરવું આવશ્યક થઈ પડે તો તેવું કરતાં ખમચાવાની જરૂર નથી :

प्रक्रमापन्नो निबन्धनीय एवायमर्थः इति यायावरीयः ।

અને ઉમેરે છે કે આવાં વર્ણન તો શ્રુતિગ્રન્થોમાં તથા શાસ્ત્રોમાં પણ મળે છે. આમ કહીને યજુર્વેદમાંથી એક ઉદ્ધરણ આપે છે :

योनिरुदूखलं शिश्नं मुशलं मिथुनमेवैतत् प्रजननं क्रियते ।

અર્થાત્ યોનિ તે ખલ છે, શિશ્ન તે દસ્તો છે, ને તેમના ( મિથુન ) સંયોગથી પ્રજાની ઉત્પત્તિ થાય છે. આ ઉપરાંત ઋગ્વેદમાં પણ નીચેનું ઉદાહરણ મળે છે :

उपोप मे परामृश मा मे दभ्राणि मन्यथाः ।
सर्वाहमस्मि रोमशा गान्धारीणामिवाविका ॥ (१:१२६–७)

વૈદિક કથા પ્રમાણે બૃહસ્પતિની પુત્રી રોમશાનું લગ્ન ભાવવ્યય ઋષિ સાથે થયેલું. રોમશાએ પતિને સંભોગ માટે બોલાવ્યા પણ તેના પતિએ તેને 'અજાતલોમા' (અર્થાત્ રોમ ફૂટ્યાં નથી, એટલે કે ઘણી અપકવ ઉંમરની) માનીને તેની સાથે સંભોગ કરવાની ના પાડી, કારણ કે સ્મૃતિગ્રન્થોમાં તેમ કરવાની મનાઈ છે. ત્યારે રોમશાએ ઉપરની ઋચામાં ઋષિને જવાબ આપ્યો :

મારી પાસે આવીને મને સ્પર્શ કરો, મને નાની ન સમજશો. ગાન્ધાર દેશનાં ઘેટાંની જેમ હું રોમવાળી છું. ઉપર્યુક્ત ઋચામાં અશ્લીલ વિચાર છે તે તો સ્પષ્ટ છે. વળી, એક દૃષ્ટાન્ત રાજશેખર શાસ્ત્રમાંથી પણ આપે છે :

*यस्याः प्रसन्नधवलं चक्षुः पर्यन्तपक्ष्मलम् ।
नवनीतोपमं तस्या भवति स्मरमन्दिरम् ॥

અર્થ : જેનાં નિર્મળ તથા શ્વેત નયન ગાઢ પાંપણોવાળાં હોય છે તેનું સ્મરમન્દિર (યોનિ) નવનીત સમું (કોમળ) હોય છે.

ઉપર્યુક્ત શ્લોકમાં પણ યોનિનું વર્ણન છે, અને તે પણ અશ્લીલ કહેવાય, છતાં સંદર્ભમાં, શાસ્ત્રચર્ચામાં, તે વર્ણન આવશ્યક છે, અને તેથી આવી અશ્લીલતામાં દોષ ગણવો ન ઘટે તેવો રાજશેખરનો અભિપ્રાય છે.

આમ વેદ, શાસ્ત્ર તથા લોકવ્યવહારમાંથી દૃષ્ટાન્તો આપીને સાહિત્ય સામેના ત્રણેય આક્ષેપોનું રાજશેખરે ખંડન કર્યું છે. આમ કહેવા છતાં એ પણ વ્યંજિત છે કે સંદર્ભમાં આવશ્યક હોય ત્યાં જ, અને તેટલા જ પ્રમાણમાં, આવા દોષ અવગણી શકાય, પણ વાચકના મનમાં ગલગલિયાં કરવાના ઉદ્દેશ્યથી અપાતાં વર્ણનો કવિએ વર્જ્ય જ લેખવાં જોઈએ, એવો રાજશેખરનો મત સ્પષ્ટ સમજાય છે.

આમ સાહિત્યના ઉપદેશ વિરુદ્ધના ત્રણેય આક્ષેપો : (૧) સાહિત્ય અસત્ય વસ્તુનું વર્ણન કરે છે, (૨) સાહિત્ય ખરાબ વસ્તુનો બોધ કરે છે, (૩) અને સાહિત્યમાં અશ્લીલતાનો ઉપદેશ કરાય છે, તે ખોટા છે, એમ રાજશેખરે એક સાહિત્યકાર તથા સામાજિક વિચારક તરીકેની દૃષ્ટિએ વિચારીને સિદ્ધ કર્યું છે.

---

* ભોજના 'શૃંગારપ્રકાશ'માં આ શ્લોક ઉદ્ધૃત થયેલો છે.

# નરસિંહનાં ઝારીપદો

**રજની કે. દીક્ષિત***

નરસિંહનાં ચાર પદો એના જીવનમાં બનેલ ઝારીપ્રસંગ સાથે સંકલિત મનાયાં છે. આ પદોનો વિશેષ અભ્યાસ કરતાં મને :

(૧) એમાંથી માત્ર એક સિવાયનાં પદો ઝારીવિષયક નથી એમ જણાયું છે. (૨) નરસિંહના જીવન અંગે કેટલીક વિશેષ માહિતી મળી છે, (૩) એક પદનું સ્વીકૃત અર્થઘટન કેટલાંક કારણોસર અસ્વીકાર્ય લાગ્યું છે અને એ પદનો જૂદો જ અર્થ જણાયો છે, (૪) બીજા એક પદના સામાન્ય રીતે સ્વીકાર્ય મનાયેલા પાઠને સ્થાને એનો બીજો પાઠ સ્વીકારવા યોગ્ય લાગ્યો છે.

આ સર્વ ચર્ચા મેં આ લેખમાં કરવા વિચાર્યું છે. પ્રથમ આપણે ઝારીનો પ્રસંગ ક્યારે બન્યો તે વિચારીએ.

શ્રી. કે. કા શાસ્ત્રીસંપાદિત હારમાળામાં એક પદ આ પ્રમાણે છે :

"બાઈ, મુંને હરિ જોવાની ટેવ પડી,
... ... ... ... ...
આખા ઘાઢાનો રલી ખપી આવ્યો,
ભાભીઈં મૂક્યૂં ન પાણી,
મિ જાણ્યૂં, ધ્રુવ તણી પિરિ કરું,
ભાભી નહીં, ગોરાણી,
... ... ... ...
તે પાંઈં તાં હૂં હએસ ભલેરો,
છબીલુજી મૂકશિ પાણી."

ભાષાદષ્ટિએ જૂના જણાતા આ પદમાં નરસિંહે કૃષ્ણ પાણી આપશે એ આશાએ તપશ્ચર્યા કરી એમ કહ્યું છે. આમ, આ પદને આધારભૂત ગણીએ તો ઝારીનો પ્રસંગ કોઈ સભામાં નહીં પણ મંદિરમાં નરસિંહે કરેલા ઉપવાસ વખતે બન્યો છે એમ લાગે છે છતાં દંતકથા એ પ્રસંગને, 'હરિ આવ્યા છે નારીના વેશે' એ પદમાં પ્રયોજાયેલા 'સભા' શબ્દને આધારે જ કદાચ, એકાન્ત તપશ્ચરણ સાથે નહીં પણ કોઈ સભા સાથે જોડે છે. પછી એ સભા મંડલિકની હોય કે બીજી કોઈ કીર્તનસભા હોય

---

'**સ્વાધ્યાય**', પુ. ૨૪, અંક ૨, વસંતપંચમી અંક, ફેબ્રુઆરી '૮૭, પૃ. ૧૫૫-૧૬૪.

* c/o શ્રી કે. આર. દીક્ષિત, મેમ્બર, ઈન્કમટેક્ષ ટ્રીબ્યુનલ, પાર્શ્વનાથ ચેમ્બર્સ, ગાંધીબ્રીજ, આશ્રમ રોડ, અમદાવાદ.

(૧) (અ) મંડલિકની સભામાં હારપ્રસંગ ઉપરાંત આવો કોઈ પ્રસંગ પણ બન્યાનો હારમાળામાં ઉલ્લેખ મળતો નથી, (આ) ઝારીનાં મનાતાં પદોમાંનું કોઈ પણ પદ હારમાળામાં સંકલિત થયેલું મળતું નથી, (ઇ) હારમાળાનું જ એક પદ ઝારીનો પ્રસંગ નરસિંહે મંદિરમાં કરેલા તપ વખતે બન્યો હોવાનું સૂચવે છે, (ઈ) મંડલિકની સભામાં એકવાર કૃષ્ણ નરસિંહને પાણી આપવા આવે પણ હાર આપ્યા વગર ચાલ્યા જાય, વધારે ભજનો કરાવે અને પછી હાર આપે એવી કથા હાસ્યાસ્પદ છે.

આમ મંડલિકની સભામાં આ પ્રસંગ બનેલો માની શકાય એમ નથી.

(૨) બીજી કોઈ સભામાં તો નરસિંહને પાણી વગર રહેવું પડે જ શા માટે? (૩) હરિજનવાસની ભજનસભા પ્રસંગે આ બનાવ બન્યો હોવાની શકયતા લાગે ખરી, પણ ઝારીપદમાંની :

"રતનબાઈ ઘણું વ્યાકુળ ફરે છે,
તમે લ્યોને મ્હેતાજી પાણી રે."

એ પંક્તિ પરથી દેખાઈ આવે છે કે મ્હેતાને પાણી જોઈએ છે અને કોઈ આપનાર નથી એવી પરિસ્થિતિ નથી, પણ એને પાણી પીવા માટે સમજાવવા પડે છે એવી પરિસ્થિતિ છે. સ્પષ્ટ છે કે આ કોઈ કીર્તનસભાનો નહીં પણ અનશનનો પ્રસંગ છે.

હવે 'હરિ આવ્યા છે નારીના વેશે' એ પદની આંતરિક તપાસ કરીએ.

અત્યાર સુધી આપણે એ પદનો અર્થ આ રીતે સ્વીકારતા આવ્યા છીએ.

મંડલિકની કે કોઈ સભામાં તરસ્યા મ્હેતા કોઈ સ્ત્રીને પોતાને માટે પાણી લાવતી જુએ છે અને એ માની લે છે કે ઈશ્વર જ મોહિનીસ્વરૂપે આવ્યા છે. પેલી સ્ત્રી રતનનાં માતાપિતાને એ સભામાં કેવી રીતે આવી તેનું આશ્ચર્ય થાય છે, અર્થાત્ એનાં માતાપિતા સભામાં છે. રતન પાણી આપવા જાય છે પણ મ્હેતાજી તે લેતા નથી એટલે રતનનો ભાઈ મ્હેતાજીને પાણી લેવા સમજાવે છે અને રતન વ્યાકુળ થાય છે તેમ જણાવે છે. રતનને અત્યાર સુધી ઈશ્વર સમજતા મ્હેતા હવે રતનને ઓળખે છે અને હવે 'હરિ આવ્યા છે નારીના વેશે' કહેવાનું તો રહેતું નથી પણ તેઓ હવે એમ કહે છે કે રતનને સભામાં ઈશ્વર જાતે આવીને મૂકી ગયા અને પછી અંતર્ધાન થઈ ગયા. અર્થાત્ નરસિંહ પહેલાં એમ કહે છે કે રતન તે જ ઈશ્વર છે પણ પાછળથી એમ જણાવે છે કે ઈશ્વર રતન રૂપે નહીં પણ માત્ર રતનને મૂકવા આવ્યા છે એટલે કે રતન અને ઈશ્વર બે આવ્યાં છે. આમ રતનને માટે અશકય લાગતું કાર્ય રતને કર્યું માટે ઈશ્વરનો અને નરસિંહનો જયજયકાર થાય છે! રતનને માટે સભામાં આવવાનું મુશ્કેલ કેમ હતું તે તો જો કે સમજાતું જ નથી, કારણ કે રતનની મા તો સભામાં આવેલી જ છે. એક પ્રશ્ન એ પણ ઊઠે છે કે રતન વિધવા હોય તો ઝારીનાં પદો એને અલંકૃત અને 'માંહે મદનનો ચાળો' વાળી શા માટે વર્ણવે છે? જો એ વિધવા ન હોય તો જે સભામાં રતનનાં મા, બાપ, ભાઈ, બધાં કુટુંબી એકઠાં થયાં છે ત્યાં શામળ કેમ નથી?

હવે નરસિંહે મંદિરમાં કરેલા અનશનપ્રસંગે ઝારીનો બનાવ બન્યો છે એમ સ્વીકારીને આ પદને સમજવા પ્રયત્ન કરીએ :

"માતપિતા એનાં મનમાં વિમાસે,
કહો એ કયાં થકી આવી રે ?
અચરત સરખું સહુને ભાસે,
એ જળ ઝારી કયાંથી લાવી રે ?"

ચોથી પંક્તિમાં "ઝારી" શબ્દ ગેયતાની દૃષ્ટિએ વધારે લાગે છે, અર્થાત્ એ પંક્તિ :

"એ જળ કયાંથી લાવી રે ?" એ પ્રમાણે હોવી ઘટે છે.

જૂની ગુજરાતી ભાષામાં 'એ'ને સ્થાને 'ઈ' વપરાય છે એટલે અહીં 'આવી' અને 'લાવી' શબ્દો 'આવે' અને 'લાવે'ને સ્થાને હોઈ શકે છે.

નરસિંહ 'ધ્રુવની પિરિ' ઘર છોડી ગયા પછીની ઘરમાંની પરિસ્થિતિનો અહીં ઉલ્લેખ થયો છે. નરસિંહનાં વૃદ્ધ માતપિતા મનમાં ચિંતા કરે છે કે હવે નરસિંહ કયાંથી (જીવતો) પાછો આવે ? નરસિંહ ઈશ્વરને હાથે જ પાણી પીશ કહીને ગયો છે, પોતાની જીદ છોડશે નહીં અને 'અચરત સરખું સહુને લાગે' (કે પછી 'અમરત સરખું સહુને લાગે'?) એવું ઈશ્વરના હાથનું જળ એને કયાંથી સાંપડે ? ઈશ્વરે દેવોને મોહિનીરૂપે અમૃત પાયું હતું અને અત્યારે જો નરસિંહને પાણી પાઈને જીવાડે તો એ પાણી એનાં માતાપિતા વગેરે સહુને 'અમરત સરખું' લાગે જ :

"બાંધવ એનો તત્ક્ષણ ઊઠ્યો,
આવ્યો મંદિર, જાણી રે,
રતનબાઈ ઘણું વ્યાકુળ ફરે છે,
તમે લ્યોને મ્હેતાજી પાણી રે."

નરસિંહના ભાઈને જ્યારે નરસિંહના ગૃહત્યાગની ખબર પડી ત્યારે એ તરત જ ઊઠ્યો અને (નરસિંહને શોધતાં શોધતાં) મંદિરમાં આવી લાગ્યો. મંદિરમાં જઈ જુએ છે તો કોઈ રતનબાઈ નરસિંહને પાણી પીવા વિનવતી દેખાઈ.

'એનો બાંધવ' એટલે 'ઈશ્વર' એવો અર્થ પણ અહીં અનનુકૂલ નથી. નરસિંહના અન્નજલત્યાગની વાત જાણીને ઈશ્વર તરત જ ઊઠ્યા અને મંદિરમાં આવ્યા. તે રતનબાઈ મ્હેતાને જળ ગ્રહણ કરવા વિનંતી કરે છે, એવો અર્થ થઈ શકે.

એમ લાગે છે કે રતનબાઈ તે કોઈ જાણીતી વ્યક્તિ તો નહીં જ હોય કેમ કે એમ હોય તો નરસિંહ એને ઈશ્વર માનવાની ભૂલ ન કરે. આ જોતાં 'રતનબાઈ' શબ્દ અહીં કોઈના ખાસ નામ તરીકે નહીં પણ સ્ત્રીરત્નના અર્થમાં વપરાયો છે એમ લાગે છે. પુરાણે ઈશ્વરના સ્ત્રીરૂપને

તત્કાલીન ભાષા અને સમાજને અનુરૂપ 'મોહિની' નામ આપ્યું, નરસિંહે એને માટે સ્વકાલીન સમાજને અનુરૂપ 'રતનબાઈ' નામ યોજ્યું.

આ પછીની કડીમાં 'સભા' શબ્દ એવી રીતે વપરાયો છે કે ઝારીનો પ્રસંગ સભામાં બન્યો હોય એમ લાગે :

"પરમેશ્વરે પુત્રી કરી જાણી,
સભા મધ્યે આણી રે,
અંતર્ધાન થયો અલબેલો,
વાત સહુ કોએ જાણી રે."

પહેલી પંક્તિના બીજા શબ્દમાં નહિવત્ ફેર સ્વીકારતાં કડીનો અર્થ બદલાઈ જાય છે એટલું જ નહીં, નરસિંહ ઈશ્વર રતનસ્વરૂપે આવ્યા એમ માને છે કે રતનને મૂકી ગયા એમ માને છે એવો કોઈ પ્રશ્ન રહેતો નથી. પંક્તિ મૂળ આમ હોઈ શકે :

"પરમેશ્વરે **પૂતિ** કરી જાણી,
સભા મધ્યે આણી રે."

અર્થ સ્પષ્ટ છે. પરમેશ્વરે **પોતે** કરીને, જાણી જોઈને સભાને (લોકસમૂહને) વચ્ચે આણી અને લોકસમૂહ એકઠો થતાં ઈશ્વર અંતર્ધાન થઈ ગયા પણ ઈશ્વર આવ્યા હતા એમ સર્વ લોકોને ખબર પડી. 'મધ્યે' એટલે પોતાના અને ભક્તના મિલનની વચ્ચે, ભક્તથી છૂટા પડવું ઈશ્વરને ન જ ગમે પણ ભક્તના જયજયકાર માટે એ આવશ્યક હતું કે લોકો ત્યાં આવી પહોંચે, એટલે ઈશ્વરે જ જાણી જોઈને ત્યાં લોકસમૂહ એકઠો કર્યો.

નરસિંહના ભાઈની સાથે કેટલાક સંબંધી ગ્રામજનો પણ નરસિંહને શોધવા નીકળ્યા હશે, જતા આવતા કોઈ મુસાફરો પણ આ જીર્ણ મંદિરમાં ટોળાં ભેગાં થતાં જોઈ જોવા આવ્યા હશે. પેલી અજાણી બાઈ પોતાને ઊભી રહેવાની ખાસ આવશ્યકતા ન જોતાં અદૃશ્ય થઈ ગઈ પણ નરસિંહને મુખે, એના ભાઈને મુખે, શરૂઆતમાં આવેલા થોડા લોકોને મુખે :

"વાત સહુ કોએ જાણી રે." તેથી
"જયજયકાર થયો જગમાંહે."

એ જયજયકારને કારણે અને હરિ મળ્યાથી "હરખ વાધ્યો હૈયે રે."

હરિગુણ ગાવામાં જ શેષ જીવન વ્યતીત કરવાનો નરસિંહનો નિશ્ચય પણ આ પદમાં જ વ્યક્ત થયો છે. નર્મદે જેમ કલમને ચરણે માથું મૂક્યું તેમ નરસિંહ અહીં કહે છે, હવે તો :

"એના ચરણકમળમાં રહીએ રે."

નરસિંહને જીવનમાં અનેક વખત ઈશ્વરસાક્ષાત્કાર થયાની પાછળથી ઊભી થયેલી કથાનું મૂળ આ છે. 'રતનબાઈ'ને અંત સુધી સામાન્ય સ્ત્રી તરીકે નરસિંહ કે બીજું કોઈ પણ

અહીં ઓળખતું નથી એટલે 'હરિ આવ્યા છે નારીના વેશે' એ ધ્રુવપંક્તિ પણ અંત સુધી સાર્થ જ રહે છે. આમ આ રીતે અર્થ ઘટાવતાં કાવ્યની એક-વિષયતા વધારે જળવાય છે, પ્રથમ અને અંતિમ પંક્તિઓ વધારે સહેતુક લાગે છે અને હારમાળાના ઉપરના પદ-પ્રમાણને બાજુએ મૂકવું પડતું નથી.

'ઝારી'નું ગણાતું આવેલું બીજું એક પદ, 'ગોરી તારે ત્રાજૂડે રે મોહ્યા મોહ્યા મુનિવર રાયા' ઈશ્વરના સ્ત્રીસ્વરૂપવિષયક તો છે જ એ 'નરસૈંયાચો સ્વામી જોવા સરિખો' એ પંક્તિથી સ્પષ્ટ છે, પણ એ પદમાં ક્યાંય જલઝારીનો કે નરસિંહને પાણી પાવાનો ઉલ્લેખ નથી. આમ એને સ્વતંત્ર ભક્તિપદ જ માનવું પડશે. એ પદમાંનું :

'ચાલે લીલાએ લાડગહેલી.' એ વર્ણન અને : 'રતનબાઈ ઘણું વ્યાકુળ ફરે છે.' એ વર્ણન એક જ પ્રસંગનાં મનાય એમ નથી.

'માંહે મદનનો ચાળો' એ પંક્તિ પણ આ કલ્પનાચિત્ર છે અને ઝારીપ્રસંગનું વર્ણન નથી એ બતાવે છે. આ સ્ત્રી '**મોહિની**' છે, નરસિંહને પાણી પાનાર 'રતનબાઈ' નથી.

ત્રીજું પદ છે: 'આ જોને કોઈ ઊભી આળસ મોડે' આના બે તદ્દન ભિન્ન પાઠો મળે છે. એક છે 'નરસિંહ મહેતાકૃત કાવ્યસંગ્રહ' (સંપાદક: ઇચ્છારામ દેસાઈ) અને 'નરસિંહ મહેતાની કાવ્યકૃતિઓ' (સંપાદક: ડૉ. જેસલપુરા) બન્નેમાં સ્વીકૃત પાઠ. એમાં ઝારીનો ઉલ્લેખ છે. એ પાઠની શરૂઆતની પંક્તિઓ આ પ્રમાણે છે :

"આ જોને કોઈ ઊભી આળસ મોડે,
બાંહે બાજુબંધ બેરખા સોહે (પુંચી),
મનડું મોહ્યું છે એને ચૂડે (મોઢે);
ઝાંઝર ઝમકે ને વિછુવા ઠમકે,
હીંડે છે વાંકે અંબોડે."

આમાં પંક્તિ ૪ અને ૫ જળ લઈને આવતી સ્ત્રીના વર્ણન તરીકે ભલે સુંદર લાગતી હોય, એમાં કોઈ ઊભી આળસ મોડતી સ્ત્રીનું વર્ણન તો નથી જ; અહીં ઝાંઝર ઝમકાવી હીંડતી કોઈ સ્ત્રીનું વર્ણન લયપ્રાસસામ્યને લીધે ઊભેલી સ્ત્રીના વર્ણનમાં કોઈ બીજા પદમાંથી જ આવીને ભળી ગયું લાગે છે.

બીજો પાઠ આશરે સં. ૧૭૦૦ની ગણાયેલી હસ્તપ્રતને માન્ય પાઠ છે એ દૃષ્ટિએ તો વધારે સ્વીકાર્ય છે જ, ઉપરાંત અર્થદૃષ્ટિએ પણ યોગ્યતર છે :

"આ જોને કોઈ ઊભી આળસ મોડે,
ઉધરેટી આંગણિયે ઊભી,
ચિત્ત લાગ્યું છે ચૂડે."

આ ઉંઘરેટી, ઊભી આળસ મોડતી સ્ત્રીનું ચિત્ત પોતાના છૂટી ગયેલા કેશ બાંધવામાં લાગેલું છે. ઊંચા હાથ કરીને છૂટેલા કેશ બાંધવા જતાં મરડાયેલા આળસની ત્રિભંગીને લીધે હાથ કટિ અને ડોકના મરોડને લીધે જ :

"કઠણ–પયોધર–ચોલિયાચા બંધન ત્રાટકડે તૂટે,
બાંહ–બાજુબંધ, કંઠ–મેખલા,
('કટિ–મેખલા' હોવું ઘટે)
ઉરચા હાર વછૂટે."

આ પછીની પંક્તિ છે :

"(ભર) જોબન ભામિની (સુંદરી) અતિ મદમાતી,
કામિની ને કામ ગહેલી."

આ પંક્તિના પૂર્વાર્ધ સાથે પ્રથમ પાઠની એક પંક્તિનો પૂર્વાર્ધ સરખાવો :

"સોવણઝારી અતિ રે સમારી." એ "જોબન નારી અતિ (કે રતિ) રસરાતી (કે મદમાતી)".

જેવા મૂળ પાઠનું લહિયાદોષે થયેલું સ્વરૂપાંતર હોઈ શકે છે. એનો ઉત્તરાર્ધ છે : "માંહે નીર ગંગોદક હોડે."

એના પ્રથમ ચાર અને અંતિમ ત્રણ અક્ષરો 'કામિની ને કામ ગહિલી'નાં શક્ય પાઠાંતર 'મોહની રિ કામ ગહિલી'થી જરા યે દૂર નથી. હિલી–હેલે–હોડે એ પ્રમાણે ફેર શક્ય છે.

બીજા પાઠની અંતિમ પંક્તિ છે : "ભણે નરસૈયો, નહીં હવડાની, પ્રીતલડી બહુ પેહેલી". જ્યારે પ્રથમ પાઠની અંતિમ પંક્તિ છે :

"નરસૈયાને પાણી પીવાને મારો
વહાલોજી આવ્યા છે કોડે".

એકબીજાથી બહુ દૂરની લાગતી આ અંતિમ પંક્તિઓના શબ્દો પણ ખરું જોતાં એકબીજાની બહુ નજીક આવે છે. "ભાણુ નરસૈંયો નહિ" અને "પાણી નરસૈંયાને", "પ્રીતલડી" અને "પ્રીતમજી" કે એમાંથી "વહાલોજી" એ પરિવર્તન શક્ય છે. "હવડાની"નું રૂપાંતર "આપવાને (નિ)" થયું હોય એમ બને. "પહિલી'નું "પિરિ" થઈ શકે. આ રીતે :

"ભાણુ નરસૈંયો નહીં હવડાંની,
પ્રીતલડી બહુ પહેલી" નું રૂપાંતર થઈને :

"પાણી નરસૈંયાને આપવાને
પ્રીતમજીઈ બહુ પિરિ".

"સોવ્રણ ઝારી સમારી" એ કથા પ્રવેશી છે.

આમ આ પદ પણ નરસિંહના :

"સેજેથી ઊઠી રે શ્યામા
શીશ અંબોડો વાળે રે
... ... ... ... ...
આળસ મોડે ઉજાગરી અંગે"

જેવું જ 'રતિસુખનું પદ' ગણી શકાય. 'નહીં હવાડાની પ્રીતલડી, બહુ પહેલી' એ નરસિંહ અને કૃષ્ણની નહીં પણ ગોપી અને કૃષ્ણની પ્રીત વિશે કહેવાયું લાગે છે. અને ગુ. વિ. સ.ની હસ્તપ્રત નં. ૧૬૪માં એ પ્રકારનાં પદોની વચ્ચે આ પદનું સ્થાન યોગ્યતયા જ છે. 'સાચું કે સ્વપ્ન' રૂપે કલ્પનાચક્ષુએ જોયેલી આ ગોપિકાને વર્ણવતાં જ કવિ 'આ જોને કોઈ ઊભી' શબ્દોનો પ્રયોગ કરે છે.

ચોથું પદ છે "આ શો ચતુરાના ચિત્તનો ચાળો" એ પદનો વર્ણનવિષય 'ગોરી તારે ત્રાજૂડે'ની કે 'જોને કોઈ ઊભી આળસ મોડે'ની નારીની જેમ 'માંહે મદનનો ચાળો' સાથે 'ચંચળ દષ્ટે ચોદિશ' ન્યાળતી 'કામિની ને કામગહેલી' નારી નથી, આ પદની નાયિકા લજ્જાશીલ છે, એ માત્ર "નયણામાં નેહ જણાવે" છે એના અલંકારનું પણ અતિ સંયમશીલ વર્ણન કવિએ કર્યું છે :

"ઘડયું ઘરેણું એને રે હાથે".

નારીત્વનું આટલું સંયમશીલ વર્ણન નરસિંહ પદોમાં બીજે કદાચ જ મળે.

એ સ્ત્રી 'તારુણી' છે, નરસિંહની હંમેશની પરિચિત સ્ત્રીઓમાંની 'કોઈએ નથી જ, નહીં તો નરસિંહ એને 'નારી નહીં, ગિરિધારી' ન માની બેસે. તેમ છતાં એ 'નયણાંમાં નેહ જણાવે' છે. આ ખરી બનેલી હકિકત છે એમ :

'કહીએ છીએ, પણ કહ્યું ન માને,
એ નારી નહીં, ગિરિધારી રે.'

પરથી સ્પષ્ટ જ છે. એનાં વસ્ત્રો અતિ મૂલ્યવાન નહીં છતાં રસપૂર્વક ધારણ કરેલાં લાગે છે.

"હાથે ભરી છે ચોળી રે,
સાળુડે ભાત નારીકુંજરની,
કસુંબાના રંગમાં બોળી રે."

અલંકારોને માટે થયેલો 'ઘરેણું' શબ્દ માત્રનો પ્રયોગ એ ધ્વનિત કરે છે કે એના અલંકારોમાં ખાસ કોઈ વર્ણનીય વિશિષ્ટતા કે બહુલતા નથી, સૌભાગ્યવતી રોજ પહેરે

તેવા જ, ધ્યાન ખેંચાય નહીં એવા, અલંકારો એણે 'ધારણ કરેલા છે. 'ચિત્તનો ચાળો' શબ્દ પ્રયોગ સૂચવે છે કે 'ચતુરા' મનની ઊર્મિઓને સંતાડવા માગે છે છતાં ચિત્ત એ ઊર્મિઓને વ્યક્ત કરી જ દે છે. મનોભાવોના એ વ્યક્તીકરણને વર્ણવવા કવિ પાસે શબ્દો નથી, છતાં એ સુંદર, જોવા જેવું છે.

"આ શો ચતુરાના ચિત્તનો ચાળો રે !
એને કોઈ નિહાળો !"

નરસિંહે 'મોહિનીસ્વરૂપ' માની લીધેલી, પ્રથમ વાર જ જોયેલી, સામાન્ય સ્થિતિની, નયણાંમાં નેહ જણાવતી આ લજ્જાશીલ તારુણી બાળપણમાં લગ્ન થયા પછી યુવાન વયે પ્રથમવાર સાસરે આવેલી માણેક સિવાય બીજી કોણ હોઈ શકે? નરસિંહ જીવનની એક ઘટના આ પદમાં આલેખાઈ છે, એ માત્ર 'મોહિની'નું વર્ણન નથી. 'ઝારીપદો'માંથી બે આમ સાચાં નરસિંહરચિત આત્મચરિતનાં કાવ્યો છે, બે માત્ર કીર્તનો છે અને એક જ સાચા અર્થમાં 'ઝારીપદ' છે.

## સંદર્ભગ્રંથસૂચિ


૧ નરસિંહ મહેતાની કાવ્યકૃતિઓ: લે. જેસલપુરા શિવલાલ તુલસીદાસ, પ્રકાશક: શ્રી જેસલપુરા શિવલાલ, ૧૩, તેજપાલ સોસાયટી, પાલડી અમદાવાદ–૭, ઈ. સ. ૧૯૮૧, આવૃત્તિ ૧લી, પૃષ્ઠ ૧–૩, ૩૦૨.

૨ 'નરસિંહ મહેતા–જીવન અને કવન' એ લેખ 'નરસિંહ મહેતાની કાવ્યકૃતિઓ': લે. પરીખ ધીરુ, ઈ. સ. ૧૯૮૧, આવૃત્તિ ૧લી, પૃષ્ઠ ૨૭, ૪૩–૪૭.

૩ નરસિંહ મહેતાકૃત કાવ્યસંગ્રહ: લે. દેસાઈ ઈચ્છારામ સૂર્યરામ, પ્રકાશન: ગુજરાતી પ્રિ. પ્રેસ, મુંબઈ, ઈ. સ. ૧૯૧૩, આવૃતિ ૧લી, પૃષ્ઠ ૧–૫૫, ૪૯૮૪૯૯, ૫૩૮–૫૭૫.

૪ 'આદિ ગુર્જરકવિ ભક્ત નરસિંહ મહેતા' એ લેખ 'નરસિંહ મહેતાકૃત કાવ્યસંગ્રહ' લે. ઈ. સૂ. દેસાઈ, પ્રકાશક: ગુજરાતી પ્રિ. પ્રેસ મુંબઈ, ઈ. સ. ૧૯૧૩, આવૃતિ ૧લી પૃષ્ઠ ૪૪–૪૫.

૫ કવિચરિત ભાગ ૧, લે. શાસ્ત્રી કેશવરામ કાશીરામ, પ્રકાશક: શ્રી પરીખ રસિકલાલ છોટાલાલ, આસિ. સેક્રેટરી, ગુજરાત વર્નાક્યુલર સોસાયટી, અમદાવાદ, ઈ. સ. ૧૯૩૯, આવૃત્તિ ૧લી, પૃષ્ઠ ૨૦–૨૧, ૨૮–૨૯.

૬ ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ ગ્રંથ ૨, લે. જોશી ઉમાશંકર, રાવળ અનંતરાય, પ્રકાશન: શ્રી પટેલ પીતાંબર, મંત્રી, ગુજરાત સાહિત્ય પરિષદ, અમદાવાદ–૯, ઈ. સ. ૧૯૭૬, આવૃત્તિ ૧લી, પૃષ્ઠ ૧૦૫–૧૦૭.

૭ નરસિંહ મહેતા, આસ્વાદ અને સ્વાધ્યાય, લે. જોશી ઉમાશંકર, 'નરસિંહ મહેતા', એ લેખ એજન, ચૌધરી રઘુવીર, મહેતા જયા, 'આ જોને કોઈ ઊભીરે' એ લેખ એજન, પૃ. ૨૭–૩૩, પ્રકાશક : શ્રી વોરા ધર્યબાળા, આચાર્ય, શ્રીમતિ મણિબેન, એમ. પી. શાહ વિમેન્સ કૉલેજ ૩૩૮, આર. એ. કિડવાઈ રોડ, માટુંગા, મુંબઈ–૪૦૦ ૦૧૯, ઈ. સ. ૧૯૮૩, પૃષ્ઠ ૨૭–૩૩.

૮ 'નરસિંહ જીવન : એક 'પુનર્વિચાર', એ લેખ, એજન, લે. પલાણ નરોત્તમ, ઈ. સ. ૧૯૮૧, આવૃત્તિ ૧લી, પૃષ્ઠ ૨–૬.

૯ મધ્યકાલીન ગુજરાતી ભક્તિકવિતા :, લે. જગદીશ શાહ, પ્રકાશન : ડૉ. જગદીશ શાહ, સુરત, ઈ. સ. ૧૯૮૧, આવૃત્તિ ૧લી, પૃષ્ઠ ૫૯–૬૦.

૧૦ ગુજરાત વિદ્યાસભા, અમદાવાદની હસ્તપ્રત નં. ૧૬૪.

## OUR LATEST MONUMENTAL PUBLICATIONS

**RAJPUT PAINTING : 2 Vols.**—ANAND K. COOMARASWAMY,
—with a Foreword by KARL J. KHANDALAVALA
*pp.* 108 *text.* 7 *Multi-coloured plates,* 96 *plates, Delhi,* 1976 *Cloth Rs.* 500
A valuable guide to understand Rajput Painting of the 14th Century A.D.; the book portrays the popular religious motifs and offers information on Hindu Customs, Cstumes and Architecture.

**A HISTORY OF INDIAN PHILOSOPHY : 5 Vols.**—S. N. DASGUPTA
*pp.* 2,500: *Delhi,* 1975: *Rs.* 200
A comprehensive study of Philosophy in its historical perspective. The author traces the origin and development of Indian Philosophy to the very beginnings, from Buddhism and Jainism, through monistic dualistic and pluralistic systems that have found expression in the religions of India.

**THE HINDU TEMPLE : 2 Vols.**—STELLA KRAMRISCH
*pp.* 308, 170 ( *text* ) + 81 *plates, Delhi,* 1976, *Cloth Rs.* 250
The work explains the types of the spiritual significance of the Hindu Temple architecture, traces the origin and development of the same from the Vedic fire altar to the latest forms, discusses the superstructure, measurement, proportion and other matters related to temple architecture.

**TAXILA : 3 Vols.**—SIR JOHN MARSHALL
*pp.* 420, 516, 246 *plates, Delhi,* 1975, *Cloth Rs.* 400
The book records the political and cultural history of N. W. India ( 500 B.C.—A.D. 500 ), the development of Buddhism, the rise and fall of political powers—Aryans, Greeks, Sakas etc. and illustrates the archaeological remains by 246 photographs.

**JAIN AGAMAS : Volume 1 Acaranga and Sutrakrtanga ( Complete )**
Ed. by MUNI JAMBU VIJAYAJI, *pp.* 786: *Delhi,* 1978, *Cloth Rs.* 120
The volume contains the Prakrit Text of the two agamas, Exposition by Bhadrabahu in Prakrit, the Sanskrit Commentary by Śilāṅka, Introduction Appendices etc. by Muni Jambu Vijayaji Maharaja.

**ANCIENT INDIAN TRADITION AND MYTHOLOGY** ( in English translation ) ( Mahāpurāṇas )—General Editor: PROF. J. L. SHASTRI. *App. In Fifty Volumes Each Vol. Rs.* 50 *Postage Extras pp.* 400 *to* 500 *each Vol.*: *Clothbound with Gold Letters and Plastic Cover.* In this series 12 Vols. have been published: Clothbound with Gold letters. Vols. 1-4 Śiva Purāṇa; Vols. 5-6 Liṅga Purāṇa, Vols. 7-11 Bhāgavata Purāṇa, Vol. 12 Garuda Purāṇa ( Part I ).

**INDIA AND INDOLOGY:** Collected Papers of PROF. W. NORMAN BROWN—Ed. by PROF. ROSANE ROCHER: *pp.* 38 + 304, *Cloth Rs.* 190
The book contains important contributions of Prof. W. Norman Brown to Indology: Vedic Studies and Religion, fiction and folklore, art and philology, the book contains a biographical sketch of Prof. Norman Brown and a bibliography of his writings.

**ENCYCLOPAEDIA OF INDIAN PHILOSOPHIES:** Ed. KARL H. POTTER *Vol. I Bibliography. pp.* 811, *Rs.* 80, *Vol. II Nyāya Vaiseṣika, pp.* 752, *Rs.* 150
This is an attempt by an international team of scholars to present the contents of Indian Philosophical texts to a wider public. Vol. I contains the Bibliography of the works on Indian Philosophies. Vol. II gives a historical resume, nature of a philosophical system and summaries of works beginning from Kāṇāda.

**SERINDIA :** *Demy Quarto, Vols. I-III Text, Appendices, Indices, Illustrations* 545, ( *pp.* 1-1580 ): *Vol. IV Plates* 175, *Vol. V Maps* 94 ( Shortly )
This book is based on a report of explorations carried out by Sir Aurel Stein in Central Asia and Western most China and contains scholarly analysis of the finds by experts in their respective fields.

PLEASE WRITE FOR OUR DETAILED CATALOGUE

MOTILAL BANARSIDASS

*Indological Publishers and Booksellers*

**Bungalow Road, Jawahar Nagar, DELHI-110007 ( INDIA**

# અનુવાદક ભાલણ :—'દશમસ્કંધ'ના સંદર્ભમાં

કુમુદ પરીખ*

મધ્યયુગમાં રામાયણ, મહાભારતના પ્રસંગોની જેમ શ્રીમદ્ ભાગવતમાંથી કૃષ્ણ-જીવનના પ્રસંગો લઈ 'સુભદ્રાહરણ', 'સુદામાચરિત્ર' અને 'ઓખાહરણ' જેવાં અનેક આખ્યાનો રચાયાં છે, તો સમગ્ર ભાગવતના તેમ જ દશમસ્કંધ, એકાદશસ્કંધ ઈ.ના પણ ઘણા અનુવાદો થયા છે.

ભીમે આ જ ગાળામાં 'હરિલીલાષોડશકલા'માં સમગ્ર ભાગવત સમાવી લીધું છે, તો કેશવ હૃદયરામે 'કૃષ્ણક્રીડાકાવ્ય'માં 'દશમસ્કંધ'ની કથા વિસ્તારી છે. આ બંનેના વચગાળામાં ભાલણે 'દશમસ્કંધ'ની કથા આખ્યાનમાં નિરૂપી છે.

ભાલણે 'દશમસ્કંધ'નો અનુવાદ કર્યો છે, પરંતુ તેમાં એણે અન્ય પુરાણોનો સહારો લીધો છે, જે તેણે પદ ૩૪૧ને અંતે જણાવ્યું છે:

કહી કથા ભાગવતની, કાંઈ અન્ય પુરાણ,
ભણે ભાલણ ભક્તિભાવે, સ્તવ્યા સારંગપાણ.

સામાન્ય રીતે મૌલિક તથા અનૂદિત રચનાઓમાં કૃષ્ણલીલાઓનું વર્ણન ભાગવતના દશમસ્કંધ પર આધારિત પ્રાપ્ત થાય છે. છતાં અન્ય પુરાણોમાં આલેખાયેલી લીલાઓમાંથી અનેકના વર્ણનમાં કવિઓએ પર્યાપ્ત સ્વતંત્રતા અને મૌલિકતા દર્શાવી છે. ઘણા કવિઓએ વ્રજલીલાની અંતર્ગત કેટલાયે નિતાન્ત નવીન પ્રસંગોની ઉદ્ભાવના કરી છે. એવા કવિઓમાં વ્રજભાષામાં સૂરદાસ અને ગુજરાતીમાં પ્રેમાનંદ સર્વોપરિ છે.

ભાલણે પણ 'ભાગવત'માંનો અમુક ભાગ વિસ્તારીને 'દશમસ્કંધ'ની રચના કરી છે. એણે મૂળના કેટલાક ભાગ ટૂંકાવ્યા છે, તો કેટલાક ઉમેર્યા છે; કેટલાક બદલ્યા છે, તો કેટલાક લંબાવ્યા છે. શ્રોતાવર્ગની સામાન્ય સમજણ અને સામાન્ય બુદ્ધિને અનુલક્ષીને લખવાનો પ્રયત્ન એણે કરેલો જણાય છે. ખાસ કરીને નંદજશોદાના વાત્સલ્યભાવના નિરૂપણમાં અને ગોપીઓના શૃંગારમાં પરિણમતા રતિભાવને લીધે આ રચના નોંધપાત્ર બની છે. અહીં ભાલણની કલ્પના-શક્તિ અને કવિત્વશક્તિનો ઉન્મેષ જોવા મળે છે.

ભાલણે 'દશમસ્કંધ'ના અનુવાદમાં પદ અને કડવાં—બંનેનો સુંદર રીતે ઉપયોગ કરેલો છે. 'દશમસ્કંધ'માં વચ્ચે વચ્ચે આવતાં પદોને અલગ તારવી લેવામાં આવે તો સીધેસીધું

---

'સ્વાધ્યાય', પુ. ૨૪, અંક ૨, વસંતપંચમી અંક, ફેબ્રુઆરી '૮૭, પૃ. ૧૬૫-૧૭૪.

* ૨૧, ભગવદ્નગર, ગોધરા.

કથાનક સાદા કડવાબંધમાં પકડાઈ જાય છે. કથાનકવાળાં કડવાંઓમાં પણ એ સાદો અનુવાદક–પ્રમાણુમાં સંક્ષિપ્તતાપૂર્વકનો જ–જોવા મળે છે. 'દશમસ્કંધ'માં એનાં સ્વતંત્ર પદોનાં ઉમેરણ ઉપરાંત 'રુક્મિણીવિવાહ' અને 'સત્યભામાવિવાહ' એવાં બે સ્વતંત્ર આખ્યાન સળંગ કથાક્રમમાં આમેજ કરી લીધાં છે, એ બંનેના આદિઅંત જોતાં સ્પષ્ટ થાય છે. આ બે નાનાં આખ્યાનોમાં એ સ્વતંત્ર આખ્યાનકાર તરીકે જુદો તરી આવે છે. આ કૃતિનું સૌથી વિશેષ મહત્ત્વ તો ભાલણે વ્રજભાષામાં રચેલાં પદોને લીધે છે.

આમ તો ભાલણે કૃષ્ણજન્મની કથા ભાગવતાનુસારી આપી છે છતાં કેટલાક પ્રસંગો ટૂંકાવ્યા છે, કેટલાક વિસ્તાર્યા છે.

'પૃથ્વીની પ્રાર્થનાથી દ્રવિત થઈ 'હરિ' એ ભૂભાર ઉતારવાના નિમિત્તે અવતારધારણ કરવાનું વચન દીધું'–ભાગવતનું આ મૂળ વર્ણન ભાલણે એકદમ ટૂંકાવી બે પંક્તિમાં તેનો ઉલ્લેખ કર્યો છે :

વસુધા માથે ભાર, અતિશે થયો નિર્ધાર,
રહ્યું એ ન જાયે આપ, તન માંહે પામી તાપ. પદ–૨

પરંતુ કૃષ્ણજન્મના અવસરે ભાલણે ઇન્દ્ર–ઇન્દ્રાણીના સંવાદનું વર્ણન પદ ૨૦માં કર્યું છે, જેમાં ઇન્દ્રાણી આહીર બની ગોકુલવાસી થવાની ઇચ્છા પ્રગટ કરે છે :

છાંડી દેવશરીર આપણે, આહિરડાં થઈએ. ૧
× × ×
મારે મન મનોરથ થાય, પીયુને શું રે કહું,
જાણું નંદને ઘેર દાસી થઈને રહું. ૫
હરિને હિંડોળું (પ્રીતે), હાલરિયું ગાઉં,
પોઢે પરમાનંદ, વારણે હું જાઉં. ૧૪

પરંતુ ઇન્દ્ર એને વારે છે :

શુક્ર કહે સુણ નાર, જોશું ગગન રહી,
નથી આજ્ઞા એહ, પ્રથમ પ્રભુ કહી.

આમ તેઓ ગગનમાં સ્થિર રહેવાનો નિર્ણય કરે છે. ભાગવતમાં આવો કોઈ પ્રસંગ નથી.

વ્રજભાષાના અષ્ટછાપ કવિઓએ જન્મોત્સવના સમયે ઢાઢીનાં પદ રચ્યાં છે. ગુજરાતીમાં કેવળ ભાલણના દશમસ્કંધમાં, જ્યાં સૂરદાસનું 'બ્રજ ભયો મહરિકે પૂત' વાળું પદ પ્રક્ષિપ્ત મળે છે (પદ–૨૧), તેની પછી ઢાઢીના પ્રસંગનું પદ મળે છે :

નંદજૂ મેરે મન આનંદ ભયો, સુનિ ગોવર્દ્ધન ત આયો,
... ... ... ... ... ... ... ... ...
હોં તો તુમારે ઘરકો ઢાઢી, સુરદાસ મેરો નાંઉં. પદ–૨૩

આ પ્રક્ષેપ પ્રકાશિત પ્રતોમાં જ નહિ, પરંતુ હસ્તલિખિત પ્રાચીન પ્રતમાં પણ ઉપલબ્ધ છે.

કૃષ્ણને ગોકુલ લઈ જતા વસુદેવને જ્યાં યમુના માર્ગ આપે છે ત્યાં ભાગવતમાં યમુના માટે '**मार्गं ददौ**' એટલું જ લખેલું છે. પરંતુ કવિ ભાસના બાલચરિતમાં '**द्विधा छिन्नजलम्**'નો ઉલ્લેખ મળે છે. ભાલણે ભાસને અનુસરી, યમુના બે ભાગમાં વહેંચાઈ ગઈને વસુદેવને માર્ગ મળ્યો, એવું વર્ણન કર્યું છે:

બે પાસા પાણી થયું ને વેગે વહી નિસરિયોજી,
પ્રાણજીવન સુધીર કરીને, હૈડામાંહે ધરિયો. પદ–૧૭

ગોકુળમાં કૃષ્ણજન્મ સમયનો ઉત્સવ, વધાઈ આદિનું વર્ણન ભાલણે ભાગવત પ્રમાણે જ કર્યું છે, પણ ટૂંકમાં ચાર પદમાં જ. જેમાં બે પદ, પદ ૨૧, ૨૩ સૂરદાસનાં વ્રજભાષામાં છે. પદ ૨૪મું મીરાંનું પણ વ્રજભાષામાં છે, જ્યારે પદ ૨૨મું ભાલણનું છે, જેમાં એ આનંદ વર્ણવ્યો છે:

ગીત સંગીત તહાં થાયે, વીણા વેણું મૃદંગ હો,
આકાશથી ઓચ્છવ થાયે, સુરમન પામ્યા રંગ હો. ૭
અષ્ટ સિદ્ધિ નવ નિધિ આવે, નંદ કેરે દ્વાર હો,
ભાલણ પ્રભુ રઘુનાથજી, અવતરિયા અવતાર હો. ૮

શ્રીમદ્ ભાગવતમાં પૂતના માટે 'કંસેન પ્રહિતા ઘોરા પૂતના લાભઘાતિની' કહેવાયું છે. એમાં એના વધ ને દાહસંસ્કારનું પણ વર્ણન છે. એમાં એને કંસની ભગિની તરીકે નથી ઓળખાવાઈ. 'બ્રહ્મવૈવર્ત' પુરાણમાં પૂતનાને કંસની ભગિની તરીકે દર્શાવાઈ છે. એને અનુસરી ભાલણે પણ એને કંસની બહેન લેખી છે:

કહાનને માસી પ્રહોણી રે આવી, મથુરાથી મામે ચલાવી. પદ–૩૧

ગુજરાતી અન્ય કવિઓએ એને 'બકી'ના રૂપમાં ગ્રહણ કરી છે. ભાલણે ન તો 'પૂતના' નામ આપ્યું, 'ન બકી'. એણે તો સીધું જ કહી દીધું:

કપટે આવી કામિની, સારી સર્વ શણગારજી,
બાળકને ભોલાવવા, ઈચ્છારૂપ અપાર, હરિને નવ જાણે. ૧
× × ×
મંદહાસ્ય મુખ મરકલડે, ચંચળ નયને નિહાળેજી,
પાગે પિંજણ રણઝણે, ચોહે દિશે મીટે ભાળે. ૬

ભાગવતમાં તૃણાવર્તનું દૈત્ય હોવું અને કંસનો પ્રેર્યો તે આવ્યો એનો સ્પષ્ટ ઉલ્લેખ છે. જશોદાના ઉત્સંગમાં કૃષ્ણનું વજન પર્વતના શિખર જેટલું થઈ જાય છે. ભાગવતની આ કથાને

અનુસરી ભાલણે કૃષ્ણની ભારવૃદ્ધિનું વર્ણન કર્યું છે. પણ તેણે ભાર લાગવાનું કારણ એ બતાવ્યું કે કૃષ્ણએ એટલા માટે ભાર વધાર્યો કે કદાચ જો તે માતાને ઉપાડશે તો :

દુઃખ જનની પામશે, એ દુષ્ટ એને તાડશે.

આથી જશોદાને તૃણાવર્તના આઘાતથી દૂર રાખવા તે ઇચ્છતા હતા :

અચિંત્ય લીધા ઉપાડી, આકાશ માર્ગે સાંચરે,
... ... ... ... ... ... ... ...
આવ્યો અતિ વંટાળિયો, કુંવર મારો કયાં ગયો. પદ–૩૬

ભાલણની ગોપીઓ કૃષ્ણને એકલો વીલો મૂકવાને કારણે જશોદાને ગાળ દે છે :

ગાળ દે છે જશોદાને, કામ ઘરનાં બાળિયે,
કાર્ય છાંડી પ્રીત માંડી, પુત્રને ત્યાં પાળિયે.

આજના માબાપ વર્તમાનપત્રમાં પુત્રની શોધ માટે ઇનામ જાહેર કરે છે તેમ નંદાદિ ગોપ ખોવાયેલા કૃષ્ણની શોધ માટે ઇનામની લાલચ આપતાં કહે છે :

દષ્ટે દેખાડે કહાનને તો રિદ્ધિ આપું અતિઘણી.

મૂળથી જુદા પડી ભાલણે શકટભંજન અને તૃણાવર્તવધ વચ્ચે બાલછબિવર્ણનનાં સુંદર પદ આપ્યાં છે :

પાવલો પા રે હરિગોપાળ, જશોમતી હુલરાવે બાલ. ૧ પદ–૩૩
× × ×
રિખતો પાધરો ગૌધન વચ્ચે જાય, સર્પસૂતા તણી પૂછડી સાહે. ૨
કાદવે ખરડ્યો કૃષ્ણજી રોવે, માતા આવીને કર ધોયે. ૪
એક કહે હરિને હાઉ આવે, ધ્રૂજતો જઈ માતાને ધાવે. ૮ પદ–૩૪

ભાગવતમાં અ. ૭માં બગાસું ખાતી વખતે માતાને કરાવેલું વિશ્વદર્શન અને અ. ૮માં મૃત્તિકાભક્ષણને સમયે ફરીથી માતાને કરાવેલું વિશ્વદર્શન—આ વિષય અનેક કવિઓના કાવ્યનો વિષય બન્યો છે. પરંતુ ભાલણે આ વિષય છોડી દીધો છે. એનું વર્ણન નથી કર્યું. માત્ર પદ ૪૪માં વ્રજભાષામાં રસાતલનાથનું એક પદ મળે છે જેમાં :

જશોદા મૈં મિટ્ટી નહી ખાઈ, જૂઠે બોલ લગાવત હળધર,
નંદરાયકી દુવાઈ, જશોદા મેં મિટ્ટી નહી ખાઈ.

ભાલણે યમલાર્જુનમોક્ષનું વર્ણન ભાગવતાનુસાર કર્યું છે. ઊખલબંધન જ કૃષ્ણના 'દામોદર' નામનું મૂળ મનાય છે. ભાલણે પણ એનો નિર્દેશ પદ ૫૧માં કર્યો છે :

એને બાંધ્યો હું શું છોડું, નામે જુગ છોડાયે રે,
ભાલણપ્રભુ સીતાપતિ સ્વામી, દામોદર કરી ગાયે રે.

કૃષ્ણના નામકરણસંસ્કારનો ઉલ્લેખ ભાગવત ઉપરાંત 'બ્રહ્મપુરાણ' 'વિષ્ણુપુરાણ' તથા 'બ્રહ્મવૈવર્ત'માં પણ મળે છે. ભાલણે ભાગવતનો જ આધાર લઈ અનુવાદ કર્યો છે. પદ ૪૨–માં કંસ જાણી જાય માટે ગર્ગાચાર્યે કૃષ્ણનો નામકરણસંસ્કાર પ્રચ્છન્ન રીતે કર્યો.

## બાળલીલા :

પુરાણોમાં કૃષ્ણની બાળલીલાઓને સૌથી વધુ મહત્ત્વ ભાગવતમાં પ્રાપ્ત થાય છે. પૂતના, તૃણાવર્ત આદિથી સંબંધિત અલૌકિક લીલાઓ સિવાય અનેક લૌકિક લીલાઓનું વર્ણન પણ એમાં છે. ભાગવતની લૌકિક લીલાઓને આધારે અનેક કવિઓએ સ્વતંત્રરૂપે કૃષ્ણના બાલ-ચરિતનો વિસ્તાર સાધ્યો છે. ભાલણે પણ આવી બાળલીલાઓ ગાઈ છે.

ભાગવતમાં જશોદા કે નંદ–કોઈ પણ દ્વારા કૃષ્ણને ચાલતાં શીખવાડવાનો કોઈ સંકેત મળતો નથી. ભાલણે ફક્ત કૃષ્ણનું ભાંખોડિયા ભરવાનું વર્ણન પદ ૩૪માં આપ્યું છે:

હરિ રિખતો માતા જસોદા દેખે, કૌતુક કરે ગૈલોક જ પેખે,
અભિનવી આત્મારામની રિખણી.

આ સિવાય કીચડમાં હાથ નાખવો, સૂતેલા સાપનું પૂછડું પકડવું વગેરેનું વર્ણન પણ તેણે કર્યું છે:

રિખતો પાધરો ગોધન વચ્ચે જાય, સર્પસૂતા તણી પૂછડી સાહે,
કાદવે ખરડ્યો કૃષ્ણજી રોયે, માતા આવીને કર ધોયે,
પુનરપિ પંકમાંહે કર મૂકે, બાલ બીહાવતાં બહુ ઝબુકે,
ધાવતાં ધીર થઈ હાર જ તોડે, આંજતાં આંખનાં કાજળ ચોલે,
એક કહે હરિને હાઉ આવે, ધ્રૂજતો જઈ માતાને ધાવે.–૩૪

ભાગવતના 'પ્રગૃહીતપૂચ્છૈ:'ના ઉલ્લેખનું એ ૪૩મા પદમાં વર્ણન છે:

પૂચ્છ ગ્રહીને વચ્છનું રે ઊભા થાયે આપ,
તાણતાં રે અતિ ધ્રૂજતા રે, મૂકી બેસે તતકાલ.

તોતડી બોલીનો ઉલ્લેખ ભાગવતમાં નથી, પણ ભાલણે એનો ઉલ્લેખ કર્યો છે:

બોબડું બોલીને પ્રીત ઉપજાવે, એવું બોલવું શુકસનકાદિને ભાવે,
તોતલું બોલવું શિખવે માત, વારણે જાઉં મારા જાત,
અટપટી બોલી તે બોલે અધૂરી, યત્ન કરી કરે જશોદા પૂરી.–૩૫

ભાગવતમાં મોંમાં અંગૂઠો મૂકવાનું વર્ણન માર્કંડેયઋષિના પ્રસંગમાં ૧૨મા સ્કંધમાં મળે છે. ભાલણનું વર્ણન જોઈએ:

પ્રાગવડને પાંદડે પોઢયો તમારો તન રે,
ચરણ અંગુષ્ઠ કર ધરી, મુખમાંહે તે રાખ્યો રે. પદ–૩૯

જશોદા દ્વારા ચોટલી વધારવાના પ્રલોભનથી દૂધ પીવડાવવાની વાત ભાગવતકારે લખી નથી પણ ભાલણે ચોટલી વધારવાનું, દૂધ પીવાનું વર્ણન એક જ પદમાં કર્યું છે :

ક્ષણું એક બેસો મનમોહનજી, ઓળું તારી ચોટી રે,
ફેવડે ય ઘાલીને ગુંથું, જ્યમ તે થાયે મોટી રે. પદ–૬૯

ભાગવતમાં કૃષ્ણના જમવાનો કોઈ ઉલ્લેખ નથી. ભાલણે જશોદા દ્વારા કૃષ્ણને જમાડવાનું વર્ણન કર્યું છે. ૫૬, ૬૮, ૬૯, ૭૦, ૭૫માં.

તારાં ભામણડાં લઉં મનમોહન, વા'લા વાળુ કીજે રે,
માખણ રોટી દૂધ કૂર છે, જે ભાવે તે લીજે રે. ૧ પદ–૭૫

કૃષ્ણને બીવડાવવા માટે હાઉનું વર્ણન ભાલણે ભાગવતને અનુસરી પદ ૩૪માં આપ્યું છે :

એક કહે હરિને હાઉ આવે, ધ્રૂજતો જઈ માતાને ધાવે.

## માખણચોરી :

કૃષ્ણની લૌકિક બાળલીલાઓમાં કદાચ સાથી મુખ્યસ્થાન માખણચોરીનું છે. આ કથા ન તો 'વિષ્ણુપુરાણ'માં છે, ન તો 'મહાભારત'માં છે. 'હરિવંશ'માં પ્રસંગવશ આવી છે. 'ભાગવત'માં એની અવશ્ય મોટી ધૂમધામ છે. આ ઉપરાંત 'બ્રહ્મવૈવર્ત' પુરાણમાં અને ભાસના 'બાલચરિત'માં પણ છે.

ભાલણના વર્ણનનો આધાર ભાગવત છે. કૃષ્ણ ઊખલ પર ઊંચા ચડીને દોણીને કાણું કરે છે તેનું ગત્યાત્મક ચિત્ર જોઈએ :

ચોરપણું એનું વખાણું, દોણીએ કીધું છે કાણું,
શીકું હાલે તમ મુખડું ડોલે, ઉપમા શોભે ત્રિભુવન તોલે. પદ-૬૦

ગોપીઓ માખણખરડ્યા હાથવાળા કૃષ્ણને લાવી જશોદાને ફરિયાદ કરે છે કે તે ઊખલ પર ચડી માખણ ચોરે છે એટલું જ નહિ :

દોણીમાંથી દેવ, ખેવ લઈ આપે બાલને રે,
માખણે ખરડ્યા હાથ, સાથ સરખાશું ગ્રહ્યો રે.
નાઠા એ વતરેક, એક કહાન મેં ઝાલિયો રે,
મુખ ઉપર કોગળો એક, દૂધનો નાખી ચાલિયો રે. પદ–૬૬

એનું નટખટપણું તો જુઓ કે પકડનારના મુખ ઉપર જ દૂધનો કોગળો કરી તે નાસી જાય છે !

ગોપીઓના ચોરીના આળથી માતા ઝંખવાણી પડી જાય છે. ઘેરે નવલાખ ધેનુ દૂઝે છે પણ જેને પારકાના ઘરનું જ મીઠું લાગે છે તેને શું કરવું? તેથી તો માતાએ યુક્તિ કરી. તે ગોપીઓને કહે છે :

દૂધ દહિને માખણ ઉત્તમ તારે ઘેર હું મેલું,
સુંદરવર જ્યમ ચોરી ખાયે, તિમ તું રાખે વડેલું. ૨ પદ–૬૫
આમ કરતાં કરતાં 'કહાનજી મોટો થાશે રે.'

બાલકૃષ્ણના વિવાહની વાત ભાગવતમાં નથી, પણ ભાલણની જશોદા કૃષ્ણને સમજાવતાં કહે છે કે તું જો મારું કહ્યું કરીશ તો તને પરણાવીશ :

રાધા સરખી રૂપે રૂડી, વહુઅર વહેલી લાવું રે. ૮ પદ–૬૯

બકાસુરવધના પ્રસંગમાં ભાગવતમાં તેનો સંબંધ પૂતના સાથે નથી કે નથી એવો સંબંધ બ્રહ્મવૈવર્તમાં. પરંતુ ભાલણે બકાસુરને પૂતનાના ભાઈ તરીકે વર્ણવ્યો છે. બીજી બાજુ કૃષ્ણ અગ્નિવત્ હોવાને કારણે બકના મુખમાંથી નીકળવાનું વર્ણન બંને પુરાણમાં છે. એ રીતે ભાલણે પણ વર્ણન કર્યું છે :

પેર તો શ્રીકૃષ્ણે કરી જો, અગ્નિ થયા પછે નાથ જો,
બળવા લાગ્યો તેનો દેહ જો, ચંચ વિડારી હાથ જો. ૧૦ પદ–૮૦

ભાગવતમાં બકીબકની સાથે અઘાસુરનો ભ્રાતૃસંબંધ તથા તે કંસપ્રેરિત હોવાની વાતનો સ્વીકાર કરવામાં આવ્યો છે. સંભવ છે કે આ ઉલ્લેખને કારણે કવિઓએ બકાસુરને પૂતનાનો ભાઈ લેખ્યો હોય. ભાલણે અઘાસુરને કંસથી સંબદ્ધ ન કરી, કેવળ પૂતનાસંબંધિત માન્યો છે :

તેવે અઘાસુર પૂતનાનો ભાઈ રે, અજગર થઇ આવ્યો ધાઈ રે. ૭ પદ–૮૩

ધેનુકાસુરવધના પ્રસંગમાં પુરાણોમાં મહત્ત્વપૂર્ણ મતભેદ જોવા મળે છે. તેથી એના વર્ણનમાં ભાષાકવિઓમાં પણ મતભેદ જોવા મળે છે :

હરિવંશ અને ભાગવત અનુસાર તાલવનવાસી ગર્દભોનો સ્વામી ધેનુકાસુર બલરામ પર પ્રહાર કરે છે અને તે જ તેનો સંહાર કરે છે. પરંતુ બ્રહ્મવૈવર્તમાં આ કથા કાલીયદમન અને ગોવર્ધનધારણ આદિની કથા પછી આપવામાં આવી છે. બીજું એમાં ધેનુકને દુર્વાસાશાપિત બલિપુત્ર સાહસિક બતાવી, એના વધનું શ્રેય કૃષ્ણને આપવામાં આવ્યું છે.

અહીં ભાલણે બ્રહ્મવૈવર્તનું અનુસરણ કરી કૃષ્ણ દ્વારા ધેનુકનો વધ કરાવ્યો છે. ભાગવતના ૧૫મા અધ્યાયની આ કથાને ભાલણે ૧૯મા અધ્યાયમાં પ્રલંબવધ અને દાવાગ્નિપાનની કથા પછી આપી છે. ભાગવતાનુસાર આ પ્રસંગનું ઘટનાસ્થળ વૃંદાવન છે પણ ભાલણે બ્રહ્મવૈવર્ત અનુસાર ગોકુલનો ઉલ્લેખ કર્યો છે.

ભાલણે કાલીયદમનનો પ્રસંગ ભાગવતાનુસાર ટૂંકમાં વર્ણવ્યો છે. તે સમયે જશોદાના હૃદયની વાત્સલ્યભરી ઊર્મિ વ્યક્ત કરવા પદ રચ્યાં છે. પદ ૮૪થી ૮૭માં નાગલીલા વર્ણવ્યા પછી ૯૦મા પદમાં કદંબવિષયક પરીક્ષિતની જિજ્ઞાસાનું શુકદેવદ્વારા સમાધાન કરવામાં આવ્યું છે :

કદંબ વૃક્ષ જે સૂકયો નહિ, તે કહો મુજને ખરું.

કાલીનાગની વિષજવાલાથી બધાં વૃક્ષ બળી ગયાં પણ કદંબ કેમ લીલું રહ્યું, તેનો પ્રસંગ અહીં વર્ણવવામાં આવ્યો છે. ભાગવતના ૧૬મા અધ્યાયમાં આવો કોઈ ઉલ્લેખ કે પરીક્ષિતનો પ્રશ્ન નથી.

ગોવર્ધનધારણનો પ્રસંગ ભાગવત અધ્યાય ૨૪, ૨૫, ૨૬ ને ૨૭માં વર્ણવાયેલો છે. બ્રહ્મપુરાણ, વિષ્ણુપુરાણ, બ્રહ્મવૈવર્ત આદિ પુરાણોમાં પણ આ પ્રસંગ પ્રાપ્ત થાય છે.

ભાલણે પદ ૧૧૫થી ૧૧૯માં આ લીલા પ્રાયઃ ભાગવતને અનુસરી વર્ણવી છે. પરંતુ તેમાં માત્ર તેણે એક ફેરફાર કર્યો છે ભાગવતમાં કૃષ્ણ હાથ ઉપર ગિરિ ઉઠાવે છે, જ્યારે બ્રહ્મવૈવર્ત-પુરાણમાં તેમણે કનિષ્ઠ આંગળી પર પર્વત ધારણ કરવાની વાત છે. ભાલણે અહીં બ્રહ્મવૈવર્તનું અનુકરણ કર્યું છે. ઉપરાંત એક પગે સાત દિવસ ઊભા રહેવાનો પણ ઉલ્લેખ કર્યો છે :

સાત દિવસ ભગવાન, એક પગે રહ્યા,
ટચી અંગુલીએ નાથ, ગોવર્ધન ગ્રહ્યા. ૨૦ પદ-૧૧૭

કાત્યાયનીવ્રત અને ચીરહરણના પ્રસંગનું વર્ણન ભાગવત દશમના અ. ૨૨માં અને બ્રહ્મવૈવર્તના કૃષ્ણજન્મખંડ–અ. ૨૭માં મળે છે. ભાલણ પ્રાયઃ ભાગવતને અનુસર્યો છે પરંતુ એકાદ વર્ણનમાં તે બ્રહ્મવૈવર્તને અનુસર્યો છે. ભાગવતમાં ચીરહરણ કરી કૃષ્ણ વસ્ત્રોને 'નીપ' પર રાખે છે. તથા બ્રહ્મવૈવર્તમાં 'કદંબ' પર રાખે છે. અહીં ભાલણે 'બ્રહ્મવૈવર્ત'ને અનુસરી કદંબનો ઉલ્લેખ કર્યો છે પદ ૧૧૦માં. તો પદ ૧૧૧માં આ જ પ્રસંગનું 'સૂરદાસ'નું પદ આપ્યું છે, જે વ્રજભાષામાં છે, જેમાં પણ 'કદંબ' નો ઉલ્લેખ છે :

હમારો અંબર દેહુ મુરારિ,
લે સબ ચીર કદમ ચઢિ બેઠે,
હમ જળયેં ઉઘારી. ૧

બાકીનું વર્ણન ભાગવત અનુરૂપ છે.

રાધાપ્રધાન કૃષ્ણલીલાઓ–મૂળ ભાગવતમાં તો 'રાધા'નો ઉલ્લેખ નથી પણ ઉપરના પદ ૬૯માં ભાલણ જશોદા પાસે રાધા જેવી રૂડી રૂપાળી વહુ લાવવાની વાત કરે છે. આ ઉપરાંત ભાગવતમાં 'દાણલીલા'નો પ્રસંગ પ્રાપ્ત થતો નથી, પરંતુ ભાલણે પોતાના દશમમાં 'દાણલીલા' ગાઈ છે. શૃંગારરસથી ભરપૂર આ પદોમાં કવિએ રાધાને નિરૂપી છે. અહીં દાણને વિષે ભાલણે રાધાકૃષ્ણની પરસ્પરની પ્રેમલીલા ગાઈ છે. પદ ૧૨૧થી ૧૫૫માં દાણ-

લીલાનો પ્રસંગ સ્વતંત્ર રીતે નિરૂપ્યો છે. અહીં 'રાધા' પરકીયા' છે. તેને સાસુ-સસરા અને નણદી છે. તે 'સહિયર સાથ' મથુરા મહીં વેચવા જાય છે ત્યારે કૃષ્ણ માર્ગમાં રહી દાણ માગે છે, તે સમયે રાધા કહે છે:

જાણ્યો નંદનો ગોવાળિયો રે, તું શાનું માગે દાણ.
× × ×
દાણી થઈને વનમાં રહ્યો રે, તું કોની શીખ્યો ચાલ.

અહીં રાધાકૃષ્ણનો પરસ્પર વધતો અનુરાગ જોવા મળે છે:

પ્રેમ તો ઝાલ્યો રહે નહિ રે, નદીતણું જયમ પૂર.
× × ×
સ્નેહ જાણી પ્રેમ આણી, પાણિએ પાયું ગ્રહ્યું,
મનનું જળ માનિની, તે દૂધથી અધિકું થયું,
એણી પેરે થયાં એક રસ ચિત્ત બહેનું થયું ભલું.

રાધાની કૃષ્ણ માટેની તાલાવેલી જોઈએ:

શ્રાવણ આવ્યો રે સજની, પીયુ વિના નવ જાયે રજની.
× × ×
સખી મેં હવે મેલ્યું માન, કો દેખાડો મને કહાન.

ભાલણે પદ ૧૪૧માં રાધાના માનનો સુંદર ને રસિક પ્રસંગ નિરૂપ્યો છે:

કૌસ્તુભમાં નિજ રૂપ દેખી રીસાવી પ્યારી,
જાણ્યું ખોળામાં બેઠી છે, મુજસરખી કો નારી.

ત્યારે દૂતીએ કૃષ્ણને સાન કરી કે:

કંઠ થકી કેશવજી મેલો, મહામણિ ઉતારી.

અને:

રાધાએ ત્યાં નારી ન દીઠી, દીઠા કંસારિ.

અહીં ભાલણે દૂતીનું કોઈ નામ નથી આપ્યું અને રમણનું પણ કોઈ વર્ણન કર્યું નથી.

રાસલીલા, ભાગવત, વિષ્ણુપુરાણ, બ્રહ્મપુરાણ, હરિવંશ અને ભાસના બાલચરિત-ઈ.માં ગોપીકૃષ્ણરાસનું વર્ણન મળે છે. કદાચ રાસનો આ પ્રકાર પરંપરાના રૂપમાં સર્વાધિક પ્રાચીન છે. ભાગવતના 'અનયાઽઽરાધિતો નૂનં'થી વ્યંજિત ગોપીવિશેષનું રાધાના રૂપમાં સ્પષ્ટીકરણ બ્રહ્મવૈવર્તમાં થયું છે એમાં જ રાધાકૃષ્ણના સખીઓથી યુક્ત વિશદ રાસનું વર્ણન મળે છે. સંભવત: એ વર્ણનથી જ રાધાકૃષ્ણરાસ, ગોપીરાસની પરંપરાનો પ્રારંભ થયો લાગે છે.

ભાલણે પોતાના દશમના અનુવાદમાં રાસલીલાનું વર્ણન કર્યું છે. પરંતુ એ અન્ય દશમકાર લક્ષ્મીદાસની 'રાસપંચાધ્યાયી'ના રૂપમાં પ્રક્ષિપ્ત છે. અહીં રાસનું સમસ્ત વર્ણન ભાગવતાનુસાર છે. કેવળ ગોપીવિશેષને સ્થાને તથા અન્ય સ્થળે રાધાનો ઉલ્લેખ મળે છે:

શ્રી રાધાજી સંગ લીધાં, સ્વામી અંતર્યામી,
અચિંતા હરજી ન દીઠા, ગોપી આશ્ચર્ય પામી. ૫ પદ-૧૬૦
શ્રી રાધાજી બોલિયાં બાઈ, તમને હોએ કલ્યાણ,
મેં અપરાધ કીધો ઘણો, તે કહું મૂકી માન ૧૦
રાધાજી કહે તમો મળે, અમે ભેટ્યા અવિનાશ ૧૭ પદ-૧૬૩

કેટલાક કવિઓએ રાધાકૃષ્ણના વિવાહનું વર્ણન પણ કર્યું છે. એનો મૂળ સ્રોત વાસ્તવમાં બ્રહ્મવૈવર્તપુરાણ છે. પરંતુ એમાં વિવાહ રાસની પૂર્વે થાય છે. અહીં ભાલણે રાધાકૃષ્ણ વિવાહની વાત નથી કરી, પરંતુ એક સ્થળે એક ગોપી દ્વારા, જે કદાચ રાધા જ છે, કૃષ્ણને સદા માટે અવિવાહિત કહેવડાવે છે:

તારાં એ લક્ષણ જાણશે રે, તો આણશે મનમાં ભેદ રે,
લોક વિશે લંપટ થયો રે, તારો વિવાહ ન મળે વેદ રે. પદ-૧૮૧

બાકી તો એણે ભાગવતની જ પરંપરામાં શારદીરાસનું વર્ણન કર્યું છે.

# સ્થાનિક ઇતિહાસના સંશોધનમાં.......થોડી ચર્ચા

ડૉ. જગતકુમાર આર. ત્રિવેદી*

## (૧) પૂર્વભૂમિકા :

સ્થાનિક કક્ષાના ઇતિહાસના અધ્યયન અને સંશોધનની જરૂરિયાત.

ભારતની વિશિષ્ટ ભૂગોળ, એનો વિસ્તાર અને તેમાં રહેલું પ્રજાવૈવિધ્ય, ભાષાવૈવિધ્ય વિચારીએ તો પ્રાદેશિક અને સ્થાનિક ઇતિહાસના સાચા જ્ઞાન વગર સમગ્ર ભારતનું અખિલાઈભર્યું દર્શન શકય બની શકતું નથી. ભારતીય સંસ્કૃતિનો પટ અનેક પ્રાદેશિક અને સ્થાનિક રંગોથી રંગાયેલો છે. ભારતીય સંસ્કૃતિના મેઘધનુષ્યમાં સ્થાનિક ઇતિહાસના રંગો પણ ભળેલા હોય છે અને તે રંગ કેવો છે તે સમજવા આવા અધ્યયનની જરૂર પડે છે.[1]

કોઈ પણ પ્રદેશ કે પ્રાન્તનો ઇતિહાસ એ દેશના ઇતિહાસથી જુદો નથી. સ્થાનિક ઇતિહાસ એ અર્થમાં પ્રદેશ કે પ્રાન્તના ઇતિહાસની લઘુ આવૃત્તિ સમાન છે. કેટલીક બાબતોમાં તે પૂરવણીસમાન છે. સામાજિક, રાજકીય અને સાહિત્યની દૃષ્ટિએ તો સ્થાનિક ઇતિહાસનાં નિરૂપણની જરૂરિયાત ઉલ્લેખી શકાય નહીં કારણ કે આ બાબતમાં સાધનસામગ્રી ત્યાં સવિશેષ પ્રમાણમાં ઉપલબ્ધ થવાની.[2] આ દૃષ્ટિએ કોઈ પરપ્રાન્તના લેખક કરતાં સ્થાનિક અભ્યાસી જ ત્યાંના ઇતિહાસનાં સાધનોનો મહત્તમ ઉપયોગ કરી શકે છે. આથી તો ઘણા દેશમાં આ મહત્ત્વ સ્વીકારીને ' લોકલ હિસ્ટોરીયન ' જેવાં સામયિક પણ પ્રગટ થાય છે.

The reasons given for teaching local History were that it could supply vivid illustrations to enliven the generalisations of National History. Local History is a magazine or Storehouse of vivid and pregnant illustrations of the general course of National History. These illustrations could be of two kinds. They might refer to the outstanding personalities and happenings of National importance connected with the neighbourhood or to ordinary

---

'**સ્વાધ્યાય**', પુ. ૨૪, અંક ૨, વસંતપંચમી અંક, ફેબ્રુઆરી '૮૭, પૃ. ૧૭૫-૧૮૦.

* ૧૦૬૪, આંબાવાડી, બસસ્ટોપ પાસે, ભાવનગર.

૧ પરીખ રસિકલાલ છોટાલાલ કૃત ઇતિહાસ: સ્વરૂપ અને પદ્ધતિ, ગુજરાત યુનિવર્સિટી, ૧૯૬૯, આવૃત્તિ પ્રથમ, પૃષ્ઠ સંખ્યા ૧૯૮-૧૯૯.

૨ જમીનદાર રસેશ કૃત ઇતિહાસ સંશોધન, ગુજરાત વિદ્યાપીઠ ૧૯૭૬, પ્રથમ આવૃત્તિ, પાના નં. ૬.

features and articles, such as buildings, customs and dress.[3] સ્થાનિક ઇતિહાસની આવી ઉપયોગિતા તેના સંશોધનને આભારી છે તેથી જ રોબર્ટ ડચ કહે છે કે : The most vital contribution of local material to studies of the past is that they provide an opportunity, often the best opportunity for a wide age and ability range, to experience the Two main characteristics and aims of Historicol study. First, material remains permit the study of evidence in a variety of forms, archaeological, oral and written, leading to an understanding of Historical Method. Secondly, they furnish one of the best means of kindling Historical Imagination.[૪] તેથી જ કાલપ્રવાહમાં અંતર્ગત માનવવૃત્તોને ઉદ્ધારવા એ ઇતિહાસવેત્તાનું લક્ષ્ય છે. માનવવૃત્તોને કેવી રીતે ઉદ્ધારવાં એ વિશે ભારતીય અને પાશ્ચાત્ય પૂર્વાચાર્યોએ અનેક પદ્ધતિઓ દર્શાવેલી છે તેમાંની માત્ર એકાદ પદ્ધતિની માત્ર થોડી ચર્ચા કરવાનો અહીં ઉપક્રમ રાખવામાં આવ્યો છે.

## (૨) સ્થાનિક ઇતિહાસના સંશોધનમાં આત્મકથા – જીવનવૃત્તાંતોની ઉપયોગિતા તથા મર્યાદાઓ :

મહાન પુરુષો પોતાના સમય દરમિયાન જે પ્રબળ અસર કરી જાય છે તેમ જ ભવિષ્યના ઇતિહાસનાં જે બીજ રોપી જાય છે તે પરથી વિક્ટોરિયન યુગના મહાન ગદ્યલેખક કાર્લાઇલે પ્રતિપાદન કરેલું કે મનુષ્ય ઇતિહાસ એ મહાન પુરુષોનાં જીવનચરિત્રોનો સમુદાય છે. આ કથન વર્તમાન યુગમાં સંપૂર્ણ સ્વીકાર્ય નથી કારણ કે :

' an autobiography is a deliberate summary of the writer's conception of his own career, generally produced late in life, when there seems to be little more to come that is like to be of interest. Autobiographies are usually inspired not by sordid but either by the idea of self–vindication against criticism or by the simple desire to tell of what the author considers to have been an interesting life. This sort of work needs more careful inspection by the Historian than almost any other class of evidence.[૫] આમ છતાં વિવિધ ક્ષેત્રોમાંની વિભૂતિઓનું મહત્ત્વ છે જ તેથી ઇતિહાસલેખન અને સંશોધનમાં હકીકતના પરીક્ષણની સાથે મહાન વિભૂતિઓના જીવનના પરીક્ષણને પણ સ્થાન આપવામાં આવ્યું. વ્યક્તિપૂજા અથવા અનુચિત પ્રશંસાને બાકાત રાખવામાં આવે પણ વ્યક્તિને તેને લગતી હકીકતથી અલગ

---

3 Robert Douch : New movements in the Study and Teaching of History Edited by Martin Ballard. Temple Smith Ltd., London 1970, First Edition, Page No. 104.

૪ એજન, પૃષ્ઠ ૧૧૩.

5 Sir Charles oman કૃત on the Writing of History. Methuen and Co. London 1939, First Edition, Page No. 56-57.

કરવી શકય નથી. ઇતિહાસનું લેખન સમય, સ્થળ, ઘટના અને વ્યક્તિને અનુલક્ષીને થતું હોય છે. ઇતિહાસનો કયો બનાવ, કયા સમયે, કોના દ્વારા બન્યો એને ઇતિહાસનું કલેવર ગણી શકાય અને તેનું પરીક્ષણ કરવાની પ્રક્રિયાને સંશોધન કહી શકાય. ઇતિહાસના ઘડતર, પરિવર્તન, વિકાસ, પતન વગેરેમાં અનેક મહાન વ્યક્તિઓએ નોંધપાત્ર ભાગ ભજવ્યો હોય છે. રાજપુરુષો, લશ્કરી નેતાઓ, સંતો, સાહિત્યકારો અને શિક્ષણશાસ્ત્રીઓએ ઇતિહાસના હકારાત્મક કે નકારાત્મક ઘડતરમાં ગણનાપાત્ર ફાળો આપેલ હોય છે. તેને વિશેનું સંશોધન તેની સાથે સંકળાયેલ હકીકત કે ઘટના પર નવો પ્રકાશ પાડે છે. અલબત્ત આવા સંશોધનમાં વ્યક્તિવિશેષ અને તેને લગતી ઘટનાઓને યોગ્ય રીતે સાંકળવાં જોઈએ તેમ જ સંબંધિત અન્ય હકીકતો અને સામાજિક વહેણોની ઉપેક્ષા થવી જોઈએ નહીં.[૬]

અલબત્ત, આત્મકથા એ લખનારની આત્મલક્ષી કથા હોય છે અને ઘણી વખત તેમાં સચ્ચાઈનો પણ અભાવ હોય છે. ઘણી વખત સમય પસાર કરવા માટે પણ તે લખાતી હોય છે છતાં તેની ઉપયોગિતા તારવી શકાય છે કારણ કે : **They are often tedious but sometimes, even when written by most unimportant people, contain useful side–lights on odd corners of social or provincial History.**[7]

પોતાની આત્મકથાના પહેલા ભાગની પ્રસ્તાવનામાં ઈન્દુલાલ યાજ્ઞિકે ખૂબ જ સૂચક રીતે આત્મકથાના સ્વરૂપને સમજાવતાં લખ્યું છે કે 'ગુજરાતના સાર્વજનિક અને સર્વદેશીય તેમજ સ્વાનુભવલક્ષી અને પ્રસંગરંગથી રંગાયેલા જેવા ઇતિહાસની આશા મારી પાસેથી રાખવામાં આવે છે તે હું નિખાલસ દિલથી અને મોકળા મનથી મારી જીવનકથા લખીને જ પૂરી કરી શકું. માત્ર તેમાં દરેક સ્થળકાળમાં ચોપાસ વહેતા લોકજીવનના વહેણ પર અને ઝળકતા નાના–મોટા માનવરત્નો પર મારી મીટ હંમેશાં માંડવી જોઈએ–મારી એકલાની નહીં પણ મારી આખી પેઢીની ઘડતરકથા લખવાનું પૂરું ભાન અને ધ્યાન મારે રાખવું જોઈએ.[૮] ઈ. સ. ૧૯૧૭થી ૧૯૫૦ સુધીના ગુજરાતના સર્વાંગી વિકાસનો કડીબદ્ધ ઇતિહાસ તપાસનારને આવી આત્મકથાઓ શ્રેષ્ઠ સામગ્રી પૂરી પાડે છે.

ભાવનગર રાજ્યના મહાન દીવાન ગૌરીશંકર ઓઝાનું જીવનવૃત્તાંત જુદા જુદા ત્રણ મહાનુભાવોએ લખેલું છે જેની વિગતો પરથી ઊંડું સંશોધન કરીને લખાયેલો ડૉ. પી. જી. કોરાટનો શોધ–નિબંધ ભાવનગર રાજ્યના સ્થાનિક વિકાસની કડીબદ્ધ વિગતો પૂરી પાડે છે. ભાવનગર રાજ્યની શૈક્ષણિક વિકાસની ગાથા તપાસનારને શ્રી ભારતભાઈ પાઠકે લખેલો 'ગિજુભાઈનું શિક્ષણમાં પ્રદાન' શોધ–નિબંધ વિશ્વસનીય સામગ્રી પૂરી પાડે છે. સ્વાતંત્ર્યની

---

૬ ધારૈયા આર. કે. કૃત ઇતિહાસનું તત્ત્વજ્ઞાન અને ઇતિહાસ–લેખન અભિગમ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય ૧૯૮૩, પ્રથમ આવૃત્તિ, પૃષ્ઠ સંખ્યા : ૨૫૦.

7 Sir Charles Oman કૃત On the Writing of History. Methuen and Co. London 1939, First Edition, Page No. 57.

૮ યાજ્ઞિક ઈન્દુલાલ કૃત આત્મકથા ભાગ ૧, (જીવન વિકાસ) રવાણી પ્રકાશન ગૃહ, અમદાવાદ ૧૯૫૫, પ્રથમ આવૃત્તિ, પાના નં. ૮.

લડતમાં વ્યાયામની પ્રવૃત્તિએ શું ભાગ ભજવ્યો તેની માહિતી સરદાર પૃથ્વીસિંહના જીવનવૃત્તાંત પરથી મળી શકે છે. શ્રી પેટલીકરે લખેલું ભાઈકાકાનું જીવનવૃત્તાંત વિદ્યાનગર અને સ્વતંત્ર–પક્ષના ઇતિહાસને સમજવાની પૂર્વભૂમિકા પૂરી પાડે છે. શ્રી ગણેશકૃષ્ણ ગોખલેએ 'અભ્યાસ'માં લખેલું 'પ્રજાપ્રિય સમદર્શી મહારાજા સયાજીરાવનું જીવનવૃત્તાંત' વડોદરા રાજ્યની વિવિધ પ્રવૃત્તિ અને પ્રગતિની માહિતી પૂરી પાડે છે. આવું જ ઉપયોગી જીવનવૃત્તાંત શેઠ સુંદરજી શિવજીનું ગણાવી શકાય. આમ સ્થાનિક કક્ષાના મહાનુભવોની આત્મકથાઓ અને જીવનવૃત્તાંતો સ્થાનિક ઇતિહાસની રચનામાં અતિ ઉપયોગી બને છે. ઈ. એચ. કાર કહે છે તેમ ઘણાના જીવનવૃત્તાંતોનું યોગદાન ઇતિહાસ માટે અગત્યનું છે. અલબત્ત, તેમાં દર્શાવેલી વિગતોની વિશ્વસનીયતાની સંપૂર્ણ ખાત્રી કરવા તેનું સંપૂર્ણ પરીક્ષણ–સંશોધન કરવું જોઈએ.

## (૩) સ્થાનિક કક્ષાના સંશોધનમાં ડાયરીસાહિત્યનું મહત્ત્વ અને તેની મર્યાદા :

સ્થાનિક ઇતિહાસના સંશોધનમાં જે તે સમયની સત્તાધારી વ્યક્તિએ લખેલી રોજ-બરોજની ડાયરી આપણને ઘટનાની અંદરની દુનિયામાં ડોકિયું કરવાની તક પૂરી પાડે છે. કારણ કે તેનાથી લખનારનો અભિગમ અને રાજ્યની પ્રવૃત્તિ પાછળના સાચા હેતુની પ્રતીતિ થાય છે. આવી રોજ–બરોજની ડાયરીનું પ્રકાશન જ્યારે લેખક પોતે જ કરે તો ઘણી વખત તેની ઉપયોગિતા ઓછી થઈ જાય છે કારણ કે તેમાં લખનારની ભૂમિકાને ઉપસાવવા તે પ્રયાસ કરે છે અથવા ન ગમતી બાબતોને હળવી રીતે રજૂ કરવામાં આવે છે અથવા બાકાત રાખવામાં આવે છે. ભાવનગર રાજ્યની ઈ. સ. ૧૯૩૮ની ઘણી રેવન્યૂ ખાતાની બાબતો જાણવા માટે સર પ્રભાશંકર પટ્ટણીની 'છેલ્લી મુસાફરી'ની રોજ–બરોજની નોંધ ખૂબ ઉપયોગી સાબિત થાય છે.[૯] તે વખતના રાજ્યના ખેડૂતોને કરજમુક્ત કરવાની રાજ્યની યોજના, ગ્રામ–પંચાયતો માટેના રાજ્યના પ્રયત્નો અને તેના પ્રત્યાઘાતો, ગ્રામ–ઉદ્યોગોની બાબત એમ ગામડાને લગતા પ્રશ્નોની માહિતી તેમાંથી મળી આવે છે. ભાવનગર રાજ્યે ઈ. સ. ૧૯૨૨–૩૪ દરમિયાન ખેડૂતોને કરજમુક્ત કરવા માટે એક સમિતિની નિમણૂક કરી હતી. જેણે દરેક ગામડાની મુલાકાત લઈને 'Notes of Evidence and Statistics' પ્રસિદ્ધ કરી હતી જે દસ્તાવેજી સામગ્રીની ગરજ પૂરી પાડે છે. આ સમિતિની ખેડૂત–ડાયરીમાંથી દરેક ગામના ખેડૂતો, તેની સંખ્યા, જ્ઞાતિવાર વર્ગીકરણ, તેની મિલકત, તેના કરજનાં પ્રમાણ એમ અનેક જાતની માહિતી એકત્ર કરી હતી જે તે સમયના ગામડાની સાચી આર્થિક બાજુ જાણવામાં અતિ ઉપયોગી છે. આમ ડાયરી–સાહિત્ય સ્થાનિક ઇતિહાસના અધ્યયન અને સંશોધનમાં અતિ મહત્ત્વનો ભાગ ભજવે છે.

## (૪) સ્થાનિક ઇતિહાસના સંશોધનમાં પત્ર–સાહિત્ય–તેના પ્રકાર-તેની ઉપયોગિતા અને મર્યાદાઓ :

કારડીનલ ન્યૂમેન કહે છે તેમ આત્મકથાના સંદર્ભમાં જ નહીં પણ વસ્તુના સાચા હાર્દને સમજવામાં અભ્યાસી લેખકો અને રાજકીય વ્યક્તિઓના પત્રોનાં પ્રકાશનો અતિસહાયક સાધન–

---

૯ મહેતા જયંતિલાલ મોરારજી કૃત છેલ્લી મુસાફરી, પ્રકાશક: મહેતા જયંતિલાલ મોરારજી, તંત્રી દેશી રાજ્ય ૧૯૩૭, પ્રથમ આવૃતિ, પ્રસ્તાવના, પાના નં. ૨–૩.

સામગ્રીની ગરજ સારે છે. ઇતિહાસના સંશોધનકારને આવા સમકાલીન વ્યક્તિઓએ લખેલા પત્રો પરથી તેઓએ ભજવેલા ભાગનું સાચું મૂલ્યાંકન અને માહિતી મળે છે. શ્રી જદુનાથ સરકારના ૬૨૫ અને શ્રી સરદેસાઇના લગભગ ૭૦૦ પત્રો તે મહાન અભ્યાસીઓના પ્રવાસો, દસ્તાવેજોની માહિતી, તે તપાસવાની વ્યાવહારિક દૃષ્ટિ પૂરી પાડે છે અને તે મોગલ–મરાઠા સમયના પ્રદેશોના ઇતિહાસને સમજવામાં ઉપયોગી થાય છે. સંશોધનનું વિવરણ કેમ કરવું તે આવા પત્રો પરથી જાણવા મળે છે. અલબત, આવા પત્રોના સંપાદનમાં લેખકની આત્મીય વાતો અને અંગત બાબતોને મહત્ત્વ ન અપાવું જોઈએ તેમ શ્રી જદુનાથ સરકારે પોતે જ આ પ્રકાશન વખતે કહ્યું હતું તે અતિ સૂચક છે.[૧૦]

આવો જ ઉપયોગી પત્ર–વ્યવહારનો સંગ્રહ 'ગાંધીજી–પટ્ટણી પત્રવ્યવહાર' છે.[૧૧] જેમાંથી ભાવનગર રાજ્યની માહિતી ભેગી કરનારને ઉપયોગી સાહિત્ય મળે છે. ગાંધીજીએ ચલાવેલી સ્વાતંત્ર્યપ્રાપ્તિની લડત, દેશી રાજ્યોની તે સમયની પરિસ્થિતિ, આંદોલનના પ્રતિકાર માટે રાજ્યો તરફથી લેવાયેલા પગલાં, દેશી રાજ્યો વચ્ચેના સંબંધોની આંટીઘૂંટી, અખિલ ભારતીય રાજ્ય પરિષદ, કાઠિયાવાડ રાજકીય પરિષદ અને તેના નેતાઓની પ્રવૃત્તિ વગેરેની માહિતી આ સંપાદનમાંથી મળે છે. ભાવનગર રાજ્યની સામાજિક અને આર્થિક પરિસ્થિતિ જેવી કે હરિજનો અંગેની સ્થિતિ, મંદિરપ્રવેશ, અસ્પૃશ્યતા અને તે અંગેની કનડગત, રાજ્યની દારૂબંધીની યોજના, ખેડૂતોને કરજમુક્ત કરવાની યોજના સાથે ભાવનગર રાજ્યમાં સભા ભરવાની અને ભાષણ કરવાની છૂટ હતી તેથી કાઠિયાવાડ રાજકીય પરિષદના નેતાઓના ભાષણની વિગતો અને માહિતી મળે છે. સ્થાનિક ઇતિહાસના સંશોધનમાં આવા પત્રો મળે તેટલા પ્રમાણમાં ભેગા કરવા જોઈએ અને તેનું પરીક્ષણ કરવું જોઈએ. જે તે સમયની સામાજિક કે અન્ય ક્ષેત્રની વિગતો આવા પત્રો પરથી મળતી હોય છે. અલબત, ઘણી વખત આવા પત્રોમાં લખનારનું વ્યક્તિત્વ ઉપસાવવા માટે કૃત્રિમ પ્રયાસો કરવામાં આવે છે અને સાચી વિગતો પ્રકાશમાં ન આવે તેથી ઘણા પત્રોનો નાશ કરવામાં પણ આવે છે. સર ચાર્લ્સ ઓમન સામાન્ય રીતે પત્રોના સંગ્રહને ત્રણ વિભાગમાં વિભાજિત કરે છે જે આ મુજબ છે:[૧૨]

(૧) પત્રલેખક પોતે જ પોતાના પત્રોનું પ્રકાશન કરે છે. આવો સંગ્રહ બહુધા આત્મલક્ષી હોય છે અને તેમાં તેના ચારિત્ર્યની માત્ર ઉજ્જવળ બાજુ જ પ્રકાશિત કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે. તેમાં ઘણી વિગતો એટલા માટે છૂપાવવામાં આવતી હોય છે કે તેનો વિરોધ કરનાર હજુ જીવંત હોય છે. આવા સંગ્રહો બહુ ઉપયોગી સાબિત થતા નથી.

(૨) પત્રો લખનારના મૃત્યુ બાદ તેના કોઈ સ્નેહી કે સાહિત્યકાર સંબંધી તરફથી

---

10 H. R. Gupta (ed). Life and Letters of Sir Jadunath Sarkar, Panjab University 1958, પ્રથમ આવૃત્તિ.

૧૧ ગાંધીજી પટ્ટણી પત્ર વ્યવહાર: ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ. ૧૯૮૦, પ્રથમ આવૃત્તિ, પાના નં. ૪ થી ૧૦.

12 Sir Charles Oman કૃત on writting of History Methuen and Co. London 1939, First Edition, Page No. 71.

પ્રકાશિત થતા સંગ્રહો આમાં લેખકની ખ્યાતિ અને સ્મૃતિને ટકાવી રાખવામાં પ્રયત્ન કરવામાં આવે છે. આવાં સંપાદન કરનાર ઘણી વખત પરિપક્વ હોતા નથી. તેની ઉપયોગિતા પણ વધતી નથી.

(૩) ત્રીજા પ્રકારના સંગ્રહ જેનું સંપાદન કોઈ અભ્યાસી તરફથી કરવામાં આવે છે. સંપાદક પત્રો લખનારનો સ્નેહી કે સંબંધી હોતો નથી તેથી કોઈ વિગત છૂપાવતો નથી. તેથી તે સમયની સાચી વિગતથી આપણે માહિતગાર થઈ શકીએ છીએ. Lecestre નામની વ્યક્તિએ નેપોલિયનનું સાચું વ્યક્તિત્વ પ્રકાશમાં લાવવા તેના બધાં જ પત્રો પ્રકાશિત કરીને ઉપયોગી કામ કર્યું હતું. તેમ જુદા જુદા રાજ્યોના રાજાઓ, તેના દીવાનો કે કારભારીઓના પત્રોનું સંપાદન કરવાથી સ્થાનિક ઇતિહાસના આલેખનમાં અતિ ઉપયોગી સામગ્રી પ્રાપ્ત થઈ શકે.

આમ સ્થાનિક ઇતિહાસના સંશોધનમાં આત્મકથા–જીવનવૃત્તાંતો, ડાયરી અને પત્રોનું યોગદાન ગણાવી શકાય અને તેનો મહત્તમ ઉપયોગ થઈ શકે તે માટે તે સર્વનું સંપૂર્ણ પરીક્ષણ કરવું રહે.

# ‘ગુજરાતના એક અપ્રસિદ્ધ ક્ષત્રપકાલીન શિલ્પનું શીર્ષ’

રવિ હજરનીસ,★ મુનીન્દ્ર જોષી*

અગાઉ ‘કાકાની સિહણુ’[1] (સૌરાષ્ટ્ર), ‘સોજીત્રા[2] (ખેડા જિલ્લો) ‘સૂરત’[3] અને ‘દોલતપુર’[૪-अब] (કચ્છ)થી, ક્ષત્રપકાલની પથ્થરની પ્રતિમાઓનાં મસ્તક પ્રાપ્ત થયેલાં છે. તાજેતરમાં મહેસાણા જિલ્લાના અન્વેષણ દરમ્યાન આ લેખકોને વિજાપુર તાલુકાના ‘જુના-સોજા’ ગામે પારેવા પથ્થર (schist stone)માંથી ઘડાયેલ એક નાનું, શિલ્પનું શીર્ષ જોવા મળ્યું હતું.[5] જેનું માપ ૦.૦૯ x ૦.૦૪ સે.મી. છે.

જુના-સોજા[6]ના શિલ્પ-શીર્ષની ચર્ચા કરતાં પહેલાં, ‘દોલતપુર’ના ક્ષત્રપકાલીન મસ્તકની વિગત તપાસવી જરૂરી છે. ‘દોલતપુરના શિલ્પમાં ઊંચા ટોપાઘાટના મુકુટમધ્યેના અલંકરણને કુષાણયુગનાં (ઈ. સ.ના પહેલાથી ત્રીજા સૈકાના) મળતાં શિલ્પોનાં આવાં અલંકરણ

---

**‘સ્વાધ્યાય’**, પુ. ૨૪, અંક ૨, વસંતપંચમી અંક, ફેબ્રુઆરી ’૮૭, પૃ. ૧૮૧-૧૮૨.

★ ગુજરાત રાજ્ય પુરાતત્ત્વખાતુ ઉત્તર-વર્તુળ, ‘શેલત ભુવન’, વિક્ટોરિયા ગાર્ડન સામે, ભદ્ર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

* ગુજરાત રાજ્ય પુરાતત્ત્વખાતુ, ઉત્તર-વર્તુળ, ‘શેલત ભુવન’, વિક્ટોરિયા ગાર્ડન સામે, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

૧ નાણાવટી જયેન્દ્ર, ‘એ ક્ષત્રપ હેડ ફ્રોમ સૌરાષ્ટ્ર’, જર્નલ ઑફ ધ ઓરિએન્ટલ ઇન્સ્ટિટ્યૂટ, વોલ્યુમ-૧૦, માર્ચ ૬૧, નં. ૩, પૃ. ૨૨૫.

૨ મજમુદાર એમ. આર. (સં.) ‘ક્રોનોલોજી ઑફ ગુજરાત’, એમ. એસ. યુનિવર્સિટી ઑફ બરોડા પબ્લીકેશન, વડોદરા (૧૯૬૦), પૃ. ૩૧૬, પટ્ટ ૧૮-અ, ચિત્ર-બ.

૩ ઉપર્યુક્ત, પૃ. ૩૧૬, ચિત્ર-૨૦.

૪अ શાહ ઉમાકાન્ત, ‘ગુજરાતના એક ક્ષત્રપકાલીન શિલ્પનું મસ્તક’, “સ્વાધ્યાય”, પુ. ૫, અંક ૨, ફેબ્રુ.-૬૮, પૃ. ૧૯૬ થી ૧૯૮.

૪ब શાહ ઉમાકાન્ત, ‘એ ક્ષત્રપ પિરિયડ હેડ ફ્રોમ દોલતપુર, કચ્છ’, બુલેટીન ઑફ ધ બરોડા મ્યૂઝિયમ ઍન્ડ પિક્ચર ગેલેરી, વડોદરા, વોલ્યુમ-૨૦, (૧૯૬૮) પૃ. ૧૦૫-૬, પટ્ટ LVII ચિત્ર-૧ અને પટ્ટ LVIII-ચિત્ર-૨.

૫ હાલ આ પ્રતિમા શીર્ષ ગુજરાત રાજ્ય પુરાતત્ત્વખાતાના ઉત્તર-વર્તુળના સંગ્રહમાં છે. જેની પ્રસિદ્ધિ અને ફોટોગ્રાફ આ ખાતાના સૌજન્યથી પ્રસ્તુત કર્યાં છે.

૬ ‘જુના-સોજા’, એ મધ્યયુગીન પુરાતત્ત્વીય વસાહતનું સ્થળ છે. હાલ ત્યાં વસ્તી નથી, પરંતુ, પચાસેક વર્ષ પહેલાં અહીંથી બે, કી.મી. દૂર નવા વસેલા ‘નવા-સોજા’ ગામે લોકોએ સ્થળાંતર કરી વસવાટ કર્યાનું સ્થળતપાસ દરમ્યાન જાણવા મળ્યું હતું.

સાથે સરખાવી શકાય છે. સામાન્ય રીતે ઊંચો ટોપાઘાટનો મુકુટ વિષ્ણુ કે સૂર્ય પ્રતિમાઓમાં જોવા મળે છે. દોલતપુરનું શિલ્પમસ્તક તેથી વિષ્ણુનું કે વિકલ્પે સૂર્યનું હોવા સંભવ છે. વિષ્ણુ એ આદિત્યનું જ એક સ્વરૂપ હોવાનું સુજ્ઞાત છે જ.

જૂના–સોજાથી પ્રાપ્ત શિલ્પ–શીર્ષનો ટોપાઘાટનો મુકુટ દોલતપુરના નમૂના કરતાં કંઈક વધુ ઊંચી દીવાલવાળો છે. મુકુટની મધ્યે અર્ધવૃત્તો દોલતપુરની જેમ જ શોભાંકન છે. આ શોભાંકનઅંકન ઘસાયેલ હોવાથી સ્પષ્ટ નથી. શામળાજીથી પ્રાપ્ત એક લીલા મરકત પથ્થરના પ્રતિમાના મસ્તક પરના મુકુટમાં પણ ઘસાયેલ સંભવતઃ આ પ્રકારનું અંકન છે[૭] જૂના–સોજાના નમૂનામાં મુકુટના ટોચ ભાગે બે બાજુએ કેટલોક ભાગ ખંડિત છે. તેમ છતાં આ ખંડિત ભાગે પણ મુકુટના અન્ય ભાગે છે તેવી આડી–ઊભી ઉત્કીર્ણ રેખાઓની ભાત હોવી જોઈએ. અર્ધવૃત્તાકારના ઉપલા ભાગે પણ ચાર ઊભી ઉત્કીર્ણ રેખાઓની ભાત પરથી પણ આ અનુમાન કરી શકાય છે. અર્ધવૃત્તાકાર–ચૈત્યભાગની નીચે આડી નાની પહોળી સુવર્ણપટ્ટિકા છે. મુકુટનો નીચલો ભાગ પણ સુવર્ણમંડિત છે.

લગભગ ગોળ મુખાકૃતિ, ભરેલા ગાલ અને ભવ્ય કપોલ વગેરે નોંધપાત્ર છે. નેત્રયુગ્મો પર ઉપસાવેલ જાડી રેખાયુક્ત ભ્રમરભંગી છે. નયનોના ખૂણાઓ ત્રાંસા લંબાવેલા છે. ચક્ષુઓ ઉઘાડાં અને કીકી વગરનાં છે. આ પ્રકારની નેત્ર–રચના ક્ષત્રપકાલનાં શિલ્પોમાં સામાન્ય છે. નાસિકા, કેટલોક મુખભાગ, અને ઉપલો હોઠ ઘસાયેલાં છે. નીચલો ઓષ્ઠ સ્હેજ જાડો છે. કર્ણ અને ગ્રીવાનો ભાગ ખંડિત–તૂટેલો છે. પ્રસ્તુત શિલ્પ–મસ્તકને આહવાથી પ્રાપ્ત સંભવતઃ દેવી કે પક્ષીની પ્રતિમાના ચહેરા સાથે પણ સરખાવી શકાય છે.[૮] આહવાનું શિલ્પ–ઈ. સ.ના બીજા કે ત્રીજા સૈકાની આસપાસનું છે.[૯]

અંતમાં દોલતપુરના શિલ્પ–મસ્તકની પરંપરામાં ઘડાયેલ ક્ષત્રપકાલનું જૂના સોજાનું શિલ્પ–શીર્ષ સંભવતઃ વિષ્ણુ કે વિકલ્પે સૂર્યનું જણાય છે. ઈ. સ.ના બીજા–ત્રીજા સૈકામાં મૂકી શકાય એવા આ શિલ્પ–મસ્તકથી ક્ષત્રપકાલનાં શિલ્પોમાં અગત્યનો ઉમેરો થયો છે.

---

૭ શાહ ઉમાકાન્ત, 'સ્કલ્પચર્સ ફ્રોમ શામળાજી એન્ડ રોડા,' બુલેટીન ઑફ ધ બરોડા મ્યૂઝિયમ એન્ડ પિક્ચર ગેલેરી, વડોદરા, (૧૯૬૦) ચિત્ર–૪૯.

૮ શાહ ઉમાકાન્ત, 'ગુજરાતનાં બે પ્રાચીન શિલ્પો, 'સ્વાધ્યાય', પુ. ૯, અંક ૪, સપ્ટે. ૧૯૭૨, ચિત્ર–૧.

૯ ઉપર્યુક્ત, પૃ. ૪૭૧.



ક્ષત્રપકાલીન શિલ્પ-શીર્ષ,
જૂના સોજા [ઉત્તર-ગુજરાત]
[ફોટોગ્રાફ-ગુજરાત રાજ્ય પુરાતત્ત્વ-
ખાતાના સૌજન્યથી]

# તેરમી–ચૌદમી સદીના ગુજરાતની ચિત્રકલા

નવીનચંદ્ર આચાર્ય*

## ચિત્રકલા :

સ્થાપત્ય તથા શિલ્પકલાની જેમ ચિત્રકલાના સર્જનમાં પણ ગુજરાતમાં બ્રાહ્મણસંપ્રદાયે તથા જૈનસંપ્રદાયે ઠીક ઠીક ઉત્તેજન આપ્યું છે. આ ચિત્રો હસ્તલિખિત ગ્રંથોની અંતર્ગત હોઈ એના સંગ્રહ તથા સંરક્ષણમાં જૈન ભંડારોએ ઘણો કીમતી ફાળો આપ્યો છે.

## ચિત્રકલાનાં લક્ષણો :

પ્રાચીન ગુજરાતની આ કલા ઘણી જ સુંદર ચિત્રકલા છે, એટલું જ નહિ પણ કલાની નિપુણતા ઉપરાંત તેની અંદર અત્યંત ખૂબી રહેલી છે. થોડાંએક ચિત્રો જો કે કઠોર અને ભાવશૂન્ય હોય એમ લાગે છે, તોપણ કેટલીકવાર મૂળ મુદ્રાલેખન અને લાવણ્યમાં એ ચઢી જાય છે. ચિત્રોના રંગની પસંદગી ઊંચા પ્રકારની હોય એમ જણાય છે. તાડપત્ર ઉપરની કલા બહુ જ ઊંચી કક્ષાની છે. જોકે તેના વિષયો બહુ જ મર્યાદિત છે. પાછળથી તેરમા સૈકાની એક પ્રતમાં કુદરતી દૃશ્યો પણ ચીતરેલાં મળી આવ્યાં છે.[1]

ખરેખર ગુજરાતની લઘુચિત્રકલાનું જો કોઈ ખાસ મહત્ત્વનું લક્ષણ હોય તો તે ખાસ શોભાયમાન ચિત્રોથી હસ્તપ્રતો શણગારવાનું હતું. ચળકતા સુવર્ણરંગ અને વિધવિધ રાતારંગના સુંદર રંગથી. રંગવાની કંઈક કલાકારની ખૂબી ગૌણ ન હતી પણ તેનો તે મુખ્ય પાયો હતો. વળી અલંકાર અને શારીરિક અવયવોની ઝીણવટમાં માપ અને આકારનું ચોક્કસ જ્ઞાન ચિત્રકારની અલંકાર કરવાની તીવ્ર લાલસાથી અંકાયેલું છે.

મુખ્યત્વે પ્રતો લખનાર અને ચીતરનાર વ્યક્તિઓ જુદી જ હોય તેમ લાગે છે. લખનાર ચિત્ર ચીતરનાર માટે પત્રની કેટલી જગા છોડી દેતા. પ્રતના અક્ષરો ચિત્રોની જગ્યા છોડીને ધારાબદ્ધ ચાલ્યા આવતા દેખાય છે. ચિત્રકારની સમજ ખાતર હાંસિયામાં પ્રસંગને લગતું લખાણ પણ લખવામાં આવતું કે જેથી ચિત્રકાર પ્રસંગને અનુરૂપ ચિત્ર દોરી શકે. સામાન્ય રીતે લખનાર પોતાનું કામ પૂરું કરતો ત્યારે તે પ્રત ચિત્રકારને આપતો હોય એમ સ્પષ્ટ જણાય છે.

---

'સ્વાધ્યાય', પુ. ૨૪, અંક ૨, વસંતપંચમી અંક, ફેબ્રુઆરી '૮૭, પૃ. ૧૮૩–૧૯૦.

* ૪૫૧/૧, જેઠાભાઈની નાની પોળ, ખાડિયા, અમદાવાદ–૩૮૦ ૦૦૧.

૧ નવાબ સારાભાઈ મણિલાલ 'ગુજરાતી જૈનાશ્રિત કલા અને તેનો ઇતિહાસ', "જૈન ચિત્રકલ્પદ્રુમ", પ્લેટ–૧૬, અમદાવાદ, ૧૯૩૬.

નાનાં ચિત્રોના આલેખનમાં પ્રત ઉપર ખાસ રાખેલી જગામાં તાડપત્ર ઉપર લાલરંગ અને કાગળ ઉપર પ્રવાહી સુવર્ણની શાહી અથવા સુવર્ણનાં ઝીણાં પાનાં જેટલી જગામાં ચિત્ર દોરવાનું હોય તેટલી જગ્યામાં પ્રથમ લગાડવામાં આવતાં તેની પાછળની પૃષ્ઠભૂમિ મોટે ભાગે ઘેરા રાતા રંગમાં કરવામાં આવતી અને એના ઉપર રંગની ભૂકી એવી રીતે લગાડવામાં આવતી કે લાગે કે બાહ્ય રેખાઓ અને આંખો, આંખનાં પોપચાં, કાન, આંગળીઓ વગેરે પીંછીથી કાળા રંગમાં રંગવામાં આવતા હતાં. આ રીતે ચિત્રો દોરવાનું પરિણામ એ આવ્યું કે સ્ત્રી અને પુરૂષોની મુખાકૃતિઓ, તેમનાં વસ્ત્રો અને પુષ્પાદિથી રચેલા બીજા અલંકારો સોનાથી સપાટ ચીતરેલા ન હોય એમ જણાવા લાગ્યા. ચિત્રને જ્યારે આપણે બાજુ ઉપરથી તપાસતા હોઈએ ત્યારે જણાય છે કે આવી છબીના ચહેરામાં નાક, કેટલીક વખત લાલરંગથી રંગવામાં આવતું હતું તેમાં રંગ પૂરવાની પીંછી ઉપર આસમાની રંગ લેવાતો અને વસ્ત્ર તથા બીજા ભાગો ઉપર તે જરૂર ઉપરનો મૂકવામાં આવતો. તેમજ મનુષ્ય અને પ્રાણીઓના શરીરના ભરાવદાર ભાગો જેવી કેટલીક જગ્યાએ જાડી પીંછીથી રંગ પૂરીને તે પ્રમાણમાં ઘટ્ટ અને સ્થૂલ દેખાય તેમ કરાતું. શ્વેત ખાલી જગ્યાઓ કોઈકવાર ઈરાદાપૂર્વક રાખવામાં આવતી, પણ કયારેક સુવર્ણનાં પાનાં ચોપડાતાં. સાધુઓનાં સફેદ કપડાં બનાવવા માટે મોતીના રંગ જેવો સફેદ રંગ વપરાતો. બહુ જ ઓછા પ્રસંગે પીળો રંગ લેવાતો. તે રંગ બહુ જ સુંદર હતો. આ સિવાય બીજા કોઈ પણ રંગો મળી આવતા નથી. પણ પછીના વખતમાં કાગળના સમયની હસ્તપ્રતોમાં કેટલીકવાર સુવર્ણરંગની જગ્યા પીળા અને રાતા રંગની પૃષ્ઠભૂમિની જગ્યા આસમાની રંગે લીધેલી લાગે છે.

કોતરકામવાળી ઉપસેલી વેલો અને છોડવાઓ કાંતો એક જ શૈલીનાં બનાવાતાં અગર કુદરત ઉપરથી પણ બતાવવામાં આવતાં. પશુઓ અને પક્ષીઓનાં ચિત્રોમાં ખાસ વાદળી રંગથી રંગેલા રાજહંસો, સફેદ રંગથી રંગેલા હાથીઓ, ઘોડાઓ, હરણોના વિવિધ જાતનાં નૃત્યચિત્રો વગેરે જોવા મળે છે. કિનારીની ઉપર તથા આજુબાજુના હાંસિયામાં પદાર્થો તરીકે યોજવામાં આવતા જૈન ગ્રંથોની પ્રતોમાં સ્પષ્ટ મંગળ તથા ચૌદ સ્વપ્નાદિનો પણ ઉપયોગ કરવામાં આવતો.

આ કાળનાં ચિત્રોની ખાસ વિશિષ્ટતાઓ તો તેનાં સ્ત્રી અને પુરૂષો બંનેના ચહેરાની રીતો જે બહુ જ જુદા પ્રકારની છે તે છે. વળી તે સાથે તેની આંખો અજાયબીભરેલી છે. પ્રાચીન તાડપત્રના સમય દરમ્યાન ચહેરાઓ હંમેશાં બેમાંથી એક તરફ બેતૃતીયાંશ અગર કંઈક વધારે પડતા ચીતરેલા હોય છે. પછીના કાગળસમય દરમ્યાન આગળની આંખો સંપૂર્ણ દોરવામાં આવતી કે જે પોટ્રેટની ખાલી જગ્યા રોકતી.

જૈન મંદિરોમાં મોટેભાગે દરેક મૂર્તિ ઉપર મૂર્તિના પથ્થરમાં કોતરેલાં મૂળ ચક્ષુઓ ઉપરાંત વધારાનાં સ્ફટિકનાં ચક્ષુઓનો ઉપયોગ થાય છે. આ સ્ફટિકનાં ચક્ષુઓ મૂર્તિની મૂળ કુદરતી આંખો ઉપર અરધો ઈંચ અગર તેથી વધારે આગળ ઉપરથી આવતાં દેખાય છે. અને જ્યારે મૂર્તિની એક બાજુથી જોવામાં આવે ત્યારે જૂનાં ચિત્રોમાં જેવી રીતની પોટ્રેટની આંખો ચિતરવામાં આવેલી હોય છે તેને બરોબર મળતી હોય તેમ દેખાય છે. સામાન્ય રીતે

ચિત્રકારોએ મંદિરોનું અનુકરણ કર્યું હોય તેમ લાગે છે. ટૂંકાણમાં આ પ્રવૃત્તિનું મૂળ જૈન મંદિરના સ્થાપત્યમાં સમાયેલું છે. વળી આ ચિત્રોમાં પુરુષ તથા સ્ત્રીની આકૃતિઓના કપાળમાં "O" આવા ટપકા આકારનું તથા પુરૂષોના કપાળમાં "U" આવા આકારનું અને કેટલાક દાખલાઓમાં "≡" ત્રણ લીટીઓ સાહતનું તિલક જોવામાં આવે છે. સ્ત્રીના કપાળમાં "O" આવા પ્રકારનું જે તિલક જોવામાં આવે છે તે પ્રજામાં આજે જેમનું તેમ ચાલુ છે, પણ પુરૂષના કપાળમાં 'U' આવે છે ત્યારે આવા પ્રકારનું જે તિલક જૂના ચિત્રોમાં જોવામાં આવતું, તે પ્રથા તે સમયના રીતરિવાજોનું સમર્થન કરતી લાગે છે. આજે આ પ્રથા જૈનોમાં નાબૂદ થયેલી હોવા છતાં વૈષ્ણવ તથા શૈવ સંપ્રદાયમાં જેમની તેમ ચાલુ રહી છે. પ્રાચીન ચિત્રોમાં મળી આવતાં આવાં 'U' પ્રકારનાં તિલકો કોઈ સંપ્રદાયનાં નહોતાં.[૨]

તીર્થંકરોનાં ચિત્રોમાં બંન્ને પ્રકારનાં તિલકો મળી આવે છે. સાધુ અને સાધ્વીઓની કપડાં પહેરવાની રીત તદ્દન જુદી જ દેખાઈ આવે છે. સાધુઓનો એક ખંભો અને માથાનો ભાગ તદન ખુલ્લો વસ્ત્ર વગરનો હોય છે. જ્યારે સાધ્વીઓનાં માથાનો ભાગ ખુલ્લો હોવા છતાં તેઓનું ગરદનની પાછળ અને આખું શરીર કાયમ કપડાંથી આચ્છાદિત થયેલું હોય છે. પ્રાચીન ચિત્રોમાં રાજ્યમાન્ય વિદ્વાન સાધુઓ સુવર્ણસિંહાસન ઉપર બેઠેલા દેખાય છે. તે સમયની પ્રથાની રજૂઆત ચિત્રકારે ચિત્રમાં કરી બતાવ્યાની સાબિતી છે.[૩]

આમ સોલંકીકાલ દરમ્યાન ગુજરાતમાં તાડપત્રોમાં લઘુચિત્રો દોરવાની જે ચિત્રકલા વિકસી હતી તે વાઘેલાકાલ દરમ્યાન પણ લગભગ ચાલુ રહી જણાય છે. ભારતીય ચિત્રકલાની પ્રાદેશિક શૈલીઓમાં ગુજરાતની લઘુચિત્રશૈલી વિશિષ્ટ સ્થાન ધરાવે છે.

આ રીતે વાઘેલાકાલ દરમ્યાન ગુજરાતમાં વાસ્તુકલા, શિલ્પકલા તથા ચિત્રકલા એ ત્રણેય કલાઓની અનેક વિવિધ રચના મળે છે, એ ઉપલબ્ધ નમૂનાઓ પરથી એ પ્રાંતની કલાઓ વિશે એકંદરે ઊંચી છાપ પડે છે. કૌશલ્યની દૃષ્ટિએ અગાઉ ઉત્તરોત્તર વિકસેલી કક્ષાની મૌલિકતા અને સ્વાભાવિકતાની પરાકાષ્ઠા હવે ધીમે ધીમે ઓળંગાતી જતી જણાય છે.

ભારતની રાજપૂત અને મુઘલકલાની પહેલાં એટલે કે સોળમી સદીના અંત પહેલાં લઘુ પ્રમાણમાં છબીચિત્રોની બે જાતની ચિત્રકલા મળી આવે છે. આ બે જાતમાંથી એક નેપાળ અને ઉત્તર બંગાળ તરફની અગિયારમી સદીના સમયથી મળી આવે છે. અને બીજી ગુજરાત, સૌરાષ્ટ્ર અને રાજપૂતાના બાજુની અગિયારમી સદીના અંત સમયથી મળી આવે છે. આ બન્ને જાતની કલામાં બીજાનું અનુકરણ થયું હોય કે એ બે વચ્ચે કોઈ સંબંધ હોય એમ લાગતું નથી. આ બંને કલાઓ પ્રાચીન ભારતવાસીઓએ સ્વતંત્ર રીતે ઉપજાવી કાઢી છે. પશ્ચિમ ભારતની ચિત્રકલા મુખ્યત્વે હસ્તલિખિત ધર્મગ્રંથોમાં મળી આવે છે. આ ચિત્રકલાને કાલાનુક્રમે

---

૨ એજન ટિ. ૨, લેખ, નં. ૨૩.

૩ એક દિવસ પ્રાતઃકાળે કુમારપાળ ૭૨ સાકર્યતો, ૩૬ રાજકુલો અને બીજા અનેક કવિવ્યાસ પુરોહિત વગેરે સાથે રાજ્ય સત્તામાં, એજન, પૃ. ૩૮.

વર્ગીકૃત કરવામાં આવે છે. પહેલા વિભાગમાં સોલંકી રાજ્યના ઉદયથી વાઘેલાકાલના અંત સુધીમાં લંબાયેલી તાડપત્રોનાં લઘુચિત્રોની ચિત્રકલાનો સમાવેશ થાય છે.

બીજા વિભાગની શરૂઆત વાઘેલાકાલના (ઈ. સ. ૧૩૦૦)થી થાય છે, એની કલાશૈલીમાં બહારની બીજી કલાઓની અસર જણાઈ આવે છે. આ સમય દરમ્યાનમાં ચિત્રો તાડપત્રો ઉપરાંત લાકડાની પાટલીઓ કે જે તાડપત્રની ઉપર નીચે બાંધવામાં આવતી હતી તેના ઉપર તથા કપડાં ઉપર પણ મળી આવે છે.

ગુજરાતની જૈન-આશ્રિત કળાના ત્રીજા વિભાગનાં ચિત્રો મુખ્યત્વે કાગળની હાસ્ત-લિખિત પ્રતોમાં મળી આવે છે. તેની શરૂઆત ઈ. સ.ની પંદરમી સદીની શરૂઆતથી થઈ હોય એમ જણાય છે આ ત્રીજા વિભાગની કળાનો અંત વિક્રમની સોળમી સદીના અંત સમય દરમ્યાન આવે છે.

## પ્રાચીન લઘુચિત્ર :

બીજા ચિત્રમાં અંબિકાદેવીને ચીતરવામાં આવી છે. ચતુર્ભુજ દેવી વસ્ત્રાભૂષણોથી સુસજ્જિત છે. બન્ને હાથમાં આમ્રલુંબી છે. ચિત્રમાં કમળ જેવું દેખાય છે તે આંબાનાં પાંદડાં છે. હથેલીમાં નીચેના ભાગમાં ત્રણ ત્રણ કેરીઓનાં ઝૂમખાં લટકતાં સ્પષ્ટ દેખાય છે. નીચેના જમણા ખોળામાં જમણા હાથથી બાળક પકડેલું છે. ડાબા હાથમાં કેરી લટકતી પકડી છે. તેનું વાહન સિંહ ચીતરેલું છે.

વિસલદેવ પાટણના મહારાજા થયા પછી વિ. સં. ૧૩૧૩માં લંબાયેલી કથારત્ન સાગરની પ્રતમાં બે ચિત્રો જોવા મળે છે. એક ચિત્ર (જૈ. ચિ. ક. ચ. ૪૬) પાર્શ્વનાથનું છે. શરીરનો વર્ણ નીલ-લીલો મસ્તક ઉપરની નાગની ફણાનો રંગ કાળો પૃષ્ઠ ભૂમિ ઘેરા લાલ રંગની છે. ચિત્રનું કદ ૨ × ૧-૧/૨ ઈંચ છે.[૪]

બીજા ચિત્રમાં સ્ત્રી અને પુરુષના શરીરનો વર્ણ પીળો છે કપડાં ગુલાબી રંગનાં, લીલા-રંગની કિનારવાળાં, પૃષ્ઠભૂમિ કિરમજી રંગની છે. ચિત્રનું કદ ૨ × ૧-૧/૨ ઈંચ છે.

આ પછી સંવત્ ૧૩૨૭માં લંબાયેલી શ્રાવક પ્રતિક્રમણ ચૂર્ણીની એક પ્રત મળે છે જે અમેરિકાના બોસ્ટન સંગ્રહાલયમાં સચવાયેલી છે.[૫]

આ પછી સારંગદેવના સમયમાં સંવત ૧૩૩૫ના પાટણના સંઘવી પાડાના ભંડારની કલ્પસૂત્રકાલકથામાં બે ચિત્રો મળે છે. પ્રથમ ચિત્ર (જૈ. ચિ. ક. ચિ. ૫૦)માં જૈન સાધ્વીઓ ઉપદેશ સાંભળે છે. ચંદરવાની નીચે બે શ્વેતાંબર સાધુઓ ઉપદેશ આપતા બેઠેલા છે. દરેકના

---

૪ સં. જીન મંડળ ચતુર્વિજય મુનિ. શ્રી ગોન્ડેકર સં. કુમારપાળ પ્રબંધ ભાષાન્તર આત્માનંદ ગ્રંથમાળા, ભાવનગર ૧૯૧૨, પૃષ્ઠ ૯૬-૯૭.

૫ મજુમદાર એ. કે. ચૌલકયસ ઑફ ગુજરાત, પ્ર. ૩૯૫, ભારતીય વિદ્યાભવન, મુંબઈ-૧૯૫૬.

જમણા હાથમાં ફૂલ છે. જમણો ખભો હંમેશા ખુલ્લો ઉઘાડો રાખવામાં આવે છે. તેને બદલે બાહ્ય શરીર વસ્ત્રથી આચ્છાદિત થયેલ છે.[૬]

બીજા ચિત્રમાં (જૈ. ચિ ક. ચિ. ૫૧) શ્રાવિકોને બતાવી છે. તેઓ કીમતી વસ્ત્રાભૂષણોથી સુસજ્જિત થઈને બન્ને હાથની અંજલિ જોડીને ઉપદેશ શ્રવણ કરતી બેઠેલી છે.[૭]

આ પછી વિ. સં. ૧૩૩૬માં લખાયેલ "કલ્પસૂત્ર" સૂચિત તાડપત્રમાં પાંચ ચિત્રો આપેલાં છે.

આ ચિત્રમાં મનુષ્યને રાજાની માફક દાઢીવાળો અને ગાદી ઉપર બેઠેલો ચિતરેલો છે. ઉપરના જમણા હાથમાં અંકુશ અને ડાબા હાથમાં છત્રી પકડેલી છે. નીચેના બન્ને હાથમાં કાંઈ પણ નથી. તેણે ધોતી અને દુપટ્ટો પહેરેલો છે. તેના જમણા હાથ નીચે તેનો હાથી છે. ખાલી જગ્યાને ફૂલોથી ભરી દીધેલી છે.[૮]

બીજું ચિત્ર લક્ષ્મીદેવીનું છે. દેવીના ઉપરના બે હાથમાં વિકસિત કમળ છે. નીચેનો જમણો હાથ વરદમુદ્રાએ અને ડાબા હાથમાં બીજોરાનું ફૂલ છે. દેવીના શરીરનો વર્ણ પીળો, સાડીનો રંગ સફેદ, કંચુકી લીલી કોમલતાવાળી છે.[૯]

આ પછી વિ. સં. ૧૩૪૫માં લખાયેલી સુબાહુકથા તથા બીજી સાત કથાઓની તાડપત્રીય પોથીઓ મળે છે તેમાં કેટલાંક ચિત્રો આપવામાં આવ્યાં છે.[૧૦] જેમાંનાં ઉપલબ્ધ ચિત્રોનું વર્ણન આપવામાં આવ્યું છે.

પ્રથમ ચિત્ર (જૈ. ચિ. ક. ચિ. ૫૨)માં તેવીસમા તીર્થંકર પાર્શ્વનાથના પૂર્વના દશ ભાવો પૈકીના પહેલા ભાવનું વર્ણન કરતાં ચિત્રો છે. પ્રથમ ચિત્રમાં રાજા અને યુદ્ધભૂમિ છે. તેની પાછળ ચામરધારિણીઓ છે. પાછળ કોટવાલ ઊભો છે. રાજાની સમક્ષ કોઈકને પકડી લાવવામાં આવ્યો છે. રાજા તેને દેશવટાનો હુકમ આપતો જણાય છે.[૧૧]

આ કલાશૈલીમાં બહારની બીજી કલાઓની અસર જણાઈ આવે છે.[૧૨]

આ સમય દરમ્યાન ચિત્રો, તાડપત્રો ઉપરાંત લાકડાની પાટલીઓ કે જે તાડપત્રોની ઉપર નીચે બાંધવામાં આવતી હતી તેના ઉપર તથા કપડા ઉપર પણ મળી આવે છે.[૧૩]

ગુજરાતની જૈન આશ્રિત કળાનાં ચિત્રો મુખ્યત્વે કાગળની હસ્તલિખિત પ્રતોમાં મળી

---

૬ નવાબ સારાભાઈ મણિલાલ (સં.) જૈન ચિત્રકલ્પદ્રુમ, ચિત્ર નં. ૫૦, અમદાવાદ-૧૯૩૬.
૭ એજન, ચિત્ર નં. ૧૨ થી ૧૪.
૮ એજન, પ્ર. ૧૦૬.
૯ એજન, પ્ર. ૧૦૬.
૧૦ એજન, પ્ર. ૧૦૭.
૧૧ એજન, પ્ર. ૧૧૭.
૧૨ એજન, પ્ર. ૧૧૩.
૧૩ એજન, પ્ર. ૧૧૭.

આવે છે. તેની શરૂઆત ઈ. સનની પંદરમી સદીની શરૂઆતથી થઈ હોય એમ જણાય છે. આ બીજા વિભાગની કલાનો અંત વિક્રમની સોળમી સદીના અંત સમય દરમ્યાન આવે છે. આ ગુજરાતની ચિત્રકળા રજપૂતકલાની અસર નીચે સંપૂર્ણપણે આવી ગઈ હોય તેમ લાગે છે.

ગુજરાતના મહારાજાધિરાજ જયસિંહદેવ કે કુમારપાળ પહેલાં જૈન ગ્રંથભંડારો હતા કે નહીં તેની આજે માહિતી મળતી નથી. ઉપલબ્ધ સાહિત્ય પરથી જણાય છે કે કુમારપાળે એકવીસ અને વસ્તુપાળે અઢાર કરોડના ખર્ચે મોટા ગ્રંથભંડારો સ્થાપેલા હોઈ વાઘેલાકાલની સચિત્ર હસ્તપ્રતો ઠીક ઠીક જળવાઈ રહી છે. ગુજરાતમાં લંબાયેલી પ્રાચીનમાં પ્રાચીન હસ્તપ્રત સં. ૧૧૫૭ (ઈ. સ. ૧૧૦૦)માં ભરૂચની "નીશીથચૂર્ણિ"ના રૂપે મળી આવે છે. જે હાલ પાટણના "સંઘવી પાડા"ના ભંડારમાં જળવાયેલી છે.[૧૪] પછી ખંભાતના શાંતિનાથભંડારમાં આવેલી "જ્ઞાતા" અને બીજી ત્રણ "અગચત્"ની ટીકાવાળી પ્રતમાં બે ચિત્રો મળી આવ્યાં છે.[૧૫-૧૬] જેની મિતિ વિ. સં. ૧૧૮૪ની છે. આ બન્ને પ્રતો ગુજરાતના મહારાજાધિરાજ જયસિંહના વખતમાં, ત્યારપછીની બે પ્રતો કુમારપાળના સમયની મળી આવે છે. જેની લખ્યા સં. ૧૨૦૦ની છે.

સંવત ૧૨૯૪માં લખાયેલી ત્રિસૃષ્ટિશલાકાપુરૂષચરિત્રના દશમાપર્વની પ્રતમાં છેલ્લાં ત્રણ ચિત્રો આવેલાં છે.[૧૭] આ ચિત્રોમાંથી એક ચિત્રને બાજુએ રહેવા દઈ બાકીનાં ચિત્રોને હેમચંદ્ર અને કુમારપાળનાં ચિત્રો તરીકે ઓળખવામાં આવે છે. પ્રથમ ચિત્ર (જૈ. ચિ. ક. ૧૨)માં હેમચંદ્રસૂરિ બેઠેલા છે. પાછળ એક શિષ્ય હાથમાં તાડપત્ર રાખીને ગુરુની પાસે વાચના લેતો હોય એમ લાગે છે. હેમચંદ્રનો જમણો હાથ પ્રવચન મુદ્રાએ રાખેલો છે.[૧૮]

બીજા ચિત્રમાં (જૈ. ચિ. ક. ૧૩) કુમારપાળ પોતે અંજલિ મુદ્રાએ બન્ને હાથમાં ઉત્તરાસંગનો છેડો પકડીને જમણો ઢીંચણ જમીનને અડાડીને ડાબો ઢીંચણ ઊભો રાખીને ઉપદેશ સાંભળે છે. મૂળમાં પાયજામો અને કોટ વાદળી રંગના આલેખેલા છે તે જરીથી ભરેલા બતાવવા મૂળમાં ચિત્રકારે પીળા રંગનો[૧૯] ઉપયોગ કર્યો છે. મસ્તકની પાછળ વાળનો અંબોડો સ્પષ્ટ દેખાય છે.

ત્રીજા ચિત્રમાં શ્રવિકા અંજલિમુદ્રામાં છે. તેણીના માથાનો ભાગ તદ્દન ખુલ્લો છે. તેની કંચુકીનો રંગ પોપટિયા લીલા રંગનો અને શરીરનો વર્ણ પીત તથા તેણી આભૂષણોથી સુસજ્જિત છે.[૨૦]

---

૧૪ એજન, પ્ર. ૧૧૬.

૧૫ એજન, ટી. લેખ નં. ૮ તથા ૧૪.

૧૬ એજન, પ્ર. ૧૧૧.

૧૭ એજન, પ્ર. ૧૨૦.

૧૮ મિ. બ્રાઉને આ ચિત્ર શકેન્દ્ર રાજાનું જણાવે છે પણ તેમ નથી, તે બ્રહ્મયક્ષનું છે. એજન ચિત્ર ૪૮.

૧૯ એજન, ચિત્ર ૪૯.

૨૦ એજન, ચિત્ર ૫૨ થી ૫૯.

સંવત ૧૨૯૪ અરસામાં વિરધવલનું મૃત્યુ થતાં ધોળકાના રાણા તરીકે વિસલદેવનું રાજ્યારોહણ થયું હતું. આ પછી સં. ૧૨૯૮માં શ્રી નેમિનાથચરિત્રની પ્રત લખાઈ છે. તેમાં બે ચિત્રો આવેલાં છે. પ્રથમ ચિત્ર (જે. ચિક. ૪૪)માં વચ્ચે મૂતિ બેઠેલી છે, આજુબાજુ બે ચામર ધારિણીઓ બતાવી છે. મૂર્તિમાં માથા આગળ બે બાજુ એકેક હાથી સૂંઢ ઊંચી કરી અભિષેક કરતા બતાવ્યા છે, મૂર્તિની બેઠક ઉપર જુદી જુદી ડીઝાઈન ચિતરવામાં આવી છે.[૨૧]

આ પછીના ચિત્ર (જૈ. ચિ. ક. ચિ. ૫૩)માં ગુરુમહારાજના ભદ્રાસનની પાછળ ગુરુની સેવા કરતો શિષ્ય ઊભો છે. હાથમાં વસ્ત્રોનો છેડો પકડ્યો છે. નીચેના પ્રસંગમાં ત્રણ સાધ્વીઓ બેઠેલી છે.[૨૨]

ત્યારપછીનાં બે ચિત્રો (જૈ. ચિ. ક. ૫૪-૫૫)માં બલદેવ, મૃગચરણ અને રથકારક એ ત્રણેય વ્યક્તિઓ ફળ પામે છે તે પ્રસંગને લગતાં છે.[૨૩]

આ પછીના ચિત્ર (જૈ. ચિ. ક. ચિ. ૫૬)માં તીર્થંકર શાંતિનાથની પીળા વર્ણની મૂર્તિ બતાવી છે. શરીરનો વર્ણ પીળો અને વાળનો રંગ કાળો બતાવ્યો છે. મૂર્તિ પદ્માસન પર બેઠેલી છે. બાજુમાં ચામરધારિણીઓ છે. બન્ને બાજુએ એક એક હાથી ઉપર આકૃતિઓ બેઠેલી છે.[૨૪]

ત્યાર પછીના ચિત્ર (જૈ. ચિ. ક. ચિ. ૫૭)માં મેઘરથનાં પારેવાં બતાવતો પ્રસંગ આલેખવામાં આવ્યો છે. જમણી બાજુએ મેઘરથ બેઠેલ છે. તેના જમણા હાથમાં મોટું બાણ તથા પોતાના ડાબા હાથથી તે મંત્રીને અવાજ ન કરવા સમજાવે છે. સિંહાસનની નીચેના ભાગમાં પારેવાં ચિતરેલાં છે. મંત્રીના હાથમાં તલવાર છે. રાણીઓ તદ્દન સાદાવેશમાં છે.[૨૫-૨૬]

આ પછીના ચિત્ર (જૈ. ચિ. ક. નૈ. ૫૧)માં મહાવીર સ્વામીનું ચિત્ર દોરવામાં આવ્યું છે. શરીરનો વર્ણ પીળો બતાવવામાં આવ્યો છે.[૨૭]

ત્યાર પછીના ચિત્ર (જૈ. ચિ. ક. ચિ. ૫૯)માં માંગલિકનો પ્રસંગ છે. આ ચિત્રમાં રેખાઓ બહુ બારીક, જાડી, વેગધાર લીટીઓ તેમાં નથી પણ ઝીણવટનો લાભ લેવા રંગ-વિધાન સમગ્ર ચિત્રમાં નવી ભાત પાડે છે. વિવિધતા સમાવતાં એ ચિત્રકાર પાત્રોમાં નવા

---

૨૧ એજન, પૃ. ૧૨૧.
૨૨ એજન, પૃ. ૧૨૧.
૨૩ એજન, પૃ. ૧૨૧.
૨૪ એજન, પૃ. ૧૨૧.
૨૫ એજન, પૃ. ૧૨૩.
૨૬ એજન, પૃ. ૧૨૩.
૨૭ એજન, પૃ. ૧૨૫.

અભિનયો ઉતારી શકયો છે. આ પ્રતમાં સફેદ, લાલ, લીલો, કાળો, વાદળી, ગુલાબી, લીલો વગેરે રંગનો ઉપયોગ કરવામાં આવ્યો છે.[૨૮]

ગુજરાતમાં પ્રાચીન લઘુચિત્રોમાં કુદરતી દ્રશ્યોની રજૂઆત પહેલીવહેલી આ પ્રતમાં માલૂમ પડે છે. વળી ખંભાતના શાંતિનાથ ભંડારની પર્યુષણની પ્રત મધ્યેનાં બે ચિત્રો પૈકીનું એક ચિત્ર[૨૯] ઉત્તરાધ્યયન પ્રત મધ્યેનાં ચિત્રો[૩૦] તથા પાટણના ભંડારની ઋષભભેદચરિત્રની પ્રત મધ્યેનાં બે ચિત્રો[૩૧] પણ લગભગ ૧૩મા સૈકામાં આલેખાયાં જણાયાં છે.

---

૨૮ એજન, પ્ર. ૧૨૬.
૨૯ એજન, પૃ. ૧૦૪.
૩૦ એજન, ચિત્ર નં. ૬૨ થી ૬૫.
૩૧ એજન, ચિત્ર નં. ૬૦-૬૧.

# વૈદિક સાહિત્યમાં "ઋષિ"ની વિભાવના

ઉષા બ્રહ્મચારી*

વૈદિક વાઙ્મયમાં પ્રતિબિંબિત થયેલી ભારતીય સંસ્કૃતિ આજે પણ વિશ્વમાં પ્રસિદ્ધ છે. વૈદિક વાઙ્મયના દૃષ્ટા વૈદિક ઋષિઓ ભારતીય સંસ્કૃતિના અનેક સુઅંશોના આદ્ય સ્રોતને પ્રવર્તાવનારા છે.

સત્પુરુષ એવા ઋષિનું ગૌરવ સવિશેષ છે. ઋષિમાં રહેલ જ્ઞાનપ્રવણતા વિશ્વચૈતન્ય સાથે તાદાત્મ્ય સાધવામાં ઉપયોગી બને છે. ભારતીય સંસ્કૃતિએ ઋષિનું એક આગવું ચિત્ર આપણી સમક્ષ ઊભું કર્યું છે.

ભારતીય પરંપરા વેદના સ્વયંભૂ પ્રાગટ્ય ઉપર ભાર મૂકે છે. યાસ્ક તેમના નિરુક્તમાં આ વિષે વિગતે નિરૂપે છે. તે મુજબ ધર્મનો સાક્ષાત્કાર કરનારા ઋષિઓ થયા, તેઓએ ધર્મનો સાક્ષાત્કાર ન કરનારા પછીનાઓને ઉપદેશથી મન્ત્રો આપ્યા.

"ઋષિ દર્શનને કારણે"[1] એમ નિરુક્ત જણાવે છે. વેદો શાશ્વત છે અને ઋષિઓ વેદોના સૂક્તદૃષ્ટાઓ છે, સૂક્તકર્તા નથી. તેમણે ઉપદેશથી ગ્લાનિ પામતા પછીનાઓને અર્થગ્રહણ કરવા માટે વેદો અને વેદાંગોની રચના કરી.[2]

ચાર વેદ અને બ્રાહ્મણગ્રંથોમાં 'ઋષિ' શબ્દ અનેક રીતે વર્ણવાયો છે. "ऋष गतौ" બીજો ગણ, પરસ્મૈપદ ઉપરથી 'ઋષિ' શબ્દ બન્યો છે. જ્ઞાન વડે જે સંસારની પાર ચાલ્યો જાય તે ઋષિ. હવે આપણે ઋષિ શબ્દ કેવી રીતે ઉદ્ભવ્યો તે વિષે વિચારીએ.

શતપથ બ્રાહ્મણ[3] મુજબ "ઋષિ" શબ્દ "ऋष्" સખત મહેનત કરનાર, સહન

---

**'સ્વાધ્યાય'**, પુ. ૨૪, અંક ૨, વસંતપંચમી અંક, ફેબ્રુઆરી '૮૭, પૃ. ૧૯૧-૨૦૬.

* ઓરિએન્ટલ ઈન્સ્ટીટ્યુટ, વડોદરા.

१ 'ऋषिर्दर्शनात् ।'

—નિરુક્ત, ૨.૧.૧

२ साक्षात्कृतधर्माण: ऋषयो बभूवुः । तेऽवरेभ्योऽसाक्षात्कृतधर्मभ्य उपदेशेन मन्त्रान्सम्प्रादुः । उपदेशाय ग्लायन्तोऽवरे .बिल्मग्रहणायेम ग्रन्थं समाम्नासिषुः । वेदं च वेदाङ्गानि च ।

—નિરુક્ત, ૧.૨૦.

३ श्रमेण तपसा अरिषन्त तस्मात् ऋषयः ।

—શત. બ્રા. ૬.૧.૧.૧.

अथ यदेवानुब्रवीत् तेनऋषिभ्य ऋण जायते ।

—શત. બ્રા. ૧.૭.૨.૩.

કરનારમાંથી વ્યુત્પન્ન થયો છે. ઋષિ–ઋણની કલ્પના વેદમંત્રોના અર્થના વ્યાખ્યાન અને ઉપદેશ પર આધારિત છે. યજુર્વેદમાં[4] ઋષિપદના વિશેષણ 'આર્ષેય'થી એવો ધ્વનિ નીકળે છે કે આર્ષેય અર્થાત્ ઋષિ સંબંધે. વેદાર્થ જ્ઞાન સાથે સંબંધવાળા તે ઋષિ વેદાર્થજ્ઞાતા છે. ઋષિને દાક્ષિણ્ય અપાય છે.[5] તૈત્તિરીય આરણ્યક[6] "ઋષિ" શબ્દની વ્યુત્પત્તિ 'ઋષિ' અર્થાત્ 'ની તરફ જવું', ઉપરથી થયેલી માને છે અને નોંધે છે કે વેદની પ્રાપ્તિ માટે તપનું અનુષ્ઠાન કરનાર મહાનુભાવો સમક્ષ બ્રહ્મ એટલે વેદ સ્વયં પધાર્યા માટે તેઓ ઋષિ કહેવાયા.

ઋષિ પદનું નિર્વચન યાસ્કે 'ઋષ્'થી કર્યું છે.[7] પણ ધાતુપાઠમાં આ અર્થ "ગત્યર્થક" છે, અને નિઘંટુપઠિત[8] પદનામોમાં તે "ઋષિ" પદથી જ્ઞાત થાય છે. યાસ્કનું ઋષિ શબ્દનું નિર્વચન, 'ऋषिदर्शनात्' ધાતુ અને પદના કેવળ એક જ અર્થને પ્રકાશિત કરે છે તથા દર્શન' પદ ત્યાં લાક્ષણિક અર્થનું જ પ્રકાશન કરે છે. સર્વાનુક્રમણી[9] નોંધે છે કે જ્યાં જ્યાં જે જે અર્થ પ્રાપ્ત થઈ શકે તે અર્થ તે તે મંત્રમાંથી કાઢવો. આમ વૈકલ્પિક ઋષિઓવાળાં સૂક્તોમાં બંને ઋષિઓ સાથેના સંબંધનાં વાચક પદોના અર્થ નીકળશે.

"ઋષિ' શબ્દને વધુ વિગતે તપાસતાં જણાય છે કે "ऋष् गतौ" અર્થાત્ જવું એ અર્થવાળા બધા ધાતુઓને इण् લાગે છે.[10] તથા ઉપાન્ત્ય इक् વાળાને कित् પ્રત્યય લાગે છે.[11]

આમ આ બે સૂત્રોથી 'ઋષિ' શબ્દ બન્યો છે.

બૌધાયન ધર્મસૂત્ર અનુસાર "ઋષિ એટલે મન્ત્રાર્થને જાણનાર."[12] આ અર્થમાં મંત્રથી સંબદ્ધ ઋષિ શબ્દ મંત્રના અર્થનો દ્યોતક છે, દેવતા તેનો વિષય છે અને છંદ તેનો નિયામક છે, અને આ ત્રણેના યુગપદ્ જ્ઞાનથી મંત્રાર્થનું જ્ઞાન સરળ થઈ જાય છે. પરિણામે ઋગ્વેદ વગેરે વેદોના ઋષિ વ્યક્તિ–વિશેષ નથી પરંતુ "ઋષિ" જેવું પદ મંત્રોના અર્થોનું પરિચાયક, સારયુક્ત, ગુણવાચક યૌગિક પદ છે.

---

૪ યજુર્વેદ, ૭.૪૬.

૫ यो वै ज्ञातोऽनूचानः स ऋषिरार्षेयः
—શત. બ્રા. ૪.૩.૪.૧૯.

૬ अजान ह वै पृश्नींस्तपस्यमानान् । ब्रह्म स्वयंम्वभ्यानर्षत् तदृषयोऽभवन् ॥
—તૈત્તિરીય આરણ્યક, ૨.૯.

૭ જુઓ નિરુક્ત, ૨.૧૧–૧૨.

૮ નિઘંટુ, ૫.૬.૨૫.

૯ अन्ये च ऋषयोऽत्र दृष्टलिङ्गः ।
—ઋગ્વેદ, સર્વા. ૫.૪૪.

१० सर्वधातुभ्य इन् ।
—ઉણાદિસૂત્ર, ૪.૫૫૭.

११ इगुपधात् कित् ।
—ઉણાદિસૂત્ર, ૪.૫૫૯.

१२ ऋषिर्मन्त्रार्थज्ञः ।
—બૌધાયન ધર્મસૂત્ર, ૨.૬.૩૬.

'જ્યારે વૈદિક ઋષિ વ્યક્તિ–વિશેષ જ ન રહ્યા હોય તો તેમનું આગવું દર્શન કેવું? કારણ કે કોઈ વ્યક્તિ–વિશેષ વૈદિક ઋષિઓનું દર્શન બતાવવું અસંભવ છે. ઋષિનું અર્થ–જ્ઞાન-વાચક દર્શન અને સંદેશ અવશ્ય વિવેચનીય છે. વેદમંત્રોના અનેક અર્થ થઈ શકે છે, તેમ તેનું દર્શન પણ તે મંત્રાર્થો ઉપર જ નિર્ભર હોય એમ યાસ્કાચાર્યે[૧૩] સાચું જ કહ્યું છે.

વેદાર્થ અપાર સમુદ્ર છે. તેમાં માનવ જીવનપર્યન્ત મગ્ન રહીને પણ તેના અંત સુધી પહોંચી શકતો નથી. પોતાની સીમિત શક્તિથી જેટલું જાણી શકીએ એ જ વેદ અને વૈદિક ઋષિઓનું સારભૂત દર્શન છે. ઋગ્વેદ[૧૪] અને અથર્વવેદ[૧૫] પણ આમ જ કહે છે.

### ઋષિના પ્રકાર :

મંત્રદ્રષ્ટા ઋષિઓના પાંચ પ્રકાર છે. મહર્ષિ, ઋષિ, ઋષીક, ઋષિપુત્ર અને શ્રુતર્ષિ, પુરાણોમાં ફક્ત ત્રણ પ્રકારના ઋષિઓનું જ વર્ણન મળે છે. શેષ બે પ્રકાર નષ્ટ થયાનો સંભવ છે.

એ ત્રણ તે બ્રહ્મર્ષિ, દેવર્ષિ અને રાજર્ષિ. કયાંક સાત પ્રકાર પણ દર્શાવ્યા છે. બ્રહ્મર્ષિ, દેવર્ષિ, મહર્ષિ, પરમઋષિ, કાંડર્ષિ, શ્રુતર્ષિ અને રાજર્ષિ.

"ઋષિ" શબ્દ વિષે સામાન્ય માહિતી અને ઋષિના પ્રકાર વિષે જાણ્યા પછી આપણે વૈદિક સાહિત્યમાંથી ઋષિવિષયક વિગતો તપાસીશું. ઋગ્વેદનાં સૂક્તોના રચયિતાઓને ઋષિઓ કહેવામાં આવ્યા છે. અહીં પ્રાચીન સમયમાં અને વૈદિક પરંપરામાં ઋષિની કેવી વિભાવના હતી એ તપાસવું યોગ્ય થશે. ઋષિ શબ્દ **ऋषिः** એમ એકવચન, **ऋषयः** એમ બહુવચન તથા **महर्षयः**, સપ્તર્ષયઃ, સપ્તવિપ્રાઃ એવા વિવિધ સ્વરૂપે અનેક રીતે ચારે વેદની સંહિતાઓમાં, તેમના બ્રાહ્મણગ્રંથોમાં, આરણ્યકોમાં અને ઉપનિષદોમાં પ્રાપ્ત થાય છે. આ બધામાં ઋષિ શબ્દની વ્યુત્પત્તિ, ઋષિ અથવા ઋષિઓનું કાર્ય, દેવો સાથેનો તેમનો સંબંધ, અને તેમની કુલપરંપરા એમ વિવિધ રીતે ઉલ્લેખો પ્રાપ્ત થાય છે.

ઋગ્વેદમાં ઋષિનો ઉલ્લેખ એમ અનેકવાર વિવિધ રીતે પ્રાપ્ત થાય છે. સ્તુતિકર્તા ઋષિ, યજ્ઞકર્તા અને સોમપાનકર્તા ઋષિની મેધાવી ઋષિ તરીકે પ્રશંસા કરવામાં આવી છે. એટલું જ નહિ ઋષિને વિવિધ રીતે પ્રશંસીને મહત્ત્વ આપવામાં આવ્યું છે. પ્રાચીન અને નવીન ઋષિના ઉલ્લેખો પણ અહીં પ્રાપ્ત થાય છે. આશ્રમનિવાસી ઋષિ પૃથ્વીના પાલનકર્તા, પ્રેરણાદાતા, તેમજ અનેક કર્મો કરનાર, આયુષ્યની વૃદ્ધિ કરનાર હતા. ઋષિ દેવપુત્રો અને દેવો સાથે સંબંધ ધરાવતા અને વિભિન્ન સાધના કરતા. સપ્તર્ષિનો ઉલ્લેખ પણ અનેક સ્થળે મળી આવે છે. હવે આપણે એ વિષે વિગતે વિચારીએ.

---

૧૩ एवमुच्चावचैरभिप्रायैर्ऋषीणां मन्त्रदृष्टयो भवन्ति ।

—યાસ્ક નિરુક્ત, ૭.૩.

૧૪ ઋ. ૧૦.૯૦.૧૬.

૧૫ यद्वै भवृसोऽसि सृजारसोऽसि ।

—અથર્વ, ૫.૧૬.૧.

ઋષિઓ સ્તુતિ કરતા એવા અનેક ઉલ્લેખો ઋગ્વેદમાં પ્રાપ્ત થાય છે જેમ કે હે ઋષિઓ, તમારી સ્તુતિથી પ્રસન્ન થયેલ આ રુદ્રપુત્ર દિવ્ય જળની વર્ષા કરે છે.[૧૬] આમ ઋષિની સ્તુતિમાં એટલું બળ હતું કે તે જળવર્ષા કરાવવામાં સમર્થ થતી. વત્સ ઋષિએ પોતાની ઉત્તમ બુદ્ધિથી અશ્વિદ્વયની (અશ્વિનીકુમારોની) સ્તુતિને જાણી હતી.[૧૭] વધુમાં અશ્વિદ્વયને જણાવવામાં આવે.છે કે જેમ કક્ષીવાન, વ્યશ્વ, દીર્ઘતમા તથા વેનના પુત્ર પૃથુએ યજ્ઞસ્થાનમાં તમને આહુત કર્યા હતા તે જ રીતે હું પણ સ્તુતિ કરું છું[૧૮] આમ આ ઉપરથી સ્તુતિ કરવાની પ્રણાલિ પરંપરાગત આવી હશે એમ જણાય છે. તદુપરાંત દર્શાવ્યું છે કે વત્સઋષિએ ઉત્તમ બુદ્ધિથી અશ્વિનીકુમારોની સ્તુતિને જાણી.[૧૯]

ઋગ્વેદમાં સ્તુતિવિષયક અન્ય ઉલ્લેખો પણ પ્રાપ્ત થાય છે જેમ કે અશ્વો ઈન્દ્રને યજ્ઞમાં સ્તુતિ કરતાં ઋષિઓની નજીક પહોંચાડે[૨૦] ઋષિગણ અગ્નિની સ્તુતિ કરે છે.[૨૧] ઋષિઓ સ્તુતિઓથી સંપન્ન હોય છે.[૨૨] ઋષિઓને આશ્રયપ્રાપ્તિ માટે સ્તુતિ કરવા સૂચવવામાં આવ્યું છે.[૨૩] તેમજ અગ્નિને જણાવાયું છે કે હે અગ્નિ ઋષિગણ તમારી સ્તુતિ કરે છે.[૨૪] હે ઋષિ, તમે હવ્ય આપવા સ્તુતિ સહિત મરુતોની સમક્ષ જાવ.[૨૫] ઋષિઓ ઉષાની સ્તુતિ કરતા. ઋષિઓ દ્વારા સ્તુત્ય અને પૂજ્ય ઉષા પ્રાતઃકાળને લાવનારી છે.[૨૬] ઈન્દ્ર ઘણા ઋષિઓ દ્વારા સ્તુત્ય છે એમ પણ દર્શાવ્યું છે.[૨૭] ઈન્દ્રને પૂછવામાં આવે છે કે હે ઈન્દ્ર, કયા ઋષિ તમારી સ્તુતિના વાહક છે?[૨૮]

સ્તુતિકર્તા ઋષિ વિષે વિચાર્યા બાદ હવે આપણે યજ્ઞકર્તા ઋષિ વિષે વિચારીશું. આ વિષે ઋગ્વેદમાં દસમા મંડળમાં વિપુલ પ્રમાણમાં ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. તૃતીય મંડળમાં

---

૧૬ आर्चुच्यवुर्दिव्यं कोशमेत ऋषे रुद्रस्य मरुतो गृणानाः ॥

—ઋ. ૫.૫૯.૮.

૧૭ ઋ. ૮.૮.૧૫ અને

आ नूनमश्विनोर्ऋषिः स्तोमं चिकेत वामया ॥

—ઋ. ૮.૯.૭.

૧૮ यद् वां कक्षीवाँ उत यद् व्यश्व ऋषिर्यद् वां दीर्घतमा जुहाव ।

पृथी यद् वां वैन्यः सादनेष्वेवेदतो अश्विना चेतयेथाम् ।

—ઋ. ૮.૯.૧૦.

૧૯ ઋ. ૮.૯.૭.

૨૦ ઋ. ૧.૮૪.૨.

૨૧ ઋ. ૧.૧.૨.

૨૨ ઋ. ૪.૩૬.૬.

૨૩ ઋ. ૫.૨૫.૧.

૨૪ ઋ. ૫.૪૪.૮.

૨૫ ઋ. ૫.૫૨.૧૪.

૨૬ ઋ. ૭.૭૫.૫.

૨૭ ઋ. ૮.૧૩.૨૫.

૨૮ ઋ. ૮.૩.૧૪.

કુશિકના પુત્રોને સૂચવવામાં આવ્યું છે કે હે કુશિક ઋષિના પુત્રો, યજ્ઞમાં સાથે બેસી તમે હંસોની જેમ એક સ્વરથી સ્તોત્ર બોલો.[૨૯] યજ્ઞકર્તા ઋષિઓ દ્વારા સંભજનીય અગ્નિ યજ્ઞનું પાલન કરનાર છે. ઋષિના યજ્ઞનું રક્ષણ દેવો કરતા એમ અહીં વર્ણવ્યું છે.[૩૦] યજ્ઞાનુષ્ઠાન કરાવનારા મહર્ષિ અત્રિની સ્તુતિની જેમ શ્યાવાશ્વની સ્તુતિ સાંભળવા ઈન્દ્રદેવને વિનંતી કરવામાં આવી છે.[૩૧]

દસમા મંડળમાં[૩૨] જણાવ્યું છે કે પ્રાચીન ઋષિએ યજ્ઞકર્મનો આરંભ કર્યો હતો. દેવાપિ ઋષિએ યજ્ઞ કર્યો તેવો સંદર્ભ દસમા મંડળમાં પ્રાપ્ત થાય છે.[૩૩] વધુમાં અહીં વર્ણવાયું છે કે ઋષિઓ યજ્ઞ-કાર્ય કરતા, વિધિપૂર્વક યજ્ઞને સંપન્ન કરતા તેમ જ મેધાવી ઋષિઓ પૂર્વજોની પદ્ધતિ અનુસાર જ અનુષ્ઠાન કરતા[૩૪] નાભાનેદિષ્ટ ઋષિ યજ્ઞમાં શ્રેષ્ઠ સ્તુતિ કરતા અને સારી રીતે યજ્ઞાદિ કર્મ કરતા એમ વર્ણવાયું છે.[૩૫]

યજ્ઞકર્તાની મહત્તા સૂચવવા અહીં જણાવાયું છે કે યજ્ઞ કરનાર પુરુષ મંત્રથી યજ્ઞને સંસ્કૃત કરે છે માટે યમ તેની રક્ષા કરે છે[૩૬] આમ દસમા મંડળમાં યજ્ઞનું મહત્ત્વ છે. અને ઋષિ દ્વારા યજ્ઞનું અનુષ્ઠાન કરાતું એમ ભારપૂર્વક દર્શાવવામાં આવ્યું છે.

યજ્ઞકાર્યની સાથે સોમપાનનું મહત્ત્વ પણ એટલું જ હતું એમ સ્પષ્ટ રીતે સૂચવ્યું છે. સોમમંડળ તરીકે પ્રખ્યાત નવમા મંડળમાં આ વિષે વિગતે માહિતી પ્રાપ્ત થાય છે.

તૃતીય મંડળમાં ઋષિપુત્રો ઉત્તમ તથા મીઠા સોમરસનું પાન કરે છે તથા ઋષિ જણાવે છે કે મને એકવાર સોમને પીનાર ઋષિ બનાવ.[૩૭]

---

૨૯ हंसाईव कृणुथ श्लोकमद्रिभिर्मदन्तो गीर्भिरध्वरे सुते सचा ॥

—ઋ. ૩.૫૩.૧૦.

૩૦ ऋषिः श्रेष्ठः समिध्यसे यज्ञस्य प्राविता भव ॥

—ઋ. ૩.૨૧.૩.

૩૧ श्यावाश्वस्य सुन्वतस्तथा शृणु यथाशृणोरत्रेः कर्माणि कृण्वतः ।

—ઋ. ૮.૩૬.૭.

૩૨ त आयजन्त द्रविणं समस्मा ऋषयः पूर्वे जरितारो न भूना ।

—ઋ. ૧૦.૮૨.૪.

૩૩ ઋ. ૧૦.૯૮.૫.

૩૪ ઋ. ૧૦.૧૩૦.૫, ૬, ૭.

૩૫ ઋ. ૧૦.૬૨, ૪.

૩૬ ઋ. ૧૦.૧૩.૪.

૩૭ वि पिबध्वं कुशिकाः सोम्यं मधु ।

—ઋ. ૩.૫૩.૧૦.

कुविन्म ऋषिं पपिवांसं सुतस्य...... ।

—ઋ. ૩.૪૩.૫.

નવમા મંડળમાં જણાવ્યું છે કે ઋષિગણ સોમને નિષ્પન્ન કરે છે.[૩૮] ઋષિઓ દ્વારા સંપાદિત વેદના સારરૂપ સોમયુક્ત સૂક્તોનો પાઠ પુરુષો કરે છે, તે વેદ-પાઠીને માટે દેવી સરસ્વતી દૂધ, ઘી, અને સોમરસનું સ્વયં દોહન કરે છે.[૩૯] સોમ ઋષિઓના બંને હાથો દ્વારા ઉત્પન્ન થઈને પાત્રમાં જાય છે.[૪૦] દસમા મંડળ મુજબ અંગિરસ અયાસ્ય ઋષિ સોમની શક્તિથી સંપન્ન થઈને અહીં આગમન કરશે.[૪૧]

આ ઉપરાંત પ્રાચીન ઋષિઓનો ઉલ્લેખ પણ વિવિધ રીતે પ્રાપ્ત થાય છે. પ્રાચીન ઋષિઓ અગ્નિને અન્ન અને રક્ષાના નિમિત્તે બોલાવતા.[૪૨] બૃહસ્પતિને પ્રાચીન ઋષિઓએ પુરોહિતપદ ઉપર સ્થાપિત કર્યા.[૪૩] ઇન્દ્રે પૂર્વજ ઋષિઓનાં સ્તોત્ર સાંભળ્યાં છે.[૪૪]

પ્રાચીન ઋષિઓની જેમ મનુષ્યો સ્તુતિ કરતા તેમજ એ ઋષિઓને ઇન્દ્રાવરુણ બુદ્ધિ વગેરે અર્પતા.[૪૫] દસમા મંડળ મુજબ તેમણે યજ્ઞકર્મનો આરંભ કર્યો હતો. તેઓ ઇન્દ્રની સ્તુતિ કરતા તેમ છતાં તેમણે ઇન્દ્રની માયાના આદિ અંત નથી મેળવ્યા. સુંદર માર્ગ દર્શાવતા પૂર્વકાલીન ઋષિઓને નમસ્કાર કરવામાં આવ્યા છે.[૪૬]

---

૩૮ ઋ. ૯.૮૬.૪.

૩૯ पावमानीर्यो अध्येत्यृषिभिः संभृतं रसम् ।
तस्मै सरस्वती दुहे क्षीरं सर्पिर्मधूदकम् ॥

—ઋ. ૯.૬૭ ૩૨.

૪૦ ઋ. ૯.૬૮.૭.

૪૧ ઋ. ૧૦.૧૦૮.૮.

૪૨ ये चिद्धि त्वामृषयः पूर्व ऊतये जुहूरेऽवसे महि ।

—ઋ. ૧.૪૮.૧૪.

૪૩ तं प्रत्नास ऋषयो दीध्यानाः पुरो विप्रा दधिरे मन्द्रजिह्वम् ॥

—ઋ. ૪.૫૦.૧.

૪૪ ઋ. ૭.૨૯.૪.

૪૫ यच्चिद्धि वां पुर ऋषयो जुहूरेऽवसे नरा ।

—ઋ. ૮.૮.૬.

इन्द्रावरुणा यदृषिभ्यो मनीषां वाचो मतिं श्रुतमदत्तमग्रे ।

—ઋ. ૮.૫૯.૬.

૪૬ अस्मत् पूर्व ऋषयोऽन्तमापुः ।

—ઋ. ૧૦.૫૪.૩.

ऋषयः पूर्वे जरितारो न भूना ।

—ઋ. ૧૦.૮૨.૪.

इदं नम ऋषिभ्यः पूर्वजेभ्यः पूर्वेभ्यः पथिकृद्भ्यः ॥

—ઋ. ૧૦.૧૪.૧૫.

સાતમા મંડળમાં પ્રાચીન અને નવીન બંને ઋષિઓનો ઉલ્લેખ મળે છે.[૪૭] ચતુર્થ મંડળમાં માત્ર નવીન ઋષિની વાત કરવામાં આવી છે.[૪૮]

પ્રાચીન ઋષિઓ વિષે વિગતે વિચાર્યા પછી સપ્તર્ષિ વિષે માહિતી મેળવીએ.

સપ્તર્ષિઓએ પૃથ્વીનું પાલન કર્યું હતું એમ ઋગ્વેદ ચતુર્થ મંડળ જણાવે છે.[૪૯] અશ્વિનીકુમારો સપ્તર્ષિ ઋષિને માટે માયાની પેઢીને પૃથક્ કરે છે.[૫૦] સાત ઋષિઓની પવિત્ર સ્તુતિઓથી યજ્ઞરૂપી રથ યોજવામાં આવે છે.[૫૧] સાત પવિત્ર સ્તોતાઓ સોમરસનું સ્તોત્ર ગાય છે.[૫૨]

આ સર્વે ઉલ્લેખો સપ્તર્ષિ વિષે માહિતી પૂરી પાડે છે.

આ ઉપરાંત ઋગ્વેદમાં ઋષિવિષયક ભિન્ન ભિન્ન માહિતી પ્રાપ્ત થાય છે. ઋષિઓ આયુષ્યની વૃદ્ધિ કરનાર તેમજ જળને વશમાં રાખવાની અગમ્ય શક્તિ ધરાવનાર[૫૩] વિભિન્ન સાધના અને શ્રેષ્ઠ કર્મો કરનાર અને દેવોના આશીર્વાદ મેળવનાર, આશ્રમનિવાસી વગેરે ઉલ્લેખો પ્રાપ્ત થાય છે.[૫૪]

પૃથ્વીના પાલનકર્તા[૫૫] અને પ્રેરણાદાતા ઋષિઓ[૫૬] અનેક કર્મો કરતા.[૫૭] તેઓ દેવો અને દેવપુત્રો સાથે સંબંધ ધરાવતા.[૫૮] આવું પ્રતિભાસંપન્ન વ્યક્તિત્વ ધરાવનાર

---

૪૭ ये च पूर्व ऋषयो ये च नूत्ना ।

—ઋ. ૭.૨૨.૯.

૪૮ वि यो ररप्श ऋषिभिर्नवेभिः...... ॥

—ઋ. ૪.૨૦.૫.

૪૯ ......सप्त ऋषयो दौर्गहे बध्यमाने ।

—ઋ. ૪.૪૨.૮.

૫૦ भीताय नाधमानाय ऋषये सप्तवध्रये ।

—ઋ. ૫.૭૮.૬.

૫૧ ऋषीणां सप्त धीतिभिः ।

—ઋ. ૯.૬૨.૧૭.

૫૨ अभिवाणीर्ऋषीणां सप्त नूषत ।

—ઋ. ૯.૧૦૩.૩.

૫૩ ઋ. ૧.૧૦.૧૧, ઋ. ૩.૫૩.૯, ઋ. ૭.૭૦.૪.

૫૪ ઋ. ૧.૧૭૯.૬, ઋ. ૧૦.૬૨.૫, ઋ. ૫.૩૩.૧૦, ૧૦.૨૨.૧.

૫૫ ઋ. ૪.૪૨.૮, ઋ. ૪.૩૬.૬.

૫૬ ઋ. ૮.૫૧.૩.

૫૭ ઋ. ૭.૭૦.૫, ઋ. ૯.૩૫.૪.

૫૮ ઋ. ૩.૨૧.૩, ઋ. ૫.૨૯.૧, ઋ. ૬.૧૬.૧૪, ઋ. ૮.૧૦૦.૬, ઋ. ૧૦.૨૩.૭, ઋ. ૧૦.૬૬.૧૪, દેવપુત્રો સાથે સંબંધ ઋ. ૧.૧૬૪.૫.

ઋષિઓ વિવેકી પણ હતા. ઋષિનો આ વિવેક દર્શાવવાનું સંહિતાકાર ચૂકયા નથી. વિશ્વની રક્ષિકા માતા સમાન જળને ઋષિગણ નમસ્કાર કરે છે.[૫૯] ઋષિપુત્ર નમસ્કારયુક્ત વષટ્‌મંત્ર દ્વારા અગ્નિની સ્તુતિ કરે છે.[૬૦] આવા વિનમ્ર ઋષિઓને દેવો મદદ કરતા. અગ્નિએ જરત્કર્ણ નામના ઋષિની રક્ષા કરી અને અત્રિ ઋષિનો ઉદ્ધાર પણ અગ્નિએ જ કર્યો. નૃમેધ ઋષિને શ્રેષ્ઠ સંતાનથી યુક્ત કર્યા. અગ્નિ ઋષિને મંત્રદ્રષ્ટા પુત્ર પ્રદાન કરે છે એમ દસમું મંડળ નોંધે છે.[૬૧]

નવનવોન્મેષશાલિની બુદ્ધિપ્રતિભા ધરાવનાર મેધાવી ઋષિનો ઉલ્લેખ ઋગ્વેદમાં મળી આવે છે. મેધાવી ઋષિએ દેવગણને પુષ્ટ કરવા ઉત્તમ મંત્રો તૈયાર કર્યા છે.[૬૨] આ ઋષિ મેધાવી, કવિ અને સોમનો અર્ક કાઢનાર છે.[૬૩] મેધાવી ઋષિઓએ યજ્ઞનું અનુષ્ઠાન કર્યું તેમજ અગ્નિને પ્રદીપ્ત કર્યો.[૬૪]

આવું પ્રતિભાસંપન્ન વ્યક્તિત્વ ધરાવનાર ઋષિને પ્રશંસાનાં પુષ્પો પણ પ્રાપ્ત થાય છે. પ્રથમ મંડળ મુજબ અગ્નિ ઋષિની જેમ પ્રશંસા પામે છે. દસમા મંડળમાં નોંધ્યું છે કે જે ઋષિ દક્ષિણા દ્વારા પુરોહિતને સર્વ પ્રથમ સંતુષ્ટ કરે છે તે બ્રહ્મા કહેવાને યોગ્ય છે.[૬૫]

આમ ઋગ્વેદમાંથી ઋષિવિષયક વિગતે માહિતી મેળવ્યા પછી હવે આપણે અન્ય વેદો અને બ્રાહ્મણગ્રંથોને જોઈશું.

અથર્વવેદ[૬૬] પ્રમાણે પુરાતન ઋષિઓ પ્રકાશમાં રહેતા, ઈશ્વરને ભજતા તેમજ દેવોને અર્પણ કરેલ હવિ ખાતા. ઈન્દ્ર તેમજ અન્ય દેવતાઓ સાથે તેમના જ રથમાં મુસાફરી કરતા. યજ્ઞમાં અપાતા સોમનું તેઓ પાન કરતા. તેઓ વેદના દ્રષ્ટાઓ છે. પૂજ્ય છે. અથર્વવેદ મુજબ ઋષિઓ બે પ્રકારના છે. દૈવી અને માનવીય. આ ઉપરાંત અથર્વવેદ ૪.૨૯માં ઘણા ઋષિઓનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. તેમાં અગસ્ત્ય, અંગિરસ, અંગિરસો, અત્રિ, અથર્વરુણ, ઋભુ, કણ્વ, કશ્યપ, કત્તિ, ગૌતમ, ચ્યવન, જમદગ્નિ દધિકા, દીર્ઘતમસ્, નવગ્વ, નારદ, પરાશર, પુરુમીધ, બૃહસ્પતિ, ભૃગુ, મેધાતિથિ, વસિષ્ઠ, વામદેવ, વિશ્વામિત્ર, શ્વાવાશ્વ, વિમદ, ભરદ્વાજ, વવિષ્ઠર, કુત્સ, કક્ષીવત, ત્રિલોક, ઉશનસ્, મુદમલ અને સોભારીનો સમાવેશ થાય છે.

---

૫૯ ऋषे जनित्रीर्भुवनस्य पत्नीरपो वन्दस्व सवृधः सयोनीः ।

—ઋ. ૧૦.30.૧૦.

૬૦ वषड्वषकित्यूर्ध्वासो अनक्षन् नमो नम इत्यूर्ध्वासो अनक्षन् ।

—ઋ. ૧૦.૧૧૫.૯.

૬૧ ઋ. ૧૦.૮૦.3, ઋ. ૧૦.૮૦.૪.

૬૨ ઋ. ૧.૧૬૨.૭.

૬૩ ઋ. ૮.૭૯.૧.

૬૪ ઋ. ૧૦.૧30.૭, ઋ. ૧૦.૧૫૦.૪, ઋ. ૧.૬૬.૨,

૬૫ तमेव ऋषिं तमु ब्रह्माणमाहुः...... ।

—ઋ. ૧૦.૧૦૭.૬.

૬૬ અથર્વવેદ ૧૮.3.૬૪, ૧૯.૨૨.૧૪.

ઋગ્વેદ[૬૭] સિવાયની સંહિતાઓમાં પણ સપ્તર્ષિનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. ક્યારેક આ ઋષિઓની સંખ્યા છની દર્શાવવામાં આવી છે. ક્યારેક આ છ ઋષિઓનાં જોડકાં વર્ષની છ ઋતુઓ સાથે પણ સરખાવવામાં આવે છે. તો વળી ક્યારેક એકવીસની સંખ્યામાં પણ ઋષિઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.[૬૮]

અથર્વવેદ નોંધે છે કે[૬૯] ઋષિઓ દેવો, અસુરો અને પિતૃઓ કરતાં જુદા પ્રકારનું વ્યક્તિત્વ ધરાવે છે. તેઓ ઋતના પ્રથમ જન્મેલ પુત્રો છે. તેમની શક્તિને અગ્નિ દ્વારા તેજસ્વી કરવામાં આવતી. મેખલા તેમનું હથિયાર ગણાતું. પ્રાચીન ઋષિનો ઉલ્લેખ પણ અહીં પ્રાપ્ત થાય છે.[૭૦] પૂર્વે જન્મેલા અને પ્રાચીન માર્ગદર્શક ઋષિઓને નમસ્કાર કરવામાં આવે છે. બૃહસ્પતિ ઋષિ વિષે નોંધ્યું છે કે દેવો માટે તેમણે મૃત્યુ પસંદ કર્યું અને પોતાની પ્રજા માટે અમરત્વ પસંદ કર્યું નહીં. બૃહસ્પતિ ઋષિએ યજ્ઞને વિસ્તાર્યો.[૭૧]

ઋષિઓ તપથી જન્મેલ છે.[૭૨] એવો ઉલ્લેખ પણ પ્રાપ્ત થાય છે. પૂર્વે ઋતથી જિતાયેલ, ઋતથી જન્મેલ, ઋતથી જ વૃદ્ધિ પામેલ એવા તપથી જન્મેલ અને તપથી સમૃદ્ધ ઋષિઓ પાસે યમને જવા સૂચવાયું છે. પુનઃ હજારો ગીતોના કવિ, સૂર્યના રક્ષક તપથી જન્મેલ ઋષિ પાસે જવા યમને જણાવ્યું છે. મેધા ઋષિઓએ જાણી છે એમ જણાવી મેધાવી ઋષિઓની પ્રશંસા કરી રક્ષણ કરવાનું સૂચન કરાયું છે. અગ્નિ પાસેથી ઋષિઓ બળ મેળવતા[૭૩] ઋષિઓને વિનંતી કરવામાં આવે છે કે, 'દેવો જેવા હે ઋષિઓ, તમે અમને છોડશો નહીં. હે અમર ઋષિઓ મર્ત્ય મનુષ્યોને આયુષ્ય બક્ષો.'[૭૪] દેવોના સૌથી વધુ આવકાર-પાત્ર ઋષિ ગાયક અને વિચક્ષણ છે એમ અથર્વવેદ ભારપૂર્વક નોંધે છે.[૭૫] આ નિર્દેશ ઋષિની મહત્તાને જ સૂચવે છે. ઋષિઓ દેવોના યજ્ઞનાં ગીતોનું મોટેથી ગાન કરતા. તેઓ સ્તુતિઓના પિતા કહેવાતા અને તેઓ કલ્પના બહારનું ડહાપણ ધરાવતા. ઋષિઓ વિજય માટે, શક્તિ મેળવવા અને પવિત્ર કાર્યો કરવા માટે પ્રયત્ન કરતા અને ઇન્દ્રનું બળ જાગ્રત કરતા.[૭૬]

આમ અથર્વવેદ પ્રમાણે ઋષિઓ મેધાવી, જ્ઞાની, કવિ, રક્ષક અને દેવોના પ્રિયપાત્ર તરીકે વર્ણવાયા છે. અહીં પ્રાચીન ઋષિ અને સપ્તર્ષિનો નિર્દેશ પણ મળે છે.

---

૬૭ વાજસનેયી સંહિતા ૧.૧.૨.૪.
અથર્વવેદ ૯.૧૦૩.૩, સપ્તર્ષિનો ઉલ્લેખ.
૬૮ અથર્વવેદ ૮.૯.૭, ૯.૯.૧૧, ૧૨.૨.૨૭.
૬૯ અથર્વવેદ ૧૦.૧૦.૨૬, ૧૦.૭.૧૪, ૪.૨૩.૫, ૬.૧૩૩.૨.
૭૦ અથર્વવેદ ૧૮.૨.૨.
૭૧ અથર્વવેદ ૧૮.૩.૪૧.
૭૨ અથર્વવેદ ૧૧.૧૨.૬, ૧૮.૨.૧૫, ૧૮.૨.૧૮.
૭૩ અથર્વવેદ ૬.૧૮૮.૩, ૨.૩૫.૪, ૪.૨૩.૫.
૭૪ અથર્વવેદ ૬.૪૧.૩.
૭૫ અથર્વવેદ ૯.૧૦૭.૭.
૭૬ અથર્વવેદ ૯.૭૬.૪, અને ૯.૩૫.૪.

યજુર્વેદ મુજબ ઋષિઓ આર્ષદ્રષ્ટા હતા.[૭૭] ઋષિઓ પ્રથમ ઉત્પન્ન થયેલા હતા.[૭૮] તૈત્તિરીય સંહિતાની ઇષ્ટિકાના મંત્રોમાં દરેક ઇષ્ટિકાની સાથે એક એક મંત્ર યોજવામાં આવ્યો છે. તેમાં રથાન્તરસામ તને દઢ સ્થાપિત કરે અને પ્રથમ ઉત્પન્ન થયેલા ઋષિઓ તને દેવોમાં સ્થાપિત કરે એવી ભાવના વ્યક્ત થઈ છે.

ત્યારપછી કાઠક સંહિતાના મંત્રોનાં બૃહત, સામ, વૈરૂપ સામ અને શાકવર રૈવત સામ તને પ્રતિષ્ઠિત કરે એમ કહીને પ્રથમ ઉત્પન્ન થયેલા ઋષિઓ તને દેવોમાં સ્થાપિત કરે એમ કહેવામાં આવ્યું છે. અહીં પણ પ્રથમ ઉત્પન્ન થયેલા ઋષિનો ઉલ્લેખ છે.

કાઠક સંહિતામાં[૭૯] કામ્યેષ્ટિ માટેના પુરોનુવાકયના મંત્રોમાં સોમને દેવોમાં બ્રહ્મા, કવિઓમાં શ્રેષ્ઠ અને વિપ્રોમાં ઋષિ કહ્યો છે. વિપ્રોમાં ઋષિનું ગૌરવ પ્રસ્થાપિત કરવામાં આવ્યું છે. તેમજ વિશ્વકર્મા અંગેના ઉલ્લેખમાં સપ્તર્ષિઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.[૮૦] પૂર્વે ऋषयःનો ઉલ્લેખ પણ કરવામાં આવ્યો છે.[૮૧] તેમજ દીર્ઘશ્રુતમ એટલે અત્યંત સુદીર્ઘ જ્ઞાનવાળી વ્યક્તિ તરીકે ઋષિને વર્ણવવામાં આવ્યા છે.[૮૨]

મૈત્રાયણી સંહિતામાં ઋષિઓને કવિઓ કહેવામાં આવ્યા છે.[૮૩]

સામવેદમાં ઋષિઓને મુખ્યત્વે સ્તુતિ કરનાર ઋષિ તરીકે જ વર્ણવવામાં આવ્યા છે. સ્તુતિ કરનાર ઋષિ સ્તોત્રોથી રથને સુશોભિત કરે છે. ઋષિઓની સાત પદોવાળી વાણી સોમની સ્તુતિ કરે છે. ઋષિઓ ઇન્દ્રની પણ સ્તુતિ કરતા વર્ણવાયા છે. ઇન્દ્રની ઋષિઓએ સ્તુતિ કરી છે તેને લીધે તે સંવર્ધિત થાય છે. ઋષિના સમાન મનવાળા અને ઋષિઓની હજારો સ્તુતિઓથી પ્રશંસિત સોમ છે એમ પણ નોંધવામાં આવ્યું છે.[૮૪]

ઋષિને જ્ઞાની પણ કહેવામાં આવ્યા છે. વિપ્રમાં ઋષિનો ઉલ્લેખ અહીં પ્રાપ્ત થાય છે.[૮૫] ઋષિઓ દ્વારા એકત્ર કરાયેલ રસનું તથા મંત્રોનું અધ્યયન કરનાર બધા પવિત્ર અન્નનું

---

૭૭ યજુ. ૭/૪૬.

૭૮ તૈ. સં. ૪.૪.૨, કાઠક સંહિતા ૧૭/૮.
- अ. रथान्तर साम......वरिणा प्रथन्तु ।
- ब. वैरुपं साम......वरिणा प्रथन्तु ।
- क. वैराणं साम......वरिणा प्रथन्तु ।
- ड. शाक्वरैवत साम......वरिणा प्रथन्तु ।

૭૯ કાઠક સંહિતા ૨૩/૧૨, તૈ. સં. ૩.૪.૧૧.૧.

૮૦ કાઠક સંહિતા ૧૮.૩.

૮૧ કાઠક સંહિતા ૧૮.૪.

૮૨ કાઠક સંહિતા ૮.૧૬.

૮૩ મૈ. સંહિતા ૪.૧.૨.

૮૪ સામવેદઃ ૧.૪૧૮, ૧.૫૭૭, ૨.૩૮૦, ૨.૫૨૬.

૮૫ સામવેદઃ ૨.૨૯, ૨.૨૯૪.

ભક્ષણ કરે છે, તેને વિદ્યાદેવી દૂધ, ઘી, મધ અને પાણી આપે છે. શુદ્ધ કરનાર, કલ્યાણ કરનાર, ઉત્તમ ફળ દેનાર, ઘીની વૃષ્ટિ કરનાર મંત્ર, ઋષિઓ દ્વારા એકત્ર કરાયેલ સારરૂપ છે. અને ઇન્દ્ર ઋષિઓ દ્વારા બળવાનના રૂપમાં પ્રસિદ્ધ કરાયો છે.[૮૬]

બ્રાહ્મણગ્રંથોમાં ઋષિઓને પ્રાણ ગણવામાં આવ્યા છે. આમ માનવીના જીવનમાં જેટલી પ્રાણની અગત્ય છે એટલી જ અગત્ય માનવીને ઋષિની પણ છે. આ બાબત ઋષિના મહત્ત્વને સમર્થન આપે છે. 'ખરેખર, ઋષિઓ પ્રાણ છે.'[૮૭] આ 'જે કોઈ જ્ઞાનવાન છે તે ઋષિઓ છે'. જે કવિઓ છે, વિપ્રો છે તે ઋષિઓ છે એમ વધુમાં અહીં નોંધવામાં આવ્યું છે.[૮૮]

તત્કાલીન સમાજમાં ઉચ્ચ સ્થાન ધરાવતા વિપ્રો દ્વારા ઋષિ વંદના પામતા. આ બાબત સૂચવે છે કે ઋષિ કેટલા જ્ઞાની હતા અને તેઓ સમાજમાં કેવું ઉચ્ચસ્થાન ધરાવતા. ઇન્દ્રદેવ અને વિપ્રો પણ તેમને નમસ્કાર કરતા. 'જે ઋષિઓ છે તે મંત્રકૃત બ્રાહ્મણ તરીકે જન્મ્યા છે તેમજ જે ઋષિઓ છે તે બ્રાહ્મણો છે.'[૮૯]

ઐતરેય બ્રાહ્મણ[૯૦] મુજબ જે કોઈ ઋષિ હતા તે પૂર્વે કવિ હતા. આમ ઋષિ અને કવિ બંને સાયુજ્ય ધરાવે છે. બંને એક બીજા સાથે ખૂબ સંકળાયેલ જણાય છે.

ઋષિ પોતાના તપના બળથી સ્વર્ગ પણ પ્રાપ્ત કરી શકે છે. બ્રાહ્મણગ્રંથોમાં આ વાતને સમર્થન મળે છે તેમજ ઋષિઓ શ્રમથી, તપ અને વ્રતના આચરણ દ્વારા સ્વર્ગલોકને પ્રાપ્ત કરે છે. શતપથ બ્રાહ્મણ પણ આ જ વાત નોંધે છે કે શ્રમ અને તપ દ્વારા ઋષિઓ ઇચ્છિત વસ્તુ પ્રાપ્ત કરતા.[૯૧] તૈત્તિરીય આરણ્યકમાં પણ આ વાતને સમર્થન મળે છે. તૈત્તિરીય આરણ્યક[૯૨] મુજબ ઋષિને જાણ્યા વિના નગરમાં પ્રવેશ પામી શકાતું નહીં. તેમજ વધુમાં જણાવે છે કે ઋષિઓ બ્રહ્મના સાયુજ્યને પામતા.[૯૩]

પ્રાચીન ઉપનિષદોનાં દસ ઉપનિષદોને મુખ્ય ગણવામાં આવે છે તેમાંથી પ્રશ્ન, મુંડક,

---

૮૬ સામવેદ: ૨.૬૪૮, ૨.૬૪૯, ૨.૬૫૦, ૨.૯૫૮.

૮૭ માધ્યન્દિનીય શતપથ બ્રાહ્મણ ૮.૪.૧.૫.

૮૮ મા. શત. બ્રા. ૪.૩.૪.૧૯, ૧.૪.૨.૭.૮.

૮૯ ऋषिर्हस्म मन्त्रकृद् ब्राह्मण अनायेत ।

—જૈ. બ્રા. ૨.૨૬૬.

एते वै विप्रा यदृषयः ।

—જૈ. બ્રા. ૧.૪.૨.૭.

૯૦ એત. બ્રા. ૬.૨૦.

૯૧ જૈમિનીય બ્રાહ્મણ ૨.૨૧૭, શતપથ બ્રા. ૬.૧.૧.૨, તૈ. આ. ૨.૯.૧, તૈ. સં. ૫.૩.૫.૩.

૯૨ न नैतमृषिं विदित्वा नगरं प्रविशेत् ।

—તૈ. આ. ૧.૧૧.૭.

૯૩ ब्रह्मणः सायुज्यमृषयो गच्छन् ।

—તૈ. આ. ૨.૯.૨.

તૈત્તિરીય, એતરેય, છાંદોગ્ય, બૃહદારણ્યક, કૌષિતકી, શ્વેતાશ્વર, વગેરેમાં ઋષિનો ઉલ્લેખ જુદી જુદી રીતે મળી આવે છે.

પ્રશ્નોપનિષદમાં ઋષિ પિપ્પલાદ ગુરુના રૂપમાં છે. તેઓ માત્ર ઋષિ જ નહીં પણ મહર્ષિ કહેવાયા છે. ભરદ્વાજના પુત્ર સુકેશ, શિવિના પુત્ર સત્યકામ, ગર્ગગોત્રોત્પન્ન સૌર્યાયણી, આશ્વાલયન, ભાર્ગવ અને કબન્ધી આ ૭ ઋષિઓ જ્યારે બ્રહ્મજ્ઞાનની જિજ્ઞાસા અંગે પ્રશ્ન કરે છે ત્યારે તેમને ઉપદેશ આપતાં મહર્ષિ પિપ્પલાદ કહે છે કે શ્રદ્ધાસહિત, બ્રહ્મચર્યપૂર્વક તપ કર્યા પછી તમે એક વર્ષ બાદ પ્રશ્ન કરજો તો હું તે વિષે જે જાણતો હઈશ તે જણાવીશ.

'ત્યાર પછી તે ઋષિ બોલ્યા.'[૯૪]

આ ઉપરથી જણાય છે કે મહર્ષિ અગાધ જ્ઞાની હતા, અને છતાં વિનમ્ર પણ. વળી ઋષિ કરતાં વધુ જ્ઞાની અને ઉચ્ચકોટિના મહર્ષિ ગણાતા. ઋષિ સામાન્ય માનવી જેવી ઈચ્છા ધરાવતા હશે જેમ કે 'ઋષિઓ પ્રજાની કામનાવાળા છે.'[૯૫] વળી 'ઋષિઓ મન વડે જ પ્રજાને સર્જતા.'[૯૬] પ્રશ્નોપનિષદમાં ઋષિનું કાર્ય દર્શાવ્યું છે તે સમયના ઋષિ યજ્ઞાદિ કર્મ કરતા અને આ કાર્ય નિષ્કામભાવથી યુક્ત શુભ કર્મરૂપે કરાતું તેમજ તેનો સમય પણ શુકલ પક્ષનો નિશ્ચિત હતો. શુકલપક્ષને અહીં પ્રાણ ગણ્યો છે.[૯૭] ઋષિઓ કર્મકાંડમાં માનતા અને ખૂબ જ શ્રદ્ધાપૂર્વક યજ્ઞયાગાદિ કર્મો નિશ્ચિત સમયે કરતા. ઋષિઓની ધર્મમાં સાક્ષાત્ દૃષ્ટિ છે. એટલું જ નહીં પ્રશ્નોપનિષદમાં ઋષિઓને સત્યના જ્ઞાતા કહ્યા છે.

'ઋષિઓનું ચરિત્ર સત્ય હોય છે.'[૯૮]

અર્થાત્ કોઈ પણ સત્ય હકીકત ઋષિ દ્વારા જ કહેવાતી જેમકે દેવતાઓને માટે અગ્નિ શ્રેષ્ઠ છે, પિતૃઓને માટે સ્વધા શ્રેષ્ઠ છે. આ સત્ય વાત અથર્વા અને અંગિરસ ઋષિઓ દ્વારા પ્રમાણિત કરાઈ છે. ઋષિઓ સત્યના દૃષ્ટા માત્ર ન હોતા, પણ સ્વયં સત્યરૂપ હતા.

મુંડકોપનિષદ ૩.૨.૧૧માં જણાવ્યું છે કે સત્યને પ્રથમ અંગિરા ઋષિએ જ જાણ્યું. અહીં અંગિરા ઋષિ સત્યદ્રષ્ટા તરીકે દર્શાવ્યા છે. તેમાં આગળ જણાવ્યું છે કે :

---

૯૪ तान् ह स ऋषिरुवाच ।

—પ્રશ્નોપનિષદ ૧.૨.

૯૫ ऋषयः प्रजाकामाः ।

—પ્રશ્નોપનિષદ ૧.૯.

૯૬ मानसा ऋषयः प्रजा असृजन्त ।

—મહાનારાયન ઉપ. ૨૩.૧.

૯૭ ऋषयः शुक्ल इष्टं कुर्वन्तीतर इतरस्मिन् ।

—પ્રશ્નોપનિષદ ૧.૧૨.

૯૮ ऋषीणां चरितं सत्यम् ।

—પ્રશ્નોપનિષદ ૨.૮.

'ખરેખર ઋષિઓ આપ્તકામ હોય છે.[૯૯]

સંસારી ભોગવિલાસથી દૂર રહેલ ઋષિ અને જેમને કોઈ કામના શેષ નથી, તેઓ સંસાર વચ્ચે પણ જલકમલવત્ રહી શકતા. તેમનું જીવન ઉચ્ચકોટિનું હતું. આવા ઋષિઓ સત્ય-સ્વરૂપ પરમેશ્વરના શ્રેષ્ઠ નિવાસસ્થાન નજીક દેવયાન માર્ગથી પહોંચે છે. આ માર્ગ સત્યથી પરિપૂર્ણ હોવાથી આપ્તકામ ઋષિગણ આ માર્ગને જ પસંદ કરે છે.

'ઋષિઓ જ્ઞાનતૃપ્ત હોય છે.' એમ મુંડકોપનિષદ ૩.૨.૫માં જણાવ્યું છે. ઋષિઓ ફક્ત આપ્તકામ જ નહીં પણ જ્ઞાનતૃપ્ત પણ હોય છે. કામનારહિત શુદ્ધ અંતઃકરણવાળો ઋષિગણ જ્ઞાનથી તૃપ્ત થઈને પરમ શાન્ત થઈ પરમાત્માને પ્રાપ્ત કરે છે. તત્કાલીન સમયમાં ઋષિઓ જ સર્વશ્રેષ્ઠ મનાતા, અને સંપૂર્ણ જ્ઞાની થઈ પરમાત્માને પ્રાપ્ત કરતા.

સત્યદ્રષ્ટા આ ઋષિઓ પૂર્ણ બ્રહ્મચર્યનું પાલન કરતા કારણ કે તે સિવાય પરમ સત્ય પામી ન શકાય. પરમસત્ય પરમેશ્વરના જ્ઞાતા ઋષિ બ્રહ્મરૂપ થઈ અમૃતત્વને પ્રાપ્ત કરે છે.

બૃહદારણ્યકોપનિષદમાં વામદેવ ઋષિએ મનુષ્યોને ઉપનિષદોના સિદ્ધાંતોની વાત કરી છે. ઋષિ એટલે 'દ્રષ્ટા' જ્ઞાની. વેદનું અધ્યયન કરનાર વ્યક્તિ ઋષિ બને. આથી ઋષિ વેદજ્ઞ જ હોય.

અહીં ઋષિને 'પ્રાણ' તરીકે પણ ઓળખાવ્યા 'પ્રાણસ્વરૂપ આ ઋષિઓ તીરે બેઠા હતા.'[૧૦૦]

ઋષિઓને જે જ્ઞાન લાધ્યું છે તે જ્ઞાન બીજાઓને પણ કરાવે છે. ઋષિ જ્ઞાની છે તેમજ જ્ઞાનનું અમૃત પીરસનારા પણ છે.

કૌષીતકિ ઉપનિષદમાં ઋષિને બ્રહ્મના જ્ઞાતા કહ્યા છે. 'આ બ્રહ્મ' એમ ઋષિ જાણે છે.[૧૦૧]

મહર્ષિઓના આ પવિત્ર શબ્દો છે. વળી ઋષિનાં વચનો સત્ય જ હોય. બ્રહ્મજ્ઞ ઋષિ 'આ બ્રહ્મ' કહે એટલે માનવું જ રહ્યું ! યજુસ્ જેમનું પેટ છે, સામ જેમનું શિર છે, ઋક્ જેમનું સ્વરૂપ છે એવા આ વેદના જ્ઞાતા ઋષિઓ 'તે બ્રહ્મ' એમ કહે તો તેમાં સંશય હોય જ નહીં ! તેઓ પોતે જ બ્રહ્મમય છે.

---

૯૯ ऋषयो ज्ञानतृप्ताः ।

—મુંડકોપનિષદ ૩.૨.૫.

૧૦૦ प्राणा वा ऋषयः ।

—બૃહદારણ્યક ઉપ. ૨.૨.૩.

૧૦૧ स ब्रह्म इति स विज्ञेय ऋषिः ।

—કૌષીતકી ઉપ. ૧.૬.

તૈત્તિરીયોપનિષદમાં ઋષિને ઉપદેશક કહ્યા છે. તે પરબ્રહ્મનું જ્ઞાન આપે છે. 'આ પ્રમાણે હોય એમ ઋષિએ કહ્યું'.[૧૦૨] ઐતરેય ઉપનિષદમાં પણ આ વાતને સમર્થન મળે છે. 'આવું ઋષિઓનું વચન છે.'[૧૦૩]

અહીં ઋષિ કહે છે કે હું દેવતાઓના અનેક જન્મો જાણી ચૂકયો છું. તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ પહેલાંની પોતાની સ્થિતિ વર્ણવતાં ઋષિ કહે છે કે તેઓ સેંકડો કઠોર પિંજરોમાં બંધાયેલ હતા. હવે તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિથી મુક્ત થયા છે. અહીં વામદેવ ઋષિનો ઉલ્લેખ છે. આ વાત તેમણે ગર્ભમાં શયન કરતાં કહેલી. છાંદોગ્ય ઉપનિષદમાં ઋષિને આર્ષ કહ્યા છે. 'જે આર્ષ છે તે ઋષિ.'[૧૦૪]

ઉત્તમફળની પ્રાપ્તિ કેવી રીતે થાય તે દર્શાવનાર પણ ઋષિ જ છે. ઋષિ સામને માનનાર તેમજ ઉપાસના કરનાર છે. માટે સામ જે મંત્રમાં હોય તેના ઋષિ અને દેવતાનું ચિંતન કરવું.

શ્વેતાશ્વરોપનિષદમાં કહ્યું છે કે 'ઋષિમાં કપિલ પ્રથમ જન્મ્યા.'[૧૦૫]

મહાનારાયણ ઉપનિષદમાં ઋષિનો ઉલ્લેખ મહાનારાયણ તરીકે કરવામાં આવ્યો છે.

'ઋષિઓ પવિત્ર કરનાર છે.'[૧૦૬] લોકગણની એવી વિનંતી છે કે ઋષિઓ, તમે અમને તમારી પવિત્રતા વડે પવિત્ર કરો. ઋષિ પ્રત્યેની લોકોની શ્રદ્ધા અહીં વ્યક્ત થાય છે. અહીં ઋષિની પવિત્રતા પણ સૂચવાય છે. 'ઇન્દ્ર વડે ઋષિને નમસ્કાર.'[૧૦૭]

એક દેવ દ્વારા ઋષિને વંદન કરાય. ઋષિની મહાનતા અને પૂજ્યતાનું શું આ સૂચક નથી?

મહાનારાયણ ઉપનિષદમાં આગળ લખ્યું છે કે–'ઋષિઓને વિપ્રો દ્વારા'[૧૦૮] આ જ પ્રકારનો ઉલ્લેખ તૈત્તિરીય આરણ્યક ૧૦.૧૦.૧, તૈત્તિરીય. સંહિતા ૩.૪.૧૧.૧, અને કાઠક સંહિતા ૨૩.૧૨માં પણ મળે છે.

---

૧૦૨ एतदधिविधाय ऋषिरवोचत् ।
—તૈત્તિરીયોપનિષદ ૧.૭.૧.

૧૦૩ तदुक्तमृषिणाम् ।
—ઐતરેય ઉપ. ૨.૫.

૧૦૪ यद् आर्षेयं तं ऋषिम् ।
—છાંદોગ્ય ઉપ. ૧.૩.૯.

૧૦૫ ऋषि प्रसूतं कपिलं यस्तमग्रे ।
—શ્વેતાશ્વરોપનિષદ ૫.૨.

૧૦૬ पुनन्तु ऋषयः ।
—મહાનારાયણ ઉપનિષદ ૫.૧૨.

૧૦૭ इन्द्राय ऋषिभ्यो नमः ।
—મહાનારાયણ ઉપનિષદ ૭.૫.

૧૦૮ ऋषिर्विप्राणाम् ।
—મહાનારાયણ ઉપનિષદ ૧૭.૮.

બધી યોનિઓ અને રૂપો ઉપર તથા બધાં રચનાત્મક કાર્યો ઉપર અધિષ્ઠિત એવા કપિલ ઋષિને જેણે જન્મ લેતા જોયા તે પરમેશ્વર જ છે અર્થાત્ કપિલ ઋષિ પહેલાં કોઈનો જન્મ નહોતો. આથી કપિલ ઋષિ પરમેશ્વરનું સ્વરૂપ જ ગણાય છે. સમગ્ર વિશ્વના માનવને પરમાત્માનું ઉચ્ચ પ્રકારનું જ્ઞાન કરાવનાર ઋષિ જ છે. આથી જ કપિલ ઋષિને જ્ઞાનવાન કહ્યા છે.

'જે પહેલાં દેવો હતા, ઋષિઓ તેમને જાણનાર છે.'[૧૦૯]

અહીં ઋષિઓનું અમરત્વ દર્શાવ્યું છે. પરમેશ્વરનું અસ્તિત્વ વેદો, ઉપનિષદો વગેરેમાં વર્તમાન છે તે બ્રહ્મા અને બ્રહ્મયોનિને જાણે છે. પણ જે દેવગણ અને ઋષિગણે આ વેદો ઉપનિષદોનું અગાધ જ્ઞાન મેળવ્યું છે, તેઓ પરમેશ્વરના જ્ઞાતા પણ બન્યા છે. અને તેમાં જ તલ્લીન થઈને અમર થઈ ગયા છે.

ઋષિનો દેવતા તરીકેનો ઉલ્લેખ અન્ય સ્થળે પણ ઉપલબ્ધ છે. 'બધા ઋષિઓ દેવતા છે.'[૧૧૦] 'ઋષિ વિશ્વેશ્વર દેવ છે.'[૧૧૧]

હવે ઋષિવિષયક સાયણના અભિપ્રાયને જોઈએ. સાયણાચાર્ય 'ઋષિ' શબ્દને અતીન્દ્રિયદ્રષ્ટા, મંત્રદ્રષ્ટા, જ્ઞાનવાન એવા અર્થમાં પ્રયોજે છે. અગાઉ બ્રહ્મા વડે અનુજ્ઞા પામેલા મહર્ષિઓએ યુગને અંતે, તપ વડે, અંતર્હિત ઇતિહાસ સાથેના વેદોને પ્રાપ્ત કર્યા.'[૧૧૨]

"પરમેશ્વરના અનુગ્રહ દ્વારા અતીન્દ્રિય એવા વેદનું સહુ પ્રથમ દર્શન ઋષિઓએ કર્યું છે. યુગના અંતે પછી વેદનું જેમણે તપથી મનન કર્યું અને જ્ઞાન મેળવ્યું એવા સ્વયંભૂ ઋષિઓને મહર્ષિ કહેવામાં આવે છે."

અહીં સાયણ 'ઋષિ' શબ્દને "દૃશ્" એટલે જોવું સાથે જોડતા લાગે છે. ઋષિઓ વેદનું પ્રથમ દર્શન કરનાર હોવાથી "દૃશ્" ઉપરથી તેઓ "ઋષિ" કહેવાયા. સાયણભાષ્ય મુજબ ઋષિ શબ્દ 'ઋષ્' ધાતુમાંથી ઉતરી આવ્યો છે. જેનો અર્થ જ્ઞાન અને તપનું અનુષ્ઠાન થાય છે. પુરુષને તેમના દ્વારા જ સ્વયંભૂ વેદનું જ્ઞાન પ્રાપ્ત થાય છે.[૧૧૩]

---

૧૦૯ ये पूर्वं देवा ऋषयश्च तद्विदुः ।

—શ્વેતાશ્વર ઉપનિષદ ૫.૬.

૧૧૦ देवता ऋषयः सर्वे ।

—પિન્ડોપનિષદ ૧.૧.

૧૧૧ ऋषिं विश्वेश्वरं देवं ।

—મહા ઉપનિષદ ૧.૩.

૧૧૨ ઋગ્વેદસંહિતા સાયણભાષ્યસહિત-તિલક મહારાષ્ટ્ર યુનિવર્સિટી, વૈદિક સંશોધન મંડળ, પ્રકાશક: એન. એસ. સોનટક્કે, ભાગ ૧, પાનું ૩૨.

૧૧૩ 'ऋष गतौ' इति धातुः। वेदप्राप्त्यर्थं तपोऽनुष्ठितः पुरुषान् स्वयंभूर्वेदपुरुषः प्राप्नोत् ।

—સા. ભાષ્ય. ૧.૩૨.*

* ઋગ્વેદસંહિતા સાયણભાષ્યસહિત-તિલક મહારાષ્ટ્ર યુનિવર્સિટી, સંશોધન મંડળ, પ્રકાશક: એન. એસ. સોનટક્કે ભાગ ૧, પાનું ૩૨.

સાયણ 'ઋષિ' શબ્દને બીજી રીતે પણ સમજાવે છે. જે વેદનું જ્ઞાન ઇન્દ્રિયોથી પર હતું તે ઋષિઓએ શ્રમ અને તપ વડે મેળવ્યું એટલે તેઓ ઋષિઓ કહેવાયા.

બૃહદ્ દેવતામાં જણાવ્યું છે કે "જે ઋષિ છંદ, દૈવત અને યોગને જાણ્યા વિના મંત્રને શીખે છે અથવા શીખવે છે તે પાપી બને છે.[૧૧૪] સાયણભાષ્ય આ વાતની પુનરુક્તિ કરે છે.[૧૧૫]

આ ઉપરથી જણાય છે કે મન્ત્રાર્થ જાણવા માટે, અન્ય બાબતોને જાણવા છતાં ઋષિ વગેરેને જાણવા અત્યંત જરૂરી છે.

બૃહદ્ દેવતામાં કહ્યું છે કે:

'આત્માની ઉત્ક્રાંતિનાં ગીત ગાનાર અંતિમ વર્ગ હતો. અંતિમ વર્ગના જે કોઈ ઋષિ છે તે દેવતા જ છે. અંતિમ વર્ગના ઋષિઓએ પોતાની જાતની દેવ તરીકે પ્રશંસા કરી છે. તેથી આત્મસ્તવન કરનાર જે ઋષિ હતા તેઓ તે જ સમયે દેવતા પણ હતા.'[૧૧૬]

દેવ તેમજ ઉપનિષદોનાં ગૂઢ રહસ્યોને પામનાર ઋષિઓ આ જ્ઞાન દ્વારા જ દેવત્વ પ્રાપ્ત કરતા અને આ ગૂઢ જ્ઞાનમાં તલ્લીન થઈને અમરત્વ પ્રાપ્ત કરતા. અહીં ઋષિ અમરતાના પ્રતીક સમા જણાય છે વળી આ દ્વારા તેમના અગાધ જ્ઞાનનો પરિચય પણ મળે છે. કેટલાક પાશ્ચાત્ય વિદ્વાનોએ પણ 'ઋષિ' શબ્દનું અર્થઘટન કરવા પ્રયત્ન કર્યો છે એમ રાહુરકર નોંધે છે.[૧૧૭]

ઉપરના ઉલ્લેખો દ્વારા સ્પષ્ટ થાય છે કે ઋષિ તેમની તપશ્ચર્યા અને ઈશ્વર પ્રત્યેની અત્યંત શ્રદ્ધાને કારણે દેવ તરીકે પૂજાતા અને દેવ જ મનાતા. આ શું ઋષિની મહત્તા નથી સૂચવતું?

---

११४ अविदित्वा ऋषिं छन्दो दैवतं योगमेव च ।
योऽध्यापयेज्जपेद्वापि पापी याज्जायते तु सः ॥

—બૃ. દે. ૮.૧૩૯.

११५ ऋषिच्छन्दो दैवतानि ब्रह्मार्थं स्वराद्यपि ।
अविदित्वा प्रयुञ्जानो मंत्रकण्टक उच्यते ॥

—ઋ. સા. ભાષ્ય ૧.૩૨.

११६ आत्मानो भाववृत्तानि जगौ वर्गास्तथोत्तमः ।
उत्तमस्य तु वर्गस्य य ऋषिः सैव देवता ॥
आत्मानमस्तोद्वर्गस्तु देवतां यस्तथोत्तमः ।
तस्मादात्मस्तवेषु स्याद् य ऋषिः सैव देवता ॥

—બૃ. દે. ૨.૮૬, ૮૭.

117 Rahurkar, V. G. "The seers of the Ṛgveda", Pub. W. H. Golay, Registrar, University of Poona, First ed., 1964, Rs. 25, Intro, P. XIV,

# નિવાપાંજલિ

## ડૉ. જયદેવભાઈ એમ. શુક્લ

ડૉ. શ્રી જયદેવભાઈ શુક્લના તા. ૩૧–૮–'૮૭ના રોજ થયેલ સ્વર્ગવાસથી સંસ્કૃત-સાહિત્યક્ષેત્રે એક તેજસ્વી તારલાનો અસ્ત થયો. ગુજરાતના સંસ્કૃતપ્રેમીઓએ એક સ્વજન ગૂમાવ્યાની લાગણી અનુભવી છે. ગુજરાતમાં સંસ્કૃત વ્યાકરણશાસ્ત્રની પરંપરાને પ્રચલિત અને પ્રસિદ્ધ બનાવવામાં શુક્લસાહેબનું પ્રદાન અવિસ્મરણીય છે.

ડૉ. શ્રી જયદેવભાઈ મોહનલાલ શુક્લનો જન્મ તા. ૩૦–૯–૨૨ના રોજ થયો હતો. તેમના પિતાશ્રી મોહનલાલ શુક્લ સંસ્કૃતાનુરાગી વિદ્વાન હતા. આમ સંસ્કૃતની વિદ્વતા તેમણે વારસાગત પ્રાપ્ત કરેલી. મુંબઈ યુનિવર્સિટીમાંથી ૧૯૪૬માં એમ. એની પદવી મેળવ્યા પછી, મ. મહોપાધ્યાયશ્રી વાસુદેવશાસ્ત્રીના વિદ્વાન પુત્ર સ્વ. પ્રોફે. કે. વી. અભ્યંકરજીના માર્ગદર્શન નીચે તેમણે 'ભર્તૃહરિના વાક્યપદીય' મહાનિબંધ ઉપર ૧૯૫૪માં પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી અમદાવાદ, એલ ડી. આર્ટ્સ કૉલેજમાં સંસ્કૃતના પ્રાધ્યાપક તરીકે ૧૯૫૫માં તેઓ જોડાયા. અધ્યયન અને અધ્યાપનને વરેલા તેમણે ૧૯૬૯માં ભાષાસાહિત્યભવન, ગુજરાત યુનિ.ના સંસ્કૃત વિભાગમાં રીડર તરીકે સ્થાન પ્રાપ્ત કર્યું. આ સ્થાન ઉપર રહીને તેમણે સંસ્કૃત વ્યાકરણશાસ્ત્રના વિદ્યાર્થીઓને તૈયાર કર્યા. સંસ્કૃત વ્યાકરણ જેવા વિષયમાં રસ હોવો અને અન્યમાં તે જગવવો એ વિરલ છે. પૂરેપૂરી અભ્યાસનિષ્ઠા વિના એ બનતું નથી. તદુપરાંત સંસ્કૃત વ્યાકરણના નીચે મુજબના મહત્ત્વપૂર્ણ ગ્રંથો તેમણે તૈયાર કર્યા : ૧. પાણિનીય વ્યાકરણ શાસ્ત્રનો ઇતિહાસ, ૨. વ્યાકરણ મહાભાષ્ય (પહેલા ત્રણ આહ્નિક) અંગ્રેજી અનુવાદ, ૩. વાક્યપદીય (ત્રણેય કાંડ)નો ગુજરાતી અનુવાદ, ૪. પાણિનીય શિક્ષા તથા ૫. A Dictionary of Sanskrit Grammar (With Prof. K. V. Abhyankar).

તદુપરાંત તેમના અન્ય ગ્રંથો : ૧. પ્રાચીન ભારતનો સાંસ્કૃતિક ઇતિહાસ, ૨. સુબન્ધુની વાસવદત્તા, ૩ ઋગ્વેદના ત્રીજા મંડળનો ગુજરાતી અનુવાદ છે. અંતે તેઓ જે ગ્રંથ ઉપર કામ કરતા હતા તે 'શ્રેણિકચરિત' હતો. અનુવાદોમાં વિષયવૈવિધ્ય દર્શાવે છે કે વિવિધ વિષયોને એમણે આત્મસાત્ કર્યા હતા. તેમના અનેક સંશોધનલેખો પણ પ્રકાશિત થયા છે. ભાષા–સાહિત્ય–ભવનમાંથી નિવૃત્ત થયા પછી અંતે લા. દ. પુરાતત્ત્વમંદિરમાંથી 'શ્રેણિક-ચરિત'ની હસ્તપ્રત મેળવીને તેની સમીક્ષિત આવૃત્તિ તૈયાર કરવાનું કામ હાથ ધર્યું હતું. આમ અંત સમય સુધી તેઓશ્રી સાહિત્યસાધનામાં મગ્ન હતા. ૩૧ ઓગષ્ટ ૧૯૮૭ના રોજ તેમનું દુઃખદ અવસાન થયું. સંસ્કૃત સાહિત્યક્ષેત્રે એક યુગ પૂરો થયો.

---

'સ્વાધ્યાય', પુ. ૨૪, અંક ૨, વસંતપંચમી અંક, ફેબ્રુઆરી '૮૭, પૃ. ૨૦૭–૨૦૮.

સંસ્કૃતવિદ્યાજગતમાં સંશોધન કરનાર વિદ્યાર્થીની પહેલી નજર શુક્લસાહેબ પર પડતી. વિદ્યાર્થીઓના તેઓ સ્વજન બની રહેતા. એમના વાત્સલ્યપૂર્ણ માર્ગદર્શનથી જ વિદ્યાર્થીનો વિષય અંગેનો અડધો બોજ ઉતરી જતો. મારા મહાનિબંધ "વૈદિક સાહિત્યમાં વિશ્વામિત્રનું દર્શન"ના વિષયના નિર્દેશથી માંડીને તેને સમગ્રપણે પ્રસ્તુત કરવા સુધીની વિદ્યાયાત્રાના તેઓ પિતૃતુલ્ય પથદર્શક હતા. એમણે તૈયાર કરાવેલ મહાનિબંધો એમને અમરતાના અધિકારી બનાવે છે. પ્રભુ તેમના આત્માને ચિરઃ શાન્તિ અર્પે એ જ અભ્યર્થના.

પ્રાચ્યવિદ્યા મન્દિર, મ. સ.
વિશ્વવિદ્યાલય, વડોદરા–૩૯૦ ૦૦૨.

ઉષા બ્રહ્મચારી
તા. ૯–૧૦–'૮૭

# ગ્રન્થાવલોકન

**ક્ષણો ચિરંજીવી (ભાગ–૧, ૨):** લેખક : હસિત હ. બૂચ, **પ્ર.** મનુભાઈ નાથાલાલ શાહ, ૪૮૮, ડી ન્યુ રેલ્વે કોલોની, સાબરમતી, અમદાવાદ, ૧૯૮૧, આવૃત્તિ ૧, પૃ. ૧૨ + ૨૭૨ (ભાગ–૧), પૃ. ૧૨ + ૨૮૮, (ભાગ–૨), કિંમત : રૂા. ૨૫ = ૦૦. દરેક ભાગના.

બૅન જૉન્સને કહ્યું છે કે 'To judge of poets is only the faculty of Poets, and not of all poets, but the best'–' કવિનું મૂલ્યાંકન કરવા માટે કવિની શક્તિ–ઉત્તમ કવિની શક્તિ જોઈએ '–આ વિધાન 'ક્ષણો–ચિરંજીવી, ૧–૨'ના કાવ્યાસ્વાદો વાંચતાં સાચું પુરવાર થાય છે. શ્રી હસિત બૂચ જેવા નીવડેલા કવિ. આ બન્ને ગ્રંથોમાં ૧૨૫ કાવ્યોનો રસાસ્વાદ કરાવી, કાવ્યજ્ઞ તરીકેની ચિરંજીવી છાપ અભ્યાસીના ચિત્ત ઉપર સ્થાપે છે. રા. વિ. પાઠક, સુંદરમ્, ઉમાશંકર, નિરંજન, ઉશનસ્ જેવા અગ્રણી કવિઓની કૃતિઓની સાથે શ્રી દેવશંકર મહેતા, શ્રી મહાસુખભાઈ ચુનીલાલ, સવિતાલક્ષ્મી બૂચ, મનુ. હ. દવે, જ્યોતિરામ પટેલ, નિર્ઝરી મહેતા–જેવા પ્રમાણમાં અલ્પપરિચિત કવિઓની રચનાઓને સમભાવપૂર્વક મૂલવે છે, એટલું જ નહિ, એ કાવ્યોનું કાવ્યતત્ત્વ, કલાતત્ત્વ અને સત્ત્વ દર્શાવી, ગુજરાતી કવિતાના આસ્વાદની નવી કેડી કંડારે છે.

ગ્રામવિસ્તારમાં કે નાના સ્થળોમાં રહી શ્રદ્ધાપૂર્વક પોતાનો કાવ્યદીપ પ્રગટાવતા કવિઓનો પ્રકાશપુંજ પારખી શ્રી હસિતભાઈએ 'ક્ષણો–ચિરંજીવી'માં તેની સમ્યક્ સમીક્ષા કરી તેના મર્મસ્થાનોને દર્શાવી પોતાનાં કાવ્યવિવેચનોને ગુજરાતી કાવ્યવિવેચનામાં ચિરંજીવી બનાવ્યાં છે. આટલા વિશાળ ફલક ઉપરના કવિઓના સંગ્રહો વાંચી, એમાંથી મહત્ત્વની રચનાને શોધી, તેનો રસાસ્વાદ કરાવવો–એ કામ કેટલો સમય માગી લે છે તેનો વિચાર કરતાં આ કાવ્યાસ્વાદો કેટલા પરિશ્રમનું પરિણામ છે તેની પ્રતીતિ થાય છે; વળી કાવ્યોનાં મર્મસ્થાનો, રસસ્થાનોને પકડી, તેના છંદ, ઢાળ, લયની ચર્ચા કરી, અરે, તેમાં રહેલા રાગો–શાસ્ત્રીય રાગોની છણાવટ કરી, કવિના ભાવ, ભાવના, ઊર્મિ, ચિંતન, દર્શનને વિશિષ્ટ લઢણવાળી ગદ્યશૈલી રજૂ કરી, શ્રી હસિત બૂચે કાવ્યપરીક્ષક તરીકે ધાર્યાં નિશાન સર કર્યાં છે, અને ગુજરાતી અભ્યાસીઓને રસપૂર્ણ, અર્થસભર, ચિંતનિકાઓ કે નિબંધિકાઓ સમાં સંક્ષિપ્ત છતાં સચોટ કાવ્યવિવેચનોનો આદર્શ પૂરો પાડ્યો છે.

શ્રી હસિતભાઈએ, આ કાવ્યાસ્વાદોદ્વારા, કવિતા એ માત્ર ઊર્મિનું ઉચ્ચારણ જ નથી, પણ ચિંતનથી દીપ્તિમંત થયેલી સંવેદનાની સાથે સાથે યુગનો ધબકાર ઝીલતી, છંદો કે રાગલય-ઢાળમાં વહેતી શબ્દની સૌન્દર્યલીલા છે એમ દર્શાવ્યું છે. આ સવાસો કાવ્યોની ચર્ચા–સમીક્ષા કરતાં, આ વિદ્વાન અભ્યાસી કવિવિવેચકે, કાવ્યનાં રસસ્થાનો, લોકગીતની છટાઓ, ફૂચગીતની

---

**'સ્વાધ્યાય'**, પુ. ૨૪, અંક ૨, વસંતપંચમી અંક, ફેબ્રુઆરી '૮૭ પૃ. ૨૦૭–૨૨૨.

છટાઓ, રાગની ચર્ચાઓ, ભજન–ગઝલની ખૂબીઓ, અછાંદસ રચનાઓમાં રહેલું કાવ્યતત્ત્વ, કવિની મનોમુદ્રાઓ અને તે પણ મિતાક્ષરી રીતે, સંક્ષેપમાં દર્શાવી, કાવ્યાસ્વાદની વિશિષ્ટ પ્રણાલી સ્થાપી છે–અનેક દૃષ્ટિએ કાવ્યાસ્વાદની ક્ષણો તેમના માટે જ નહિ, ભાવક માટે ચિરંજીવી નીવડી છે. માતા, પુત્રીનાં કાવ્યો જ નહિ, પરંતુ સ્વરચિત ' સ્વગત ' કાવ્યનું પણ તટસ્થભાવે, નિરપેક્ષ રીતે મૂલ્યાંકન કર્યું છે. આ કાવ્યાસ્વાદોમાં કાવ્યના દોષો તેના ગુણકથન નીચે ક્વચિત્ જ પેશ થયા છે અને તે પણ કવિને કે વાચકને ડંખે નહિ એ રીતે. કૃતિનિષ્ઠ વિવેચન, અહીં અત્યંત સ્નેહભાવથી, વડીલના વાત્સલ્યભાવથી રજૂ થયું છે–જે કવિને પ્રેરક બને તેવું છે; વિવેચક કવિને પ્રેરક, પ્રોત્સાહક બનવો જોઈએ એ અભિગમ અહીં પ્રત્યક્ષ થાય છે.

' કંકુના સૂરજ આથમ્યા ' ( રાવજી પટેલ ); ' વૃદ્ધિ ' ( ગીતા પરીખ ) ' આપણું ગીત ' ( માધવ રામાનુજ ); ' ફટ રે ભૂંડા ' ( જતીન્દ્ર આચાર્ય ), એક ટેલીફોન ટૉક ( ચન્દ્રકાન્ત ટોપીવાળા ); પાસે બેસો, તો કાંક પૂછું ( મધુકાંત કલ્પિત ); ડિંગળીગઝલ ( જયેન્દ્ર શેખડીવાળા ); કૈંક લીલું ચટક ( રમેશ પારેખ ); કાળ–સૈન્ય આણ્યાં ( મેઘાણી ) અને ખેતરમાં ( જોઈતારામ પટેલ )–વગેરે કાવ્યરચનાઓના આસ્વાદો સર્વગ્રાહી, સમતોલ, લાગણીસભર, કવિના ભાવ-સ્પંદનોને યથાર્થ રજૂ કરનારા અને તેથી નોંધપાત્ર બન્યા છે.

શ્રી હસિત બૂચમાં રહેલો કવિ આત્મા જ, અન્ય કવિના હૃદયના ધબકારાઓને પારખીને, એવી જ કાવ્યોચિત છટાવાળી ગદ્યશૈલીમાં પ્રસ્તુત કરી શકે. વિવેચક કવિનો સમાનધર્મા બન્ધુ છે–એ ઉક્તિને આ કાવ્યવિવેચનો સાર્થક ઠરાવે છે.

આસ્વાદોની ક્ષણોની જેમ ' ક્ષણો ચિરંજીવી 'ના બન્ને ભાગ, ગુજરાતી કાવ્યવિવેચનાના ક્ષેત્રે સદાય ચિરંજીવી રહેશે.

મહિલા આર્ટ્સ કૉલેજ,
વિસનગર–૩૮૪ ૩૧૫.

જિતેન્દ્ર દવે

* * *

**સર્વદર્શનપ્રવેશિકા :** લેખક : મ. મ. વાસુદેવ શાસ્ત્રી અભ્યંકર, અનુવાદક અને પ્રકાશક : ડૉ. અ. ન. જાની, વડોદરા, ૧૯૮૩, પૃષ્ઠ સંખ્યા ૧–૧૫ + ૨૭૦ + ૮, કિંમત : રૂ. ૫૦ = ૦૦.

પ્રસ્તુત ગ્રન્થ સાયણમાધવાચાર્ય પ્રણીત ' સર્વદર્શનસંગ્રહ 'નો મ. મ. શ્રી વાસુદેવ શાસ્ત્રી અભ્યંકરનો સંસ્કૃત ભાષામાં લખેલો ઉપોદ્‌ઘાત છે. શ્રી અભ્યંકરે ઉપરોક્ત ગ્રન્થ ઉપર પ્રાસાદિક છતાં ગંભીર એવી ટીકા લખી છે અને તેની ભૂમિકારૂપે વિભિન્ન ભારતીય દર્શનોની વિષયવાર છણાવટ કરી છે તેમજ મૂળગ્રંથમાં તે તે દર્શનની રજૂઆત માટે જે ક્રમ સ્વીકારવામાં આવ્યો છે તે સહેતુક છે એટલે કે તે તે દર્શનને શ્રેષ્ઠતાના ક્રમમાં તેને ઉત્તરોત્તર ગોઠવવામાં આવ્યો છે એમ પ્રતિપાદન કર્યું છે. શ્રી શંકરાચાર્ય દ્વારા જેને સાંગ દર્શનનું સ્વરૂપ અપાયું એ કેવલાદ્વૈતદર્શન

ભારતીય તત્ત્વચિન્તનનું શ્રેષ્ઠ ફળ છે એ નિર્ણય સર્વદર્શનસંગ્રહની ફલશ્રુતિ છે. અન્ય દર્શનો આ ચરમ સિદ્ધાન્ત સુધી પહોંચવા માટેની ક્રમશઃ આગળની કે ઉપરની ભૂમિકા સુધી દોરી જનાર પર્ગથિયાં જેવાં છે એ દૃષ્ટિ મૂળ લેખકની છે એ બાબત તેની વિષયપ્રતિપાદન માટે અખત્યાર કરેલી પદ્ધતિ ઉપરથી સ્પષ્ટ થાય છે. આમ ભારતનાં વિભિન્ન દર્શનો મનુષ્યબુદ્ધિએ તત્ત્વચિન્તનના માર્ગમાં આગળને આગળ વધતાં નિશ્ચિત કરેલાં સીમાચિન્હો જેવાં છે અને તત્ત્વના સ્વરૂપની વિવિધતા પાછળ છૂપાયેલી એકતાનું પ્રદર્શન કરવામાં સાધનરૂપ છે. આ હકીકત ગ્રન્થકર્તા પોતે આ રીતે જણાવે છે: 'બુદ્ધિની સૂક્ષ્મતામાં તારતમ્ય જણાવવાથી ઉત્તરોતર સૂક્ષ્મદૃષ્ટિવાળા તત્ત્વજ્ઞાનીઓનાં દર્શનો (ક્રમશઃ) અહીં ગૂંથવામાં આવ્યાં છે.' (પૃષ્ઠ ૧૭૯).

આ બાબત અન્યત્ર બીજા કારણની ઉદ્ભાવના કરવાના પ્રયત્નરૂપે રજૂ કરાઈ છેઃ સાયણ-માધવાચાર્યે સ્વીકારેલા દર્શનોના ક્રમમાં, ચાર્વાકદર્શનથી શરૂઆત કરીને પાતંજલદર્શન સુધીનાં દર્શનો આત્મતત્ત્વના સ્વરૂપની બાબતમાં ઉત્તરોત્તર સિદ્ધાંતભૂત શાંકરદર્શનની ઘણીજ નજીક આવતાં દેખાય છે, એ કારણ રહેલું છે. શાંકરમતમાં આત્મા ક્ષેત્રજ્ઞરૂપે, દેહથી ભિન્ન, નિત્ય, અવિકારી, વિભુ, જ્ઞાનસ્વરૂપ ચેતન છે. આ મતની પ્રસ્થાપનામાં સહાયભૂત થાય એમ ક્રમે ક્રમે સ્થૂલથી સૂક્ષ્મદૃષ્ટિવાળાં દર્શનો રજૂઆત પામ્યાં છે. દેહાત્મવાદી ચાર્વાકનું દર્શન પણ પ્રત્યક્ષને જ પ્રમાણ તરીકે સ્વીકારીને ચાલતી અર્વાચીન વિજ્ઞાન જેવી ચિન્તનપ્રણાલી છે. એ સર્વ દર્શનોનું આરંભબિન્દુ છે. તેનાથી પ્રારંભ કરી ઉત્તરોત્તર સૂક્ષ્મથી સૂક્ષ્મતર વિચારણા આગળ વધે એ રીતે દર્શનોનો ક્રમ ગોઠવાયો છે. મનુષ્યબુદ્ધિ આવા ક્રમથી જ તત્ત્વના સૂક્ષ્મતમ સ્વરૂપનું ગ્રહણ કરવા માટે સમર્થ બને છે.

ગ્રંથારંભમાં મનુષ્યમાત્રની પ્રવૃત્તિના હેતુ એવી નિત્ય સુખપ્રાપ્તિની ઈચ્છા અને સર્વ પ્રકારનાં દુઃખો દૂર કરવાની ઈચ્છાની ચર્ચા કરી છે. નિરતિશય સુખવાળી સ્થિતિ હયાતી ધરાવે છે એ વિષે શ્રુતિનું પ્રમાણ સ્વીકાર્યું છે. પરંતુ પ્રત્યક્ષ સુખની લાલસા સ્વાભાવિકપણે વધુ પ્રબળ હોવાથી ઉપર જણાવી એવી આદર્શ મુક્તઅવસ્થા પ્રાપ્ત કરવા ઘણા ઓછા મનુષ્યો પ્રવૃત્ત થાય છે, એ હકીક્ત પ્રત્યે અંગુલિનિર્દેશ કરી, તત્ત્વના સ્વરૂપની ચર્ચાની ભૂમિકારૂપે પ્રમાણચર્ચા રજૂ કરી છે. ભારતીય દર્શનોની આ ખાસિયત છે. જે પ્રમેયને પામવાની અપેક્ષા હોય તેને અનુરૂપ પ્રમાણ હોવું જરૂરી છે. પરમ તત્ત્વ સર્વપ્રમાણોને પ્રકાશિત કરનાર વિશુદ્ધ ચૈતન્યરૂપ છે છતાં તેમાં શબ્દપ્રમાણ કેવી રીતે પ્રવૃત્ત થાય છે એ વિષે સવિસ્તર ચર્ચા કરવામાં આવી છે. પ્રસંગોપાત્ત જીવનું તથા ઈશ્વરનું સ્વરૂપ, આરંભવાદ, પરિણામવાદ, વિવર્તવાદ વગેરે વાદો, સત્ખ્યાતિ, અખ્યાતિ, અન્યથા ખ્યાતિ અને અનિર્વચનીય ખ્યાતિ, તેમજ કાર્યકારણ સંબંધ, ઇન્દ્રિયો તથા મનનું સ્વરૂપ, જ્ઞાનનું સ્વરૂપ, વિવિધ દર્શનોના મતે તત્ત્વોની સંખ્યા, પ્રામાણ્યવાદ, તર્કમૂલક તેમજ શ્રુતિમૂલક દર્શનોના ભેદ વગેરેની વિગતવાર ચર્ચા કરીને આત્મજ્ઞાન દ્વારા નિત્યસુખની પ્રાપ્તિ વિષે ઉપપત્તિ દર્શાવી મોક્ષનું સ્વરૂપ દર્શાવાયું છે.

ગ્રન્થના અન્તમાં સંક્ષેપોની સૂચી પછી એક જ નજરે ખ્યાલ આવી શકે એ માટે વિભિન્ન દર્શનકારોનો આલેખ આસ્તિક નાસ્તિક એવા મૂળભૂત ભેદથી માંડીને તેના અવાન્તર ભેદો

સ્પષ્ટપણે જણાવતો હોઈ વાચકો માટે ખૂબ ઉપયોગી થાય એવો છે. આઠ પૃષ્ઠોમાં આપેલું શુદ્ધિપત્રક છાપકામમાં રહી ગયેલી અશુદ્ધિઓની બહુલતા દર્શાવે છે. કેટલીક જગાઓએ તો સંપૂર્ણ પંક્તિ જ રહી જવા પામી છે.

અનુવાદકે ખૂબજ ગંભીર વિષયને શકય એટલો સરળ બનાવવા માટે પ્રયત્ન કર્યો છે. છતાં વિષયની સૂક્ષ્મતા અને વિચારોની ગહનતાને કારણે પ્રાસાદિક્તા સર્વત્ર જળવાઈ નથી. મૂળ સંસ્કૃતને શકય એટલું સરળ બનાવી ગુજરાતીમાં રજૂ કરવાનો અનુવાદકનો પ્રયત્ન ખરેખર પ્રશંસનીય છે. દર્શનને સ્નાતક કે અનુસ્નાતક કક્ષાએ પોતાનો વિષય બનાવનાર વિદ્યાર્થીઓ ઉપરાંત, ભારતીય દર્શનોના હાર્દને પામવાની ઇચ્છાવાળા સાધારણ વાચકો માટે પણ આ ગ્રન્થ ઘણો ઉપયોગી સાબિત થશે એ વિષે શંકાને સ્થાન નથી. ઉપર જણાવેલી કક્ષાઓમાં ઉચિત માત્રામાં આ ગ્રન્થના અંશોને પાઠ્યક્રમમાં રાખવાથી છાત્રોને વિષયપ્રવેશ માટે અનુકૂળતા થશે. '

પ્રાચ્યવિદ્યા મન્દિર, મ. સ.
વિશ્વવિદ્યાલય, વડોદરા–૩૯૦ ૦૦૨

રામકૃષ્ણ વ્યાસ

* * *

**સ્વાતિ :** (કાવ્યસંગ્રહ) લે. ઈશ્વરભાઈ પટેલ, પ્ર. સ્વાતિ પ્રકાશન (૪૪૮–૧, રચના સોસાયટી, સેકટર ૨૨), ગાંધીનગર, ૧૯૮૩, પૃ. ૧૨ + ૮૦, કિંમત : રૂ. ૧૦ = ૦૦.

'સ્વાતિ' આચાર્યશ્રી ઈશ્વરભાઈ પટેલનો પહેલો કાવ્યસંગ્રહ છે. માધ્યમિક શાળાના આચાર્યપદની વ્યસ્તતાની વચ્ચે લેખકે પોતાનો કાવ્યરસ જાળવી રાખીને સતત પોષ્યા કર્યો છે, અને પોતાની કાવ્યરચનાઓને ઘૂંટતા–મઠારતા–રહી ત્રણ દાયકાથી યે લાંબા સમયગાળાની પોતાની કાવ્યસર્જનપ્રવૃત્તિ પછી સિત્તેરેક રચનાઓનો આ સંગ્રહ પ્રગટ કર્યો છે, એ એમની સજાગ કાવ્યરુચિનું પરિચાયક છે.

'સ્વાતિ'ની રચનાઓ સમગ્રપણે આપણી પાંચમા–છઠ્ઠા દાયકાની કવિતાપ્રવૃત્તિનું સ્મરણ કરાવે છે. આ કાવ્યસંગ્રહમાં છાંદસ, અછાંદસ, ગીતો, મુક્તકો વગેરે પ્રકારની કાવ્ય-રચનાઓ છે. કવિનો ઝોક મુખ્યત્વે છંદોબદ્ધ રચનાઓ તરફ છે. શિખરિણી, પૃથ્વી, મંદાક્રાન્તા, મિશ્રોપજાતિ જેવા છંદો તેઓ સરળતાથી અને સફાઈથી પ્રયોજે છે. સૉનેટનો રચનાપ્રકાર પણ એમને વધારે અનુકૂળ છે એમ સમજાય છે. લગભગ બધાં જ કાવ્યોનાં રચનાબન્ધ અને શૈલી ઉમાશંકર–સુન્દરમ્–રાજેન્દ્રના પ્રભાવને પ્રગટ કરનારાં અને ગાંધી–અનુગાંધીયુગીન સમય-ગાળાના કવિતાપ્રવાહમાં ભળે તેવાં છે.

લગભગ સતત દેખાતું પ્રકૃતિ પ્રત્યેનું આકર્ષણ એ આ સંગ્રહનું સૌથી નોંધપાત્ર લક્ષણ છે. સંગ્રહનાં કાવ્યોનો એક મોટો સમૂહ પ્રકૃતિને વિષય બનાવે છે. શુદ્ધ પ્રકૃતિદર્શનના આનંદને વર્ણવતાં કાવ્યો આ સંગ્રહનું ઉત્તમાંગ છે. કેટલીક સરસ કાવ્યપંક્તિઓ આવાં કાવ્યોમાં ઊઘડી આવી છે :

મઢ્યા છાંયે રસ્તા, હજીય પગલામાં શીતળતા,
વળી વેળા, સાંજે ઢળત, વગડા તેજ ઝુમતા,
હવામાં ખોવાઉં, ગગન રમતાં વાદળ દડે,
અને રંગોળીમાં પવન તરતો જોઉં વગડે. (સુડા ટોવા, પૃ. ૭)

અહીં મુઠ્ઠી મુઠ્ઠી રજ વિખરતી હેમ તણી જે,
રળી લેવા દોડે હરખ મનનો, હૂંફ ભરતો,
અહો મીઠો પીઠે કર શું ફરતો જાય હળવો,
પીઠી ચોળ્યા, હોંશે સભર તડકા શું શરમના,
પરાગે રંગેલા અરવ પગલે સીમ ઊતરે. (હેમંતનો તડકો પૃ. ૧૬)

દ્રવે હેમંતોના જડ જરઠ ચ્હેરા, શિશિરની,
પિળાયેલી સુક્કી નજર નવ જન્મોત્સવ તણા,
તરુશૃંગે શૃંગે હરખ ખમતી શૂન્ય મનથી. (ફાલ્ગુને, પૃ. ૨૨)

મહિયરના નેહ ઊભા પાદર ભરીને જો,
સુંડલીએ વેડ્યા ના જાય... ... ... ... (તડકા વીણ્યા, પૃ. ૪૨)

કવિની સંસ્કૃત ભાષાનો ગાઢ પુટ પામેલી કાવ્યબાનીની લયમાધુરી પણ એમનાં ઋતુ-કાવ્યોમાં સવિશેષપણે અનુભવાય છે. 'માર્ગે-તાજા સુવર્ણદ્રવમાં અવ શર્કરા શા-કોલાહલો' (હેમંત, પૃ. ૧૪). 'પીતામ્બરા હરિત દુકુલ ધારિણી હે' (હેમંત, પૃ. ૧૫), 'પર્ણો તણાં વસન દૂર, સમીર નીરે-નગ્ના વિલોકન-પરા, રવિની સ્પૃહા શી-અંગાંગમાં રમતી !...' (શિશિર, પૃ. ૨૦), 'આ ભાદ્રના પદ પરે સીમ સોહી રહેતી-પીતામ્બરા શિર પરે કણુતામ્ર ભારા.' (ભાદ્રપદે, પૃ. ૨૬), 'પૂર્ણ પ્રફુલ્લરૂપ અવ શારદ કંજ સોહે' (આશ્વિન, પૃ. ૨૭), જેવાં ઉદાહરણો આ પ્રકારનાં કાવ્યોમાં સહેલાઈથી મળે.

પણ કાવ્યબાનીની આ સહજમાધુરી બધે સધાતી નથી. સંગ્રહનું પહેલું જ કાવ્ય એમની કાવ્યબાનીનાં લક્ષણો ઠીક પ્રગટ કરે છે. એ કાવ્યની છેલ્લી પંક્તિઓ જુઓ :

ચલો ચરણ, મ્હાલવાં સ્મિતવર્યાં મનુ-મંડલો,
નિરર્થ બની ખંડની ભ્રમદ રેખને ભૂંસવા,
અફાટ ધરણી તરુ સઘન રાજિમાં શૈલપે,
ચલો કિમપિ દ્રવ્યને વરી લઈ ધરા શોભવા,
પતાલ અવ સાતમાં સરત શેષને નાથવા. (ચલો ચરણ, પૃ. ૧)

કાવ્યબાની સંસ્કૃત ભાષામાંથી બળ મેળવે છે, 'ભ્રમદ' જેવો અપરિચિત સમાસ પણ આપે છે, તે સાથે છંદને સાચવવા 'મનુમંડલો'માં લઘુ-ગુરુની 'નિરર્થ' કે 'પતાલ'માં શબ્દસ્વરૂપની, કે 'તરુ સઘન રાજિમાં'માં અન્વયની ગુજરાતીમાં અસહજ લાગે તેવી છૂટ પણ લેવી પડે છે.

વળી કાવ્યબાનીમાં જ્યારે 'ફ્લૅાટ', 'ડ્રોઈંગ', 'બેડ', 'કીચન' 'રીસીવે', 'રેફ્રિજેટર', 'ડીનર ટેબલે', (પૃ. ૧૦), 'સેફ્ટર', 'ગાર્ડાફ્રેનર' (પૃ. ૪૮), 'નભ પ્રિન્ટ બ્લ્યુમાં', (પૃ. ૫૧), 'લોનો', (પૃ. ૫૨), જેવા પરભાષી શબ્દો ઉમેરાય ત્યારે એ લગભગ હંમેશાં ખટકે છે. કાવ્યબાનીની આવી અસહજતા કે ખટકા ઘણીવાર કાવ્યમાં વિઘ્ન ઊભું કરે છે. જો કે કવિ પોતે કવિતાપદાર્થના કપરાપણા વિશે સભાન છે જ, એટલે આચાર્યશ્રી યશવન્ત શુક્લ પ્રસ્તાવનામાં સૂચવે છે તેમ "કવિની સજ્જતા અને સર્જકતા, સંવેદનશીલતા અને અનુભવસૃષ્ટિ–એ સર્વનું રાસાયણિક સંયોજન" આ કવિની કવિતામાં ઉત્તરોત્તર સિદ્ધ થતું જશે એવી આશા રાખવી રહી.

ફૅકલ્ટી ઑફ આર્ટ્સ, એમ. એસ.
યુનિવર્સિટી, વડોદરા–૩૯૦ ૦૦૨

રાજેન્દ્ર નાણાવટી

*  *  *

**જ્ઞાનદેવ :** લેખિકા–મૃણાલિની દેસાઈ પ્ર. : કુલસચિવ, સરદાર પટેલ યુનિવર્સિટી, યુનિવર્સિટી પ્રેસ, વલ્લભવિદ્યાનગર–૩૮૮ ૧૨૦, પૃષ્ઠ ૧૩૧, મૂલ્ય : રૂ. ૨૩=૦૦.

ભાવરમ્ય ભાષાશૈલીમાં અને અભ્યાસપૂર્ણ પદ્ધતિથી લખાએલું આ "જ્ઞાનદેવ" નામક પુસ્તક ખરેખર વાચનીય અને સંગ્રહયોગ્ય છે.

જ્ઞાનદેવના જીવનચરિત્રના આલેખન સાથે એમની કૃતિઓનો પણ યથોચિત પરામર્શ આપીને સુવિદ્ય લેખિકાએ છેલ્લે આજના સંદર્ભમાં જ્ઞાનદેવના જીવનની ફલશ્રુતિ આપી છે.

અનેક શાસ્ત્રોનું અધ્યયન કરીને, આસપાસના લોકસમાજનું સૂક્ષ્મ નિરીક્ષણ કરીને અને ઈશ્વરની અપરોક્ષ અનુભૂતિ પ્રાપ્ત કરીને પછી જ્ઞાનદેવે લખેલો આ "જ્ઞાનેશ્વરી" ગ્રંથ શું છે?

આ ગ્રંથ એટલે ગોદાવરીને દક્ષિણે પ્રવરાને તીરે નેવાસે ગામના શિવાલયમાં ગુરુ નિવૃત્તિનાથના આદેશથી જ્ઞાનદેવે પ્રવચનરૂપે કરેલું ભગવદ્ગીતાનું નિરૂપણ છે. "આપણે માટે જે ગ્રંથ ઉપલબ્ધ થયો તે જ્ઞાનેશ્વરે જે કહ્યું તે સચ્ચિદાનંદ બાબાએ લખી લીધેલું લખાણ છે". (પૃ. ૨૧).

શારદાનો આ અપૂર્વ વાગ્વિલાસ અદ્વૈત ફિલસૂફીનો સરસ, પ્રાસાદિક અને ભવ્ય ચિતાર આપે છે. અને ગીતાનો ભક્તિવૈભવ પણ સરસ રીતે સમજાવતાં કહે છે :

હે વિશ્વચિ માઝે ઘર–ઐસી મતિ જયાચી સ્થિર,
કિંબહુના ચરાચર–આપણચિ જાહલા. ૧૨–૨૧૩

ઈશ્વર સાથે તદાકાર થયેલો ભક્તશ્રેષ્ઠ કોઈ પણ ભેદભાવ વગર સમગ્ર જગતને પોતાનું ઘર માનીને, દશદિશામાં તે સર્વવ્યાપી ઈશ્વરનું દર્શન કરીને તે ચરાચરા બ્રહ્મમાં એકરૂપ થાય છે.

શબ્દસૃષ્ટિના ઈશ્વરસમા જ્ઞાનેશ્વરના આ ગ્રંથમાં પદે પદે, પૃષ્ઠે પૃષ્ઠે સ્થળે સ્થળે જ્ઞાન-જ્યોતિનો અમૃતમય પ્રકાશ, ઈશભક્તિની મનમોહક સંપદા અને ભારતીય જનમાનસનું સ્નેહમય ભાવચિત્ર જોવા મળે છે.

જ્ઞાનદેવના 'હરિપાઠ–અભંગ'નો પણ સુાવદ્ય લેખિકાએ સુંદર પરિચય આપ્યો છે :

લટિકા વેદ્વાર સર્વહા સંસાર,
વાયા યેરઝાર હરિવીણુ. (પૃ. ૭૭)

ભગવાન શ્રીહરિનું તારક નામસ્મરણ કર્યા વગર નશ્વર સંસારમાં જીવવું એટલે જન્મ-મૃત્યુના ચક્કરમાં ફસાઈ પડવું.

'અમૃતાનુભવ'એ જ્ઞાનદેવનું આધ્યાત્મિક આત્મચરિત્ર છે. આત્માનુભૂતિની સાધનામાંના પોતાના અનુભવો જ્ઞાનદેવે ૮૦૦ ઓવીઓમાં કહેલા છે.

'ચાંગદેવ–પાસષ્ઠી' એટલે મહાયોગી જ્ઞાનદેવની હઠયોગી ચાંગદેવ સાથેની પ્રેમગોષ્ઠી :

'ચાંગદેવા, તે ફ્રી હોઈ જે'. ૬૪

જ્ઞાનદેવ ચાંગદેવને અનુનય કરે છે–'દુન્યવી સંસારનો આ ભેદભ્રમ ભૂલી જઈને તમે તે સર્વવ્યાપી આનંદમય પરમાત્મા સાથે એકરૂપ થઈ જાઓ'.

મહારાષ્ટ્રમાં ઘરેઘર ગવાતા બીજા ગેય અભંગોનો પણ મૃણાલિની બ્હેને ઉદાહરણો આપીને લાલિત્યમય ખ્યાલ આપ્યો છે. એ અભંગોમાં નટનાગર કાનુડા સાથેનો પ્રેમાલાપ છે, કૃષ્ણ વિરહનાં ગીતો છે, મનોબોધ છે, પંઢરપુરના વિઠોબાનું સરસ શબ્દચિત્ર છે અને શ્રીહરિના પ્રેમથી પાગલ થયેલા જ્ઞાનદેવનાં ભાવસુરભી પદપ્રસૂન છે.

જ્ઞાનદેવના જીવનકાર્યની ફલશ્રુતિ આપતાં ખ્યાતનામ લેખિકા કહે છે—'જ્ઞાન મેળવવાથી જીવન નિર્ભય, નિઃસ્પૃહ અને સમૃદ્ધ થાય છે એ એમણે પોતાના પ્રત્યક્ષ દાખલા પરથી જગતને બતાવ્યું...ગામેગામ પદયાત્રા કરી લોકોને જ્ઞાનદીપ ચેતાવી આપ્યો.' (પૃ. ૧૦૬)

'ઓવી અને અભંગ' નામના પહેલા પરિશિષ્ટમાં મરાઠી ભાષાના એ બે મુખ્ય છંદોનો પરિચય આપ્યો છે પણ પ્રારંભમાં આપેલો શ્લોક—

ઓવી જ્ઞાનેશ્વરાચી, ઈ. (પૃ. ૧૧૮) બરાબર નથી. મૂળ શ્લોક આ પ્રમાણે છે :

સુશ્લોકા વામનાચા । અભંગવાણી પ્રસિદ્ધ તુકયાચી ।
ઓવી જ્ઞાનેશાચી । કિંવા આર્યા મયૂરપંતાંચી ॥

બીજા પરિશિષ્ટમાં જ્ઞાનદેવકાલીન મરાઠી ભાષાનું સુંદર વિવેચન કરેલું છે. ત્રીજા પરિશિષ્ટમાં જ્ઞાનેશ્વર અને નરેન્દ્રની રચનાઓમાં સામ્ય હોવા છતાં 'જ્ઞાનેશ્વરી' અને 'રુક્મિણી

સ્વયંવર ' એ ભિન્ન કવિઓની વિભિન્ન રચનાઓ છે એમ સુવિદ્ય લેખિકાએ સાબિત કર્યું છે. છેલ્લા પરિશિષ્ટમાં જ્ઞાનદેવના નાગરપદબંધનું મનોહારી વર્ણન છે.

છેલ્લે જ્ઞાનદેવના જ શબ્દોમાં 'જ્ઞાનેશ્વરી'નું સૌંદર્ય કહેવાનું તો—

મગ પિકલિયા સુખાચ પરિમળુ । કી નિવાલ્યા અમૃતાચા કલ્લોળુ ।
તૈસા કોવળાં આણિ રસાળુ । બોલુ બોલિલા ॥ ૮–૫૭

'પરિપક્વ સુખની સુગંધ જેમાંથી પ્રસરે છે, શીતળ અમૃતની મધુરતા જેમાંથી નીતરે છે એવો કોમળ અને રસથી છલકાતો એક એક શબ્દ મોમાંથી સરે છે'.

સંસ્કૃત, પાલિ અને પ્રાકૃત વિભાગ,
મ. સ. વિદ્યાપીઠ, વડોદરા–૩૯૦ ૦૦૨

ઉમા દેશપાંડે

*    *    *

**ચમત્કારિક શક્તિની શોધમાં :** લે. ભોગીભાઈ ગાંધી, પ્ર. વિશ્વમાનવ સંસ્કાર શિક્ષણ ટ્રસ્ટ, જ્યુપીટર એપાર્ટમેન્ટસ, વડોદરા–૫, આ. ૧, ૧૯૮૩, પૃ. ૧૨ + ૧૪૦ + ૧૦૮= ૨૬૦, મૂલ્ય : રૂ. ૨૭ = ૦૦.

લેખકના 'ચમત્કારોનું વિજ્ઞાન' એ પુસ્તકના અનુસંધાનમાં લખાયેલ આ પુસ્તક છે. ('ચમત્કારોનું વિજ્ઞાન'નું અવલોકન 'સ્વાધ્યાય' પૃ. ૨૧, અંક ૪, ઑગષ્ટ ' ૮૪માં પ્રકાશિત) 'ચમત્કારોનું વિજ્ઞાનમાં'માં પરામનોવિજ્ઞાનનો અભિગમ કેન્દ્રમાં હતો. પ્રસ્તુત પુસ્તકમાં સંમોહન, વિલક્ષણ પીકે, અનન્ય સેન્દ્રિય અભિગમો જેવા અન્ય અભિગમોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ગ્રંથનો છેલ્લો ૪થો ખંડ ' વિશ્વમાનવ 'માં એપ્રિલ ૮૦થી સપ્ટેમ્બર ૮૦ દરમ્યાન પ્રગટ થયેલાં પ્રકરણોનું મહદંશે પુનર્મુદ્રણ છે, અન્ય ત્રણ ખંડ પહેલીવાર પ્રગટ થાય છે.

વિજ્ઞાન અને તત્ત્વચિંતન વચ્ચેની દીવાલો દૂર થઈ બન્ને વચ્ચે સાયુજ્ય સધાય એવી શક્યતા દર્શાવતા કેટલાક ગ્રંથોની વાત કરી લેખકે નિવેદનમાં ઉમેર્યું છે કે “ઘણું બધું બની રહ્યું છે જે આપણી આજની તર્કબુદ્ધિમાં કેમેય ન ઉતરે, કેમેય માન્યામાં ન આવે એવું હોવા છતાં તેનો સ્વીકાર કરીને એની પાછળ કામ કરી રહેલી ગુહ્યશક્તિ વા શક્તિઓના આદિસ્રોતનું અવલોકન કરવા મથીએ, એની પ્રક્રિયાનું રહસ્ય પકડવા મથીએ, અને એનાં સ્વરૂપો, પ્રકારો અને નિયમોનું જે કંઈ જ્ઞાન પ્રાપ્ત થાય તે વિવેકબુદ્ધિ દ્વારા ચકાસીને પ્રગટ કરતા રહીએ.”

લેખકે પોતાનો શુદ્ધ વૈજ્ઞાનિક અભિગમ 'ચમત્કારોનું વિજ્ઞાન'ના 'પરિપ્રેક્ષ્ય'માં પ્રગટ કર્યો છે. તેમાંના કેટલાક સારરૂપ મુદ્દા આ પુસ્તકના નિવેદનમાં રજૂ કર્યા છે. ચમત્કારી ઘટનાઓનો હકીકતી સત્ય તરીકે સ્વીકાર કરવા જેવા મુદ્દા પર ભાર મૂકયો છે.

સત્યદર્શનમાં એકાંગી દષ્ટિકોણને બદલે તટસ્થ સર્વગ્રાહી દષ્ટિકોણની લેખક જિકર કરે છે. સમગ્ર સર્જનની દષ્ટિ વિકસાવવી, પિંડ અને બ્રહ્માંડ, વ્યક્તિ અને વિશ્વ વચ્ચેનો પડદો

હઠાવવો, પરમ અદ્વૈતનો અનુભવ કરવાની ચાવી હાથવગી બનાવવી એ યુગવર્તી પડકારને ઉપાડી લેવાનું બૌદ્ધિકોને લેખક કહે છે, એમાં સમયનાં બલાબલોને પારખવાની અને સમયની માગને જોવા–જાણવાની લેખકની શક્તિ જોઈ શકાય. સમગ્ર માનવજાતની ચિંતા કરતા લેખકનો સમભાવ જ એમને આ અભ્યાસ તરફ દોરી જાય છે.

સંમોહન ( હિપ્નોટિઝમ ), જડ દ્રવ્યો પર અજબ પ્રભાવ (PK), અનન્ય સેન્દ્રિય શક્તિ ( **Unique Sensory Perception** ), ગુહ્ય શક્તિની ખોજમાં એમ ચાર ખંડમાં ૨૮ પ્રકરણ, ૩ પુરવણી, ૧ પરિશિષ્ટમાં વહેંચાયેલા આ પુસ્તકમાં સંમોહન, ટેલિપથી, કલેરવોયન્સ, પ્રેતાત્મવાદ, ટેબલઉચ્ચલન, યુફો, પિરામીડ અને ક્ષ–શક્તિ, જાદુ, સર્પદંશનિવારણ, હસ્તરેખારહસ્ય, રોમાન્ટિક સર્જકો, ડાકણપંથ અને ધર્મઅદાલતો જેવા વિવિધ વિષયોની ચર્ચા છે.

સમગ્ર પુસ્તકમાં વિજ્ઞાન અને અતીન્દ્રિય શક્તિનો મેળ બેસાડવાની, એ બન્ને વચ્ચે તાળો મેળવવાની એક સતત મથામણ જોવા મળે છે. એ માટેના પ્રયોગો, પ્રયોગોનાં પરિણામો, એમાંથી લાધેલું સત્ય, એમાંનું અપૂરતાપણું અને તેથી હજી બીજી રીતે એ અતીન્દ્રિય શક્તિને સમજવાના પ્રયત્નોનો અહેવાલ છે.

દુનિયાના ખ્યાતનામ જાદુગરો, કીમિયાગરો તથા તેજસ્વી મેધાઓના ચમત્કારિક કિસ્સાઓ તથા તેના આનુષંગિક વિચાર ઉપરાંત આત્મબળવાળા મહાન રોમાન્ટિક કવિ-સર્જકો કલાકારોની અલૌકિક અનુભૂતિઓનું નિરૂપણ પ્રસ્તુત પુસ્તકને રસપ્રદ બનાવે છે.

જે અતીન્દ્રિય છે તેને વિજ્ઞાનદ્વારા સમજવાના વૈજ્ઞાનિકોના સંનિષ્ઠ પ્રયાસો, વિવિધ ઘટનાઓને વિજ્ઞાનના જુદા જુદા નિયમોને આધારે ચકાસવાના અને વિજ્ઞાનના માળખામાં તે ઘટનાને ગોઠવવાના પ્રયાસો પ્રસ્તુત પુસ્તકમાં જોવા મળે છે. ઈન્દ્રિયાતીત ઘટનાઓમાં રસ લઈ તેની તપાસ કરનારાઓમાં વિજ્ઞાનની જુદી જુદી શાખાઓમાં વરસો સુધી સંશોધન કરનારા વૈજ્ઞાનિકોના સંશોધનનિષ્કર્ષોની રજૂઆત છે. જે નિષ્કર્ષો છે તે અંતિમ નથી, હજી નવું નવું સત્ય જાણવા મળે તો તે સંદર્ભમાં ફેરવિચારણા માટે અવકાશ છે એવી છાપ પડે છે. જે અતીન્દ્રિય છે, **Supra–Science** છે તેને પામવાના પ્રયત્નમાં વિજ્ઞાનના અમુક નિયમો, પ્રતિપાદિત સિદ્ધાંતો મદદરૂપ નીવડે ખરા પણ તેનું સંપૂર્ણ રહસ્ય ભાગ્યે જ જાણી શકાય. પ્રસ્તુત પુસ્તકમાં વિજ્ઞાનની મર્યાદા અંગે સારો પ્રકાશ પાડ્યો છે દા. ત.: (૧) સંમોહન વા સ્વ–સંમોહનમાં મનોવિચ્છેદ કેવી રીતે બને છે તે પ્રક્રિયા હજી અજ્ઞાત છે. ( પૃ. ૨૭ ), (૨) ટેલિપથીની ઘટનાઓનો ઈન્કાર થઈ શકે એમ નથી પરંતુ એ શાથી બને છે, શી રીતે બને છે તે હજી અજ્ઞાત છે, ( પૃ. ૩૭ ), (૩) ચમત્કારિક ઉપચારશક્તિ પુરવાર થઈ હતી પરંતુ એન્કાઈમો ઉપર એમણે કેવી રીતે અસર કરી તે તો અગમ્ય જ રહ્યું ( પૃ. ૯૩ ), (૪) પિરામીડોની રચનામાં તે જમાનાના મનુષ્યે ઈજનેરીવિદ્યાની કમાલ કઈ શક્તિથી કરી તેની વિજ્ઞાનની રીતે તપાસ કરવા છતાં આખરી નિર્ણય પર આવી શકાતું નથી. ( પૃ. ૧૧૩ ), (૫) પ્રાર્થના, શ્રદ્ધા, જેવી વિચાર–સંકલ્પશક્તિ મોટા સમૂહ ઉપર ધારી સામૂહિક અસર ઉપજાવતી હોય છે, રોગનિવારણમાં કારગત નીવડતી હોય છે. આમાં વૈશ્વિક શક્તિના આદાન–પ્રદાનનો સિદ્ધાંત કામ કરતો હોવો જોઈએ પરંતુ એક વ્યક્તિની અંદર રહેલી વિચારશક્તિ બીજી અમુક જ વ્યક્તિ સાથે સંપર્ક સાધી શકે છે એનું

રહસ્ય સમજવું હજી બાકી છે. (પૃ. ૧૩૦), (૬) રંજાણુઓની કામગીરી પાછળનાં નિર્ણાયક પ્રેરકબળો હજી સમજી શકાયાં નથી. (પૃ, ૧૩૭), (૭) વિજ્ઞાની જ્યોર્જ એમફ્લેકના મત મુજબ પ્રયોગોથી સિદ્ધ કરવાનું તો ઘણી બાબતોમાં વિજ્ઞાન નથી કરી શક્યું. (પૃ. ૧૩૭).

વિજ્ઞાનીઓની મૂંઝવણ પણ કેટલેક ઠેકાણે અભિવ્યક્ત થઈ છે. હોમના ઊડવાના, કાયા વિસ્તારવાના, આગ સાથે રમવાના અને હવામાં તરવાના પ્રયોગો ખરેખર સાચી ઘટનાઓ તરીકે સ્વીકારવા છતાં બ્રિટનના એક ઉચ્ચકક્ષાના ભૌતિક વિજ્ઞાની સર વિલિયમ ક્રુકસનું બૌદ્ધિક ચિત્ત આ ઘટનાઓને અસંભવિત માને છે. તેવી જ રીતે ડાર્વિને ક્રુકસના હેવાલોમાંનાં નિવેદનો ન માનવાનું હું કહી શકું એમ નથી પરંતુ તેમાં દર્શાવેલ ઘટનાઓ માનવાનું ય કહી શકતો નથી એવી મૂંઝવણ વ્યક્ત કરી છે. આવી મૂંઝવણનું મૂળ કારણ એ છે કે આપણે આરંભબિંદુ જ ચૂકી ગયા છીએ એમ લેખક ઉમેરે છે. લેખકનો પ્રશ્ન છે કે બૌદ્ધિકોએ અને વિજ્ઞાનીઓએ પોતે મનુષ્યના ચિત્તમાં વસતા આંતરિક ગુપ્ત (ગુહ્ય) વિશ્વનું રહસ્ય ફંફોળવા જરૂરી સાહસ શાથી ઉપાડયું નથી? મોટાભાગના વિજ્ઞાનીઓ આવી ઘટનાઓ સામે આંખો બંધ કરી દઈ વાસ્તવનો જ ઈન્કાર કરવાનું વલણ ધરાવે છે પણ એમાં ડહાપણ નથી એવી ટોમસ માન પણ ટકોર કરે છે. (પૃ. ૬૩, ખંડ ૪).

એરિક ફ્રુડે દર્શાવેલાં મનુષ્યચિત્તનાં બે પાંસાં–આંતરિક અને બાહ્યની ચર્ચામાં વિજ્ઞાન અને અધ્યાત્મના સીમાડા એકમેક સાથે મળી જતા લાગે છે (અહીં આપણાં પુરાણોમાંના ચિત્રગુપ્ત [ગુપ્તચિત્ત?]ના ચોપડાનું સ્મરણ થાય છે). સ્વસંમોહન અધ્યાત્મપુરુષો જેને મનની કેળવણી કહે છે તેવું જ છે. આધ્યાત્મિક રોગનિવારણની સંક્ષિપ્ત ચર્ચા ધાર્મિક પરિભાષામાં 'શ્રદ્ધા'ની જ ચર્ચા છે. ભારતીય અધ્યાત્મવિદ્યાને સમર્થન મળે એવી કેટલીક બાબતો અહીં નોંધાઈ છે. મહિલા મેરી રિકિકયુટાના નાનકડા જૂથે લ્યુકેમિયા, પક્ષઘાત સામે સારવારરૂપે ધ્યાનનો પ્રયોગ કર્યો. ગર્ભાશયના કેન્સરના કિસ્સામાં ચાર ધ્યાનીઓની પરિવર્તિત ચેતનાની અસર તે મહિલાના શરીરમાં થઈ હતી. બર્ટ્રાન્ડ રસેલ 'ભયાવહ ભાવાવેગરહિત સામર્થ્ય' કહે છે તે મૂળભૂત રીતે આત્મબળ જ હોઈ શકે એમ લેખક નોંધે છે, જાદુગરની યાત્રા વ્યાપક વિશ્વ સાથે એકાત્મતા સાધવા માગતા ખ્રિસ્તી વા ભારતીય ભક્તની શ્રદ્ધા અને સાધનાથી બહુ જુદી નથી. ક્રાઉલે જેવો જાદુગર ચમત્કારોમાં પડી રહીને પોતાના જીવનને વેડફી રહ્યો હતો તેની વાત કરતાં ભારત–ચીનના ઋષિઓએ આવી સિદ્ધિઓની મોહમાયામાં ફસડાઈ પડવા સામે ઈશારા કર્યા હતા એનું સ્મરણ લેખકને થાય છે. ઘેનનિદ્રાથી મુક્ત એવી જાગ્રત અવસ્થાની શકયતા અંગે ગુર્જેફ માને છે કે આદત માણસને ધોધમાર પ્રવાહમાં ઘસડી જવાની શક્તિ ધરાવે છે એ મત प्रकृतिं यान्ति भूतानि-નું અને શારીરિક ક્રિયાઓ સભાનપણે કરી, ચિત્તની બધી જ શક્તિઓ અને સંકલ્પને કામમાં પરોવી દઈને પરમ સંતોષની લાગણી અનુભવવાની ગુર્જેફની વાત યોગયુક્ત ચિત્તે કાર્ય કરવાના ગીતાના આદર્શનું સ્મરણ કરાવે છે. વિલિયમ જેમ્સની આંતરદર્શનની અનુભૂતિની વાત કરતાં આપણે ત્યાં કુંડલિની જાગ્રત થતાં થનારી અદ્ભુત અનુભૂતિઓનાં તથા શ્રી રામકૃષ્ણ પરમહંસ અને શ્રી રમણ મહર્ષિ જેવાનાં ભાવાવેશી તન્મયતાનાં દૃષ્ટાંતોનો પાર નથી એમ લેખક નોંધે છે. અન્ય દેશોમાં જે વિજ્ઞાનની રીતે સમજવામાં આવે છે તેમાંનું કેટલુંક આપણે ત્યાં અધ્યાત્મની રીતે સમજાયું છે, સૂક્ષ્મદેહ વ્યક્તિના જન્મ–પુનર્જન્મના ચક્રનો પાયો છે

તથા તેનું વાહન પણ છે, આ વિચારને શ્રીમતી રુથ હેવનાના મતે સાંખ્યના ચિત્તશાસ્ત્રનો આધાર છે. ગ્રિમ્બલે વર્ણવેલા કિસ્સામાં થોર્પોઈઝ માછલીઓનું મહત્ત્વ નથી, મહત્ત્વ મંત્રપ્રતીકોનું છે, તેમના અમુક નિશ્ચિત ઉચ્ચારણનું છે. ઉચ્ચારણનું વૈજ્ઞાનિક રહસ્ય સમજવા માટે ફ્રાન્સમાં પ્રયોગ થયો હતો અને ભારતમાં એ વિજ્ઞાન વિકસ્યું છે એમ પુરવાર થયેલું તેનું સ્મરણ થાય છે.

જે તે વિષયના નિષ્ણાતના અભિપ્રાયો, જે તે વિષયની વ્યાખ્યાઓ, પ્રકરણોનાં પેટા–પ્રકરણો વિષયને વિશદ બનાવવામાં ઉપકારક નીવડે છે.

જીવનની અને મનુષ્યની ઉત્ક્રાંતિનાં વિવિધ પાસાંનું એક વિહંગદર્શન આપી આજના માનવીને માટે ક્ષુલ્લકતામાંથી બહાર આવવા માટે સંકલ્પશક્તિ, જે માનવીના હાડમાં છે જ, તેને ચરિતાર્થ કરવા અને કલ્પનાનો વિકાસ કરવાનો લેખકે અનુરોધ કર્યો છે.

આપણા શરીર અને મનમાં કેટલી બધી શક્તિ અને શક્યતાઓ ભરી પડી છે! આપણા ચિત્તમાં કેટલા બધા ખૂણા અવાવરુ પાડ્યા છે! કોઈ ચમત્કારિક અજાયબ અતીન્દ્રિય શક્તિ (જેને ક્ષ તરીકે ઓળખવામાં આવી છે) કામ કરી રહી છે તેને વિષેનું જ્ઞાન નહિવત્ છે. વિશ્વની ઘટનાઓ અંગેનું આપણું જ્ઞાન અત્યંત અલ્પ છે. મનુષ્યની પોતાની સર્વસાધારણ મનાતી ચૈતસિક શક્તિના વિકાસને માટે અપરંપાર અવકાશ છે એવી એક સમગ્ર છાપ પુસ્તક વાંચતાં પડે છે.

વિવિધ પ્રયોગો દ્વારા જે તે પ્રયોગકર્તાને થયેલી પ્રતીતિનું અર્થઘટન, સ્પષ્ટીકરણ કરવામાં લેખકના વિશાળ વાચનનો સરસ વિનિયોગ થયેલો જોવા મળે છે. ગૂઢ રહસ્યમય પ્રદેશને સમજવા માટેનું લેખકનું સંનિષ્ઠ વલણ જોઈ શકાય છે.

ગુહ્ય ગણાતી શક્તિનાં વિવિધ પાસાં, વિવિધ વ્યક્તિઓના અનુભવો, પ્રયોગો, વિવિધ મંતવ્યોને રજૂ કરતું આવું પુસ્તક એક સંકલનમાત્ર બની જાય તે સ્વાભાવિક છે.

પ્રાચ્યવિદ્યા મન્દિર, એમ. એસ. યુનિવર્સિટી,
સયાજીગંજ ટાવર સામે, વડોદરા–૩૯૦ ૦૦૨

**દેવદત્ત જોશી**

* * *

**ભોજવ્યાકરણ :** લે. શ્રી વિનયસાગર ગણિવર્ય, અનુવાદક, ડૉ. જયદેવ અ. જાની, પ્રકાશક, શ્રી આર્યજયકલ્યાણ કેન્દ્ર, મુંબઈ–૩૦, ૧૯૮૫, પૃષ્ઠ, ૧–૨૩ + ૧–૩૮ + ૧–૬૭૨ = ૭૩૩, કિંમત : રૂ. ૧૦૦=૦૦.

શ્રી વિનયસાગરજી ગણિવર્યરચિત પ્રસ્તુત ગ્રન્થ કચ્છના મહારાવ ભારમલ્લ (પ્રથમ)ના પુત્ર ભોજમલ્લ (ઈ. સ. ૧૬૩૧–૧૬૪૫)ના હિતાર્થે લખાયેલો હોવાથી "ભોજવ્યાકરણ" તરીકે પ્રસિદ્ધિ પામ્યો છે. આ ગ્રન્થ મૌલિક નથી પરંતુ શ્રી નરેન્દ્રાચાર્યવિરચિત સારસ્વત–

વ્યાકરણસૂત્રો તેમજ તેના ઉપર શ્રી અનુભૂતિસ્વરૂપાચાર્યે રચેલી પ્રક્રિયાના આધારે, રચાયેલ શ્લોકબદ્ધ ટીકારૂપ છે. ઈ. સ. ૧૯૧૯માં વઢવાણના શ્રી હરિશંકર શાસ્ત્રીએ એનું પ્રથમવાર સંપાદન અને પ્રકાશન કર્યું હતું, તેમાં રહેલી અશુદ્ધિઓનું સંશોધન કરી ફરીથી ગુજરાતી અનુવાદ, ટિપ્પણ સાથે સંપાદનનું કાર્ય ડૉ. જયદેવ જાનીએ ખૂબ ચીવટથી કર્યું છે.

અનુવાદકે પોતાની અભ્યાસપૂર્ણ પ્રસ્તાવનામાં સંસ્કૃત ભાષાના વ્યાકરણના ઉદ્દ્ગમ તથા વિકાસ અંગે ટૂંકમાં સારી રજૂઆત કરી છે. આમાં પાણિનિની અષ્ટાધ્યાયી, તેના ઉપર કાત્યાયને રચેલાં વાર્તિકો તેમજ પંતજલિએ રચેલ મહાભાષ્યવડે સંસ્કૃતભાષાના માળખાને મળેલું વ્યવસ્થિત સ્વરૂપ અને એની અધ્યયનપરંપરા વિષે છણાવટ થઈ છે ત્યારપછી શર્વવર્માના કાતંત્ર વ્યાકરણ, ચન્દ્રગોપીના ચાંદ્ર વ્યાકરણ, જૈનેન્દ્ર વ્યાકરણ, શ્રી હેમચંદ્રાચાર્યના સિદ્ધ હૈમ-શબ્દાનુશાસન, સારસ્વતવ્યાકરણ, બોપદેવના મુગ્ધબોધવ્યાકરણ અને જૈમર વ્યાકરણ વગેરેનો અછડતો ઉલ્લેખ અથવા ટૂંકી ચર્ચા થઈ છે. ત્યાર પછી ગ્રંથકર્તાના જીવન તેમજ કૃતિઓની પરિચયાત્મક સમીક્ષા કરવામાં આવી છે.

સમગ્રપણે વિચારતાં ભોજવ્યાકરણના સંસ્કૃત શ્લોકોનો ગુજરાતી અનુવાદ મૂળને અનુસરતો અને પ્રાસાદિક હોવા છતાં મૂળ શ્લોકો જ્યાં જ્યાં ખૂબ સંક્ષિપ્ત અને એ કારણે સંદિગ્ધ હોય ત્યાં અનુવાદ પણ ખાસ કરીને એવો જ રહ્યો છે. અનુવાદમાં જે ભાષામાં તે થાય છે તેની લાક્ષણિક અર્થપ્રકૃતિ અને ગતિશીલતાને ધ્યાનમાં રાખવાની અને સાથે સાથે વિષયને વિશદ બનાવવાની, સરળપણે સમજી શકાય એવો બનાવવાની વાત ખૂબ અગત્યની છે, એ સિદ્ધાંત પ્રત્યે પૂરતું લક્ષ અપાયું નથી. તેથી કેટલેક સ્થળે અનુવાદ સંદિગ્ધ રહેવા પામ્યો છે. ઉપરાંત અદાદિગણની પરસ્મૈપદ પ્રક્રિયા પૃષ્ઠ ૨૧૩ ઉપર સમાપ્ત થયા પછી તે જ ગણની આત્મનેપદ-પ્રક્રિયાના ૪૧ શ્લોકો 'અગમ્ય કારણોસર' રહી ગયા છે. તે પરિશિષ્ટ-૬ના રૂપમાં પૃષ્ઠ ૬૬૭ થી ૬૭૨માં આપવામાં આવ્યા છે.

અનુવાદમાં કહેલી વાત તેમજ ટિપ્પણમાં થયેલી રજૂઆતમાં કેટલેક સ્થળે એકવાક્યતા જળવાઈ નથી. દાખલા તરીકે પૃષ્ઠ એક ઉપર આવેલા પ્રથમ શ્લોકમાં વપરાયેલા 'લોકેશ' શબ્દનો અર્થ અનુવાદમાં 'લોકેશ, ત્રણ લોકના નાથ તીર્થંકરદેવ શ્રી આદિનાથ' એવો કર્યો છે. જ્યારે ટિપ્પણમાં 'લોકેશ એટલે કે સાત ઊર્ધ્વલોક ભૂઃ, ભુવઃ, સ્વઃ, મહઃ, જનઃ, તપઃ, સત્યમ્ અને સાત અધોલોક તલ, અતલ, વિતલ, સુતલ, તલાતલ, રસાતલ અને પાતાલ એમ ચતુર્દશ લોકના ઈશ્વર ઉત્પન્ન કરનાર બ્રહ્મા છે' એમ વિવરણ કર્યું છે. દેખીતી રીતે આ બેમાં સંગતિ જળવાઈ નથી. આવા સાધારણ દોષો બાદ કરતાં પ્રસ્તાવના, અનુવાદ અને ટિપ્પણમાં સમ્પાદકની વિદ્વત્તા અને બહુશ્રુતતાની છાપ સર્વત્ર નિહાળી શકાય છે.

પરિશિષ્ટ-૧માં સારસ્વતવ્યાકરણનાં સૂત્રોની પ્રક્રિયાનુસારિણી સૂચી અને પરિશિષ્ટ-૨માં કેવળ સૂત્રોની અકારાદિ ક્રમમાં સૂચી વિદ્યાર્થી તેમજ સંશોધન માટે ખૂબ ઉપયોગી બને એવી છે. પરિશિષ્ટ-૩માં ભોજવ્યાકરણના શ્લોકોની અકારાદિક્રમમાં આપેલી સૂચિ છે, તેમજ પરિશિષ્ટ-૪માં અકારાદિક્રમમાં ધાતુપાઠસૂચી આપી છે. પરિશિષ્ટ-૫ ભોજવ્યાકરણમાં પ્રયુક્ત છંદો વિષે સૂચના આપે છે અને છન્દોના લક્ષણો પણ જણાવે છે.

પ્રસ્તાવના પછી “ संस्कृतव्याकरणशास्त्रमें जैनाचार्योंका योगदान ” એ શીર્ષકનો શોધલેખ આપ્યો છે. તેના લેખક શ્રી રામ યાદવ છે. ત્યાર પછી ભોજવ્યાકરણની શાસ્ત્રી હરિશંકર દ્વારા સંપાદિત પ્રથમ આવૃત્તિનો ઉપોદ્ઘાત આપ્યો છે. આ બન્નેને પરિશિષ્ટમાં આપવાનું વધુ ઉચિત થાત.

ઉપર જણાવેલ સામગ્રીને લીધે ગ્રંથ ખૂબ મૂલ્યવાન અને ઉપયોગી બન્યો છે. ઉપરાંત ખાસ નોંધવા યોગ્ય બાબત એ છે કે શીર્ષકને લીધે જણાય છે એમ આ એક જ ગ્રંથ નથી પરંતુ આ જ લેખકની અન્ય બે કૃતિઓ “ વિદ્વચ્ચિન્તામણિ ” અને “ હિન્દી અનેકાર્થ નામમાલા ”નો સમાવેશ પણ આ ગ્રંથમાં થયેલો હોવાથી તેની મૂલ્યવત્તામાં ખાસ વધારો થયો છે. કંઠસ્થ કરવાની ઇચ્છાવાળા છાત્રો માટે સંસ્કૃત વ્યાકરણનો આ ગ્રંથ ખરેખર સહાયક પુરવાર થશે. આ વિષયના સાહિત્યક્ષેત્રે અતિ આવશ્યક એવી દેણગી આ ગ્રંથ પૂરી પાડે છે, એ નિર્વિવાદ છે.

પ્રાચ્યવિદ્યા મન્દિર, એમ. એસ.
યુનિવર્સિટી, વડોદરા–૩૯૦ ૦૦૨

રામકૃષ્ણ વ્યાસ

* * *

## સાભાર સ્વીકાર

૧ **મન : એક કૂટ પ્રશ્ન :** લે. દારા જ. ભેસાણીયા, **પ્ર.** **પ્ર**કર્ષ પ્રકાશન, ૧૨/૧૭૫૯, વકીલ સ્ટ્રીટ, શાહપોર, સૂરત–૩૯૫ ૦૦૩, પૃ. ૧૯૬, કિંમત : રૂા. ૧૫=૦૦ (કાચું પુઠું), રૂા. ૨૦=૦૦ (પાકું પુઠું).

૨ **ચાલો...અંધારાં ઉલેચીએ :** લે. અને **પ્ર.** દીપક જગતાપ, અંકુર **પ્ર**કાશન, “પિતૃસ્મૃતિ”, લીમડાચોક, રાજપીપલા–૩૯૩ ૧૪૫, પૃ. ૫૦, કિંમત : રૂા. ૭=૦૦.

૩ **લોચન :** લે. અને **પ્ર.** નરોત્તમ પલાણ, ૧૨, ગુરુકુલ નિવાસ, બોખીરા, પોરબંદર, પૃ. ૨૧૪, કિંમત : રૂા. ૪૦=૦૦.

૪ **પ્રવાહદીપ (૩) :** સં. જયન્ત પ્રે. ઠાકર, પ્ર. નરેન્દ્રરાય ભ. ધોળકિયા, ૨૮, જવાહર સોસાયટી, ૨. વ. દેસાઈ માર્ગ, વડોદરા–૩૯૦ ૦૦૧, પૃ. ૮૪, કિંમત : રૂા. ૧૦=૦૦.

૫ **નાગર સર્વસંગ્રહ (દર્શન પહેલું) :** લે. મુકુન્દરાય હ. પાઠક, પ્ર. પંકજ મુ. પાઠક, ૩, તપોવન સોસાયટી, નિઝામપુરા, ન્યુ હાઈવે, વડોદરા–૩૯૦ ૦૦૨, પૃ. ૧૩૬, કિંમત : રૂા. ૩૦=૦૦.

૬ **મારી જેલડાયરી :** લે. સુમંત મહેતા, **પ્ર.** ભોગીભાઈ ગાંધી, વિશ્વમાનવ સંસ્કાર શિક્ષણ ટ્રસ્ટ, વડોદરા–૩૯૦ ૦૦૫, પૃ. ૧૦૦, કિંમત : રૂા. ૧૨=૦૦.

૭ **ઓચ્છવ :** લે. હસિત હ બૂચ, પ્ર. જયોત્સનાબેન હ. બૂચ, બી–૧૯, 'હરિકિરણ', પારસિક સોસાયટી, ઈન્દુલાલ યાજ્ઞિક માર્ગ, વડોદરા–૩૯૦ ૦૦૯, પૃ. ૧૨૦, કિંમત : રૂા. ૨૦ = ૦૦.

૮ **ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ ગ્રંથ–૯ : આઝાદી પહેલાં અને પછી (ઈ. સ. ૧૯૫૧થી ૧૯૬૦) :** લે. હરિપ્રસાદ ગં. શાસ્ત્રી પ્રવીણચન્દ્ર ચિ. પરીખ, પ્ર. અધ્યક્ષ, ભો. જે. અધ્યયન–સંશોધન વિદ્યાભવન, આશ્રમ માર્ગ, અમદાવાદ–૩૮૦ ૦૦૯, પૃ. ૨૪ + ૫૭૦, કિંમત : રૂા. ૪૦ = ૪૦ પૈસા.

૯ **વિસનગર :** લે. રમણલાલ નાગરજી મહેતા, પ્ર. મંત્રી, ગુજરાત ઇતિહાસ પરિષદ, C/o. શેઠ ભો. જે. વિદ્યાભવન, એચ. કે. કૉલેજ પાછળ, આશ્રમ માર્ગ, અમદાવાદ–૩૮૦ ૦૦૯, પૃ. ૪૫ + ૪, કિંમત : રૂા. ૮ = ૦૦.

૧૦ **તથાકથિત :** લે. વિજય શાસ્ત્રી, પ્ર. બાબુભાઈ શાહ, પાર્શ્વ પ્રકાશન, નિશાપોળના નાકે, ઝવેરીવાડ, રિલીફ રોડ, અમદાવાદ–૩૮૦ ૦૦૧, પૃ. ૧૧૬, કિંમત : રૂા. ૨૫ = ૦૦.

૧૧ **યાત્રાપથનો આલાપ :** લે. રતુભાઈ દેસાઈ, પ્ર. મૃણાલ દેસાઈ, પાર્વતી નિવાસ, હનુમાન રોડ, વિલે પારલે (પૂર્વ), મુંબઈ–૪૦૦ ૦૫૭, પૃ. ૧૬ + ૨૧૧, કિંમત : રૂા. ૩૫ = ૦૦.

૧૨ **જૈન ગૂર્જર કવિઓ ભાગ–૨ :** સંગ્રાહક અને સંપ્રયોજક : મોહનલાલ દ. દેસાઈ, સં. જયંત કોઠારી, પ્ર. મંત્રીઓ, શ્રી મહાવીર જૈન વિદ્યાલય, ઑગષ્ટ ક્રાન્તિ માર્ગ, મુંબઈ–૪૦૦ ૦૩૬, પૃ. ૧૦ + ૪૦૪, કિંમત : રૂા. ૭૫ = ૦૦.

૧૩ **મણિભાઈ મિસ્ત્રીની કાળી પેન્સિલનું રૂપેરી કામણ :** કલાકાર : મણિભાઈ મિસ્ત્રી, પ્ર. વિજય મ. મિસ્ત્રી, જે–૧, 'આસોપાલવ', કામા હોટલ સામે, ખાનપુર, અમદાવાદ–૩૮૦ ૦૦૧, પૃ. ૬૪, કિંમત : છાપેલ નથી.

૧૪ **દિવાળીથી દેવદિવાળી :** લે. રઘુવીર ચૌધરી, પ્ર. સંજય ર. ચૌધરી, રંગદ્વાર પ્રકાશન, ૬–એ, પુર્ણેશ્વર ફ્લેટ્સ, ગુલબાઈ ટેકરા, અમદાવાદ–૩૮૦ ૦૧૫, પૃ. ૩૨, કિંમત : રૂા. ૬ = ૦૦.

૧૫ **કૃષ્ણ–કાવ્ય :** લે. હરિવલ્લભ ભાયાણી, પ્ર. ઉપર મુજબ, પૃ. ૧૫૪, કિંમત : રૂા. ૩૬ = ૦૦.

૧૬ **જગલેરુ જયંતિ દલાલ :** સં. રઘુવીર ચૌધરી, પ્રકાશ ન. શાહ, પરેશ નાયક અને રમેશ ર. દવે, પ્ર. રઘુવીર ચૌધરી, જયંતિ દલાલ સ્મૃતિ સમિતિ, C/o. ગુજરાતી સાહિત્ય પરિષદ, ગોવર્ધનભવન, આશ્રમ માર્ગ, અમદાવાદ–૩૮૦ ૦૦૯, પૃ. ૧૨ + ૧૮૮, કિંમત : રૂા. ૪૦ = ૦૦.

૧૭ **જયંતિ દલાલ અધ્યયન ગ્રંથ :** સં. અને પ્ર. ઉપર મુજબ, પૃ. ૧૨ + ૨૫૬, કિંમત : રૂા. ૫૦ = ૦૦.

૧૮ **શ્રી અરવિંદ મહાગુરુ :** સં. સુન્દરમ્, પ્ર. કુલસચિવ, સરદાર પટેલ યુનિવર્સિટી, યુનિવર્સિટી પ્રેસ, વલ્લભવિદ્યાનગર–૩૮૮ ૧૨૦, પૃ. vi + ૨૫૦, કિંમત : રૂા. ૩૦ = ૦૦.

૧૯ **શિક્ષણની મુક્ત પ્રગતિ પદ્ધતિ :** લે. ચન્દ્રકાન્ત પ્ર. પટેલ, પ્ર. ઉપર મુજબ, પૃ. vi + ૫૬, કિંમત : રૂા. ૧૦ = ૦૦.

૨૦ **શ્રી અરવિંદની દૃષ્ટિએ ગીતાનો દિવ્ય સંદેશ :** લે. હ. માહેશ્વરી, અનુ. ભક્તિનાથ ગિરીન્દ્રનાથ શુકલ, પ્ર. ઉપર મુજબ, viii + ૧૪૦, કિંમત : રૂા. ૨૦ = ૦૦.

## મંત્રી, ગુજરાતી સાહિત્ય પરિષદ, ગોવર્ધન ભવન, આશ્રમ રોડ, અમદાવાદ–૩૮૦ ૦૦૯નાં પ્રકાશનો :

૨૧ **આધુનિક સાહિત્ય સંજ્ઞાકોશ :** સં. ચંદ્રકાન્ત ટોપીવાળા, પરેશ નાયક અને હર્ષવદન ત્રિવેદી, પૃ. ૩૪૬, કિંમત : રૂા. ૭૦ = ૦૦.

૨૨ **કાવ્યપ્રકાશ–મમ્મટનો કાવ્યવિચાર :** લે. નગીનદાસ પારેખ, પૃ. xxx + ૫૮૮, કિંમત : રૂા. ૧૧૫ = ૦૦.

૨૩ **હુકરક લકરક :** લે. રમેશ પારેખ, પૃ. ૧૮ + ૧૨૦, કિંમત : રૂા. ૧૫ = ૦૦.

૨૪ **ભૂસકાની ઉજાણી :** લે. ધીરેન્દ્ર મહેતા, પૃ. ૪૦, કિંમત : રૂા. ૪ = ૦૦.

૨૫ **સ્વપ્નવટો :** લે. રવીન્દ્ર પારેખ, પૃ. ૧૬૦, કિંમત : રૂા. ૨૦ = ૦૦.

૨૬ **ચતુરચાલીસી :** સં. મહેન્દ્ર અ. દવે, પૃ. ૪૮, કિંમત : રૂા. ૯ = ૦૦.

## Journal of the M. S. University of Baroda

The Journal is published every year in three parts. These parts are devoted respectively to topics relating to (1) Humanities, (2) Social Sciences and (3) Science.

Advertisement tariff will be sent on request.

Communications pertaining to the Journal should be addressed to :

**The Editor ( Humanities/Social Sciences/Science )**
**Journal of the M. S. University of Baroda**
**Faculty of Arts Compound**
**Baroda-390 002 ( India )**




ચિત્ર ૧૨અ
લોટા, ઘડા, ઇત્યાદિ પર વિવિધ
જાતનાં ચિત્રો




ચિત્ર ૧૫અ
હાથવાળા લોટા ને કુંજાઓ-બે
ટોટીવાળા ઈસ્લામી સમયના

[ ચિત્રોની સમજૂતી માટે જુઓ આ અંકમાં ડૉ. હસમુખ સાંકળિયાનો લેખ ]




ચિત્ર ૧૬અ

લોટા, વાડકા પર વિવિધ જાતનાં ચિત્રો

[ચિત્રની સમજૂતી માટે જુઓ આ અંકમાં
ડૉ. હસમુખ સાંકળિયાનો લેખ]

મુદ્રક: શ્રી પ્રહ્લાદ નારાયણ શ્રીવાસ્તવ, મૅનેજર, ધી મ. સ. યુનિવર્સિટી ઑફ બરોડા પ્રેસ (સાધના પ્રેસ), રાજમહેલ રોડ, વડોદરા; પ્રકાશક: ડૉ. રામકૃષ્ણ તુ. વ્યાસ, નિયામક, પ્રાચ્યવિદ્યા મન્દિર, મ. સ. વિશ્વવિદ્યાલય, વડોદરા, ડીસેમ્બર, ૧૯૮૭.